ફ્રાયફુટ
ચેવડો
MGC
મધુભાઈ ગોરધનભાઈ
ચેવડાવાળા
લીમડા ચોક • અમીન માર્ગ • યુનીવર્સીટી રોડ
જામનગર રોડ • આનંદ બંગલા ચોક • કુવાડવા રોડ

દિવાળી સ્પે.
કાજુ કતરી ₹960/- per kg
101+ નમકીન
કિશમિશ ચેવડો
₹280/- પીવા નો
₹240/- per kg
KUTCH
કચ્છ ખાવડાવાળા
પંચનાથ મંદિર ચોક, રાજકોટ | 8849475796

R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

બહારગામ

પાના : ૧૨
કિંમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે

અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

૪૧ વર્ષનો બહોળો અનુભવ ધરાવતી
હરસ,ભગંદર,ફીશરની
સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક ફ્રીક્વન્સ-ઉત્તેજીત્ર લેસર-HAL-IRC-K.S. ની
આધુનિક સારવાર
ડૉ.પેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 9824066321
લાખો દર્દીઓની સફળ સારવાર

હરસ-મસા
ફીશર, ભગંદર
એપોઇન્ટમેન્ટ લઈને આવવું
પીયૂષપાણિ હોસ્પિટલ
બાલમુકુન્દ પ્લોટ, શેફાલી ટાવર પાછળ,
મંગલ ભવન ટાવર પાસે, નિર્મલા રોડ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૫૭૫૩૦૦ | મો : ૯૯૨૫૯ ૧૩૨૩૧

ફોનઃ ૨૪૪૫૧૧૧, ૨૪૪૫૩૫૪ ■ વર્ષઃ ૪૯ ■ અંકઃ ૬૮ ■ 4 November 2026 ■ બુધવાર ■ આસો વદ-૧૦ ■ પ્રકાશન સ્થળઃઅકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

મધ્યસત્ર ચૂંટણીમાં ટ્રમ્પના પક્ષ રિપબ્લિકન પાર્ટીનો કારમો પરાજયઃ સેનેટમાં ડેમોક્રેટસને બહુમતી

ટ્રમ્પે કર્યા ભોગવ્યાઃ યુધ્ધ-મોંઘવારીએ ડુબાડ્યા

ડેમોક્રેટસનો હવે બંને ગૃહો ઉપર કંટ્રોલઃ ટ્રમ્પે પરાજય સ્વીકાર્યોઃ ડેમોક્રેટસ સાથે કામ કરવા તૈયાર હોવાનું એલાન

વોશિંગ્ટન,તા.૪ઃ અમેરિકાની મધ્યસત્ર ચૂંટણી દરમિયાન, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ ૪૩૫ બેઠકો, સેનેટની ૩૫ બેઠકો અને ૩૬ રાજ્ય ગવર્નરશીપ માટે મતદાન થયું હતું અને મતગણતરી શરૂ થઈ ગઈ છે. આ ચૂંટણીમાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. વિપક્ષી ડેમોક્રેટ્સે સેનેટમાં બહુમતી મેળવી છે. અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીઓમાં મતદાન બાદ શરૂઆતના વલણો બહાર આવવા લાગ્યા છે. અંદાજો દર્શાવે છે કે ડેમોક્રેટિક પાર્ટી આગળ ચાલી રહી છે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી પાછળ રહી ગઈ છે. આ ચૂંટણીને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક અગ્નિપરીક્ષા તરીકે જોવામાં આવી રહી છે. આ ચૂંટણીઓ ટ્રમ્પના બે વર્ષના કાર્યકાળના અંતે થઈ રહી છે. યુધ્ધ અને મોંઘવારીએ ટ્રમ્પના પક્ષને પછડાટ આપી છે.

ખરેખર, આ મધ્યસત્ર ચૂંટણીઓના પરિણામો ૨૦૨૮ ની રાષ્ટ્રપતિની ચૂંટણીની રાજકીય દિશા પણ નક્કી કરી શકે છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પણ પોતાનું સ્થાન ગુમાવ્યું, જેના કારણે ટ્રમ્પની પહેલી પ્રતિક્રિયા આવી. એક મુલાકાત દરમિયાન, ટ્રમ્પે કહ્યું કે તેઓ પરિણામો સ્વીકારે છે અને વિપક્ષ સાથે કામ કરવા તૈયાર છે.

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીઓમાં ડેમોક્રેટિક પાર્ટીને જંગી જીત મળી રહી છે. પાર્ટી યુએસ કોંગ્રેસના બંને ગૃહો - સેનેટ અને હાઉસ - પર નિયંત્રણ મેળવી રહી છે. ડેમોક્રેટ્સ હાઉસમાં ૧૪૪ બેઠકો ધરાવે છે અને ૧૦૧ બેઠકો પર આગળ છે. આનાથી તેઓ ૨૧૮ બેઠકોના બહુમતી આંક સુધી પહોંચવાના માર્ગ

(જુઓ પાનુ ૬)



ઓહાયોમાં રામાસ્વામીને ઝાટકો

અમેરિકી ચૂંટણીમાં ભારતીયો માટે 'કહી ખુશી કહી ગમ': સુહાસ-અરૂણા-પીયા જીત્યાઃ રામાસ્વામી હાર્યા



વોશિંગ્ટન,તા.૪ઃ યુએસ મધ્યવર્તી ચૂંટણીના પ્રારંભિક પરિણામો ઘણા મતવિસ્તારોમાં ભારતીય-અમેરિકન ઉમેદવારો માટે સારા સમાચાર લાવ્યા છે, જ્યારે અન્ય કેટલાકને પરાજયનો સામનો કરવો પડ્યો છે. સૌથી મહત્વપૂર્ણ ઓહાયોમાં વિવેક રામાસ્વામી ચૂંટણી લડી રહ્યા છે. ભારતીય-અમેરિકન ડેમોક્રેટ્સ સુહાસ સુબ્રમણ્યમ અને અરુણા મિલર ફરીથી ચૂંટાય તે નિશ્ચિત છે, જેમણે નિર્ણાયક લીડ મેળવી છે. ફ્લોરિડામાં, પિયા ડાંડિયા તેમના પ્રતિસ્પર્ધી પર મજબૂત લીડ જાળવી રાખે છે. રિપબ્લિકન ઉમેદવાર વિવેક રામાસ્વામી ઓહાયો ગવર્નરની ચૂંટણી હારી ગયા છે. અન્ય ઘણા મુખ્ય મતવિસ્તારોમાં પરિસ્થિતિ અસ્પષ્ટ છે.

NBC ન્યૂઝ અનુસાર, વર્જિનિયાના ૧૦મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાં સુહાસ સુબ્રમણ્યમ જીત્યા છે. ૮૨ ટકા મતોની ગણતરી થઈ ગઈ છે. ડેમોક્રેટિક ઉમેદવાર સુબ્રમણ્યમને લગભગ ૬૩ ટકા મત મળ્યા છે, જ્યારે તેમના રિપબ્લિકન પ્રતિસ્પર્ધી, ડેવ બેકવિથને ૩૫ ટકા મત મળ્યા છે. આ જીત સાથે, સુબ્રમણ્યમ સતત બીજી બે વર્ષની મુદત સુરક્ષિત કરે છે. સુહાસ સુબ્રમણ્યમે વર્જિનિયાના ૧૦મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાં રિપબ્લિકન સ્પર્ધક ડેવ બેકવિથને હરાવીને જીત મેળવી છે.

ભારતીય-અમેરિકન લેફ્ટનન્ટ ગવર્નર અરુણા મિલરે પણ જીત મેળવી છે. મૂરની સાથે ચૂંટણી લડનારા મિલરે રોબ કોપને હરાવ્યા છે.

ડેમોક્રેટ પિયા ડાન્ડિયાએ રિપબ્લિકન ઉમેદવાર કેસી અસ્કરને હરાવીને તેમની પાસેથી બેઠક મેળવી છે.

(જુઓ પાનુ ૬)

૨૦૨૭ ની યુપી ચૂંટણી પર અખિલેશ યાદવનું વારાણસીથી સનસનીખેજ એલાન!

હું ચૂંટણી નહીં લડું, સીધા મુખ્યમંત્રી પદના શપથ લઈશ



વારાણસી,તા.૪ઃ સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ ને લઈને એક અત્યંત રસપ્રદ અને ચોંકાવનારું નિવેદન આપ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર વારાણસી પહોંચેલા અખિલેશ યાદવે જાહેરાત કરી છે કે તેઓ ૨૦૨૭ માં પોતે વિધાનસભા ચૂંટણી લડશે નહીં, પરંતુ સીધા મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કરશે.

(જુઓ પાનુ ૬)

પડોશી દેશની મુશ્કેલીઓનો અંત દેખાતો જ નથીઃ ઈરાન બોર્ડરથી સપ્લાય ઠપ્પઃ દેશમાં LPG સંકટ

કર્યા ભોગવે છે પાકિસ્તાનઃ ગેસમાં બાટલાનો ભાવ ૩.૭૦૦

રીક્ષાચાલકો-ગૃહીણીઓ હેરાન પરેશાનઃ ભુખ્યા રહેવું પડે તેવી સ્થિતી



નવી દિલ્હી,તા.૪ઃ પાકિસ્તાનની તકલીફોનો અંત આવવાના કોઈ સંકેત દેખાતા નથી. લાંબા સમયથી આર્થિક કટોકટીનો સામનો કરી રહેલો દેશ દેવાના બોજનો સામનો કરી રહ્યો છે. દરમિયાન, સૌથી મોટું સંકટ LPGનું છે. ઈરાની સરહદથી પુરવઠામાં વિક્ષેપને કારણે, પાકિસ્તાનમાં LPGના ભાવ આસમાને પહોંચી ગયા છે, જેના કારણે દેશના રિક્ષાચાલકો પર પ્રતિકૂળ અસર પડી રહી છે, જેઓ તેમના ખોરાકમાં ઘટાડો કરવા મજબૂર છે. લાહોરમાં પરિસ્થિતિ ખાસ કરીને ગંભીર છે, જ્યાં મોટાભાગની રિક્ષાઓ LPG પર ચાલે છે.

પાકિસ્તાનમાં આ નવી LPG કટોકટીનો સીધો સંબંધ ઈરાન સાથે છે. ઈરાન સરહદ બંધ થવાથી પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકાર ખૂબ જ મોંઘી સાબિત થઈ રહી છે. સરહદ બંધ થવાથી ઈરાનથી પાકિસ્તાન આવતા LPG ટેન્કર અને અન્ય કાર્ગો ટ્રકો ફસાયા છે, અને ગેસની અછતને કારણે દેશમાં LPG સિલિન્ડરના ભાવ આસમાને પહોંચી રહ્યા છે. પાકિસ્તાન LPG એસોસિએશનનું કહેવું છે કે ઈરાનથી દરરોજ આશરે ૭,૦૦૦ મેટ્રિક ટન LPG પાકિસ્તાનમાં આવતું હતું, અને આ આયાત બંધ કરી દેવામાં આવી છે.

(જુઓ પાનુ ૬)

ઈરાન યુદ્ધ દરમિયાન, સરકારે સોના પરની આયાત ડ્યુટી ૬% થી વધારીને ૧૫% કરી આના કારણે દેશમાં સોનાની દાણચોરીમાં મોટો વધારો

સોનાની દાણચોરીમાં ૧૫૦૦%નો વધારોઃ સરકારના એક નિર્ણયથી દાણચોરોને જલસો

સપ્ટેમ્બર ક્વાર્ટરમાં સોનાની દાણચોરીમાં નોંધપાત્ર વધારો થયોઃ કાચા તેલ પછી સોનું દેશમાં સૌથી વધુ આયાત થતી વસ્તુ છેઃ તે મોટા પ્રમાણમાં વિદેશી ચલણનો વપરાશ કરે છે

વાર્ષિક સેલ
બેડશીટ • કમ્ફર્ટર • ડોહર
ટેબલ ક્લોથ • ટેબલ મેટ
ટેબલ કવર • કુશન કવર
વદ્દન નવો સ્ટોક
• બ્રાસ - ફાઇબર - રેઝીનની મૂર્તિઓ
• તોરણ • કેન્ડલ સ્ટેન્ડઝ
• હોમ ડેકોરેશન
• ફૂટ મેટ - ટ્રે
રવિવારે ચાલુ રહેશે
Since 1999 Indiana
શીવ આશીષ કોમપ્લેક્સ, મહિલા કોલેજ સામે, અન્ડરબ્રીજ ઉપર, કાલાવડ રોડ, રાજકોટ. ફોન : ૦૨૮૧ - ૨૪૫૫૫૦૮

રેસકોર્ષ મેઇન રોડ પર
બીગ બાઇટની બાજુમાં
બીજે એન્ડ ત્રીજો માળ રીનોવેટેડ
1700+1700 ફુટ જગ્યા
ભાડે/વેચાણથી
-:: આપવાની છે ::-
M.: 8200562579

સ્પે. હનીમુન 4 : 5 સ્ટાર હોટેલ રીસોર્ટ
બાલી 7 D
પ્રાઈવેટ પુલ વિલા સાથે ફ્લોટિંગ બ્રેકફાસ્ટ & કેન્ડલ લાઇટ ડિનર
સિંગાપોર વીથ ક્રુઝ 6 D
Novotel કિચન
માલદિવ 5 D
પ્રાઇવેટ પુલ વિલા & બીચ વિલા
ફુકેત 8 D
ફ્લી & બેંગકોક
PELICAN Tours & Travels
M. 90162 18918, 98257 90502
Rajkot - Ahmedabad
MANISH ADS



નવી દિલ્હી,તા.૪ઃ ભારત વિશ્વમાં સોનાનો બીજો સૌથી મોટો ગ્રાહક દેશ છે. જોકે, દેશમાં સોનાનું ઉત્પાદન ખૂબ ઓછું છે, અને તેમાંથી મોટાભાગની આયાત કરવામાં આવે છે. ગયા વર્ષે, ભારતે ૬૪૦ ટન અને મોટા પ્રમાણમાં વિદેશી સોનું આયાત કર્યું હતું, જેની કિંમત રેકોર્ડ ૭૨.૪ અબજ ડોલર છે. કાચા તેલ પછી સોનું બીજા ક્રમનું સૌથી વધુ આયાત થતું ઉત્પાદન છે અને મોટા પ્રમાણમાં વિદેશી ચલણનો વપરાશ કરે છે. તેની આયાતને નિરુત્સાહિત કરવા માટે, સરકારે ૧૩ મે, ૨૦૨૬ થી સોના પરની આયાત ડ્યુટી ૬% થી વધારીને ૧૫% કરી. આના કારણે દેશમાં સોનાની દાણચોરીમાં નોંધપાત્ર વધારો થયો છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. તેના અનુસાર, ભારતમાં સોનાની દાણચોરી વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં ૨૦૨૩ પછીના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગઈ છે. જુલાઈ અને સપ્ટેમ્બર વચ્ચે, દાણચોરી કરેલું સોનું દેશમાં પ્રવેશ્યું, જે ૧૫૦૦% વધીને ૫૦ ટન થયું. એક વર્ષ અગાઉ, આ આંકડો ફક્ત ૩ ટન હતો.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે કન્સલ્ટન્સી ફર્મ મેટલ્સ ફોકસના ડેટાને ટાંકીને આ દાવો કર્યો હતો. રિપોર્ટમાં દાણચોરી કેવી રીતે પકડાઈ તે અંગે ખુલાસો કરવામાં આવ્યો નથી. સોના પર ટેક્સ વધવાથી દાણચોરીની ઘટનાઓમાં વધારો થાય છે કારણ કે આ દાણચોરોના માર્જિનમાં વધારો કરે છે. ઓક્ટોબરમાં સોનાના ભાવ ૬.૮% ઘટ્યા હતા, જે આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રતિ ઔંસ ૪,૦૦૦ ડોલરની નીચે આવી ગયા હતા. આજે સોનાના ભાવમાં પણ ઘટાડો થયો હતો. ટ્રેડિંગ દરમિયાન ૯૯.૯ પર સોનાનો ભાવ ૨૦૦૦ રૂપિયાથી વધુ ઘટ્યો હતો. ૪ ડિસેમ્બર ડિલિવરી માટેનું સોનું પાછલા સત્રમાં ?૧૪૦,૧૮૬ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું અને આજે રૂ.૧૩૯,૪૨૦ પર ખુલ્યું હતું. ટ્રેડિંગ દરમિયાન, તે ઘટીને રૂ.૧૩૭,૮૬૩ પર આવી ગયું હતું. હાલમાં, તે રૂ.૨,૦૩૭ ઘટીને રૂ.૧૩૮,૧૪૯ પર ટ્રેડ કરી રહ્યું છે.

જોકે, આજે બુલિયન બજારમાં સોનાનો ભાવ વધ્યો છે. ગુડ રિટર્ન્સ અનુસાર, ૨૪ કેરેટ સોનાનો ભાવ રૂ.૨૭૦ વધીને રૂ.૧૩૯,૬૪૦ પર ટ્રેડ કરી રહ્યો છે. તેવી જ રીતે, ૨૨ કેરેટ સોનાનો ભાવ રૂ.૨૫૦ વધીને રૂ.૧૨૮,૦૦૦ પર પહોંચી ગયો છે. ૧૮ કેરેટ સોનાનો ભાવ પણ રૂ.૨૦૦ વધીને રૂ.૧૦૪,૩૦૦ પર પહોંચી ગયો છે. ૨૯ જાન્યુઆરીએ સોનાનો ભાવ રૂ.૧.૮ લાખ પર પહોંચી ગયો હતો. ત્યારથી, તેમાં રૂ.૪૦,૦૦૦ થી વધુનો ઘટાડો થયો છે.(૪૦.૨૦)

happy Diwali
monginis
Celebrate Diwali with Sweetness in Every Slice
Delicious Foods - Rajkot
Franchise Inquiry - 72 11 11 20 22

ગાયત્રી - GAYATRI
2x2 સ્લીપર બસ
ઉત્તરભારત, દિવસ - 12 (ભાઈબીજ મથુરા)
સપ્ત જ્યોતિર્લિંગ, દક્ષિણભારત દિવસ - 22
કલકત્તા, ગંગાસાગર, નેપાલ, મુક્તિનાથ, કામખ્યાદેવી, જગન્નાથપુરી દિવસ - 25
ચોકકસ ઉપડશે - 08-11, 10-11
(નૂતન વર્ષના નાના - મોટા અસંખ્ય પ્રવાસો)
જુજ સીટો બાકી
મો.91731 32114, રાજકોટ
Jalaram

Since 2002 પ્રિમીયમ પેકેજ
સિંગાપોર 44999 4 D
વિયેતનામ 46999 7 D
ભુતાન 39999 8 D
બેંગકોક 18999 5 D
+ એરટિકિટ
PELICAN - 90162 18918
Rajkot - Ahmedabad
MANISH ADS

યુએસ મિડટર્મ ચૂંટણીઓ વચ્ચે તેહરાનના એંગહેલાબ સ્ક્વેર પર અમેરિકી રાષ્ટ્રપતિ વિરુદ્ધ જાનલેવા હોર્ડિંગ્સ લગાવાતાં ભારે ખળભળાટ

તેહરાનમાં લાગ્યા વિવાદિત હોર્ડિંગ્સઃ ટ્રમ્પને મારી નાખવાની ખુલ્લી ધમકી

પોસ્ટરોમાં રાષ્ટ્રપતિને જેલના સળિયા પાછળ બતાવી બદલો લેવાની ચેતવણી અપાઈઃ નેતન્યાહુ સહિતના સાથી નેતાઓની તસવીરો પણ મુકાઈ છે



તેહરાન,તા.૪ઃ અમેરિકામાં યોજાઈ રહેલી મિડટર્મ ચૂંટણીઓની રાજકીય ગરમાગરમી વચ્ચે પશ્ચિમ એશિયામાંથી એક અત્યંત ચિંતાજનક અને સનસનાટીભર્યા અહેવાલો સામે આવ્યા છે. બંને રાષ્ટ્રો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે રાજધાની તેહરાનની મુખ્ય સડકો અને ચોક પર અમેરિકી રાષ્ટ્રપતિ વિરુદ્ધ સીધા જાનલેવા ઈરાદાઓ દર્શાવતા વિશાળકાય હોર્ડિંગ્સ તેમજ પેઇન્ટિંગ્સ લગાડવામાં આવ્યા છે. શહેરના પ્રખ્યાત એંગહેલાબ સ્ક્વેર ખાતે મુકાયેલા એક મોટા બિલબોર્ડ પર સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે અને રાષ્ટ્રપતિને જેલના સળિયા પાછળ લાચાર અવસ્થામાં ચિત્રિત કરાયા છે. આ જાહેરમાં મૂકાયેલા ચિત્રોના કારણે બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સાવ તળીયે બેસી ગયા છે.

રાજધાનીની સડકો પર ટ્રમ્પ વિરુદ્ધ ખુલ્લી ધમકીભર્યા હોર્ડિંગ્સઃ તેહરાનના એંગહેલાબ સ્ક્વેર પર મુકાયેલા હોર્ડિંગમાં અમેરિકી રાષ્ટ્રપતિને માથું ઝુકાવીને લોખંડના સળિયા પાછળ બેઠેલા દર્શાવવામાં આવ્યા છે.

(જુઓ પાનુ ૬)

અવસાન નોંધ

ઉદયનભાઇ ઉપાધ્યાય

રાજકોટ : નથુ તુલસી ઔદીચ્ય ગોહિલ વાડી બ્રાહ્મણ રાજકોટ નિવાસી ગજેન્દ્રભાઇ પરષોત્તમભાઈ ઉપાધ્યાયના પુત્ર ઉદયનભાઇ ગજેન્દ્રભાઇ ઉપાધ્યાય (ઉં.વ. ૫૯) તે ડોલીબેન ઉપાધ્યાયના પતિ તથા સમર્થ ઉપાધ્યાય તથા દ્રષ્ટિ મયંકકુમાર ત્રિવેદીના પિતાશ્રી તથા મયંકકુમાર ત્રિવેદી તથા જાનવી સમર્થ ઉપાધ્યાયના સસરા તેમજ પુર્વિબેન અજયભાઇ ભારદ્વાજના ભાઇ અને સ્વ. ભરતભાઇ રવિશંકરભાઇ જાનીના જમાઇ તા. ૦૨ સોમવારના કૈલાસવાસ પામેલ છે. (સદગતનું ચક્ષુદાન કરેલ છે.) બન્ને પક્ષનું બેસણું : તા. ૫ ગુરૂવારે, સાંજે ૫ થી ૬ ''વિઠ્ઠલદાસ કાલીદાસ મહેતા - બ્રાહ્મણ બોર્ડિંગ'' ગોપાલનગર-૯, ડૉ. રાજાણીના દવાખાના પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

હિતેષભાઇ વડગામા

રાજકોટ : રાજકોટ નિવાસી હિતેષભાઇ પ્રવિણભાઈ વડગામા તે પુષ્પાબેન તથા પ્રવિણભાઈ નંદલાલભાઈ વડગામાનાં પુત્ર તે ચૈતનભાઈનાં નાનાભાઈ તથા મોરબીવાળા સ્વ. મનસુખભાઈ કેશવજીભાઈ દશાડિયાનાં જમાઈ, તે હિરેનભાઈ તથા અમિતભાઈનાં બનેવી તથા ભાવિષાબેનનાં પતિનું તા.૩૧ શનિવારનાં અવસાન થયેલ છે. જેમનું બેસણું તા. ૫ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ વિશ્વેશ્વર મંદિર, મવડી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. (સસરા પક્ષનું બેસણું સાથે રાખેલ છે.)

વસંતબેન પરમાર

રાજકોટ : વસંતબેન (વીણાબેન) નટવરભાઇ પરમાર (ઉં.વ.૭૮) તે સ્વ. હિંમતલાલ રાઠોડ, સ્વ. રમણીકલાલ રાઠોડ (પંચાયત), હરકાંતભાઈ રાઠોડ (એસ.ટી.), સુરેશભાઈ રાઠોડ, સતીષભાઈ રાઠોડ તેમજ જયેશભાઈ મોતીલાલ રાઠોડના બહેન તથા ધર્મેશભાઇ ગોહેલના માસીનું તા. ૦૨ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૦૫ ગુરૂવારે સાંજે ૫ થી ૬ ચંદ્રમૌલેશ્વર મંદિર, જનકપુરી, ગંગોત્રી ડેરી વાળી શેરી, સાધુ વાસવાણી રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

ઇલાબેન ત્રિવેદી

રાજકોટ : રાજકોટ નિવાસી ઈલાબેન હનુશંકર ત્રિવેદી (ઉં.વ. ૯૨) શ્રીમાળી બ્રાહ્મણ જે હનુશંકર નરભેશંકર ત્રિવેદીના ધર્મપત્ની, દિલીપભાઈ, મનિષભાઈ, રાજેશભાઈ, નીતિનભાઈના માતૃશ્રી તેમજ હીનાબેન તેમજ કીર્તિકુમારના સાસુશ્રી, રૂદ્રેશભાઈ - સાક્ષીબેનના દાદી તેમજ કેવલભાઈ - પ્રિન્શીબેનના નાનીનું તા ૧ના રવિવારે શ્રીજી ચરણ પામેલ છે. જેમની શ્રધ્ધાંજલિ સભા તા. ૫ ગુરુવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર 'શ્રી સુંદર કાંડ ભવન' પરસાણા નગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયરપક્ષની સાદડી સાથે જ રાખેલ છે.

મંજુલાબેન ભટ્ટ

રાજકોટ : મંજુલાબેન ગુણવંતરાય ભટ્ટ (ઉં.વ. ૮૨) મુળ ગામ ખંઢેરા (કાલાવડ) હાલ રાજકોટ તા. ૨ સોમવારે કૈલાસવાસ થયેલ છે. તેમનું બેસણું તા. ૫ ગુરૂવારે ઓમકાલેશ્વર મંદિર, ૧૫૦ ફૂટ રીંગ રોડ, જુના ઓમ નગર ખાતે બપોરે ૪ થી ૬ રાખેલ છે. (૩૬.૨)

અક્ષય પાટડીયા

રાજકોટ: અક્ષય નીતીનભાઈ પાટડીયા (ઉ.વ.૨૧) તે ગો.વા. સોની વૃજલાલ હરિલાલ પાટડીયા (ઢોલરાવાળા) ના પૌત્ર, તે સોની વિનુભાઈ જમનાદાસ રાણપરા (વવાણીયાવાળા) ના ભાણેજ તા.૨, સોમવારે શ્રીજી ચરણ પામેલ છે. સદ્ગતનું બેસણું તા. ૫ ગુરુવારે, સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ કલાકે, વાઘેશ્વરી વાડી, યુનીટ નં. ૩, રામનાથપરા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

દુઃખદ અવસાન -કારજ - કમળાપુર



અમારા પુજ્ય માતૃશ્રી રાજબાઈબેન દેસુરભાઇ રાઠોડ (ઉ.વ.૧૦૧) તા. ૨/૧૧/૨૦૨૬ને સોમવારના રોજ શ્રીરામચરણ પામેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી પ્રભુને પ્રાર્થના...

સદ્ગતનું કારજ તથા વેવાર તા. ૮/૧૧/૨૦૨૬ને રવિવારના રોજ કમળાપુર રાખેલ છે.

લિ.
ભુપતભાઇ દેસુરભાઇ રાઠોડ
નકાભાઇ દેસુરભાઇ રાઠોડ
ઇલુભાઇ દેસુરભાઇ રાઠોડ
મનુભાઇ દેસુરભાઇ રાઠોડ
તથા રાઠોડ પરિવારના જયશ્રી કૃષ્ણ

સ્વ. રાજબાઈબેન દેસુરભાઇ રાઠોડ
સ્વ. તા. ૨/૧૧/૨૦૨૬, સોમવાર
કમળાપુર, તા. જસદણ

RAC - NAYAN - 98245 31417

નવમી માસિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી



રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને, હસમુખો ચહેરો, માયાળુ-ઉદાર સ્વભાવ, સૌમ્ય વ્યક્તિત્વ સદાય યાદ રહેશે અમોને, ઇશ્વરને પુછીશું અમે કે જેની જરૂર હતી અમારે તેની તમારે શી જરૂર પડી? પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...ૐ શાંતિ...ૐ શાંતિ...ૐ શાંતિ...

લિ.
ગં.સ્વ. સરોજબેન પ્રમોદભાઇ જસાણી
મેહુલ પ્રમોદભાઇ જસાણી-૯૯૨૫૧ ૬૪૪૪૯
માનસીબેન મેહુલભાઇ જસાણી
મનીષાબેન પ્રમોદભાઇ જસાણી
તથા યુવરાજ મેહુલભાઇ જસાણી (પૌત્ર)

સ્વ. પ્રમોદભાઇ વનમાળીદાસ જસાણી
સ્વ.તા. ૦૪-૦૨-૨૦૨૬, બુધવાર

SIMPLE

દુઃખદ અવસાન બેસણું



સ્વ. ધરમશીભાઈ મનજીભાઈ કણસાગરા
સ્વ. તા. ૦૧-૧૧-૨૦૨૬, રવિવાર,
વિક્રમ સંવત ૨૦૮૨, આસો વદ - સાતમ

દિલગીરી સાથ જણાવવાનું કે, અમારા પૂજ્ય પિતાશ્રી ધરમશીભાઈ મનજીભાઈ કણસાગરા (ઉ.વ.૮૨) તા. ૦૧-૧૧-૨૦૨૬, રવિવારના રોજ ગૌલોકધામ પામેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

■ સદ્ગતનું મોવિયા બેસણું ■
તા. ૦૫-૧૧-૨૦૨૬, ગુરૂવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ સુધી કડવા પટેલ સમાજ, મોવિયા મુકામે રાખેલ છે.

■ સદ્ગતનું રાજકોટ બેસણું ■
તા. ૦૫-૧૧-૨૦૨૬, ગુરૂવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ સુધી અમારા નિવાસસ્થાન ડ્રીમલેન્ડ એપાર્ટમેન્ટ, બેકબોન પાર્ક, બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

ગં. સ્વ. પ્રભાબેન ધરમશીભાઈ કણસાગરા
રાજેશભાઈ (ભીખુભાઈ) ધરમશીભાઈ કણસાગરા મો.૯૮૨૪૫ ૬૪૦૦૯
વિરાજ રાજેશભાઈ કણસાગરા મો. ૯૯૯૮૦ ૨૧૮૭૭
તથા કણસાગરા પરિવારના જયશ્રી કૃષ્ણ (મોવિયા-રાજકોટ)

ઉગમ મેન્યુફેકચરીંગ - શાપર (વેરાવળ)

Devansh Digital_98985 90097

૧૦૧ જન્મ શતાબ્દી દિને વંદન....



બાવાલાલ એન. માંડલિક

લબ્ધ પ્રતિષ્ઠિત પ્રાથમિક શિક્ષક, સામાજિક સમરસતાના પ્રહરી અને વડાલી (ઉપલેટા) ના ગૌરવને અમારી શ્રધ્ધાંજલિ


તપન આશુતોષ માંડલિક
ડો. એસ. બી. માંડલિક - ડો. દુષ્યંત એસ. માંડલિક
એમ. બી. માંડલિક - આશુતોષ એસ. માંડલિક
તારાબેન બી. માંડલિક - મૌલિક એમ. માંડલિક
ભાનુમતી, જયશ્રી, અલ્પા, શિલ્પા, સેજલ, ગ્રિષ્મા, વિનિતા, ક્રિષ્ના, ભાવિશા, રચિકા, રાધીકા, ચાંદની, વીરા, વાનિયા ના વંદન...

અમેરિકાના ૬૦-વર્ષીય ગ્લેનવુડ હોસ્કિન જુનિયરે શોખને અનોખા વર્લ્ડ રેકોર્ડમાં ફેરવી દીધોઃ સિનેમાઘરને જ બનાવી દીધું બીજું ઘર

૬૦ વર્ષના વ્યક્તિએ એક વર્ષમાં જોઈ ૧,૨૦૭ ફિલ્મો!

સવારે થિયેટર પહોંચતા અને મોડી રાત સુધી ફિલ્મો જોતાઃ એનિમેશન અને કોમેડી ફિલ્મો હતી સૌથી પસંદગીની

પેન્સિલવેનિયા,તા.૪ઃ સામાન્ય રીતે લોકો વીકએન્ડમાં એકાદ કે બે ફિલ્મો જોઈને મનોરંજન માણતા હોય છે, પરંતુ અમેરિકાના એક ૬૦ વર્ષીય વ્યક્તિએ ફિલ્મો જોવાના શોખને જ એક અનોખા રેકોર્ડમાં ફેરવી દીધો છે. પેન્સિલવેનિયાના નિવૃત્ત ટેક્સ ઓફિસર ગ્લેનવુડ હોસ્કિન જુનિયરએ એક વર્ષમાં સિનેમાઘરમાં બેસીને કુલ ૧,૨૦૭ ફિલ્મો જોઈને Guinness World Record પોતાના નામે કર્યો છે. ખાસ વાત એ છે કે તેમણે આ સિદ્ધિ મેળવવા માટે દરરોજ કલાકો સુધી થિયેટરમાં સમય પસાર કર્યો હતો. તેમનો આ અનોખો પ્રયાસ હવે ચર્ચાનો વિષય બન્યો છે.



Guinness World Recordsના અહેવાલ પ્રમાણે, ગ્લેનવુડને જ્યારે ઈન્ટરનેટ પર સૌથી વધુ ફિલ્મો જોવાનો વર્લ્ડ રેકોર્ડ હોવાની જાણ થઈ ત્યારે તેમણે પણ આ પડકાર સ્વીકારવાનું નક્કી કર્યું. ત્યારબાદ પેન્સિલવેનિયાના Regal Cinemaને તેમણે પોતાનું બીજું ઘર બનાવી દીધું. તેમનો રોજનો સમય નક્કી હતો. તેઓ સવારે વહેલી તકે સિનેમાઘર પહોંચી જતા અને ઘણી વખત રાતના ૧૨ વાગ્યા સુધી એક પછી એક ફિલ્મો જોતા રહેતા હતા. તેમણે વસંતઋતુમાં આ સફરની શરૂઆત કરી હતી, જેથી શિયાળામાં વાહન ચલાવવામાં પડતી મુશ્કેલીથી બચી શકાય. જોકે, એકવાર આ પડકાર શરૂ કર્યા પછી તેમણે પાછળ વળીને જોયું નહીં અને ધીમે ધીમે ફિલ્મોનો આંકડો વધારતા ગયા.

એક વર્ષમાં ૧,૨૦૦થી વધુ ફિલ્મો જોવા માટે હજારો ડોલર ખર્ચાયા હશે તેવું લાગી શકે છે. પરંતુ ગ્લેનવુડે આ માટે એક ખાસ રીત અપનાવી હતી. દરેક ફિલ્મની અલગ ટિકિટ ખરીદવાને બદલે તેમણે Regal Cinemaનું અનલિમિટેડ સબસ્ક્રિપ્શન લીધું હતું. તે સમયે આ સબસ્ક્રિપ્શનનો માસિક ખર્ચ આશરે ૨૮ ડોલર એટલે કે ભારતીય ચલણ પ્રમાણે લગભગ રૂ.૨,૩૦૦થી રૂ.૨,૪૦૦ હતો. આ રીતે તેઓ ઓછા ખર્ચે રોજ અનેક ફિલ્મો જોઈ શકતા હતા.

સતત કલાકો સુધી થિયેટરમાં બેસી રહેવું સ્વાસ્થ્ય માટે પડકારજનક બની શકે છે. આથી ગ્લેનવુડ માત્ર ફિલ્મો જોવા પર જ નહીં, પરંતુ પોતાની ફિટનેસ પર પણ ધ્યાન આપતા હતા. થિયેટરમાં મોંઘા પોપકોર્ન અને નાસ્તા ખરીદવાને બદલે તેઓ ઘરેથી જ ટિફિન લઈ જતા હતા અને ૨ ફિલ્મોના શો વચ્ચે ભોજન કરતા હતા. આ ઉપરાંત, લાંબા સમય સુધી બેસી રહેવાને કારણે શરીરને નુકસાન ન થાય તે માટે ૨ ફિલ્મો વચ્ચે થિયેટરમાં જ ચાલતા હતા અને પોતાની વોક પણ પૂરી કરતા હતા.

આટલી બધી ફિલ્મો જોવાની સફરમાં ગ્લેનવુડને એનિમેશન અને કોમેડી ફિલ્મો સૌથી વધુ પસંદ આવી હતી. ખાસ કરીને એનિમેટેડ ફિલ્મોનો સમયગાળો ઓછો હોવાથી તે તેમના વ્યસ્ત શેડ્યૂલમાં સરળતાથી ગોઠવી શકાતી હતી. તેમને 'The Wild Robot' અને 'Deadpool & Wolverine' જેવી ફિલ્મો ખૂબ પસંદ પડી હતી. તેમના મતે, કોમેડી ફિલ્મો ઘરે એકલા જોવા કરતાં સિનેમાઘરમાં અન્ય લોકો સાથે બેસીને હસતાં-હસતાં જોવાનો અનુભવ વધુ મજેદાર હોય છે. સતત એક વર્ષ સુધી થિયેટરમાં જતાં તેઓ ત્યાંના મેનેજર અને સ્ટાફ સાથે પણ સારા મિત્રો બની ગયા હતા. સ્ટાફ પણ તેમને ટૂંકી સમયગાળાની ફિલ્મો શોધવામાં મદદ કરતો હતો, જેથી તેઓ પોતાનો લક્ષ્યાંક પૂર્ણ કરી શકે.

૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ગ્લેનવુડે પોતાની આ સફર પૂર્ણ કરી હતી. તેમણે એક વર્ષમાં કુલ ૧,૨૦૭ ફિલ્મો જોઈને અગાઉનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો હતો. આ પહેલાં અમેરિકાના ઝકારિયા સ્વોપ (Zachariah Swope)ના નામે ૭૭૭ ફિલ્મો જોવાનો રેકોર્ડ હતો. ગ્લેનવુડે આ આંકડાને પાર કરીને નવો રેકોર્ડ સ્થાપિત કર્યો. તેમના મતે, આ સફર માત્ર સંખ્યાઓ સુધી મર્યાદિત નહોતી. આ દરમિયાન તેમને જીવનમાં એક નવું દૈનિક રૂટિન મળ્યું, નવા મિત્રો બન્યા અને જીવનને એક અલગ દૃષ્ટિકોણથી જીવવાની તક મળી. ફિલ્મો પ્રત્યેનો આ અનોખો જુસ્સો તેમને સીધો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સુધી લઈ ગયો.(૪૦.૨૭)

ઝેરી હવામાં શ્વાસ લેવા લોકો મજબૂર, દિલ્હી અને એનસીઆરમાં હવાની ગુણવત્તા અતિ ગંભીર શ્રેણીમાં પહોંચતાં ગુરુગ્રામ પ્રશાસને ૫ થી ૨૦ નવેમ્બર સુધી બાંધકામ અને તોડફોડ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે

ગુરુગ્રામમાં બાંધકામ પર રોક અને ૫૦% વર્ક ફ્રોમ હોમ

સરકારી તેમજ ખાનગી કચેરીઓમાં ૫૦ ટકા સ્ટાફ માટે વર્ક ફ્રોમ હોમ ફરજિયાતઃ પંજાબી બાગ સહિત અનેક સ્થળોએ આંકડો ૪૪૦ ને પાર જતાં નિયમ ભંગ કરનારા સામે કડક કાનૂની કાર્યવાહીના આદેશ

ગુરુગ્રામ,તા.૪ઃ રાજધાની દિલ્હી અને આસપાસના સમગ્ર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં વાયુ પ્રદૂષણનું સ્તર ચિંતાજનક રીતે ખતરનાક સપાટીએ પહોંચી ગયું છે. ચોમેર છવાયેલા ઝેરી સ્મોગના કારણે લોકોને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડી રહી છે. આ ગંભીર પરિસ્થિતિને જોતાં ગુરુગ્રામ જિલ્લા પ્રશાસને તાત્કાલિક અસરથી ૫ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી કટોકટી જેવા આકરા નિયંત્રણો લાદવાની જાહેરાત કરી દીધી છે. વાયુ પ્રદૂષણ વધારતા તમામ પરિબળોને ડામવા માટે બાંધકામ, તોડફોડ અને ધૂળ ઉડાડતી પ્રવૃત્તિઓ અટકાવી દેવામાં આવી છે, જ્યારે કર્મચારીઓને રાહત આપવા માટે ઘરેથી કામ કરવાના વિશેષ નિર્દેશો જારી કરાયા છે.



ગુરુગ્રામ વહીવટી તંત્ર દ્વારા ૫ થી ૨૦ નવેમ્બર સુધી કડક નિયંત્રણો હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં પહોંચી જતાં સ્થાનિક તંત્ર દ્વારા ૧૫ દિવસ માટે વિશેષ સુરક્ષા પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યો છે.

આ સમયગાળા દરમિયાન હવાને પ્રદૂષિત કરતી તમામ ખુલ્લી કામગીરીઓ પર બાજ નજર રાખવામાં આવશે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે નિયમોનું પાલન કરાવવા માટે વહીવટી અધિકારીઓની વિશેષ ટીમો દરરોજ સ્થળ પર જઈને આકસ્મિક તપાસ કરશે.

બાંધકામ અને તોડફોડની પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ ગુરુગ્રામમાં રસ્તાઓ, હાઈવે, ફ્લાયઓવર અને ભૂગર્ભ પાઈપલાઈન પાથરવા જેવા પ્રોજેક્ટ્સ સાથે જોડાયેલા બાંધકામ તેમજ તોડફોડ પર સંપૂર્ણપણે રોક લગાવી દેવામાં આવી છે.

ધૂળનું પ્રમાણ હવામાં ઓછું થાય તે હેતુથી આ નિર્ણય લેવાયો છે. જોકે જાહેર હિત સાથે જોડાયેલા અત્યંત આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને નિયમોના કડક પાલનની શરતે મર્યાદિત છૂટછાટ આપવામાં આવી છે.

વાહનોના ધુમાડા અને ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે તમામ સરકારી તેમજ ખાનગી ઓફિસોમાં વર્ક ફ્રોમ હોમ સુવિધા લાગુ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

કચેરીઓમાં માત્ર ૫૦ ટકા કર્મચારીઓ જ સ્થળ પર આવી શકશે, જ્યારે બાકીના ૫૦ ટકા સ્ટાફે ફરજિયાતપણે ઘરેથી કામ કરવું પડશે. ઓફિસોએ કર્મચારીઓની હાજરીનો દૈનિક રેકોર્ડ પણ જાળવવો પડશે, જોકે ઔદ્યોગિક એકમો અને આવશ્યક સેવાઓને આમાંથી મુક્તિ અપાઈ છે.

રાજધાનીના વિવિધ વિસ્તારોમાં ખતરનાક સ્તરે પહોંચેલો એર ક્વોલિટી ઈન્ડેક્સ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) ના તાજા આંકડા મુજબ બુધવારે દિલ્હીના અનેક કેન્દ્રો પર હવાનો ગુણવત્તા આંક ૪૦૦ ને વટાવી ગયો હતો.

સવારે ચા અને સાંજ
અકિલા
www.akilanews.com

વાચકોએ નોંધ લેવી
કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપકઃ અકિલા

આજના શુભ દિવસે...



વિનુભાઈ જગડા ● ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

તમે દુનિયાને બદસુરત થતી બચાવવા નીકળ્યા છો ! પણ પહેલા તમારા બૂટ તો સરખા મૂકો!!

જાહેર ટ્રસ્ટોએ ઓડિટ હિસાબ સમયસર રજૂ કરી દેવા યાદી

રાજકોટ, તા. ૪ : જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી, રાજકોટના નાયબ ચેરીટી કમિશ્નરશ્રીની યાદીમાં જણાવેલ છે કે, જે ટ્રસ્ટોના તા. ૩૧.૦૩.૨૦૨૬ કે તે અગાઉના વર્ષની ફાળાની રકમ ભરવાની બાકી હોય તથા ઓડિટ હિસાબ રજુ કરવાના બાકી હોય તેવા ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તત્વરે ફાળાની બાકી રકમ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ/રોકડા દ્વારા નાયબ ચેરીટી કમિશ્નર રાજકોટના નામે જાહેર ટ્રસ્ટોની નોધણી કચેરી, જામ ટાવર પાસે, જામનગર રોડ, રાજકોટ ખાતે ભરી જવા તથા બાકી હિસાબો રજુ કરી જવા જણાવવામાં આવે છે. અન્યથા સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત) એકટની કલમ-૫૯ અન્વયે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમ પૃથ્વીરાજસિંહ બી. જાડેજા, ઇ/ચા નાયબ ચેરીટી કમિશ્નર, રાજકોટની યાદીમાં જણાવાયું છે. (૩૬.૩)

દિવ્ય દાવાનળ : સામાજીક નવલકથા




મૂળ ગોંડલ તાલુકાના રાણસીકી ગામના વતની હાલ રાજકોટ સ્થિત નિવૃત્ત શિક્ષક મનહરલાલ જગજીવનભાઈ દવે (ભુપતભાઈ) દ્વારા નવલકથા પુસ્તક દિવ્ય દાવાનળનુ સર્જન કરવામાં આવ્યું છે

લેખકનો પરિચય જોઈએ તો મનહરલાલ જગજીવનભાઈ દવે(ભૂપતભાઈ)નો જન્મ તા.૧ એપ્રિલ ૧૯૬૦ના રાણસીકી(ગોંડલ)મા થયો હતો. પ્રાથમિક શિક્ષણ રાણસીકીમાં પ્રાપ્ત કર્યા બાદ માધ્યમિક શિક્ષણ અમરેલીની કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલમાં લીધું હતું.ધો. ૧૨ વિજ્ઞાનમાં નિષ્ફળતા પછી સોનગઢમાં પી.ટી.સી.કર્યું હતું ત્યાંથી ૨૩-૨૪ વર્ષની ઉંમરે હું માનવ છું ?આ વિચારે લેખકે લખવાનું શરૂ કર્યું.હું માનવ મારા પૂરતો, ઘર પૂરતો, કુટુંબ પૂરતો, નાત પૂરતો, વતન પૂરતો કે મારા દેશ પૂરતો.૧૩ ડિસેમ્બર ૧૯૮૪ થી શિક્ષક તરીકે કારકિર્દી - રાવણા, પાટખીલોરી, વિજીવડમાં સેવા અને ૨૦૨૦માં આચાર્ય તરીકે નિવૃત્ત. જીવનનો સૌથી મોટો નિર્ણય વિધવા ચંદાબેન સાથે લગ્ન કરીને સમાજમાં વિધવા વિવાહનો નવો રાહ ચીંધ્યો હતો.

લેખકો પોતાની કારકિર્દી અથવા તો પૈસા માટે નવલકથાઓ લખતા હોય પરંતુ આમા લેખક મનહરલાલ દવેએ એક ઉમદા વિચાર રજુ કરીને વાંચકોને પુસ્તકની ખરીદી કરીને પુસ્તકની કિંમત રૂપે રૂ.૧૧૧ ની ઝુપડપટ્ટીના બાળકોને ખાવાની વસ્તુઓ આપવા અપીલ કરી છે. અને આ પુસ્તક અન્યને વાંચવા માટે આપવા અનુરોધ કર્યો છે.લેખક મનહરલાલ દવેના પિતાશ્રી જગજીવનભાઈ દવે,માતુશ્રી તથા મોટાભાઈનુ અવસાન થયું ત્યારે તેમના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતુ.

લેખકના વ્યક્તિત્વ અને શૈલી વિશે નિવૃત અધ્યાપક મૂળ રાણસીકી ગામના વતની ડો.જે.ડી.દવેએ જણાવ્યું છે કે,સામાન્ય માનવીની લાગણીઓ તેમની કલમે જીવંત રૂપે વ્યક્ત થાય છે. તેમની કલમમાં ક્યારેય અલંકારિતા કે કૃત્રિમતા નથી, દરેક શબ્દ જીવનના અનુભવમાંથી ઉપજેલો લાગે છે. તેમણે જે લખ્યું છે તે દિમાગથી નહીં, દિલથી લખ્યું છે. જે અનુભવ્યું છે, જે જીવ્યું છે અને અમલમાં મૂક્યું છે તેવું જ લખ્યું છે. નિવૃત્તિ પછી પણ ગામડાના લોકો સાથે જોડાયેલા છે. તેમની કલમ અને જીવનનો એક જ સંદેશ છેઃજીવનને સાચી રીતે જીવો, ઈમાનદારી અને સહાનુભૂતિથી. દિવ્ય દાવાનળનવલકથાનો સાર જોઈએ તો આ એક રોમેન્ટીક સામાજિક નવલકથા છે.ઉદ્યોગપતિ શાંતિલાલ શેઠ નદીમાં પડી જાય છે, ઘોડાગાડીવાળા મોહનભાઈ તેને બચાવે છે અને બંને મિત્રો બને છે. શાંતિલાલની દીકરી દિવ્યા કોલેજમાં ભણે છે, ત્યાં સહાધ્યાયી દેવેન સાથે પ્રેમ થાય છે. કોલેજ જીવન અને કાશ્મીર પ્રવાસ - અમરનાથ, ખીણો, સરોવરોનું આબેહૂબ વર્ણન છે.બીજું મહત્વનું પાત્ર સંજય - મોહનભાઈનો દીકરો, જે રોજ દિવ્યાને ઘોડાગાડીમાં કોલેજે મૂકે છે અને એક ગુલાબ આપે છે. સંબંધ પવિત્ર છે. તે કવિ હૃદયનો છે અને પછીથી શાંતિલાલની ઓઈલ મિલમાં જોડાય છે.કોલેજ પછી દિવ્યા શિક્ષિકા, દેવેન મેનેજર બને છે, બંનેના લગ્ન થાય છે. પણ કથામાં મોટો વળાંક આવે છે - ઝૂંપડપટ્ટીમાં આગમાં એક સ્ત્રી-બાળકને બચાવવા જતાં દેવેન દાઝી જાય છે અને મૃત્યુ પામે છે. દિવ્યા વિધવા બને છે.અંતે લેખક સામાજિક સંદેશ આપે છે - યુવા વિધવાના પુનર્લગ્નમાં કશું ખોટું નથી. સંજય વિધવા દિવ્યા સાથે લગ્ન કરે છે. પાયલ ફિલ્મ, પાર્ટીઓ, માલિક-મજૂર સંબંધ જેવા પ્રસંગો કથાને રોચક બનાવે છે. સમીક્ષક નગીનભાઈ દવેએ જણાવ્યું છે કે એક વાચનક્ષમ નવલકથા જે છેક સુધી જકડી રાખે છે. દેહલાલિત્યના વર્ણનમાં ક્યાંય અભદ્રતા નથી. પ્રાપ્તિસ્થાનઃ લેખક-પ્રકાશકઃ મનહરભાઈ દવે (ભૂપતભાઈ) રાજકોટ, અર્પણ : શ્રી નિર્દોષાનંદ સરસ્વતી મહારાજ (પૂર્ણ સંન્યાસી), પ્રથમ આવૃત્તિ ૨૦૨૬ : મૂલ્ય રૂ.૧૧૧, (મો.૯૯૨૪૯ ૭૯૪૨૫) (૪.૧૫)

પુસ્તક પરિચય
ધન્વી-માહી



મનહરભાઈ દવે (ભૂપતભાઈ)

સાતમી પુણ્યતિથિએ **શ્રધ્ધાસુમન**



સ્વ. ચંપાબેન ગીરધરભાઈ ઘોણીયા
સ્વ. તા. ૪-૧૧-૨૦૧૯

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુકયા નહી, સુખ-દુઃખમાં સદા હસતાને હસાવતા રહ્યા, આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ અમારા હૈયે રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

ગીરધરભાઇ રવજીભાઇ ઘોણીયા
જીતેષભાઇ ગીરધરભાઇ ઘોણીયા ● બ્રિન્દા જીતેષભાઇ ઘોણીયા
અમન જીતેષભાઇ ઘોણીયા

COMMERAD

ઉઠમણું બેસણું શ્રદ્ધાંજલી દુઃખદ અવસાન ની જાહેરાતનો દર

રૂ.૪૦૦/-
(અંદરના પાને)

સાઇઝ ૫ સે.મી.×૨ કોલમ અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ વધારાના પ્રત્યેક એક કોલમ સે.મી.ના રૂ.૧૨૦
+ 5 % GST EXTRA

અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો.

તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક કરો

આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥
વિક્રમ સંવત-૨૦૮૨
વીર સંવત ૨૫૫૨
શાલિવહન શક-૧૯૪૮
ઇસ્વીસન-૨૦૨૬
તા.૫-૧૧-૨૦૨૬ ગુરૂવાર
આસો -વદ ૧૧
રમા એકાદશી (કેળા)
વાઘ બારસ
શુક્ર વક્ર થઇને કન્યામાં

આજના ગ્રહો
સૂર્ય-તુલા
ચંદ્ર-સિંહ
મંગળ-કર્ક
બુધ-તુલા
ગુરૂ-સિંહ
શુક્ર-તુલા
શનિ-મીન
રાહુ-કુંભ
કેતુ-સિંહ
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઇ ગાંધી
મોબાઇલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલ્ટીંગ એસ્ટ્રોલોજીસ્ટ

સૂર્યોદય- ૬-૫૪
સૂર્યાસ્ત-૬-૦૬
જૈન નવકારશી- ૭-૪૨
ચંદ્ર રાશિ :- સિંહ (મ.ટ.)
૯-૩૫ થી કન્યા (પ.ઠ.ણ.)
નક્ષત્ર :- ઉત્તરા ફાલ્ગુની
રાહુ કાળઃ ૧૩-૫૪ થી ૧૫-૧૮
દિશાશૂળ- દક્ષિણ

માંગલિક કાર્યોનો શુભ સમય

વિજય મુર્હુત ૧૨-૦૮ થી ૧૨-૫૩ થી સાંજનો શુભ સમય ૧૮-૦૬ થી ૨૦-૩૭ સુધી ૬-૫૪ થી શુભ ૮-૧૮ સુધી ૧૧-૦૬ થી ચલ-લાભ-અમૃત ૧૫-૧૮ સુધી ૧૬-૪૨ થી શુભ-અમૃત-ચલ ૨૧-૧૮

શુભ હોરા

૬-૫૪ થી ૭-૫૦ સુધી,
૯-૪૨ થી ૧૨-૩૦ સુધી,
૧૩-૨૬ થી ૧૪-૨૨ સુધી
૧૬-૧૪ થી ૧૯-૧૦ સુધી

બ્રહ્માંડના સિતારા

પરિવારના વડીલોને લઇને ઘણી વખત જીંદગીમાં અવરોધોનો સામનો રહે છે. જેથી વડીલોએ સંતાનોને કોઇ લાઇનમાં અભ્યાસ કરવો તે બાબત સંતાનોની ઇચ્છા જાણવી જોઇએ અને પછી ભવિષ્યને ધ્યાનમાં રાખીને સલાહ દેવી જોઇએ જે વિષય ઉપર લગાવી હોય તે વિષયમાં જરૂરથી સફળતા મળે છે. સાથે સાથે તે વ્યવસાય કેવો છે તેમાં શું કામ કરવુ પડશે. આ બાબતની જાણકારી અનુભવી વ્યકિતઓ પાસેથી લેવી. સૂર્ય નમસ્કાર રોજ કરવા. (૫-૩)

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, **શ્રી રાધે ગોપાલ શરાફી સહકારી મંડળી લી. (સુચિત)** રાજકોટના મુખ્ય પ્રયોજકશ્રી ભુવા ગોપાલ આલાભાઈ, **ઠે. ઓફીસ નં.406, દ્વારીકા પ્રાઇડ, સદભાવના હોસ્પિટલની બાજુમાં, રામાપીર ચોકડી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ** ની નોંધણી અંગેની દરખાસ્ત અત્રેની કચેરીમાં રજુ થયેલ છે. સદર નોંધણી અંગેની દરખાસ્ત ચકાસતાં તેના કાર્યક્ષેત્રમાં રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાર પુરતું દર્શાવેલ છે. જેથી રાજકોટ શહેરમાં નોંધાયેલ અન્ય કોઇ આ જ પ્રકારની અને સમાન ઉદ્દેશોવાળી મંડળીને સદરહું મંડળીની નોંધણી સામે વાંધા કે તકરાર હોય અને કોઇ રજુઆત કરવાની થતી હોય તો તે અંગેના તમામ આધાર-પુરાવા સાથે નીચે સહિ કરનાર નોંધણી અધિકારીશ્રી જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ૧/૬ બહુમાળી ભવન, રાજકોટ સમક્ષ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં કચેરી સમય દરમ્યાન મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા પ્રસ્તુત બાબતે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી, તેમ માની યોગ્ય તે નિર્ણય કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

આજરોજ આ જાહેર નોટીસ મારી સહી કરી સિક્કો લગાવી ઇશ્યુ કરી.

સ્થળ : રાજકોટ
તારીખ : ૩/૧૧/૨૦૨૬

e-sign
(ડો. બી. એન. પટેલ)
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ રાજકોટ

ખોવાઈ ગયેલ અસલ દસ્તાવેજો તથા ટાઇટલ અંગે

જાહેર નોટીસ

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં **રૈયાના રેવન્યુ સર્વે નં. ૧૩૨/૧ પૈકી, ટી.પી.એસ.નં. ૧-રૈયા, એફ. પી. નં. ૩૫૪ પૈકી** ઉપર આવેલ **શ્રી પારસ સહકારી હાઉસિંગ સોસાયટી લી.** (રજી. નં. ઘ - પ૨૯, તા. ૨૦/૦૬/૧૯૬૨) ના પ્લોટો પૈકી પ્લોટ નં.૨ પૈકી સબ પ્લોટ નં. ૨/બી ની જમીન ચો.મી.આ.૨૪૨-૭૫ (ચો.વા.આ. ૨૯૦-૩૩) ઉપર આવેલ પ્લોટ **ગુજ. TEકુંવરબેન કરશનજીના વારસદાર તથા લીગલ રીપ્રેઝેન્ટેટીવ દરજજે શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવ**ની માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે.

રાજકોટ શહેરમાં આવેલ **શ્રી પારસ સહકારી હાઉસિંગ સોસાયટી લી.** (રજી. નં. ઘ - પ૨૯, તા. ૨૦/૦૬/૧૯૬૨) ના પ્લોટો પૈકી પ્લોટ નં.૨ પૈકી સબ પ્લોટ નં. ૨/બી ની જમીન ચો.મી.આ.૨૪૨-૭૫ (ચો.વા.આ. ૨૯૦-૩૩) ઉપર આવેલ પ્લોટ ગુજ. વૃજકુંવરબેન કરશનજીના વારસદાર તથા લીગલ રીપ્રેઝેન્ટેટીવ દરજજે શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવએ રાજકોટના મહે. **6th JT. CIVIL JUDGE, S.D., RAJKOT** સાહેબની કોર્ટમાંથી **C.M.A. No. 217/1998** થી તારીખ ૨૧/૦૮/૧૯૯૮ ના રોજ હેરશીપ સર્ટીફીકેટ મેળવેલ છે. અને સોસાયટી રેકર્ડમાં શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવના નામ દાખલ થયેલ છે. અને સદરહુ પ્લોટ અમારા અસીલ **શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવ** ની માલીકીનો અને કબજા ભોગવટાનો આવેલ છે.

સદરહું ઉપરોક્ત પ્લોટના ઉતરોતરના ટાઈટલના દસ્તાવેજો પૈકી **(૧) શ્રી પારસ સહકારી હાઉસિંગ સોસાયટી લી. તરફથી શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવના નામે આપવામાં આવેલ શેર સર્ટીફીકેટ (૨) શ્રી પારસ સહકારી હાઉસિંગ સોસાયટી લી. તરફથી શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવના** નામે આપવામાં આવેલ પ્રમાણપત્ર અસલ શરત ચુકથી કયાંક ખોવાય ગયેલ છે. અને શોધવા છતા મળી આવતા નથી. તે અસલ ડોક્યુમેન્ટ આજ દિવસ સુધી મળી આવેલ ન હોય તેમ પ્લોટના હાલના **માલીક શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવ** એ જાહેર કરેલ છે.

સદરહું ઉપરોકત પ્લોટ સંબંધે તથા તેના ટાઈટલ ડીડઝ તથા ઉતરોતરના અસલ દસ્તાવેજો પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દરદાવો, લેણું, કરજ, બોજો, જામીનગીરીનો બોજો, ભરણપોષણનો હકક, વારસાઈ હકક, ભાડુઆતી હકક, કબજા હકક, બેંક લોન કે ટાઈટલ ડીડઝ બાબતે કે અન્ય કોઈપણ પ્રકારના હકક કે વાંધા તકરારો હોઈ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૭ (સાત)** માં અમોને લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત પુરી થયેથી આ મિલ્કતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ દર, દાવો, હકક, હિત, હિસ્સો, ગીરો, બક્ષીસ, વિગેરે નથી. તેમ માની તેમજ આવો કોઈ હકક હોય તો તે જતો (વેઈવ) કરવામાં આવેલ છે. તેમ માની ઉપરોકત વર્ણન કરેલ ક્રમ નં.૧-૨ ના અસલ ડોક્યુમેન્ટ અંગે યોગ્ય અભિપ્રાય આપીશું અને રાજકોટ શહેરમાં આવેલ **શ્રી પારસ સહકારી હાઉસિંગ સોસાયટી લી.** (રજી. નં. ઘ - પ૨૯, તા. ૨૦/૦૬/૧૯૬૨) ના પ્લોટો પૈકી **પ્લોટ નં.૨ પૈકી સબ પ્લોટ નં. ૨/બી** ની જમીન **ચો.મી.આ. ૨૪૨-૭૫** (ચો.વા.આ. ૨૯૦-૩૩)થી આવેલ **પ્લોટ ગુજ. વૃજકુંવરબેન કરશનજીના વારસદાર તથા લીગલ રીપ્રેઝેન્ટેટીવ દરજજે શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવ** ની માલીકીનો અને કબજા ભોગવટાનો આવેલ છે તે અંગેનો ટાઈટલ રીપોર્ટ આપીશું અને ત્યારબાદ અમારા અસીલ શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવ સદરહું પ્લોટ પરત્વેના વેચાણ અંગેના વ્યવહાર પુર્ણ કરશે. અને ત્યાર બાદ કોઈના કોઈ પણ પ્રકારના વાંધા તકરારો અમારા અસીલ **શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવ** ને બંધનકર્તા રહેશે નહી જેની તમામએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ,
તા. ૩-૧૧-૨૦૨૬

જાહેર નોટીસ માટે સંમતી આપનાર માલીક
શ્રી નરેન્દ્ર ધીરજલાલ બુધ્ધદેવ


વિષ્ણુ એન. બુધ્ધદેવ એડવોકેટ
મો.૯૪૨૮૪ ૯૧૩૨૦
૯/૧૪ સરદાર નગર, જૈન ઉપાશ્રય સામે, સરદાર નગર મેઈન રોડ, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ-૩૬૦૦૦૧.

દિવાળી આવતા જ સરકારી બાબુઓની ઓફિસમાં જાણે કે, ભેટનો વરસાદ થતો હોય તેમ એક પછી એક લોકો ભેટ લઇને આવતા હોય છે

દિવાળીની ભેટ સ્વીકારતા પહેલાં સાવધાન! ACBની લાંચિયા બાબુઓ પર બાજનજર

સરકારી બાબુઓ ભેટનાં બદલે કિંમતી વસ્તુઓ કે ટુર પેકેજ જેવા પ્રલોભનો પણ મેળવતાં હોય છે: ખાનગી રાહે એસીબીની સરકારી ઓફિસમાં નજર

અમદાવાદ,તા.૪: દિવાળી આવતા જ સરકારી બાબુઓની ઓફિસમાં જાણે કે, ભેટનો વરસાદ થતો હોય તેમ એક પછી એક લોકો ભેટ લઈને આવતા હોય છે. જોકે, સરકારી બાબુઓએ આવી ભેટ કે પ્રલોભન સ્વીકારતા પહેલા ચેતી જવું પડશે. નહિતર કાયમ માટે પસ્તાવાનો વારો આવી શકે છે.



દિવાળી આવતા જ સરકારી બાબુઓની ઓફિસમાં જાણે કે, ભેટનો વરસાદ થતો હોય તેમ એક પછી એક લોકો ભેટ લઈને આવતા હોય છે. જોકે, સરકારી બાબુઓએ આવી ભેટ કે પ્રલોભન સ્વીકારતા પહેલા ચેતી જવું પડશે. નહિતર કાયમ માટે પસ્તાવાનો વારો આવી શકે છે. કારણ કે, એન્ટી કરપ્શન બ્યુરો દિવાળીનાં તહેવાર ટાણે જ આવા લાંચિયા બાબુઓને પકડવા સતર્ક થઈ ગયું છે.

છેલ્લાં કેટલાક સમયથી લાંચિયા બાબુઓ સામે એસીબીએ સકંજો કસ્યો છે. છતાં કેટલાક સરકારી બાબુઓ છે કે, જે હજી પણ સુધરવાનું નામ નથી લઈ રહ્યા અને યેનકેન પ્રકારે લાંચ લેતા હોય છે. એમાંય દિવાળી જેવા તહેવાર પહેલા તો સરકારી બાબુઓની ઓફિસ બહાર ભેટ સાથે નવા વર્ષની શુભેચ્છા આપનારા લોકોનો રાફડો ફાટે છે. પરંતુ હાલ કોઈ સરકારી બાબુ આવી ભેટ સ્વીકારશે તો કાયમ માટે પસ્તાવાનો વારો આવશે. કારણ કે, એસીબી ખાનગી રાહે સરકારી ઓફિસમાં નજર રાખીને બેઠી છે.

સમગ્ર રાજ્યમાં એસીબીની જિલ્લા પ્રમાણે અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે. જે દિવાળીના પર્વમાં સરકારી કચેરીઓમાં ખાનગી રાહે નજર રાખી રહ્યા છે અને જો કોઈ સરકારી કર્મચારી આવી ભેટ કે પ્રલોભનો લેતા નજરે પડશે તો તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરશે. જોકે, દર વર્ષે એસીબી દ્વારા સરકારી બાબુઓને ચેતવણી આપવામાં આવે છે છતાં પણ કોઈ ડર રાખ્યા વગર ભેટ સ્વીકારતા હોય છે.

હવે સરકારી બાબુઓ ભેટનાં બદલે કિમતી વસ્તુઓ કે ટુર પેકેજ જેવા પ્રલોભનો પણ મેળવતાં હોવાનુ સામે આવ્યું છે. જોકે, એસીબીના ધ્યાને આવી કોઈ ફરિયાદ કે અરજી આવશે તો એસીબી તે અંગે પણ તપાસ કરી જરૂરી પુરાવા સાથે કાર્યવાહી કરશે. જો કોઈ સરકારી કર્મચારી ભેટ કે પ્રલોભનો લઈ રહ્યાં હોવાનું કોઈ નાગરિકના ધ્યાનમાં આવે તો તે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર ફરિયાદ કે એસીબી ઓફિસનો સંપર્ક કરી શકે છે.(૪૦.૪)

યુવા પેઢીની બદલાતી ખરીદીની આદતથી દિવાળીમાં સ્થાનિક બજારની રોનક ઝાંખી થઈ

ઓનલાઇન શોપિંગ ક્રેઝથી સ્થાનિક વેપારીઓને ૪૦%નો ફટકો

Gen Zને બજારોની ભીડ નહીં, મોબાઇલની ક્લિક પસંદ: કપડાં, ફૂટવેર અને ફેશનની વસ્તુઓ માટે યુવાનો ઓનલાઈન પ્લેટફોર્મ પર વધુ નિર્ભર


વડોદરા,તા.૪: એક સમય હતો જ્યારે દિવાળી નજીક આવતાં જ પરિવાર સાથે બજારમાં જઈને કપડાં, ફૂટવેર અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવાની પરંપરા હતી. દુકાનોમાં ભીડ, વસ્તુઓની પસંદગી અને ભાવતાલ વચ્ચે તહેવારોની ખરીદીનો ઉત્સાહ જોવા મળતો હતો. પરંતુ હવે સમય બદલાયો છે. ખાસ કરીને ઝ્ૂ ક્ષ અને યુવા પેઢી માટે ખરીદીનો અર્થ

સોશિયલ મીડિયાના ટ્રેન્ડ, બ્રાન્ડ અને ડિસ્કાઉન્ટની લાલચે પરંપરાગત બજારોની ઘરાકી ઘટાડી

બજારમાં જઈને વસ્તુ પસંદ કરવાનો નહીં, પરંતુ મોબાઈલની એક ક્લિકે મનપસંદ બાન્ડ અને ટ્રેન્ડિંગ વસ્તુ ઘરે મંગાવવાનો બની રહ્યો છે. સોશિયલ મીડિયા પર દેખાતી ફેશન, ઓનલાઈન સેલ, ડિસ્કાઉન્ટ, કૂપન અને ઘરબેઠાં ડિલિવરીની સુવિધાએ યુવાનોની ખરીદીની સંસ્કૃતિ બદલી નાખી છે. તેની સીધી અસર પરંપરાગત બજારોના વેપાર પર પડી રહી છે. ફૂટવેરથી માંડીને ગારમેન્ટ્સ અને કાપડના વેપારમાં ૩૦થી ૪૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હોવાનું વેપારીઓ જણાવી રહ્યાં છે.

૫ વર્ષમાં ઓનલાઇન માર્કેટને કારણે ફૂટવેરના વેપારમાં ૩૦થી ૪૦%નો ઘટાડો

છેલ્લાં પાંચ વર્ષમાં ઓનલાઈન માર્કેટની વધતી પકડને કારણે ફૂટવેરના વેપારમાં ૩૦થી ૪૦ ટકાનો ઘટાડો થયો છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર બ્રાન્ડેડ અને ચાલુ મોડલના ફૂટવેર પણ ઓછા ભાવે વેચાતા હોવાથી સ્થાનિક વેપારીઓ માટે ભાવની સ્પર્ધા કરવી મુશ્કેલ બની



છે. ગ્રાહકો દુકાનમાં આવીને ફૂટવેર પસંદ કરે છે, પરંતુ ઓનલાઈન ઓછી કિમત મળતા ત્યાંથી ખરીદી કરે છે. દિવાળી જેવા તહેવારોમાં પણ સ્થાનિક દુકાનોમાં ગ્રાહકોની અવરજવર અને વાસ્તવિક વેચાણમાં અપેક્ષા મુજબ વધારો થતો નથી

કાપડના વેપારમાં ઓનલાઈન શોપિંગથી ૩૦%નો ઘટાડો

કાપડની સાચી ગુણવત્તા જાણવા માટે તેને હાથથી સ્પર્શીને ચકાસવું જરૂરી છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર પ્યોર કોટન કે સિલ્કના નામે પોલિએસ્ટર મિશ્રિત અથવા નબળી ગુણવત્તાનું કાપડ મળવાની ફરિયાદો રહે છે. સાઈઝ અને કલરની પણ સમસ્યા રહે છે. ઓનલાઈન માર્કેટના કારણે રિટેલ વેપારને અંદાજે ૨૮ ટકાથી વધુ અસર થઈ છે. જેથી રોજગારી પર પણ પડી છે. ૨૨નો સ્ટાફ હતો, જે હવે ૧૬ થઈ ગયો છે. ઓનલાઈ ન અને ઓફલાઈન વેપાર વચ્ચે યોગ્ય સમતુલા જળવાય તે માટે સરકારે કડક નીતિ બનાવવી જોઈએ તેવી તેમની માગ છે.

ઓનલાઇન વેપાર માટે સ્પષ્ટ અને કડક સરકારી નીતિ હોવી જરૂરી

મોટી ઓનલાઈન કંપનીઓ બલ્કમાં ખરીદી કરીને કંપનીઓ પાસેથી વિશેષ ડિસ્કાઉન્ટ મેળવે છે અને તેનો લાભ ગ્રાહકોને આપીને બજારમાં ભાવની સ્પર્ધા ઊભી કરે છે. નાના વેપારીઓ પાસે આવી ખરીદીની ક્ષમતા ન હોવાથી તેઓ સ્પર્ધામાં પાછળ રહી જાય છે અને તેમના નફાકીય ધોરણ પર અસર પડે છે. ઓનલાઈન વેપાર માટે સ્પષ્ટ અને કડક સરકારી નીતિ હોવી જરૂરી છે. આ માટે CAIT દ્વારા દુકાનોમાંથી ખરીદી કરવા લોકોને અપીલ કરતી ઝુંબેશ ચલાવાય છે.

ખરીદીની સંસ્કૃતિ બદલાઈ. સ્થાનિક વેપાર સામે અસ્તિત્વનો સવાલ

યુવા પેઢી માટે ઓનલાઈન શોપિંગ સમયની બચત અને પસંદગીની આઝાદી બની રહ્યું છે. વેપારીઓ માટે આ બદલાવ અસ્તિત્વનો સવાલ છે. દુકાનનું ભાડું, કર્મચારીઓનો પગાર, વીજળી બિલ અને અન્ય ખર્ચ છતાં વેચાણ ઘટતાં નફાકીય ધોરણ જાળવવું મુશ્કેલ બની રહ્યું છે. યુવા ગ્રાહકો ડિજિટલ ખરીદી તરફ વળે તો તેની અસર માત્ર વેપારીઓ પૂરતી મર્યાદિત નહીં રહે. પરંતુ સ્થાનિક રોજગારી અને નાના વેપાર સાથે જોડાયેલા પરિવારો પર પણ પડશે. ખરીદીમાં હવે સવાલ માત્ર ગ્રાહકો ક્યાંથી ખરીદી કરે છે તેનો નથી. આવનારી પેઢી સ્થાનિક બજારો સાથેનો સંબંધ જાળવી રાખશે કે નહીં તેનો છે.(૪૦.૨૮)

કેન્દ્રની યોજના: ૧૮ વર્ષથી વધુ વયના નાગરિકો 'વયો સાથી' સ્વયંસેવક બનીને વૃદ્ધોને મદદ કરી શકશે

વરિષ્ઠ નાગરિકો-યુવાનો વચ્ચે સંવાદ વધારવા દેશવ્યાપી અભિયાન

મંત્રી વીરેન્દ્રકુમાર આજે 'વયો સન્માન રાષ્ટ્રીય અભિયાન'નો પ્રારંભ કરાવશે

નવી દિલ્હી,તા.૪: કેન્દ્ર સરકાર વરિષ્ઠ નાગરિકો અને યુવા પેઢી વચ્ચે સાતત્યપૂર્ણ સંવાદ અને જોડાણને પ્રોત્સાહન આપવા બુધવારથી દેશવ્યાપી અભિયાન શરૂ કરશે. આ અભિયાનમાં પરસ્પર સન્માન, સામાજિક સર્વસમાવેશ અને વૃદ્ધોની સુખાકારીમાં યુવાનોની સક્રિય ભાગીદારી પર વિશેષ ભાર મૂકાશે. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી વીરેન્દ્રકુમાર નવી દિલ્હીમાં અટલ વયો અભ્યુદય યોજના(AVYAY) હેઠળ 'વયો સન્માન રાષ્ટ્રીય અભિયાન'નો શુભારંભ કરશે.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ અભિયાનનો હેતુ જુદી જુદી પેઢીઓ વચ્ચે અર્થપૂર્ણ અને સતત જોડાણ સ્થાપિત કરવાનો છે. તેના દ્વારા પરસ્પર સન્માન, સમજણ, સાથસહકાર અને સહિયારી જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન અપાશે. આની સાથે જ વરિષ્ઠ નાગરિકોએ સમાજમાં આપેલા યોગદાનું બહુમાન કરાશે અને સન્માનપૂર્ણ વૃદ્ધત્વ માટે યુવાનોની ભાગીદારીમાં વધારો કરશે.

આ પહેલ 'કનેક્ટ, કન્વર્સ, કો-ક્રિએટ, કન્ટ્રિબ્યુટઅને કન્ટિન્યુ' નામના પાંચ મુદ્દાના મોડેલ પર આધારિત છે. તેના માધ્યમથી



વિવિધ પેઢીઓ વચ્ચે અર્થપૂર્ણ સંબંધો વિકસાવવા અને સામુદાયિક ભાગીદારી દ્વારા તેને સતત જાળવી રાખવાનું માળખું તૈયાર કરાશે.

ભારતમાં બદલાતી વસ્તી વિષયક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ અભિયાન શરૂ કરાઈ રહ્યું છે. દેશમાં ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોની સંખ્યા ૨૦૧૧માં આશરે ૧૦ કરોડ હતી, જે ૨૦૩૬ સુધીમાં વધીને ૨૩ કરોડ થવાનો અંદાજ છે. કુલ વસ્તીમાં તેમનું પ્રમાણ પણ ૮.૪ ટકાથી વધીને ૧૪.૯ ટકા થવાની સંભાવના છે.

આ અભિયાન ૧૨ મુદ્દા આધારિત હશે. '૩૦ મિનિટ ટુગેર,' 'ટીચ મી-આઈ વીલ ટીચ યુ', 'માય સ્ટોરી, માય ઈન્ડિયા', 'ડિજિટલ દાદા-દાદી/ડિજિટલ સાથી', 'જનરેશન હેલ્થ એન્ડ વેલનેસ' જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

આ પ્રવૃત્તિઓ દ્વારા ઈતિહાસ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન, ડિજિટલ સાક્ષરતા, આરોગ્ય જાગૃતિ, સુખાકારી, કૌશલ્યની આપ-લે અને માર્ગદર્શન જેવી બાબતોને પ્રોત્સાહન અપાશે. વરિષ્ઠ નાગરિકોને ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરવામાં મદદ કરવા તેમજ સંભવિત સાયબર છેતરપિંડી ઓળખવામાં સહાય કરવા માટે યુવાનોને પ્રોત્સાહિત કરાશે.

અભિયાનનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો 'વયો સાથી' (સપોર્ટ, અવેરનેસ, આસિસ્ટન્સ, ટ્રેનિંગ, હેલ્થ એન્ડ ઈન્ફ્લુઝન) નામની ડિજિટલ સ્વયંસેવક પહેલનો પ્રારંભ હશે. ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા તમામ નાગરિકો આ પહેલમાં જોડાઈ શકશે. તેનો ઉદ્દેશ્ય દેશભરમાં સ્વયંસેવકોનું નેટવર્ક ઊભું કરવાનો છે, જેથી તેઓ સ્થાનિક સ્તરે વરિષ્ઠ નાગરિકોની મદદ માટે યોગદાન આપી શકે. આ પહેલમાં જોડાવા ઈચ્છતા નાગરિકો સિનિયર સિટિઝન્સ વેલફેર (SCW) સમાવેશ પોર્ટલ અથવા જીવન એપ દ્વારા નોંધણી કરાવી શકશે.(૪૦.૩૦)

રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં રેલ્વે ટ્રેક પર એક શક્તિશાળી વિસ્ફોટ થયો: અનુપગઢ-સુરતગઢ ટ્રેન પસાર થયાના થોડા સમય પછી આ ઘટના બની

શ્રીગંગાનગરમાં બોમ્બ વિસ્ફોટનું કાવતરૂં નિષ્ફળ: પેસેન્જર ટ્રેન પસાર થયા પછી ટ્રેક પર વિસ્ફોટ

જયપુર,તા.૪: રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં રેલ્વે ટ્રેક પર એક શક્તિશાળી વિસ્ફોટ થયો. અનુપગઢ-સુરતગઢ ટ્રેન પસાર થયાના થોડા સમય પછી આ ઘટના બની. પ્રાથમિક માહિતી અનુસાર, વિસ્ફોટથી ટ્રેકને નુકસાન થયું હતું. કોઈ જાનહાનિ થઈ નથી, કારણ કે ટ્રેન પસાર થયા પછી વિસ્ફોટ થયો હતો.

ઘટનાની માહિતી મળતાં, સુરક્ષા એજન્સીઓ અને રેલ્વે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને તપાસ શરૂ કરી. વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

વિસ્ફોટનું કારણ અને કાવતરું હોવાની શક્યતા તપાસ હેઠળ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટનાસ્થળે તપાસ કર્યા પછી જ સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવશે. રેલવેએ સુરક્ષા વ્યવસ્થા કડક બનાવી દીધી છે.

એસપી હરિશંકરે કહ્યું, મેં અને મારી ટીમે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું છે, અને રેલવે અધિકારીઓ પણ હાજર છે. અમારી ફોરેન્સિક ટીમ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ તેમના રસ્તે છે. તેમના આગમન પછી જ અમે ચોક્કસ કારણ નક્કી કરી શકીશું; તે વિસ્ફોટ હતો કે બીજું કંઈક તે કહેવું હજુ વહેલું ગણાશે. અમે હાલમાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ઘટનાસ્થળની તપાસ કરી રહ્યા છીએ. તેનો જપ્ત કરાયેલા આરડીએક્સ સાથે કોઈ સંબંધ નથી. (૪૦.૧૮)

યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ એક ભયાનક હુમલો ગણાવ્યો

યુક્રેનમાં શાળાની ઇમારત પર બોમ્બમારો: 33 લોકોના મોત

કિવ,તા.૪: રશિયાએ દક્ષિણપૂર્વ યુક્રેનમાં એક શાળાની ઈમારત પર ઘાતક હુમલો કર્યો છે, જેમાં ઓછામાં ઓછા ૩૩ લોકો માર્યા ગયા છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ આ હુમલાની જાણ કરતા તેને યુદ્ધ દરમિયાનના સૌથી ઘાતક હુમલાઓમાંનો એક ગણાવ્યો છે. ઝેલેન્સકીએ કહ્યું કે ઈમારત પર ઓછામાં ઓછા નવ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. આ હુમલો ઝાપોરિઝિઝિયા પ્રદેશના કોમિશુવાખામાં થયો હતો. સ્થાનિક ગવર્નર મિખૈલો સેમકિને કહ્યું કે ઈમારતનો ઉપયોગ લોકોને આશ્રય આપવા અને માનવતાવાદી સહાય વિતરણ કરવા માટે થઈ રહ્યો હતો.

આ હુમલામાં ઓછામાં ઓછા ૩૩ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે, જ્યારે આશરે ૫૦ ગુમ થયાના અહેવાલ છે અને તેમની શોધ ચાલી રહી છે. ઝેલેન્સકીએ તેને ભયાનક હુમલો ગણાવ્યો અને કહ્યું કે પહેલો હુમલો એક શાળાની ઈમારત પર થયો જેનો ઉપયોગ રાહત સામગ્રીનું વિતરણ કરવા માટે થઈ રહ્યો હતો. ત્યારબાદ નવ વધુ બોમ્બ ફેંકાયા. આવા હુમલાઓને ડબલ ટેપ તરીકે



ઓળખવામાં આવે છે. આ હુમલામાં ઈમારતના તે ભાગને નિશાન બનાવવામાં આવ્યો હતો જ્યાં લોકોએ આશ્રય લીધો હતો.

ગવર્નર સેમકિને કહ્યું કે મોટાભાગના મૃતકો ભોંયરામાં હતા. મોટાભાગના હુમલાઓનો સામનો કરવા માટે તેને ઇ્ ની સહાયથી ડિઝાઈન કરવામાં આવ્યું હતું, પરંતુ બોમ્બના જોરથી માળખું તૂટી પડ્યું અને આગ લાગી.

ગયા વર્ષે EU ની સહાયથી આ આશ્રયસ્થાન બનાવવામાં આવ્યું હતું. તેનો હેતુ યુદ્ધ દરમિયાન પણ વર્ગો ચાલુ રાખવાનો હતો. જો કે, જેમ જેમ લડાઈ વધતી ગઈ, ઘણા નાગરિકોએ તે વિસ્તાર છોડી દીધો, અને હવે તેનો ઉપયોગ શાળાને બદલે વહીવટી કેન્દ્ર અને રાહત સહાય કેન્દ્ર તરીકે થઈ રહ્યો છે.

દરમિયાન, એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે તેમને ગુપ્તચર અહેવાલો મળ્યા છે જે દર્શાવે છે કે રશિયા ઊર્જા અને લોજિસ્ટિક્સને લક્ષ્ય બનાવીને બીજો મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે વિશ્વનું ધ્યાન યુએસ મધ્યવર્તી ચૂંટણીઓ પર કેન્દ્રિત રહેશે, અને યુક્રેનમાં શું થઈ રહ્યું છે તેના પર કોઈ ધ્યાન આપવામાં આવશે નહીં.(૪૦.૩૬)

મધ્ય પ્રદેશના બૈતુલની પ્રખરશ્રી દીદીએ સિવિલ જજ બનવા માટેની પરીક્ષા પાસ કરી હતી, પણ કોર્ટમાં જજની ખુરસીમાં બેસતાં પહેલાં જ તેણે સન્યાસનો માર્ગ પકડ્યો

જજ બનવાની પરીક્ષા પાસ કરનારી યુવતીએ સંસાર છોડીને દીક્ષા લીધી

બૈતુલ,તા.૦૪: મધ્ય પ્રદેશના બૈતુલની પ્રખરશ્રી દીદીએ સિવિલ જજ બનવા માટેની પરીક્ષા પાસ કરી હતી, પણ કોર્ટમાં જજની ખુરસીમાં બેસતાં પહેલાં જ તેણે સંન્યાસનો માર્ગ પકડ્યો હતો અને તે સાધ્વી બની ગઈ હતી. પ્રખરને બાળપણથી જ આધ્યાત્મિકતામાં રસ હતો, પરંતુ તેનાં માતા-પિતાના સપનાને કારણે અભ્યાસ ચાલુ રાખ્યો હતો. તેણે લંડન જઈને પણ કાયદાનો અભ્યાસ કર્યો હતો.



સંન્યાસ અને વૈરાગ્યનો માર્ગ પકડવાના મુદ્દે પ્રખરશ્રી દીદીએ જણાવ્યું હતું કે 'મારાં માતા-પિતા ઈચ્છતાં હતાં કે હું જજની પરીક્ષા પાસ કરું. મેં તેમનું આ સપનું પૂરું કર્યું હતું, પરંતુ બાળપણથી જ મારા હૃદયમાં વૈરાગ્યની ભાવના હતી. મને લાગ્યું કે જજ કે વકીલ બનવાથી સમાજની એટલી સેવા નહીં થાય જેટલી ભગવાન મહાવીર દ્વારા બતાવેલા માર્ગ પર ચાલવાથી થશે અને તેથી મેં આ સંયમનો માર્ગ સ્વીકાર્યો છે.'

રવિવારે બૈતુલના રસ્તાઓ પર ભક્તિ, ઉત્સાહ અને ત્યાગનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. જૈન દીક્ષા લેવા જઈ રહેલી બ્રહ્મચારિણી પ્રખરશ્રી દીદી સહિત પાંચ દીક્ષાર્થી બહેનોના સન્માનમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિન્ટેજ કારોનો કાફલો, પ્રભાવશાળી શાહી બગીઓ અને રાજસ્થાનના ઉદયપુરથી આવેલું બેન્ડ આકર્ષણનું કેન્દ્ર રહ્યાં હતાં. મોટી સંખ્યામાં જૈન સમુદાયના સભ્યો અને ભક્તોએ પાંચ દીક્ષા-ઈચ્છુક બહેનોનું ફૂલમાળા અને જયઘોષ સાથે સ્વાગત કર્યું હતું. શહેરનાં વિવિધ સ્થળોએ દીક્ષાર્થી બહેનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.(૪૦.૧૨)

બ્લાસ્ટની તેજ રોશની જરાં પણ જોશો નહીં. જો તમે ખુલ્લામાં છો તો કોઈ મજબૂત દીવાલ અથવા ટેકાની પાછળ છુપાઈ જાવ

બેસમેન્ટમાં છુપાઈ જાવ, AC-બારીઓ બંધ રાખો: પરમાણુ હુમલાને લઈ ઈરાને જાહેર કરી એડવાઈઝરી

ઈરાનની ગાઈડલાઈનમાં રેડિએશનથી બચવા માટે ઉપયોગ થનારી અમુક દવાઓનો પણ ઉલ્લેખ કર્યો

તહેરાન,તા.૪: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સતત ઈરાન વિરુદ્ધ નવેસરથી હુમલાની ધમકીઓ આપી રહ્યા છે. આ હુમલાનો ખતરો જોતા ઈરાને પોતાના નાગરિકો માટે ખાસ એલર્ટ જાહેર કરી દીધું છે. ઈરાનના સરકારી ટેલીવિઝન અને સમાચાર એજન્સીઓએ જાહેર કરેલી ખાસ એડવાઈઝરીમાં જણાવ્યું છે કે જો દેશ પર પરમાણુ હુમલો થાય છે તો લોકોને ક્યાં આશરો લેવો જોઈએ, રેડિયોએક્ટિવ ધૂળથી કેવી રીતે બચવું અને બ્લાસ્ટ બાદ કઈ વસ્તુઓનો ઉપયોગ કરવો અસુરક્ષિત થઈ શકે છે. લગભગ આઠ મિનિટના આ વીડિયો દ્વારા લોકોને એ સમજાવ્યું કે જો કોઈ વ્યક્તિ બ્લાસ્ટના સમયે ખુલ્લામાં ફસાઈ જાય તો તેને શું કરવું જોઈએ.

આ એડવાઈઝરીમાં કહેવાયું છે કે બ્લાસ્ટની તેજ રોશની જરાં પણ જોશો નહીં. જો તમે ખુલ્લામાં છો તો કોઈ મજબૂત દીવાલ અથવા ટેકાની પાછળ છુપાઈ જાવ. જમીન પર સૂઈ જાવ અને પોતાનું માથું અને ચહેરાને ઢાંકી લો. વળી બ્લાસ્ટની લહેર પસાર થયા બાદ તરત નજીકની ઈમારતમાં જતા રહો. બારી અને બહારની દીવાલોથી દૂર રહો. શક્ય હોય તો બેસમેન્ટ અથવા ઈમારતની વચ્ચેવાળા ભાગમાં રહો. દરવાજા બારી બંધ રાખો અને બહારથી હવા ખેંચનારા એસી અને વેન્ટીલેશન સિસ્ટમ બંધ રાખો.

એડવાઈઝરીમાં રેડિએશનના ખતરાથી બચવા માટે બહાર પહેરેલા કપડાંને સાવધાનીપૂર્વક ઉતારી સીલબંધ બેગમાં રાખવા અને સાબુ પાણીથી નહાવાની સલાહ પણ આપી છે. લોકોને કહેવાયું છે કે બોટલબંધ પાણી અને પેકડ ભોજન ખાવાનું રાખો અને કમસે કમ ૨૪ કલાક શેલ્ટરમાં રહેવાની તૈયારીમાં રાખો.

ઈરાનની ગાઈડલાઈનમાં રેડિએશનથી બચવા માટે ઉપયોગ થનારી અમુક દવાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. જો કે અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે ડોક્ટરની સલાહ વિના આયોડીનની ગોળીઓ ન ખાવી જોઈએ.

ઈસ્ફહાનની પ્રી-હોસ્પિટલ ઈમરજન્સી સર્વિસેઝના પ્રવક્તા અબ્બાસ આબેદી અનુસાર, અમુક ખાસ પરિસ્થિતિઓમાં સ્ટેબલ આયોડીન થાયરોઈડ ગ્રંથીમાં રેડિયોએક્ટિવ આયોડીનના અવશોષણને ઓછું કરી શકે છે. પણ આ પરમાણું વિસ્ફોટથી નીકળનારા બીજા રેડિયોએક્ટિવ પદાર્થો અથવા તમામ પ્રકારના વિકિરણથઈ સુરક્ષા નથી આપતા. વીડિયોમાં પ્રશિયન બ્લૂ નામની દવાનો પણ ઉલ્લેખ કર્યો છે. તેનો ઉપયોગ અમુક ખાસ કિસ્સામાં શરીરની અંદર રેડિયોએક્ટિવ સીઝિયમ-૧૩૭ના સંક્રમણની સારવાર માટે થાય છે. એટલે કે આ દવાઓ સામાન્ય સુરક્ષા ઉપાય નથી અને તેનો ઉપયોગ ડોક્ટરની સલાહ પર જ કરવો જોઈએ. ઈરાનની આ ગાઈડલાઈનનો સમય ખૂબ જ મહત્ત્વનો માનવામાં આવે છે. આ વીડિયો ઈસ્ફહાન પ્રાંતની ઈમરજન્સી સેવાઓની અંદરથી જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રાંતમાં નતાંઝ પરમાણુ કેન્દ્ર પણ આવેલું છે. તે ઉપરાંત નતાંઝ નજીક પહાડની અંદર ઊંડાણમાં બનેલા પરમાણુ સંબંધિત ઠેકાણા પિકેક્સ માઉંટેનને લઈ પણ ચર્ચાઓ ચાલી રહી છે.(૪૦.૨૨)

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, **શ્રી મીત શરાફી સહકારી મંડળી લી., ઠે. માધવ કોમ્પલેક્ષ, શોપ નં.૧, પહેલા માળે, ગાંધી ગ્રામ, લાખના બંગલા વાળો મેઈન રોડ, રાજકોટ.** જેનું કાર્યક્ષેત્ર રાજકોટ શહેર વિસ્તાર પુરતું મર્યાદીત હોય સરનામા અને કાર્યક્ષેત્રના ફેરફાર અંગેના પેટાનિયમ સુધારા અંતર્ગત મંડળીનું નવું સરનામુ **માધવ કોમ્પલેક્ષ, શોપ નં.૪, પહેલા માળે, ગાંધીગ્રામ, લાખના બંગલા વાળો મેઈન રોડ, રાજકોટ** તથા કાર્યક્ષેત્ર રાજકોટ જિલ્લા વિસ્તાર પુરતુ રહેશે. જે સુધારવા અમોએ પેટા કાયદા સુધારવાની દરખાસ્ત કરેલ છે. આ **સરનામા અને કાર્યક્ષેત્રના** ફેરફાર અંગે કોઈ પણ મંડળીને કોઈ વાંધો કે તકરાર હોય અને કોઈ રજુઆત કરવાની થતી હોય તો તે અંગે સક્ષમ અધિકારીશ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ૧/૬ બહુમાળી ભવન, રાજકોટ સમક્ષ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં કચેરી સમય દરમ્યાન મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા પ્રસ્તુત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી, તેમ માની યોગ્ય તે નિર્ણય કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

સ્થળ: રાજકોટ.
તારીખ: ૪-૧૧-૨૦૨૬

ચેરમેન
શ્રી મીત શરાફી સહકારી મંડળી લી.
રાજકોટ

જાહેર સ્પષ્ટતા

આથી જણાવવાનું કે ૨ નવે.ના અંક પાના નં. ૪ પર પ્રગટ થયેલ ચંદુભાઈ વી. શાહના સમાચાર મારી ભુલના કારણે છપાયેલ છે.

-મનીષ પી. દવે (ભાવનગર)

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૭.૨૦૨૬ થી અમલમાં)
6.50% જનરલ ડિપોઝીટર માટે
7.00% વરીષ્ઠ નાગરીકો માટે
૨૫ લાખ સુધીના સિક્યોર્ડ ધિરાણ
9.00 % વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

પશ્ચિમ રેલવે રાજકોટ ⇌ બરૌની વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવશે

ટ્રેન નં.	પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્ટેશન	સેવાની તારીખો	પ્રસ્થાન	આગમન
૦૯૫૬૯	રાજકોટ - બરૌની	૦૫/૧૧/૨૦૨૬ થી ૨૬/૧૧/૨૦૨૬	૧૭.૦૦ કલાકે (ગુરુવાર)	૦૯.૧૫ કલાકે (શનિવાર)
૦૯૫૭૦	બરૌની - રાજકોટ	૦૭/૧૧/૨૦૨૬ થી ૨૮/૧૧/૨૦૨૬	૨૨.૦૦ કલાકે (શનિવાર)	૧૪.૩૦ કલાકે (સોમવાર)

રોકાણો : વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, બાંદીકૂઈ, ભરતપુર, ઇદગાહ આગરા, ટૂંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, પ્રયાગ, ફુલપુર, જાંઘાઈ, જૌનપુર, ઓનિહાર, ગાઝીપુર સિટી, બલિયા, છપરા, સોનપુર, હાજીપુર અને શાહપુર પટોરી સ્ટેશનો બન્ને દિશામાં.
સંરચના : એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો.
રોકાણો, રોકાણોના સમય અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.
ટ્રેન નં. ૦૯૫૬૯નું બુકિંગ તમામ PRS કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર તા.૦૪.૧૧.૨૦૨૬થી ચાલુ થશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડે સ્પેશિયલ ટ્રેનોરૂપે દોડાવવામાં આવશે.
પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો: facebook.com/WesternRly, X.com/WesternRly, instagram.com/WesternRly, https://www.youtube.com/@WesternRly, https://bit.ly/WesternRailwayOfficial
તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ઓળખપત્ર સાથે રાખો.

ઓફિસ ભાડાની ચાલુ આવક વેચવાની છે
153 કાર્પેટ, AC, ફર્નીશ્ડ, ૨૧૭, સિલ્વર ચેમ્બર્સ, ટાગોર રોડ, રાજકોટ
81401 28644

જોઈએ છે ઓફિસ બોય
• વાંચતા લખતા આવડવું જરૂરી.
• ટુ-વ્હીલર લાયસન્સ જરૂરી.
OPHTHOCARE રૂબરૂ મળો: ૧૨ થી ૨
૨૦૭-૨૦૮, ડી.બી. કોમ્પ. મોટી ટાંકી ચોક, રાજકોટ.
98254 34900
ADMEDIA

૨ - માણસ જોઈએ છે ખેતી કામ માટે
ઉંમર ૪૦ વર્ષથી વધુ નહી
-:: વિવેકભાઈ ::-
72850 92168

હવેલીનો ડ્રાયફ્રુટ મોહનથાળ
■ મગજના લાડુ ■ કાજુ કતરી
• હવેલીની મઠડી • કાજુનો મેસુબ
• પોચો ઠોર • ટોપરા લાડુ
• ડ્રાયફ્રુટ ચુરમા લાડુ
વ્રજવાશી મીઠાઇ વાલા
૩૬, પ્રહલાદ પ્લોટ કોર્નર, કિશોરસિંહજી મેઈન રોડ, ચબુતરા ચોક પાસે, રાજકોટ
હિરેનભાઇ 98245 52180
સંજયભાઇ 94280 38100

જોઈએ છે સેલ્સમેનો (આકર્ષક પગાર થી)
એકસકલુઝીવ સારીઝના A/C શો-રૂમ માટે સાડીઓના અનુભવી સેલ્સમેનો
રૂપકલા વસ્ત્રાલય ગુંદાવાડી, શેરી નં.૨, રાજકોટ.
99799 00809 / 9825316581
Admedia

જોઈએ છે ઓફિસ બોય
Derk Industries
શ્રી હરિ ઈન્ડસ્ટ્રીયલ એરીયા, રાજકોટ.
99098 53939

PRISM SQUARE
CAA11825
https://gujrera.gujarat.gov.in
ઓફિસ રેડી પઝેશન



કોલેજવાડી શેરી નં.૩ કોર્નર, કાઠીયાવાડ જીમખાના પાસે, રાજકુમાર કોલેજની સામે, ડૉ.રાધાકૃષ્ણન માર્ગ, રાજકોટ.
Project by ABC
94274 31131 - 84888 00005



ગોંડલ તાલુકાના દેરડી કુંભાજીમાં સરદાર પટેલની ૧૫૧મી જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી

(અશોક પટેલ દ્વારા)મોવિયા તા.૨: ગોંડલ તાલુકાના દેરડી કુંભાજી ગામે શ્રી સરદાર પટેલ યુવા ફાઉન્ડેશન દ્વારા લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતી ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન દેરડી કુંભાજી લેઉવા પટેલ સમાજ ખાતે શ્રી સરદાર પટેલની પ્રતિમાને હાર તોરા પૂજન કરી એક વિશાળ શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું તેમ જ આ શોભાયાત્રા ઉમા પાર્ટી પ્લોટ ખાતે પૂર્ણ થયા બાદ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ત્યારબાદ ઉપસ્થિત લોકોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો. શ્રી સરદાર પટેલ સમગ્ર દેશના એક મહાન નેતા હતા તેમજ ૫૬૨ દેશી રજવાડાઓને એક કરી એક અખંડ ભારતનું નિર્માણ કરી આ દેશને એકતાના તાતણે બાંધી અને દેશને મજબૂત બનાવ્યો હતો. (૩.૫)

હવે યુદ્ધાય કૃતનિશ્ચય નહીં, બુદ્ધાય કૃતનિશ્ચયની જરૂરઃ પૂ.મોરારીબાપુનો તલગાજરડાથી નૂતનવર્ષ સંદેશ



રાજકોટ, તા.૩: પૂ.મોરારીબાપુએ ચિત્રકૂટધામ તલગાજરડાથી નૂતનવર્ષ ૨૦૨૬ નિમિત્તે પોતાના સંદેશમાં જણાવ્યું કે, આપણે નાનપણમાં પ્રાર્થના કરતા હતા - 'અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા' - આ ઔપનિષદિય પ્રાર્થના અસતોમાં સતગમય, તમસોમાં જ્યોતિરગમય, મૃત્યોરમાં અમૃતમગમયનો ભાવ વ્યક્ત કરે છે. દિવાળી અને નૂતનવર્ષના મંગલ પ્રસંગે આપણા ઋષિઓની દૃષ્ટિ હંમેશા અંધકારથી પ્રકાશ તરફ ગતિ કરવાની રહી છે. અંધકાર એટલે અવિદ્યા, મોહ અને અહંકાર. આ આસુરી સંપદામાંથી વિવેક, જ્ઞાન, સત્ય, પ્રેમ અને કરુણા જેવા શાશ્વત પ્રકાશના તત્વો તરફ પરમાત્મા આપણને દોરી જાય તેવી પ્રાર્થના છે. તેમણે કહ્યું કે પુરા સંસારમાં સંઘર્ષ શમે, યુદ્ધો શાંત થાય અને પરસ્પર સંવાદનું વાતાવરણ રચાય. કોઈપણ જાતના ભેદભાવ વગર આપણે એકબીજાનો સ્વીકાર કરતા થઈએ, કારણ કે 'સ્વીકાર એ મહામંત્ર છે.' ગીતાનો સંદર્ભ આપતા પૂ. બાપુએ કહ્યું કે ભગવાન કૃષ્ણએ અર્જુનને 'યુદ્ધાય કૃતનિશ્ચય' કહ્યું હતું, તે સમય, સ્થાન અને સંજોગો પ્રમાણે હતું. પરંતુ જો આજે કૃષ્ણ ફરી પ્રગટે તો કદાચ એવું કહે કે - હે અર્જુન, હવે યુદ્ધાય કૃતનિશ્ચય નહીં, 'બુદ્ધાય કૃતનિશ્ચય' - તમે બુદ્ધ બનો, બુદ્ધ બનવાનો નિર્ણય કરો. પૂ.મોરારીબાપુએ તમામ દર્શકો, શ્રોતાઓ અને વાચકોને નવા વર્ષ અને દિવાળીના વંદન પાઠવ્યા હોવાનું જયદેવ માંકડ(તલગાજરડા) એ જણાવ્યું છે.(૨૩.૧૫)

જીએસટી રિફંડ, ઇનપુટ ટેક્સ ક્રેડિટ, ઈ વે બીલના પ્રશ્નો ઉકેલવા, કસ્ટમ જીએસટી વચ્ચે સિંગલ વિન્ડો શરૂ કરી નિકાસકારોની મુશ્કેલી દૂર કરવા કચ્છના ઉદ્યોગ સંગઠન ફોકિયાની માંગ

જીએસટીના નવા સુધારાઓના અમલીકરણમાં સ્પષ્ટતા, પેન્ડિંગ કેસોમાં રાહત, સેઝના પ્રશ્નો અંગે CBIC ચેરમેન સમક્ષ રજૂઆતઃ કચ્છના ઉદ્યોગો સાથે બેઠક યોજવા પણ અનુરોધ



(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૪: ૫૩મી જીએસટી કાઉન્સિલની બેઠકમાં સૂચિત નવા સુધારાઓના અમલીકરણ દરમિયાન કચ્છના ઉદ્યોગોને પડનારી વ્યવહારુ મુશ્કેલીઓ અને વિવિધ જોગવાઈઓ અંગે સ્પષ્ટતા મેળવવા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન્સ (ફોકિયા) દ્વારા CBICના ચેરમેન વિવેક ચતુર્વેદી સમક્ષ અમદાવાદ ખાતે વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. ફોકિયાએ રિફંડ, ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC), નિકાસકારોની સમસ્યાઓ, સેઝ અને ઈ-વે બિલ સહિતના મુદ્દાઓ પર સ્પષ્ટતા કરી ઉદ્યોગોને રાહત આપવા માંગ કરી હતી. ફોકિયાના મેનેજિંગ ડિરેક્ટર નિમિષ ફડકે દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું હતું કે કચ્છના ઉદ્યોગો લાંબા અંતરના પરિવહન, કંડલા-મુન્દ્રા બંદરો, મોટા મૂડીરોકાણ અને નિકાસ આધારિત વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી જીએસટીના નિયમોનું સરળ અને સ્પષ્ટ અમલીકરણ જરૂરી છે.

ફેડરેશને જીએસટી નોંધણી અને રદ કરવાની પ્રક્રિયામાં વધારાના દસ્તાવેજોની માંગ અટકાવવા, નિર્ધારિત સમયમાં મંજૂરી ન મળે તો તેની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરવા તથા પેન્ડિંગ રિફંડ અને આધાર આધારિત ઓથેન્ટિકેશનની સમસ્યાઓના ઉકેલ માટે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવાની માંગ કરી હતી. ICEGATE, EDPMS અને SEZ Online વચ્ચેના સિસ્ટમ સંકલનને કારણે નિકાસકારોના રિફંડમાં થતા વિલંબને દૂર કરવા કસ્ટમ્સ અને જીએસટી વિભાગની સંયુક્ત સિંગલ વિન્ડો વ્યવસ્થા કરવાની પણ ભલામણ કરવામાં આવી હતી.

ફેડરેશને CBICના અધિકારીઓ સાથે કચ્છ ખાતે બેઠક યોજવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી, જેથી સ્થાનિક ઉદ્યોગોની સમસ્યાઓ અંગે સીધી ચર્ચા કરી વ્યવહારુ ઉકેલ લાવી શકાય. જીએસટી વ્યવસ્થાને વધુ સરળ, પારદર્શક અને ઉદ્યોગલક્ષી બનાવવા રજૂ કરાયેલા સૂચનો પર યોગ્ય કાર્યવાહી કરવાની ફોકિયાએ આશા વ્યક્ત કરી હતી.(૨.૭)



ઝવેરચંદ મેઘાણીને એમની કર્મ-નિર્વાણભૂમિ બોટાદમાં મરણોત્તર 'મહા સન્માન' પુરસ્કાર

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી અને બોટાદ જિલ્લાના પ્રભારી મંત્રી રિવાબા જાડેજાના હસ્તે ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણીએ સાદર સન્માન સ્વીકાર્યું:

રાજકોટ: ગુજરાતની અગ્રગણ્ય ન્યૂઝ ચેનલ **TV13 Gujarati** દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને એમની કર્મ-નિર્વાણભૂમિ બોટાદ ખાતે મરણોત્તર મહા સન્માન પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો.ગુજરાત સરકારના રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી, બોટાદ જિલ્લાના પ્રભારી મંત્રી, સંસ્કૃતિ-સાહિત્ય-શિક્ષણ-પ્રેમી રિવાબા જાડેજાના વરદ-હસ્તે ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીએ સાદર સન્માન સ્વીકાર્યું હતું.

શ્રી કષ્ટભંજકદેવ સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી સ્વામી વિવેકસાગર સ્વામી, બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખ પાયલબેન માથોળીયા, બોટાદ ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણા, બોટાદ નગરપાલિકા -મુખ્ય અગ્નિનભાઈ ખસીયા, બરવાળા નાયબ કલેકટર કે. સી. કોરડીયા, નાયબ પોલીસ અધિક્ષક એ. એ. સૈયદ, બોટાદ શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પાટીવાળા ઉપરાંત TV13 Gujaratiના એડિટર અને સીઈઓ દિપકભાઈ રાજાણી, મેનેજિંગ ડિરેકટર મુન્નાભાઈ ગઢવી, ડિજિટલ હેડ તોરલબેન કવિ, માર્કેટિંગ હેડ મનોજભાઈ તલરેજા, એચઆર હેડ નેહાબેન ગઢવી, બોટાદ જિલ્લા -તિનિધિ ગજેન્દ્રભાઈ ખાચર સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને પત્રકારોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પિનાકી મેઘાણીના સ્નેહીજનોં કિરીટસિંહ રહેવર (મામા), મહિપતસિંહ વાઘેલા, ઉગ્રસેનસિંહ ગોહિલ, રમેશભાઈ બદ્રેશિયા, વાલજીભાઈ પિત્રોડા અને સંજયભાઈ પિત્રોડા પણ ઉપસ્થિત રહ્યા હતા.આલેખનઃ પિનાકી નાનકભાઈ મેઘાણી-ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન (મો. ૯૮૨૫૦ ૨૧૨૭૯) (૩૫-૧૪)

કોડીનારના વેલણ ગામ નજીક ગુજરાતની પ્રથમ સરકારી મરીન કોલેજ આકાર લેશે

ગીર સોમનાથના વિકાસને મળશે નવી દિશા: ૬૦ એકર જમીન ફાળવવાની દરખાસ્ત, વર્ષ ૨૦૨૭-૨૮થી સર્ટિફિકેટ કોર્સ શરૂ



(અશોક પાઠક દ્વારા) કોડીનાર તા.૨: તાલુકા માટે શિક્ષણ અને વિકાસની દૃષ્ટિએ મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ગુજરાતની પ્રથમ સરકારી મરીન કોલેજ હવે વેલણ ગામ નજીક સાકાર થવા જઈ રહી છે. રાજ્યના શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ આ પ્રોજેક્ટને લઈને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, મામલતદાર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે વેલણ ગામ નજીક આવેલી સરકારી જમીનની સ્થળ મુલાકાત લીધી હતી. આ દરમિયાન મરીન કોલેજના નિર્માણ માટે જમીનની યોગ્યતા, ઉપલબ્ધતા અને સ્થળની ચકાસણી અંગે પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની આ જાહેરાતથી કોડીનાર સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં શિક્ષણ અને વિકાસની નવી આશા જાગી છે. ગત વર્ષના બજેટમાં શિક્ષણ વિભાગ દ્વારા કોડીનાર ખાતે મરીન કોલેજ સ્થાપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટને આગળ ધપાવવા માટે ચાલુ વર્ષના બજેટમાં ટોકન જોગવાઈને મંજૂરી મળી ચૂકી છે અને તેના આધારે પ્રોજેક્ટનો ડીટેઈલ પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો છે.મંત્રી ના જણાવ્યા અનુસાર, ગુજરાતની સર્વપ્રથમ સરકારી મરીન કોલેજ શરૂ કરવા માટે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ પોર્ટ્સ, શિપિંગ એન્ડ વોટરવેઝ હેઠળ કાર્યરત ડિરેક્ટોરેટ જનરલ ઓફ મેરિટાઇમ એડમિનિસ્ટ્રેશનની જરૂરી મંજૂરી મેળવવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. આ મંજૂરી મળ્યા બાદ વર્ષ ૨૦૨૭-૨૮થી કોડીનારમાં અસ્થાયી સ્થળે મરીન ક્ષેત્રને લગતા વિવિધ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવાનું આયોજન છે.

આ પ્રોજેક્ટ બે તબક્કામાં સાકાર કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં અસ્થાયી સ્થળે મરીન ક્ષેત્રના સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવશે, જ્યારે બીજા તબક્કામાં કાયમી મરીન એન્જિનિયરિંગ કોલેજ અને મરીન ક્ષેત્રને લગતી અન્ય સુવિધાઓ વિકસાવવામાં આવશે.કાયમી મરીન એન્જિનિયરિંગ કોલેજના નિર્માણ માટે આશરે ૬૦ એકર જમીન ફાળવવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. આ સંદર્ભે શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા, પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી, કોડીનાર મામલતદાર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓએ વેલણથી કોટડા તરફ જતા માર્ગ પર આવેલી સરકારી જમીનની સ્થળ મુલાકાત કરી હતી. આ વિસ્તારમાં માધ્યમિક શાળાનું પણ નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. સ્થળની મુલાકાત દરમિયાન જમીનની ઉપલબ્ધતા અને પ્રોજેક્ટ માટેની યોગ્યતા અંગે પ્રાથમિક તપાસ તથા ચકાસણી કરવામાં આવી હતી.તમામ જરૂરી મંજૂરીઓ અને પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ આધુનિક શૈક્ષણિક સુવિધાઓથી સજ્જ વિશાળ મરીન કોલેજ કેમ્પસનું નિર્માણ કરવામાં આવશે. અંદાજે ચાર વર્ષના ગાળામાં આ કેમ્પસ તૈયાર કરવાનું આયોજન છે. કોડીનારની ભૌગોલિક સ્થિતિ અને સૌરાષ્ટ્રના વિશાળ દરિયાકિનારાને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટનું વિશેષ મહત્ત્વ છે. મરીન કોલેજ શરૂ થવાથી સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોના યુવાનોને મરીન ક્ષેત્રને લગતા વિવિધ અભ્યાસક્રમોનો લાભ મળી શકશે.

દરિયાઈ ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે સ્થાનિક સ્તરે નવી તકો ઊભી થશે. સાથે જ શિક્ષણ, રોજગારી, વ્યવસાય અને આર્થિક વિકાસને પણ વેગ મળવાની સંભાવના છે.વેલણ ગામ નજીક સરકારી જમીનની સ્થળ મુલાકાત અને પ્રાથમિક ચકાસણી સાથે કોડીનારમાં ગુજરાતની પ્રથમ સરકારી મરીન કોલેજ સ્થાપવાની દિશામાં આગળ વધેલી આ પહેલ ગીર સોમનાથ જિલ્લાના શૈક્ષણિક વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. (૩.૮)

જસદણમાં વિશ્વ વણિક સામાજિક સંગઠન દ્વારા ભવ્યતાથી ત્રીવિધ કાર્યક્રમ યોજાયો

મહાઆરતી, રાસગરબા, સરપ્રાઈઝ ગેઇમ, અલ્પાહાર સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજાયા



(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ, તા.૪: વિશ્વ વણિક સામાજિક સંગઠન પ્રેરિત સમસ્ત વણિક એકતા મંચ જસદણ દ્વારા હવેલીના બેન્કેટ હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સૌપ્રથમ આરતી માટેના ડ્રોમાં પસંદ થયેલા પાંચ બહેનો રાજેશ્વરીબેન કૌશિકભાઈ જીવાણી, નમ્રતાબેન અમરીશભાઈ ધ્રાફણી, દક્ષાબેન રાજેશભાઈ અંબાણી, રિદ્ધિબેન વડોદરિયા તેમજ દીપિબેન દીવાનના હસ્તે માતાજીની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ શરદોત્સવ નિમિત્તે બહેનો માટે રાસ ગરબા યોજાયા હતા. વિશ્વ વણિક સામાજિક સંગઠન રાજકોટ ખાતેથી ઉપસ્થિત અશ્વિનભાઈ પટેલ ઉત્પલભાઈ દોશી, પરેશભાઈ જનાણી વગેરે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. અશ્વિનભાઈ પટેલે જસદણના તમામ હોદ્દેદારો કારોબારી સભ્યોનું સુંદર કાર્યક્રમ બદલ ઉપરણો ઓઢાડીને સન્માન કર્યું હતું. મંત્રી ભરતભાઈ અંબાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સંસ્થાના કારોબારી સભ્ય અને વણિક સમાજના અગ્રણી દિલીપભાઈ કલ્યાણીએ પારિવારિક વાતાવરણમાં જુદી જુદી સરપ્રાઈઝ ગેઇમ રમાડીને તમામ લોકોને ખૂબ જ આનંદની અનુભૂતિ કરાવી હતી. વિશ્વ વણિક સામાજિક સંગઠનના પ્રમુખ ભરતભાઈ ધારૈયાએ પ્રસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેલા અગિયાર બહેનો જ્યોતિબેન ગાંગડીયા, મીતાબેન ધારૈયા, સોનલબેન મહેતા, હીનાબેન નરેશભાઈ જનાણી, સેજલબેન પરીખ, અંકિતાબેન દિવાન, સ્નેહલતાબેન બાબરીયા, જ્યા વડોદરિયા, જ્યોતિબેન ધારૈયા, અર્પિતાબેન ગીતેશભાઈ અંબાણી, કામિનીબેન નિલેશભાઈ રાઠોડનું સન્માન કરવામાં આવ્યું હતું.

મોઢ વણિક સમાજ, સોરઠીયા વણિક સમાજ, સોની વણિક સમાજ, જૈન વણિક સમાજ સહિતના સમસ્ત વણિક સમાજના પરિવારના તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે મિક્ષ ભજીયા, ચટણી, કોલ્ડ્રીક્સ આપવામાં આવ્યું હતું. પ્રમુખ ભરતભાઈ કે. ધારૈયા, ઉપપ્રમુખ, નીતિનભાઈ જસમાણી, ઉપપ્રમુખ નિલેશભાઈ રાઠોડ, ઉપપ્રમુખ ચંદ્રેશભાઈ પાટડીયા, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી, મંત્રી ભરતભાઈ અંબાણી, સહમંત્રી નરેશભાઈ જનાણી, સહમંત્રી ધર્મેશભાઈ પરીખ, કારોબારી સભ્યો દિલીપભાઈ કલ્યાણી, ગીતેશભાઈ અંબાણી, ધવલભાઈ જીવાણી, તેજસભાઈ વડોદરિયા, શૈલેષભાઈ ભાડલીયા, ધવલભાઈ ગાંધી, હિતેશભાઈ ધ્રાફાણી, મનોજભાઈ જી. અંબાણી, નિલેશભાઈ દિવાન, હિતેશભાઈ ધારૈયા, રાહુલભાઈ ટોલિયા, મુકુલભાઈ મહેતા, મિતુલભાઈ પાટડીયા સહિતનાએ જહેમત ઉઠાવી હતી. (૩.૪)

સુરેન્દ્રનગરના સેવાભાવી દિગ્વિજયસિંહ ઝાલાનો જન્મદિવસ



(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ: તા.૪: સુરેન્દ્રનગર શહેરના યુવા અને તજજ્ઞ એડવોકેટ દિગ્વિજયસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા નો આજે જન્મદિવસ છે ત્યારે પિતા રાજેન્દ્રસિંહ ઝાલા તેમજ માતૃશ્રી બા સાહેબ તેમજ તેમના પત્ની અને તેમના ઝાલા પરિવારના પરિવારજનો દ્વારા આજે તેમના જન્મદિવસ અવસરે ઈશ્વર પાસે પ્રાર્થના કરી અને તેમનું આરોગ્ય સ્વસ્થ અને નિરોગી રહે તેવી ઈશ્વર પાસે પ્રાર્થના કરી અને દિગ્વિજયસિંહ ઝાલાને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. એડવોકેટ વિકાસ અડાલજા, એડવોકેટ મૌલિક પાઠક, એડવોકેટ કશ્યપ શુકલ, એડવોકેટ રૂમિત શાહ, એડવોકેટ નરેન્દ્રસિંહ ભાદોરીયા, એડવોકેટ કિશોરસિંહ ઝાલા વિકાસ અડાલજા એ બાર કાઉન્સિલર ગુજરાત કોર્પોરેટરના સભ્ય પદે પણ હોવાના કારણે અનેક સંસ્થાઓ દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી પત્રકાર ફારૂકભાઈ ચૌહાણ તેમજ ફજલભાઈ ચૌહાણ વાડીલાલ ચોકના નિત્યાનંદ પાનના મહેશભાઈ અડાલજા દિલીપભાઈ અડાલજા સહિતના દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. (૪૧.૨)

ટ્રમ્પ બન્યા હવે 'પીછા વગરના મોર'

(મહમદ રાઠોડ દ્વારા) વાંકાનેર તા.૪: અમેરિકામાં મધ્યાવર્તિ ચુંટણી સંપન્ન થયા બાદ હવે પરીણામોનો ક્રમ શરૂ થયો છે જેમાં ટ્રમ્પનો રિપબ્લિકન પક્ષ પાછળ રહી ગયેલો જોવા મળી રહયો છે. ટ્રમ્પ પર હવે બાકીના સતાકાળમાં અંકુશની સ્થિતિ આવી જશે. ટેરિફ અને યુધ્ધ બાબતોએ એકતરફી મનસ્વી પ્રકારના ટ્રમ્પના ફત્વાઓ હવે ભૂતકાળ બની જશે. મહત્વના નિર્ણયો માટે હવે ટ્રમ્પ તે વિરોધ પક્ષો કાન આમળી શકશે અને તે 'હા' ભણે ત્યારે જ રાષ્ટ્રપતિ પદે રહેવા છતા ટ્રમ્પ પોતાની રીતે કોઈ નિર્ણયો નહી લઈ શકે.

ટ્રમ્પ માટે તેની સ્થિતિ ''પીછા વગરના મોર જેવી થશે'' આ શબ્દ પ્રયોજનો કર્યા હતા જે ઉકિતના શબ્દો હવે વાસ્તવિક સ્વરૂપે જોવા મળી રહયા છે.(૨.૮)

પ્રોહીબિશનની ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરતા

કચ્છના ત્રણ ઈસમોની પાસા તળે અટકાયત



(વિનોદ ગાલા દ્વારા)ભુજ તા.૪: પોલીસ મહાનિરીક્ષક ચીરાગ કોરડીયા, સરહદી રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક સાગર બાગમાર પૂર્વ કચ્છ, ગાંધીધામનાઓ તરફથી જિલ્લામાં પ્રોહીબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિ આચરતા ઈસમો પર રોક લગાવવા અને આવી પ્રવૃત્તિ કરતા ઈસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા અને જરૂરી અટકાયતી પગલા લેવા સૂચના આપેલ હોય, જે અન્વયે નીચે જણાવેલ બોડી-બોડી પ્રવૃત્તિ કરતા આરોપીઓને જે બહારના રાજ્યમાંથી પ્રતિબંધિત વિદેશી દારૂનો જથ્થો ગાંધીધામમાં લાવીને વેચાણ કરી હેરફેર કરવા સબંધે તેમના વિરુદ્ધ અલગ-અલગ પોલીસ સ્ટેશનો માં પ્રોહીબિશનના ગુનાઓ દાખલ થયેલ હોય જેથી પોલીસ ઈન્સપેક્ટરશ્રી એલ.સી.બી તથા પોલીસ ઈન્સપેક્ટરશ્રી અંજાર દ્વારા તેમના વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરતા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા સદરહુ પાસા દરખાસ્ત કલેક્ટરશ્રી કચ્છ-ભુજ નાઓ તરફ મોકલી આપવામાં આવેલ. જે અન્વયે કલેક્ટર અનિલ રણાવસિયા સાહેબ કચ્છ ભુજ દ્વારા પાસા દરખાસ્તો મંજૂર રાખી આરોપીઓની અટકાયત કરવા પાસા વોરંટ ઈસ્યુ કરતા એલ.સી.બી ની ટીમ દ્વારા આરોપીઓની પાસા તળે અટકાયત કરી સુરત, વડોદરા તથા અમદાવાદ ખાતે જેલ હવાલે મોકલી આપવામાં આવેલ છે.

અટકાયત કરાયેલ આરોપીઓમાં પ્રથમ રાહુલ વિનોદભાઈ ચૌહાણ ઉ.વ. ૨૪ રહે. નવાવાસ, ગલપાદર તા. ગાંધીધામ વાળાને લાજપોર મધ્યસ્થ જેલ સુરત ખાતે, બીજા દિનેશ ઉર્ફે બંટી પડારામ મીણા ઉ.વ. ૨૮ રહે. પ્લોટ નં. ૭૯૯, શાંતીધામ, ગલપાદર તા. ગાંધીધામ મૂળ રહે. સેવાડી તા. બાલી, જી. પાલી રાજસ્થાન વાળાને મધ્યસ્થ જેલ વડોદરા ખાતે અને ત્રીજા દિલીપ મોડારામ મીણા ઉ.વ. ૪૩ રહે. પ્લોટ નં. ૭૯૯, શાંતીધામ, ગલપાદર તા. ગાંધીધામ મૂળ રહે. સેવાડી તા. બાલી, જી. પાલી રાજસ્થાન વાળાને મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવેલ છે. આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેક્ટર એસ.વી. ગોલજા તથા એલ.સી.બી સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે. (૪૧.૫)

સાકરથી ધોલેરા પાણીની લાઇન નાખવાની કામગીરી સામે લીંબડીના ૧૦ ગામો પ્રભાવિત થતા ખેડૂતોમાં રોષ



વઢવાણ તા.૪: સાકરથી ધોલેરા જતી પાણીની લાઈન નાખવાની કામગીરી સામે લીંબડી તાલુકાના ૧૦થી વધુ ગામોના પ્રભાવિત ખેડૂતોમાં રોષ પ્રસર્યો છે. ખેતીની જમીનમાંથી પસાર થતી પાઈપલાઈનને કારણે પાક અને જમીન થતાં નુકસાનના વળતરના પ્રશ્ને લીંબડીના ૧૦થી વધુ ગામોના ખેડૂતોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

ખેડૂતોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો વહેલી તકે આ મામલે યોગ્ય વળતર નહીં ચૂકવાય આંદોલન કરવામાં આવશે. ખેડૂતોના જણાવ્યું હતું કે સાકર-ધોલેરા પાણીની લાઈન નાખવાની કામગીરીથી તેમની ફળદ્રુપ જમીનો અને પાકને નુકસાન થશે.

તંત્ર દ્વારા અગાઉ સરવે કે ખેડૂતો સાથે પરામર્શ કર્યા વિના કામગીરી આગળ વધારવામાં આવતી હોવાનો આક્ષેપ કરાયો છે. ખેડૂતોની મુખ્ય માગણી છે કે લાઈન નાખવાથી જે જમીન પ્રભાવિત થાય અને પાકને નુકસાન થાય તેનું બજાર કિંમત મુજબ યોગ્ય અને વ્યાજબી વળતર તાત્કાલિક ધોરણે ચૂકવવામાં આવે.

વધુમાં ખેડૂતોએ જણાવ્યું હતું કે અમે વિકાસ વિરોધી નથી, પરંતુ વિકાસના નામે ખેડૂતોના ભોગે થતું આર્થિક નુકસાન સહન કરી શકાય નહીં. જો તંત્ર દ્વારા આ મામલે સરકાર અને તંત્ર આ મામલે શું પગલાં સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે લે છે તેના પર સૌની મીટ મંડાયેલી તો આંદોલન કરવા માટે મજબૂર બનશે, રહેશે.(૨.૪)

ઉપલેટા તાલુકાના મોટી પાનેલી ગરીબ પરિવારોને નવી વસાહત 'શારદા નગર' માં સો ચો.વાર પ્લોટ ફાળવાયા

સામાજિક ન્યાય સમિતિના ચેરમેન દ્વારા વિલંબીત કાર્યને ત્વરિત ન્યાય અપાવતા ગરીબ લોકોના ઘરે દિવાળી પહેલાજ દિવાળીનો માહોલ



સનદ આજરોજ મોટી પાનેલી સરપંચ શ્રી શારદાબેન જાદવ દ્વારા જેતે લાભાર્થી

(અતુલ ચગ દ્વારા) મોટી પાનેલી, તા.૪: ઉપલેટા તાલુકાના મોટી પાનેલીમાં આજરોજ ગરીબ પરિવારો માટે દિવાળી પહેલા જ દિવાળીનો માહોલ સર્જાયો હતો ઉપલેટા તાલુકા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન શ્રી ચંદુભાઈ જાદવ દ્વારા પાનેલીના બાર જેટલાં આર્થિક રીતે નબળા લોકોને વર્ષોથી ફાળવેલા સો ચોરસવાર ના પ્લોટ ની કામગીરી હાથ ઉપર લઈને ત્વરિત કાર્યવાહી હાથ ધરેલ જેને અનુંસંધાને તાલુકાપંચાયત દ્વારા પાનેલીના બાર જેટલાં ગરીબ પરિવારોને સો ચોરસવારના પ્લોટની પરિવારના મોભીને પંચાયત દ્વારા નિર્મિત નવીજ વસાહત 'શારદા નગર' માં આ મફત પ્લોટની ફાળવણી કરવામાં આવેલ હતી જેને લઈને લાભાર્થી બાર જેટલા ગરીબ લોકોના ઘરે દિવાળી પહેલા દિવાળી ની ખુશી છવાયેલ દરેકે ચેરમેન શ્રી ચંદુભાઈ જાદવ તેમજ સરપંચ શ્રી શારદાબેન જાદવ નો આભાર વ્યક્ત કરેલ. સનદ વિતરણ પ્રસંગે ચેરમેન શ્રી ચંદુભાઈ સાથે સરપંચ ઉપસરપંચ તેમજ ગ્રામપંચાયત બોડીના તમામ સભ્યો સાથે કર્મચારીઓ ઉપસ્થિત રહી લાભાર્થીઓને મફત પ્લોટ ની ફાળવણી કરી હતી.(૨૩.૩)

પાકિસ્તાનના લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરવામાં આવ્યું: શહેરમાં પ્રદૂષણનું સ્તર વિશ્વ આરોગ્ય સંગઠનના નિર્ધારિત ધોરણો કરતા ૨૨ ગણું વધારે

લાહોર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર બન્યું: AQI 530 પર પહોંચ્યું

પ્રદૂષણ પાકિસ્તાનમાં લોકોના સ્વાસ્થ્યને ગંભીર અસર કરી રહ્યું છે, જે તમામ ઉંમરના લોકોને અસર કરી રહ્યું છે



ઈસ્લામાબાદ,તા.૪: સોમવારે લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરવામાં આવ્યું હતું. અહીં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૫૩૦ નોંધાયું હતું, અને હવામાં સૂક્ષ્મ કણો (PM2.5) નું પ્રમાણ પ્રતિ ઘન મીટર ૩૪૩ માઈક્રોગ્રામ સુધી પહોંચ્યું હતું. સોમવારે સવારે ૯ થી સવારે ૧૦ વાગ્યા સુધી ત્મ્ઠ્ઠજ્ઞ્ના વૈશ્વિક રેન્કિંગ અનુસાર, લાહોર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર રહ્યું, ત્યારબાદ કૈરો આવે છે, જેનો AQI ૨૨૬ છે. ડોન અખબાર અનુસાર, લાહોર ઉપરાંત, પાકિસ્તાનના પંજાબ પ્રાંતના અન્ય શહેરો પણ દેશના સૌથી પ્રદૂષિત શહેરી કેન્દ્રોમાં સામેલ હતા.

લાહોર ૫૩૦ના AQI સાથે રેન્કિંગમાં ટોચ પર છે, ત્યારબાદ ગુજરાંવાલા (૪૭૫), ફૈસલાબાદ (૪૩૫), મુલતાન (૨૮૦) અને સિયાલકોટ (૨૪૧) આવે છે. પંજાબનું બહાવલપુર ૧૮૦ના AQI સાથે સાતમા ક્રમે છે. કૃષિ પરાળ બાળવામાં ઝડપી વધારા વચ્ચે પંજાબ હવાની ગુણવત્તામાં સતત ઘટાડો અનુભવી રહ્યું છે.

પાકિસ્તાન એર ક્વોલિટી ઈનિશિયેટિવ (PAQI) ના અહેવાલ મુજબ, વાયુ પ્રદૂષણ પાકિસ્તાનમાં આયુષ્ય આશરે ૩.૯ વર્ષ ઘટાડે છે અને દર વર્ષે આશરે ૧,૨૮,૦૦૦ અકાળ મૃત્યુનું કારણ બને છે. અહેવાલમાં જણાવાયું છે કે પ્રદૂષણ પાકિસ્તાનના કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) પર ૬.૫ ટકા આર્થિક બોજ લાદે છે, જ્યારે લાહોરમાં પ્રદૂષિત હવાના લાંબા ગાળાના સંપર્કમાં રહેવાથી આયુષ્ય સાત વર્ષ સુધી ઘટી શકે છે.

પાકિસ્તાનના વાયુ પ્રદૂષણનું અનરાવલીંગ આરોગ્ય જોખમો, સ્રોતો અને ઉકેલો પર રાષ્ટ્રીય લેન્ડસ્કેપ રિપોર્ટ શીર્ષક ધરાવતો આ અહેવાલ પ્રથમ વખત પાકિસ્તાન માટે એક વ્યવસ્થિત, બહુ-ક્ષેત્રીય ઉત્સર્જન ઈન્વેન્ટરી રજૂ કરે છે. તે અનેક શહેરોમાં હવાની ગુણવત્તાનું પણ વિશ્લેષણ કરે છે. આ અહેવાલ કરાચી, ઈસ્લામાબાદ, રાવલપિંડી, લાહોર અને પેશાવર સહિત અનેક પાકિસ્તાની શહેરોમાં પ્રદૂષણના દાખલાઓની તપાસ કરે છે.

પાકિસ્તાનના ધ એક્સપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, તે દરેક શહેરમાં ઉત્સર્જનના મુખ્ય સ્રોતોને ઓળખે છે અને ૫૦ ટકા સુધી ઉત્સર્જન ઘટાડી શકે તેવા પગલાંની વિગતો આપે છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુન અનુસાર, મૂલ્યાંકનમાં કાર્બન ડાયોક્સાઈડ, ફાઈન પાર્ટિક્યુલેટ મેટર (PM2.5), નાઈટ્રોજન ઓક્સાઈડ અને સલ્ફર ડાયોક્સાઈડનો સમાવેશ થાય છે. તે ચાર શહેરી એરશેડમાં ઉત્સર્જનનું ક્ષેત્રવાર વિશ્લેષણ પૂરું પાડે છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે લાહોરમાં PM2.5 નું વાર્ષિક સરેરાશ સ્તર પ્રતિ ઘન મીટર ૧૧૦ માઈક્રોગ્રામથી વધુ છે, જે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) ની વાર્ષિક માર્ગદર્શિકા પાંચ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર કરતા ૨૨ ગણું વધારે છે. રિપોર્ટ અનુસાર, પ્રદૂષણના આ સ્તરના લાંબા ગાળાના સંપર્કમાં રહેવાસીઓનું આયુષ્ય સાત વર્ષ સુધી ઘટાડી શકે છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, લાહોરમાં પ્રાથમિક PM2.5 ઉત્સર્જનનો સૌથી મોટો સ્રોત પરિવહન છે, ત્યારબાદ ઉદ્યોગો ૨૮ ટકા અને ઈંટના ભટ્ટા ૧૭ ટકા છે. આ સ્રોતો લાહોરમાં કેન્દ્રિત છે.(૪૦.૩૫)



ચરાડવા શ્રી મહાકાલી આશ્રમના મહંત પૂ. અમરગીરી બાપુ અકિલાના આંગણે પધાર્યા

રાજકોટ: મોરબી ટંકારા હાઈવે ઉપર સુવિખ્યાત એવા ચરાડવા શ્રી મહાકાલી આશ્રમના મહંત પૂ. અમરગિરિબાપુ ગુરુ પૂ. શ્રી દયાનંદગીરી બાપુ અકિલા ના આંગણે પધાર્યા હતા. તેઓશ્રીએ અકિલા ના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા અને અકિલા ના તંત્રી શ્રી અજિતભાઈ ગણાત્રા ને શુભાષીશ આપ્યા હતા. તસ્વીર માં પૂ. અમરગિરિબાપુ ગુરુ પૂ. શ્રી દયાનંદગીરી બાપુ સાથે કિરીટભાઈ ગણાત્રા અને અજિતભાઈ ગણાત્રા નજરે પડે છે. (તસ્વીર: અશોક બગથ રીયા)

વાઘબારસ : ગૌસેવા - વાણીની પવિત્રતા અને જીવદયા સાથે દિવાળીના પર્વનો મંગલ પ્રારંભ

ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવાર માત્ર આનંદ-ઉલ્લાસ કે ધાર્મિક વિધિ પૂરતો સીમિત નથી હોતો પરંતુ તેની પાછળ કોઈ ને કોઈ ઊંડો આધ્યાત્મિક-નૈતિક અને સામાજિક સંદેશ રહેલો હોય છે. આપણા તહેવારો માનવજીવનને સંસ્કારમય બનાવવા, પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા, જીવમાત્ર પ્રત્યે કરૂણા રાખવા અને જીવનમાં સદગુણોનું સિંચન કરવા માટે પ્રેરણા આપે છે.

દિવાળીના પર્વનો પરંપરાગત પ્રારંભ આસો વદ બારસ એટલે કે વાઘબારસથી થાય છે ત્યારબાદ ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજ જેવા તહેવારો આવે છે. આ છ પર્વો જીવનનાં જુદાં જુદાં મૂલ્યો અને સંદેશાઓ લઈને આવે છે. વાઘબારસ આપણને ગૌસેવા, જીવદયા, વાણીની પવિત્રતા અને કૃતજ્ઞતાનો સંદેશ આપે છે.

વાઘબારસને વિવિધ પ્રદેશોમાં ગોવત્સ દ્વાદશી - નંદિની વ્રત અને વસુબારસ જેવા નામોથી પણ ઓળખવામાં આવે છે. અલગ અલગ -દેશોમાં તેની ઉજવણીની રીત અને ધાર્મિક માન્યતાઓમાં થોડો તફાવત જોવા મળે છે. કેટલીક લોકપરંપરાઓમાં તેને વાક્-બારસ સાથે જોડવામાં આવે છે. 'વાક' એટલે વાણી કે વાચા. વાણીની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીની ઉપાસના સાથે જોડાયેલી આ ભાવના આપણને વાણીનો સંયમ અને મધુરતાનું મહત્વ સમજાવે છે.

'ગૌ' એટલે ગાય અને 'વત્સ' એટલે વાછરડું. ગોવત્સ દ્વાદશીના દિવસે ગાય અને વાછરડાનું પૂજન કરવામાં આવે છે. ભારતીય વૈદિક અને પુરાણિક પરંપરામાં ગાયને માતા સમાન પવિત્ર સ્થાન આપવામાં આવ્યું છે. ગાય માનવજીવન માટે પોષણનો આધાર રહી છે. દૂધ દ્વારા તે પોષણ આપે છે અને ભારતીય કૃષિપ્રધાન સમાજમાં ખેતી-ગ્રામ્ય અર્થવ્યવસ્થા તથા ગૃહજીવનમાં પણ તેનું વિશેષ યોગદાન રહ્યું છે. આથી ગાયને માત્ર એક પશુ તરીકે નહીં પરંતુ માતૃભાવ અને કૃતજ્ઞતાના પ્રતીક તરીકે જોવામાં આવી છે.

પુરાણિક માન્યતા અનુસાર સમુદ્રમંથનમાંથી કામધેનુ નામની દિવ્ય ગાય પ્રગટ થઈ હતી. કામધેનુને ઈચ્છિત ફળ આપનારી દિવ્ય શક્તિના પ્રતીક તરીકે વર્ણવવામાં આવી છે. ગાયના ધાર્મિક મહિમાનું વર્ણન વિવિધ પુરાણો અને ધર્મગ્રંથોમાં જોવા મળે છે. ગાયમાં તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે એવી લોકપ્રચલિત માન્યતા પણ છે.

માનવજીવનમાં વાણીનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ છે. વાણી દ્વારા જ મનુષ્ય પોતાના વિચારો, લાગણીઓ અને સંસ્કારોની અભિવ્યક્તિ કરે છે. મીઠાં વચનો તૂટેલા સંબંધોને પણ જોડવાની શક્તિ ધરાવે છે જ્યારે કઠોર અને અપમાનજનક શબ્દો વર્ષો જૂના સંબંધોમાં પણ અંતર પેદા કરી શકે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાના અધ્યાય:૧૭/૧૫માં ભગવાન શ્રીકૃષ્ણે વાણીના તપનું સુંદર વર્ણન કર્યું છે.

જે વાણી કોઈના મનમાં ઉદ્વેગ કે દુ:ખ ઉત્પન્ન ન કરે, જે સત્ય હોય, પ્રિય હોય અને બીજાના હિતમાં હોય તેમજ સ્વાધ્યાયનો અભ્યાસ કરવામાં આવે તેને વાણીનું તપ કહેવામાં આવે છે.

ગુજરાત સહિત ભારતના અનેક વેપારી પરિવારોમાં વાઘબારસના દિવસે હિસાબ-ચોપડા પૂર્ણ કરવાની, જૂના વ્યવહારોની સમીક્ષા કરવાની અને નવા વર્ષ માટે વ્યવસ્થિત આયોજન કરવાની પરંપરા જોવા મળે છે, આ પરંપરાનો એક સુંદર જીવનબોધ છે. જેમ આપણે વેપારમાં જૂના હિસાબો તપાસીએ છીએ તેમ જીવનમાં પણ આપણા કર્મો-વ્યવહારો અને સંબંધોનો હિસાબ તપાસવો જોઈએ. કોઈનું દેવું બાકી હોય તો ચૂકવવાનો પ્રયાસ કરવો, કોઈનું મન દુભાવ્યું હોય તો ક્ષમા માગવી, કોઈની સાથે અન્યાય થયો હોય તો સુધારો કરવો અને નવા વર્ષમાં પ્રામાણિકતાથી જીવન જીવવાનો સંકલ્પ કરવો જોઈએ. ધન કમાવવું જીવનની જરૂરિયાત છે પરંતુ ધન સાથે ધર્મ-નીતિ અને પ્રમાણિકતા જોડાય ત્યારે જ સાચી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

કેટલીક ધાર્મિક માન્યતાઓ અનુસાર ગાયને ભોજન કરાવવાથી પુણ્ય મળે છે, પાપોનું ક્ષાલન થાય છે અને પરિવારમાં સુખ-સમૃદ્ધિ આવે છે. આ માન્યતાઓનો આધ્યાત્મિક ભાવ સમજવો જોઈએ પરંતુ કોઈ ચોક્કસ ધાર્મિક વિધિથી અકાળ મૃત્યુ અટકે જ છે કે તમામ પાપો નાશ પામે જ છે એવો નિશ્ચિત દાવો કરવો યોગ્ય નથી. ધર્મનો સાચો આધાર શ્રદ્ધા સાથે સદાચાર અને જીવમાત્ર પ્રત્યેની કરૂણા છે. ગાયની સેવા સાથે ભૂખ્યા મનુષ્યોને ભોજન આપવું, પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા કરવી, નિરાધાર પશુઓને સહાય કરવી અને બીમાર જીવોની સારવાર કરાવવી પણ જીવદયાનાં ઉત્તમ સ્વરૂપો છે. સાચી પૂજા એ છે જેમાં હૃદયમાં દયા જાગે અને હાથ દ્વારા સેવા થાય.

ભારતીય સંસ્કૃતિમાં વાઘને માતા દુર્ગાના વાહન તરીકે પણ દર્શાવવામાં આવ્યો છે. દેવી દુર્ગાનું આ સ્વરૂપ અધર્મ સામે સંઘર્ષ કરવાની શક્તિ અને ધર્મની રક્ષા માટેના સાહસનું પ્રતીક છે. આ પ્રતીકાત્મક અર્થ આપણને સમજાવે છે કે જીવનમાં મુશ્કેલીઓથી ડરીને ભાગવું નહીં પરંતુ ધૈર્ય-આત્મવિશ્વાસ અને વિવેકથી તેનો સામનો કરવો જોઈએ, પરંતુ શક્તિનો અર્થ બીજાને દબાવવો કે નુકસાન પહોંચાડવું નથી. સાચી શક્તિ તો નબળાની રક્ષા કરવામાં, અન્યાય સામે અવાજ ઉઠાવવામાં અને પોતાના મનના દુર્ગુણો પર વિજય મેળવવામાં છે.


તહેવારોનું સાચું મહત્વ ત્યારે પ્રગટ થાય છે જ્યારે આપણે તેમની પાછળ રહેલા જીવનમૂલ્યોને આપણા વ્યવહારમાં ઉતારીએ. વાઘબારસ આપણને ત્રણ મહત્વપૂર્ણ બાબતોનું સ્મરણ કરાવે છે. વાણીની શુદ્ધિ. આપણા શબ્દોમાં સત્ય, પ્રેમ, નમ્રતા અને હિતભાવ હોવો જોઈએ. જીવમાત્ર પ્રત્યે દયા.. દરેક જીવમાં પરમાત્માની રચનાનું દર્શન કરીને તેની સાથે કરૂણા અને સહાનુભૂતિથી વર્તવું જોઈએ. વ્યવહારમાં પ્રામાણિકતા.. ધન, વેપાર, સંબંધો અને સામાજિક જવાબદારીઓમાં સત્યનિષ્ઠા જાળવવી જોઈએ.


સંત નિરંકારી મિશનની આધ્યાત્મિક વિચારધારા પણ બ્રહ્મજ્ઞાન દ્વારા સર્વત્ર એક નિરાકાર પરમાત્માનું દર્શન કરીને માનવમાત્ર પ્રત્યે પ્રેમ, દયા, નમ્રતા અને સેવાભાવ કેળવવાની પ્રેરણા આપે છે.

વાઘબારસના પવિત્ર અવસરે ગૌસેવા, જીવદયા, મધુર વાણી અને પ્રામાણિકતાનો સંકલ્પ લઈએ. આપણા જીવનમાં પ્રેમ, સેવા, સદ્ભાવના અને માનવતાનો દીપ પ્રગટાવીએ કારણ કે દિવાળીના દીપકનો સાચો પ્રકાશ ત્યારે જ સાર્થક બને છે જ્યારે તે આપણા અંતરના અજ્ઞાન-અહંકાર અને દ્વેષના અંધકારને દૂર કરીને સમગ્ર સમાજના જીવનમાં સુખ-શાંતિ અને સદ્ભાવનાનો પ્રકાશ ફેલાવે. (૩૬.૪)



આલેખન
કુ. લક્ષ્મી દુબે
lxmdubay@gmail.com





કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત, લોર્ડ લૂંબા સહિત અનેક વૈશ્વિક હસ્તીઓ ઉપસ્થિત રહેશે

બ્રિટિશ સંસદમાંથી કાલે વિશ્વશાંતિ અને સદભાવનાનો સંદેશ આપશે જૈન આચાર્ય લોકેશજી

હાઉસ ઓફ લોર્ડ્સમાં અહિંસા વિશ્વ ભારતી દ્વારા 'શાંતિ, સદભાવના અને વિકાસ' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

નવી દિલ્હી, તા. ૩: વિશ્વમાં શાંતિ, અહિંસા, સદભાવના અને માનવીય મૂલ્યોના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત સંસ્થા અહિંસા વિશ્વ ભારતી દ્વારા કાલે તા. ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બ્રિટિશ સંસદના ઐતિહાસિક હાઉસ ઓફ લોર્ડ્સ, લંડન ખાતે 'શાંતિ, સદભાવના અને વિકાસ' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન અહિંસા વિશ્વ ભારતી તથા વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક અને વિશ્વશાંતિદૂત જૈન આચાર્ય લોકેશજીના સાનિધ્યમાં કરવામાં આવશે. આ પ્રસંગે ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત લોર્ડ લૂંબા, બ્રિટિશ સંસદના સન્માનિત સભ્યો, ગુરુ રાજરાજેશ્વરજી, મહેન્દ્રસિંહ જાડેજા સહિત વિવિધ દેશોની અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓ શાંતિ, સદભાવના અને માનવકલ્યાણના વિષય પર પોતાના વિચારો રજૂ કરશે. લંડન જવા રવાના થતાં પહેલાં ગુરુગ્રામ સ્થિત વિશ્વ શાંતિ કેન્દ્ર ખાતે યોજાયેલા મંગળ ભાવના સમારોહને સંબોધતાં આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ યુદ્ધ, હિંસા, આતંકવાદ, વધતા આંતરરાષ્ટ્રીય તણાવ અને પર્યાવરણ સંકટ જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. આવા પડકારજનક સમયમાં સમગ્ર વિશ્વ સમુદાયે શાંતિ, અહિંસા, સહિષ્ણુતા અને પરસ્પર સદભાવનાના માર્ગે આગળ વધવાની જરૂર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, યુદ્ધ કોઈપણ સમસ્યાનો કાયમી ઉકેલ હોઈ શકે નહીં. વિશ્વની મોટી સમસ્યાઓનું સમાધાન પણ પરસ્પર વાતચીત, અર્થપૂર્ણ સંવાદ, સહકાર અને વિશ્વાસ દ્વારા શક્ય છે. માનવતાનું ભવિષ્ય યુદ્ધ અને વિનાશમાં નહીં, પરંતુ શાંતિ, સદભાવના અને સહઅસ્તિત્વમાં સુરક્ષિત છે. આ પ્રસંગે બ્રિટનથી પધારેલાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અધિવક્તા ડો. રેણુ રાજ, અમેરિકાથી પધારેલાં સામાજિક કાર્યકર તરુણા વર્મા અને ભારતના ડો. શૂલપાણીએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, લંડનમાં યોજાનારો આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદ વિશ્વમાં શાંતિ, સદભાવના અને સૌહાર્દની સ્થાપનાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે. આજે સમગ્ર વિશ્વ વિવિધ પ્રકારના સંઘર્ષો, તણાવ અને પડકારોમાંથી પસાર થઈ રહ્યું છે. આવા સમયે આચાર્ય લોકેશજી દ્વારા ચલાવવામાં આવતું શાંતિ અને પરસ્પર સંવાદનું અભિયાન અત્યંત જરૂરી છે.(૬.૭)

યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ એક ભયાનક હુમલો ગણાવ્યો

યુક્રેનમાં શાળાની ઇમારત પર બોમ્બમારો: 33 લોકોના મોત



કિવ,તા.૪: રશિયાએ દક્ષિણપૂર્વ યુક્રેનમાં એક શાળાની ઈમારત પર ઘાતક હુમલો કર્યો છે, જેમાં ઓછામાં ઓછા ૩૩ લોકો માર્યા ગયા છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ આ હુમલાની જાણ કરતા તેને યુદ્ધ દરમિયાનના સૌથી ઘાતક હુમલાઓમાંનો એક ગણાવ્યો છે. ઝેલેન્સકીએ કહ્યું કે ઈમારત પર ઓછામાં ઓછા નવ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા. આ હુમલો ઝાપોરિઝિયા પ્રદેશના કોમિશુવાખામાં થયો હતો. સ્થાનિક ગવર્નર મિખૈલો સેમકિને કહ્યું કે ઈમારતનો ઉપયોગ લોકોને આશ્રય આપવા અને માનવતાવાદી સહાય વિતરણ કરવા માટે થઈ રહ્યો હતો.

આ હુમલામાં ઓછામાં ઓછા ૩૩ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે, જ્યારે આશરે ૫૦ ગુમ થયાના અહેવાલ છે અને તેમની શોધ ચાલી રહી છે. ઝેલેન્સકીએ તેને ભયાનક હુમલો ગણાવ્યો અને કહ્યું કે પહેલો હુમલો એક શાળાની ઈમારત પર થયો જેનો ઉપયોગ રાહત સામગ્રીનું વિતરણ કરવા માટે થઈ રહ્યો હતો. ત્યારબાદ નવ વધુ બોમ્બ ફેંકાયા. આવા હુમલાઓને ડબલ ટેપ તરીકે ઓળખવામાં આવે છે. આ હુમલામાં ઈમારતના તે ભાગને નિશાન બનાવવામાં આવ્યો હતો જ્યાં લોકોએ આશ્રય લીધો હતો.

ગવર્નર સેમકિને કહ્યું કે મોટાભાગના મૃતકો ભોંયરામાં હતા. મોટાભાગના હુમલાઓનો સામનો કરવા માટે તેને ઈશ્વ ની સહાયથી ડિઝાઈન કરવામાં આવ્યું હતું, પરંતુ બોમ્બના જોરથી માળખું તૂટી પડ્યું અને આગ લાગી.

ગયા વર્ષે EU ની સહાયથી આ આશ્રયસ્થાન બનાવવામાં આવ્યું હતું. તેનો હેતુ યુદ્ધ દરમિયાન પણ વર્ગો ચાલુ રાખવાનો હતો. જો કે, જેમ જેમ લડાઈ વધતી ગઈ, ઘણા નાગરિકોએ તે વિસ્તાર છોડી દીધો, અને હવે તેનો ઉપયોગ શાળાને બદલે વહીવટી કેન્દ્ર અને રાહત સહાય કેન્દ્ર તરીકે થઈ રહ્યો છે.

દરમિયાન, એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે તેમને ગુપ્તચર અહેવાલો મળ્યા છે જે દર્શાવે છે કે રશિયા ઊર્જા અને લોજિસ્ટિક્સને લક્ષ્ય બનાવીને બીજો મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે વિશ્વનું ધ્યાન યુએસ મધ્યવર્તી ચૂંટણીઓ પર કેન્દ્રિત રહેશે, અને યુક્રેનમાં શું થઈ રહ્યું છે તેના પર કોઈ ધ્યાન આપવામાં આવશે નહીં.(૪૦.૩૬)

યુનિસના મોટા પરિવારમાં હાલમાં ૧૯૯ સભ્યો: પરદાદીના ૫૦ પૌત્રો, ૮૮ પ્રપૌત્રો અને તેમના ૫૨ બાળકો: તેણી ક્યારેય બીમાર પડી નથી કે કોઈ દવા લીધી નથી

બ્રાઝિલની એક વૃદ્ધ મહિલા યુનિસ દા સિલ્વેરા ૧૧૧ વર્ષની છે

૧૯૧૫માં જન્મેલી બ્રાઝિલની યુનિસ દા સિલ્વેરા ૧૧૧ વર્ષના ઇતિહાસની સાક્ષી છે: લાંબા આયુષ્યનું રહસ્ય તેમના આહારમાં રહેલું છે

લંડન,તાહ.૪: ઘણીવાર, જ્યારે આપણે વડીલોને માન આપીએ છીએ, ત્યારે આપણને લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્યના આશીર્વાદ મળે છે. સમગ્ર વિશ્વમાં આયુષ્યના અસંખ્ય રેકોર્ડ છે. જો કે, ૧૧૧ વર્ષની એક પરદાદી પોતાના અધિકારમાં અનન્ય છે. તેણીને ૧૫ બાળકો હતા, જેમાં હવે ૫૦ પૌત્રો, ૮૮ પ્રપૌત્રો અને ૫૨ પોતાના બાળકોનો સમાવેશ થાય છે. આ મોટો પરિવાર આ પરદાદી માટે અપાર આનંદ લાવે છે. આ પરદાદી બ્રાઝિલના રહેવાસી યુનિસ દા સિલ્વેરા છે.

૧૧૧ વર્ષીય યુનિસ દા સિલ્વેરા, બ્રાઝિલિયન, એ પોતાના દીર્ઘાયુષ્યનું રહસ્ય શેર કર્યું. ૧૧૧ વર્ષીય યુનિસે ૧૫ બાળકોનો ઉછેર કર્યો છે અને એક સદીથી વધુ ઈતિહાસ જોયો છે, છતાં ખોરાક પ્રત્યેનો તેમનો અભિગમ સરળ રહે છે.

યુનિસનો જન્મ એવા સમયગાળા દરમિયાન થયો હતો જ્યારે આર્જેન્ટિના, ઘણા અન્ય લેટિન અમેરિકન દેશોની જેમ, સ્પેનિશ શાસન હેઠળ હતું. આશ્ચર્યજનક રીતે, આ ખૂબ જ વૃદ્ધ બ્રાઝિલિયન મહિલાનો જન્મ બ્રાઝિલના મિનાસ ગેરાઈસ રાજ્યના જોઆનેસિયામાં થયો હતો. તે સમયે, બ્રાઝિલ પોર્ટુગીઝ સામ્રાજ્યનો ભાગ હતું.

તે લગભગ અવિશ્વસનીય લાગે છે, પરંતુ યુનિસ એનિસિયો દા સિલ્વેરાનો જન્મ વૉટરલૂના યુદ્ધના સમય કરતાં આજે આપણા કરતાં વધુ નજીક થયો હતો. તેણીનો જન્મ પણ ફ્રેન્ચ ક્રાંતિના સમયની ખૂબ નજીક થયો હતો.

૧૯૧૫ માં જન્મેલી, યુનિસ હંમેશા ગ્રામીણ જીવન જીવતી રહી છે અને તેના પરિવારની ખૂબ નજીક રહી છે. વધતી ઉંમર સાથે પણ આમાં કોઈ ફેરફાર થયો નથી. ૧૧૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોની ઉંમરને ટ્રેક અને ચકાસણી કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા લોંગેવીક્વેસ્ટ અનુસાર, તેનો પરિવાર તાજેતરમાં ૧૭ ઓક્ટોબરે તેનો જન્મદિવસ ઉજવવા માટે ભેગા થયો હતો.

યુનિસે ૨૬ ફેબ્રુઆરી, ૧૯૩૨ ના રોજ ઓસ્વાલ્ડો ડી કાર્વાલ્હો લેજ સાથે લગ્ન કર્યા, જ્યારે તે માત્ર ૧૬ વર્ષની હતી. તે એક સંપૂર્ણપણે અલગ યુગ હતો. આ દંપતી ૭૪ વર્ષ અને ૧૦ મહિના જીવ્યું (૨૦૦૭ માં ઓસ્વાલ્ડોના મૃત્યુ સુધી) અને તેમને ૧૫ બાળકો હતા.

દશકાઓથી, પરદાદી યુનિસનો પરિવાર નોંધપાત્ર રીતે વધ્યો છે, જેના કારણે કૌટુંબિક મેળાવડાઓ એક ભવ્ય ઉજવણી બની છે. તેના નવ બાળકો હજુ પણ જીવંત છે, અને તેના પરિવારમાં હવે ૫૦ પૌત્ર-પૌત્રીઓ, ૮૮ પૌત્ર-પૌત્રીઓ અને તેમના પોતાના ૫૨ બાળકોનો સમાવેશ થાય છે.



જ્યારે પરિવારના સભ્યો પૂછે છે કે તે આટલું લાંબુ કેવી રીતે જીવી શકી, ત્યારે યુનિસ સમજાવે છે કે તે ક્યારેય બીમાર પડી નથી કે કોઈ દવા લીધી નથી.

યુનિસ તેના લાંબા આયુષ્યનો શ્રેય એક સરળ દિનચર્યાને આપે છે વહેલા સૂવું, વહેલા ઉઠવું, પુષ્કળ દૂધ, દૈનિક કામકાજ અને ફક્ત પોતાની જમીન પર ઉગાડેલી વસ્તુ ખાવી. તેણીએ નિયમિત દિનચર્યા અને સંપૂર્ણપણે પોતે ઉગાડેલા અનાજ અને શાકભાજી પર આધારિત આહાર જાળવી રાખ્યો છે.

યુનિવર્સિટી ઓફ ફ્લોરિડા અનુસાર, આનુવંશિકતા, દૈનિક જીવનશૈલી અને પર્યાવરણીય અથવા સામાજિક પરિસ્થિતિઓનું મિશ્રણ લાંબા અને સ્વસ્થ જીવન માટે ફાળો આપે છે.

વૈજ્ઞાનિકોએ સારી જીવનશૈલી, સામાજિક સંબંધો, પર્યાવરણ અને આનુવંશિકતાને દીર્ઘાયુષ્ય માટે જવાબદાર મુખ્ય પરિબળો ગણાવ્યા છે.

સંતુલિત આહાર આખા અનાજ, સ્વસ્થ ચરબી અને સારી ગુણવત્તાવાળા પ્રોટીન સહિત વનસ્પતિ આધારિત, ફાઈબરયુક્ત ખોરાક ખાવાથી શરીરમાં બળતરા ઓછી થાય છે અને ક્રોનિક રોગોનું જોખમ ઓછું થાય છે.

નિયમિત શારીરિક પ્રવૃત્તિ નિયમિત એરોબિક કસરત (જેમ કે ઝડપી ચાલવું અથવા તરવું) અને શક્તિ તાલીમ સ્નાયુઓની મજબૂતાઈ, હાડકાની ઘનતા અને હૃદયના સ્વાસ્થ્યને જાળવી રાખે છે.

સારી ઊંઘ દરરોજ રાત્રે ૭ થી ૯ કલાકની અવિરત ઊંઘ લેવાથી કોષોના સમારકામને પ્રોત્સાહન મળે છે, હોર્મોન્સ સંતુલિત થાય છે અને રોગપ્રતિકારક કાર્યમાં સુધારો થાય છે.

હાનિકારક ટેવો ટાળવાથી ધૂમ્રપાન છોડવાથી અને દારૂનું સેવન મર્યાદિત કરવાથી હૃદય રોગ અને અંગોને નુકસાન થવાનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.

તણાવનું સંચાલન કરવાની રીતો ક્રોનિક તણાવ શરીરમાં કોર્ટિસોલનું સ્તર વધારીને અને બળતરા પેદા કરીને કોષોના વૃદ્ધત્વને વેગ આપે છે. તેથી, આરામ અને સભાનતા ખૂબ જ જરૂરી છે. (૪૦.૩૨)

અમદાવાદ અને ગાંધીનગરમાં ગેરકાયદે ચાલતા હુક્કાબાર સામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ મોટી કાર્યવાહી કરતાં સંચાલકોમાં ફફડાટ

કેફેની આડમાં ચાલતા ગેરકાયદે હુક્કાબાર પર SMCના દરોડા: અનેકની અટકાયત, લાખોનો મુદ્દામાલ જપ્ત

સરખેજ, એલિસબ્રિજ, ચાંદખેડા સહિતના વિસ્તારોમાં દરોડા પાડીને પોલીસે અનેક લોકોની અટકાયત કરી: લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમદાવાદ,તા.૪: અમદાવાદમાં ગેરકાયદે હુક્કાબારનો ધંધો કરતા સંચાલકો સામે SMCએ સપાટો બોલાવ્યો છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં એકસાથે દરોડા પાડીને ગેરકાયદે પ્રવૃત્તિઓનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સરખેજ, એલિસબ્રિજ અને ચાંદખેડા સહિતના વિસ્તારોમાં લ્દ્બની ટીમે કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત ગાંધીનગરમાં પણ ગેરકાયદે રીતે ચાલતા હુક્કાબાર સામે દરોડા પાડવામાં આવ્યા હતા. અચાનક થયેલી આ કાર્યવાહીને કારણે હુક્કાબાર ચલાવતા સંચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

SMCની ટીમે ગાંધીનગરના ભાઈજીપુરા ફ્લાયઓવર નજીક આવેલા ટેમ્પ્ટેશન કાફેમાં દરોડો પાડ્યો હતો. અહીં તપાસ દરમિયાન હુક્કાબારની પ્રવૃત્તિ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ટેમ્પ્ટેશન કાફેમાંથી કુલ ૧૨ ગ્રાહકો અને કાફેના સંચાલકની અટકાયત કરી હતી. આ કાર્યવાહી બાદ અન્ય સ્થળોએ પણ લ્દ્બની ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

અમદાવાદના ગુજરાત કોલેજ રોડ પર આવેલા TCOs લાઉન્જ એન્ડ રેસ્ટોરન્ટમાં પણ SMCએ દરોડો પાડ્યો હતો. અહીં ગેરકાયદે હુક્કાબારની પ્રવૃત્તિ ચાલતી હોવાની માહિતીના આધારે તપાસ કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી કુલ ૮ લોકોની અટકાયત કરવામાં આવી હતી. એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા હુક્કાબારમાંથી પોલીસે રૂ. ૧.૪૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત ૪૦ હુક્કા અને ૫૭૭ ફ્લેવરના પેકેટ પણ કબજે કરવામાં આવ્યા હતા.



SMCની કાર્યવાહી દરમિયાન ઝુંડાલ સર્કલ પાસે આવેલા કિંગ્સ કાફેને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું. અહીં દરોડા પાડીને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં કુલ ૩ શખ્સોની અટકાયત કરવામાં આવી હતી. એક પછી એક સ્થળોએ દરોડા પડતાં ગેરકાયદે હુક્કાબાર ચલાવતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. અમદાવાદના સરખેજના થલતેજ વિસ્તારમાં આવેલા જેકલ લાઈવ કેફેમાં પણ SMCની ટીમે દરોડો પાડ્યો હતો. અહીં પણ ગેરકાયદે હુક્કાબારની પ્રવૃત્તિ અંગે તપાસ કરવામાં આવી હતી. શહેર અને ગાંધીનગરમાં અલગ-અલગ સ્થળોએ હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં ચારેય સ્થળેથી કુલ રૂ. ૨.૭૧ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.(૪૦.૩૩)

ઓખા કોસ્ટગાર્ડના કાફલામાં ૩૩૦ ટનનું જહાજ અજીત જોડાયુ

જીલ્લા કલેકટર રાજેશ તન્ના તથા કોસ્ટગાર્ડના અધિકારીઓની ઉપસ્થિતીમાં વેલકમ સેરેમની કાર્યક્રમ યોજાયો

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા તા. ૪ :. દેવભૂમિ દ્વારકા જિલ્લો સરહદી જિલ્લો હોય તથા દ્વારકા જિલ્લાના ઓખાથી પાકિસ્તાન તદન નજીક હોય તથા આંતરરાષ્ટ્રીય સરહદે અવારનવાર ઘુસણખોરી થતી હોય ભારત સરકાર દ્વારા ઓખા ખાતે કોસ્ટ ગાર્ડ જિલ્લા હેડ કવાર્ટર નં. ૧૫ આવેલું હોય આ કોસ્ટ ગાર્ડની સગવડ વધારવા તથા સલામતિ સુરક્ષામાં ખુબ જ ઉપયોગી થાય તે માટે ભારત સરકાર દ્વારા આ અજીત જહાજને કોસ્ટ ગાર્ડ ઓખાને ફાળવતા જિલ્લા કલેકટર રાજેશ તન્ના તથા કોસ્ટ ગાર્ડના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ જહાજનો વેલકમ સેરેમની યોજાયો હતો.જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ કોસ્ટ લાઈન એરીયામાં અજીતના જોડાવાથી મોનીટરીંગ અંગે સમીક્ષા તથા ચર્ચાઓ પણ કરી હતી.

ઓખા કોસ્ટ ગાર્ડને મળેલું આઈ. સી. જી. એસ. અજીત એ ૫૨ મીટરની લંબાઈનું ૩૩૦ ટનનું જહાજ ગોવા શીપ યાર્ડ દ્વારા મેક ઈન ઈન્ડીયાનું બનેલું છે જે ફાસ્ટ પેટ્રોલ વેસલ્સ છે.

૨૭ નોટીકલ માઈલની સ્પીડ ધરાવતું આ જહાજ ૧૫૦૦ નોટીકલ માઈલ સુધી સરળતાથી જઈ શકે છે. તથા બે વિશાળ ડીઝલ એંજીન સાથે કંટ્રોલેબલ પીચ પ્રોયેલસ સાથે ફાસ્ટ પેટ્રોલ વેલલ્સાં પ્રથમ ભારતમાં છે. જેની સંભાળ માટે ૬ ઓફીસર અને ૩૫ ખલાસીઓ છે. માછીમારોના પ્રોટેકશન, રેસ્કયુ તથા એન્ટી સ્મગલીંગ પ્રવૃતિ અને સલામતી સાથે સરહદ સંરક્ષણમાં આ 'અજીત' હવે ઓખા કામ કરશે. (૫-૧૦)





કુવાડવાના રાણપુરમાં ગોડાઉન ખાતે બનાવ બન્યો

કલરકામ વખતે છજા પરથી પટકાતાં બજરંગવાડીના રાજેશભાઇનું મોત

રાજકોટ તા. ૪: કુવાડવા નજીકના રાણપુર ગામે ગોડાઉન ખાતે કલર કામ કરતી વખતે છજા પરથી પટકાતાં ગંભીર ઈજા થતાં રાજકોટના પચાસ વર્ષના પ્રૌઢનું મૃત્યુ થયું છે.

જાણવા મળ્યા મુજબ જામનગર રોડ પર બજરંગવાડીમાં રહેતાં રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ શશીકાંતભાઈ રાવલ (ઉ.વ.૫૦)ગઈકાલે બપોરે કુવાડવા નજીકના રાણપુર ગામે સંજયભાઈના ગોડાઉન ખાતે કલર કામ ચાલતુ હોઈ ત્યાં બીજા કારીગરો સાથે કામ કરવા ગયા હતાં. ગોડાઉનની બહારની સાઈડની દિવાલ પર કલર કરતી વખતે રાજશેભાઈ છજા પર ઉભા હોઈ અચાનક બેલેન્સ ગુમાવતાં નીચે પટકાતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બનાવને પગલે કારીગરો ભેગા થઈ ગયા હતાં અને રાજેશભાઈને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. રાજેશભાઈ પરિવારનો આધારસ્તંભ હતાં. બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ છે. કુવાડવા પોલીસને હોસ્પિટલ ચોકી મારફત જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી હતી. (૧૪.૬)

વાંકાનેરના ચંદ્રીકાબેન સચદેવનું અવસાનઃ કાલે બેસણું-સાદડી



વાંકાનેરઃ વાંકાનેર નિવાસી રમેશચંદ્ર ગંગારામભાઈ સચદેવ (નિવૃત રેલ્વે કર્મચારી)ના ધર્મપત્ની અ.સો.ચંદ્રીકાબેન (ઉ.વ.૭૫)ને મનસુખભાઈ(લાલાભાઈ) તથા સોનલબેન ભાવેશકુમાર તન્નાના માતુશ્રીનું તા.૨-૧૧-૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે.

સદ્દગતનું બેસણુ તથા પિયરપક્ષની સાદડી તા.૫-૧૧ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ લોહાણા મહાજન વાડી, દિવાનપરા વાંકાનેર ખાતે (ભાઈઓ-બહેનો)નું સાથે રાખેલ છે. (૩.૧૧)

જસદણના ગોડલાધારના અશ્વીન માનકોલીયાની આટકોટમાં સરકારી દવાખાના પાસેથી લાશ મળી

એક મહિના પહેલા રીસામણે ગયેલી પત્નિ હેતલબેને કેસ કર્યો હોઇ ગઇકાલે કોર્ટમાં હાજર થયા બાદ ઝેર પી લીધાની શંકાઃ મોતનું કારણ જાણવા રાજકોટ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ

રાજકોટ તા. ૪:જસદણના ગોડલાધાર ગામે રહેતાં ૩૨ વર્ષના યુવાનની આટકોટના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ છે. રિસામણે ગયેલી પત્નિએ કેસ કર્યો હોઈ પરમદિવસે આટકોટ કોર્ટમાં તે તારીખે હાજર થવા ગયો હતો. આ પછી તેની લાશ મળી હતી. તેણે ઝેર પી આપઘાત કરી લીધાની શંકા પરિવારે દર્શાવી હતી. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો છે.



જાણવા મળ્યા મુજબ ગોડલાધાર ગામે રહેતો અશ્વીનભાઈ લાભુભાઈ માનકોલીયા-કોળી (ઉ.વ.૩૨) નામનો યુવાન પરમ દિવસે આટકોટ કોર્ટમાં તેને તારીખ હોઈ ત્યાં હાજરી આપવા ઘરેથી નીકળ્યા બાદ પરત આવ્યો નહોતો. આ દરમિયાન ગઈકાલે તેની લાશ આટકોટના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસેથી મળી આવતાં પોલીસે તેના પરિવારજનોને જાણ કરી હતી. પરિવારજનોએ મૃત્યુ અંગે શંકા દર્શાવતા મૃતદેહ રાજકોટ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો છે. પ્રાથમિક તબક્કે તેણે ઝરે પી આપઘાત કર્યાનું તારણ નીકળ્યું હતું.

મૃત્યુ પામનાર અશ્વીનભાઈ ત્રણ ભાઈમાં નાનો હતો અને જસદણમાં હીરા ઘસવાની મજૂરી કરતો હતો. તેના સગાના કહેવા મુજબ અશ્વીનભાઈના પત્નિ હેતલબેન એકાદ મહિના પહેલા આટકોટ ખાતે રીસામણે જતાં રહ્યા છે. તેણીએ કોર્ટમાં કેસ કર્યો હોઈ તેની પરમ દિવસે તારીખ હતી. અશ્વીનભાઈ કોર્ટ ખાતે ગયો હતો પણ તેના પત્નિ હાજર થયા નહોતા. આ પછી અમને ખબર પડી હતી કે તે તેના સાસરીયામાં પણ વાતચીત કરવા ગયો હતો.

ત્યારબાદ ગઈકાલે તેની લાશ આટકોટના દવાખાના પાસેથી મળ્યાની પોલીસે અમને જાણ કરી હતી. પત્નિ સાથે સમાધાન ન થતાં કંટાળીને તેણે આપઘાત કર્યો કે અન્ય કંઈ બન્યું? તેની તપાસ પોલીસ કરી રહી છે. યુવાન દિકરાના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. (૧૪.૬)

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ખરાબ પ્રદર્શન બાદ ટ્રમ્પે પ્રથમ પ્રતિક્રિયા આપી

જો બેલેટ પર મારૂ નામ હોત તો અમે ભારે બહુમતીથી જીત્યા હોત

ડેમોક્રેટસ બહુમતી તરફ આગળ વધતા ટ્રમ્પ પર રાજકીય દબાણ વધ્યુંઃ વિવેક રામાસ્વામી અને સાઉથ કેરોલિનામાં રિપબ્લિકનને મોટો ફટકો

વોશિંગ્ટન, તા.૪: અમેરિકાની ૨૦૨૬ની મધ્યસત્ર ચૂંટણીના જાહેર થઈ રહેલા ચિંતાજનક પરિણામો અને પ્રારંભિક વલણોએ વોશિંગ્ટનના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જી દીધો છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ ૪૩૫ બેઠકો, સેનેટની ૩૫ બેઠકો તેમજ ૩૬ રાજ્યોના ગવર્નર પદ માટે યોજાયેલા આ જંગમાં ડેમોક્રેટિક પાર્ટીએ શરૂઆતથી જ મજબૂત સરસાઈ મેળવીને બંને ગૃહોમાં રિપબ્લિકન બહુમતીનો અંત લાવવાની દિશામાં કદમ વધારી દીધા છે. પોતાની પાર્ટીના આ નબળા દેખાવ અને મહત્વની બેઠકો ગુમાવવાની સ્થિતિ વચ્ચે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરતા પોતાનો બચાવ કરતા લખ્યું હતું કે, હું આ વખતે મતપત્ર પર નહોતો; જો હું ચૂંટણી લડી રહ્યો હોત, તો અમે ભારે બહુમતી સાથે જીતી ગયા હોત. ટ્રમ્પના આ નિવેદનને લઈને સોશિયલ મીડિયા પર તેમની આકરી ટીકા થઈ રહી છે અને યુઝર્સ તેને હારનો સ્વીકાર કરવાને બદલે પોતાની રાજકીય છબી બચાવવાનો પ્રયાસ ગણાવી રહ્યા છે.



રિપબ્લિકન પાર્ટી માટે સૌથી મોટો અને આંચકાજનક આંચકો ઓહિયો રાજ્યમાંથી આવ્યો છે, જ્યાં ડોનાલ્ડ ટ્રમ્પના અત્યંત નજીકના સાથી અને ભારતીય મૂળના પ્રખ્યાત નેતા વિવેક રામાસ્વામીને ઓહિયોના ગવર્નર પદની રેસમાં ડેમોક્રેટિક ઉમેદવાર ડો.એમી એક્ટન સામે પરાજયનો સામનો કરવો પડ્યો છે. આ સિવાય, સાઉથ કેરોલિનાની હાઈ-પ્રોફાઈલ સેનેટ બેઠક પર પણ ડેમોક્રેટિક ઉમેદવાર એની એન્ડ્રુઝે જીત મેળવીને મોટી ઉથલપાથલ સર્જી છે. નોંધનીય છે કે આ બેઠક લગભગ ત્રણ દાયકા સુધી સ્વર્ગસ્થ સેનેટર લિન્ડસે ગ્રેહામ અને રિપબ્લિકન પાર્ટીના ગઢ સમાન રહી હતી, જેને આ વખતે ડેમોક્રેટ્સે આંચકી લીધી છે. વિવેક રામાસ્વામી જેવા મોટા ચહેરાઓની હારથી ટ્રમ્પ કેમ્પમાં ભારે નિરાશા અને તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના બંને ગૃહો પર કંટ્રોલ મેળવવાની ડેમોક્રેટિક પાર્ટીની વ્યુહરચના સફળ થતી દેખાતા જ ટ્રમ્પના બાકીના કાર્યકાળ પર અનેક રાજકીય સંકટો ઘેરાઈ રહ્યા છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બહુમતી સાબિત કરવા ડેમોક્રેટ્સ માત્ર થોડીક બેઠકો દૂર છે, જેનાથી ભવિષ્યમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે કોઈ પણ નવો કાયદો પાસ કરાવવો કે બજેટ મંજૂર કરાવવું અત્યંત મુશ્કેલ બની જશે. યુએસ મીડિયા રિપોર્ટ્સ મુજબ, જનતામાં વધતી જતી મોંઘવારી, વિદેશી નીતિઓ અને વધતા આર્થિક બોજને કારણે રિપબ્લિકન પાર્ટી પ્રત્યે મતદાતાઓનો અસંતોષ પરિણામોમાં સ્પષ્ટપણે બહાર આવ્યો છે, જેણે ટ્રમ્પના બીજા કાર્યકાળની રાજકીય પકડને ભારે આંચકો આપ્યો છે. (૨૨.૪)

■ પ્રથમ પાનાથી ચાલુ

હું ચૂંટણી નહીં લડું, સીધા મુખ્યમંત્રી પદના શપથ લઈશ

વારાણસી પ્રવાસ દરમિયાન જ્યારે પત્રકારોએ અખિલેશ યાદવને પૂછ્યું કે શું તેઓ ૨૦૨૭ માં કાશી (વારાણસી) ની કોઈ બેઠક પરથી વિધાનસભા ચૂંટણી લડશે? ત્યારે તેમણે રસપ્રદ અંદાજમાં જવાબ આપતાં કહ્યું કે, ''હું વિધાનસભા ચૂંટણી નહીં લડું. હું સીધા મુખ્યમંત્રી પદના શપથ લઈશ. અમે ત્યારે જ મુખ્યમંત્રી બનીએ છીએ જ્યારે પોતે ચૂંટણી નથી લડતા. અમારા માટે આ જ શુભ છે અને અમે એ જ કરીશું જે શુભ હશે.''

અખિલેશ યાદવના આ નિવેદનને વર્ષ ૨૦૧૨ સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૨ માં જ્યારે સમાજવાદી પાર્ટીએ પૂર્ણ બહુમતી મેળવી હતી, ત્યારે અખિલેશ યાદવ કન્નૌજના સાંસદ હતા અને તેમણે વિધાનસભા ચૂંટણી લડી નહોતી. સરકાર બન્યા બાદ તેમણે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા અને ત્યારબાદ વિધાન પરિષદ (MLC) ના સભ્ય બન્યા હતા. હાલ પણ તેઓ કન્નૌજના લોકસભા સાંસદ છે.

અખિલેશ યાદવે દાવો કર્યો હતો કે ૨૦૨૭ ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો પરાજય નિશ્ચિત છે અને રાજ્યમાં 'INDIA' ગઠબંધન તથા PDA (પછાત, દલિત અને અલ્પસંખ્યક) ના સમર્થનથી સમાજવાદી પાર્ટી પૂર્ણ બહુમતી સાથે સત્તામાં વાપસી કરશે. વારાણસીની ધરતી પરથી અખિલેશ યાદવના આ આત્મવિશ્વાસભર્યા નિવેદન બાદ યુપીના રાજકીય ગલિયારાઓમાં ભારે ચર્ચા જાગી છે.(૪૦.૨૪)

■ પ્રથમ પાનાથી ચાલુ

ટ્રમ્પે કર્યા ભોગવ્યાઃ યુધ્ધ-મોંઘવારીએ ડુબાડ્યા

૫૨ છે.૧૦૦ સભ્યોની સેનેટમાં, ડેમોક્રેટ્સનો આંકડો ૫૦ પર પહોંચી ગયો છે અને તેઓ ૩ બેઠકો પર આગળ છે. આનાથી પાર્ટીને આ મહત્વપૂર્ણ ચેમ્બરમાં પણ બહુમતી મળે છે.

આ દરમિયાન, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ૯૪ બેઠકો મેળવી છે અને ૬૮ બેઠકો પર આગળ છે. પાર્ટીએ સેનેટમાં પણ નિયંત્રણ ગુમાવ્યું છે. તેની પાસે ૩૮ બેઠકો છે અને ૬ બેઠકો પર આગળ છે.

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીના પરિણામો માટે પ્રારંભિક વલણો બહાર આવવા લાગ્યા છે. આ પરિણામો સૂચવે છે કે ભવિષ્યમાં ટ્રમ્પની મુશ્કેલીઓ વધી શકે છે. પ્રારંભિક વલણો સૂચવે છે કે ડેમોક્રેટિક પાર્ટી બંને ગૃહોમાં સ્થાન મેળવી રહી છે.

પ્રતિનિધિ ગૃહ ગૃહમાં કુલ ૪૩૫ બેઠકો છે જેના માટે મધ્યસત્ર ચૂંટણીમાં મતદાન થયું હતું. અત્યાર સુધીના પ્રારંભિક વલણો દર્શાવે છે કે ડેમોક્રેટિક પાર્ટી ૧૫૨ બેઠકો પર આગળ છે, જ્યારે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી ૯૧ બેઠકો પર આગળ છે.

સેનેટ મધ્યસત્ર ચૂંટણી દરમિયાન, મતદારોએ ૧૦૦ સેનેટ બેઠકોમાંથી ૩૫ બેઠકો માટે મતદાન કર્યું. મતદાન પછી, મત ગણતરી ચાલુ છે. પ્રારંભિક વલણોએ ૨૨ બેઠકો માટે પરિણામો જાહેર કર્યા છે, જેમાં ડેમોક્રેટિક પાર્ટી ૧૫ અને રિપબ્લિકન પાર્ટી ૮ બેઠકો પર જીતી છે. આ ટ્રમ્પ માટે એક મહત્વપૂર્ણ પડકાર માનવામાં આવે છે.

આ પરિણામો સાથે, ડેમોક્રેટિક પાર્ટી હાલમાં સેનેટમાં ૫૧ બેઠકો ધરાવે છે, જ્યારે રિપબ્લિકન પાર્ટી ૩૯ બેઠકો ધરાવે છે. સેનેટ બહુમતી માટે ૫૧ બેઠકોની જરૂર છે. પરિણામે, ડેમોક્રેટ્સ બહુમતીનો આંકડો વટાવી ગયા છે. બાકીની બેઠકો માટે ગણતરી હજુ પણ ચાલુ છે.

યુએસ ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટીની કારમી હાર બાદ, ટ્રમ્પે કહ્યું છે કે તેઓ મધ્યસત્ર ચૂંટણીના પરિણામો સ્વીકારશે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ ડેમોક્રેટ્સ સાથે કામ કરવા તૈયાર છે. યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમને પરિણામોનો કોઈ અફસોસ નથી અને હાર માટે પોતાની અયોગ્યતાને જવાબદાર ઠેરવી છે.

ડેબ હાલેન્ડ ન્યૂ મેક્સિકોના ગવર્નરની ચૂંટણી જીતીને પ્રથમ મૂળ અમેરિકન મહિલા બન્યા છે.

ડેમોક્રેટ ડેબ હાલેન્ડે ન્યૂ મેક્સિકોના ગવર્નરની ચૂંટણી જીતીને ઈતિહાસ રચ્યો છે. તે યુએસ રાજ્યના ગવર્નર તરીકે ચૂંટાયેલી પ્રથમ મૂળ અમેરિકન મહિલા બની છે. હાલેન્ડે રિપબ્લિકન ઉમેદવાર ગ્રેગરી ડી. હલને હરાવ્યા હતા. હાલેન્ડે અગાઉ યુએસ ગૃહ સચિવ તરીકે સેવા આપી હતી અને કોંગ્રેસમાં ન્યૂ મેક્સિકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

રાજ્યના રાજ્યપાલના પરિણામોં યુએસમાં કુલ ૩૬ બેઠકોમાંથી ૧૪ રાજ્યો માટે પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. પરિણામો અનુસાર, ૧૦ બેઠકો ડેમોક્રેટસે અને ૪ બેઠકો રિપબ્લિકન્સે જીતી છે. અમેરિકાના અન્ય રાજ્યોમાં મત ગણતરી ચાલી રહી છે.(૪૦.૩૯)

■ પ્રથમ પાનાથી ચાલુ

કર્યા ભોગવે છે પાકિસ્તાન

પાકિસ્તાની વેપારીઓ કહે છે કે ૧૭ ઓક્ટોબરથી એલપીજીના ભાવ સતત વધી રહ્યા છે, કારણ કે બે ઈરાની સરહદ ક્રોસિંગ બંધ કરવામાં આવ્યા હતા, જેના કારણે એલપીજીની આયાત અટકી ગઈ હતી. ફેબ્રુઆરીમાં યુએસ-ઈરાન યુદ્ધ શરૂ થયા પછી આ સૌથી મોટો ઉર્જા આંચકો છે. પાકિસ્તાની વેપારીઓએ અહેવાલ આપ્યો છે કે સરહદ બંધ થયાના થોડા દિવસોમાં ૧૨ કિલોગ્રામના સિલિન્ડરની કિમત ૫૬% વધીને ૭,૦૦૦ રૂપિયા થઈ ગઈ છે. ખુલ્લા બજારમાં એલપીજી આશરે ૫૮૩ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ઉપલબ્ધ છે.

રોઈટર્સના અહેવાલ મુજબ, છેલ્લા ૧૩ વર્ષથી પૂર્વ પાકિસ્તાનના લાહોરમાં ત્રણ પૈડાવાળી મોટરાઈઝડ રિક્ષા ચલાવનાર રાશિદ અલી સમજાવે છે કે તેમનો દિવસ સવારે ૬ વાગ્યે શરૂ થાય છે અને ક્યારેક મધ્યરાત્રિ સુધી પૂરો થતો નથી. લાંબા સમયથી, તેઓ દરરોજ ૬.૫૦ ડોલર (લગભગ ૧,૮૦૦ પાકિસ્તાની રૂપિયા) કમાતા હતા, જે તેમના પરિવારની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતા હતા. પરંતુ હવે, LPG ના ભાવ વધતાં, તે તેનાથી અડધી પણ કમાણી કરી શકતો નથી. ૩૩ વર્ષીય અલી એ હજારો પાકિસ્તાની રિક્ષા ચાલકોમાંનો એક છે જે LPG પર પોતાના વાહનો ચલાવે છે, જેનો ઉપયોગ રસોઈ માટે થાય છે.

અલી કહે છે કે તે હવે દરરોજ ૩ કમાય છે, તેથી તેના પરિવારે તેમના ખોરાકનો વપરાશ ઘટાડી દીધો છે. તેમણે કહ્યું કેLPG ની ઊંચી કિમતને કારણે જીવવું અશક્ય બની ગયું છે. તેમણે ઉમેર્યું કે તેમની સમસ્યાઓમાં ગેસના ભાવ વધ્યા પછી પણ મુસાફરો ઊંચા ભાડા ચૂકવવા માંગતા નથી. અલીના મતે, ૨૦૦ કે ૨૫૦ રૂપિયાનો ખર્ચ થવો જોઈએ તેવી સફર માટે, તેઓ ફક્ત ૮૦, ૧૦૦ અથવા મહત્તમ ૧૫૦ રૂપિયા ચૂકવી રહ્યા છે.

અવામી રિક્ષા યુનિયનના અધ્યક્ષ મજીદ ગૌરી LPG ને ગરીબોનું બળતણ કહે છે. તેમનું કહેવું છે કે યુનિયન પાસે ૪૩,૦૦૦ ઓટો-રિક્ષા છે, અને તેમાંથી લગભગ ૭૦%, અને લગભગ ૮,૦૦૦ કિગકી (ત્રણ પૈડાવાળા વાહનો) LPG પર ચાલે છે. એલપીજીના ભાવ વધારાથી રિક્ષાચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે, તો મુસાફરોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોઈટર્સે સ્થાનિક મુસાફર મોહમ્મદ રમઝાનને ટાંકીને જણાવ્યું હતું કે જ્યારે એક ડ્રાઈવરે શહેરમાં સવારી માટે ૫૦૦ રૂપિયા માંગ્યા ત્યારે તેણે અડધી રકમ ચૂકવવાની ઓફર કરી, પરંતુ ડ્રાઈવરે જવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો.

પાકિસ્તાન LPG કટોકટી એકમાત્ર સમસ્યા નથી જે દેશનો સામનો કરી રહી છે; શ્રેણીબદ્ધ કટોકટીઓ પાકિસ્તાનના સંસાધનોને ખતમ કરી રહી છે. ઓક્ટોબરમાં પાકિસ્તાનમાં ફુગાવો ૯.૬% સુધી પહોંચી ગયો હતો, ત્યારે પાકિસ્તાનની સેન્ટ્રલ બેંકે ગયા અઠવાડિયે વ્યાજ દર વધારીને ૧૨% કર્યા હતા, જેમાં ઊર્જા અને ઘઉંના ભાવનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. યુએસ-ઈરાન યુદ્ધને કારણે પેટ્રોલ અને હાઈ-સ્પીડ ડીઝલના ભાવ પહેલાથી જ ૪૦% વધી ગયા છે. (૪૦.૧૭)

મેટોડા જીઆઇડીસીમાં ગાંજાના જથ્થા સાથે સરફરાઝ પકડાયો

૮૪,૩૦૦નો ગાંજાનો જથ્થો કબ્જે : એન્ટીનોર્કોટીંકસ વિંગનો દરોડો



તસ્વીરમાં ગાંજા સાથે પકડાયેલ શખ્સ નજરે પડે છે. (૯.૧૬)

રાજકોટ, તા. ૪ : મેટોડા જીઆઈડીસીમાં એન્ટીનોર્કોટીકસ વિંગએ દરોડો પાડી ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો.

માદક પદાર્થને લગતી ગેરકાયદેસર પ્રવૃત્તિ નાબુદ કરવા સૂચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અનુસંધાને એન્ટી નાર્કોટીકસ વિંગ એ સરફરાજ હુસૈન પીર મહમ્મદ રહે. મેટોડા જીઆઈડીસી ગેઈટ નં. ૩ તા. લોધીકા, રહે. મુળ યુપી પોતાના કબ્જામાં માદક પદાર્થ ગાંજાનો જથ્થો વેચાણ અર્થે રાખેલ છ. તેવી ચોકકકસ હકિકત આધારે રેઈડક રી મજકુર ઈસમના કબ્જામાંથી માદક પદાર્થ ગાંજાનો જથ્થો ૧ કિલો ૬૮૬ ગ્રામ જેની કિ. રૂા. ૮૪,૩૦૦ તથા મોબાઈલ મળી કુલ ૮૯,૩૦૦ ના મુદ્દામાલ સાથે પકડાયેલા મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે એન. ડી. પી. એસ. એક્ટ મુજબનો ગુન્હો દાખલ કરાવ્યો હતો.

આ કાર્યવાહી એન્ટી નાર્કોટીકસ વિંગના પો.ઈન્સ. જે.એ. ખાચર, પો. સબ. ઈન્સ. જી.જે. ઝાલા, પો. હેડ કોન્સ. વિજયભાઈ વેગડ, સુરપાલસિંહ જાડેજા, ચીરાગભાઈ કોઠીવાર, પો. કોન્સ. લકક્કીરાજસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ ગોહિલ, એસ.ઓ.જી. શાખાના પો. હેડ કોન્સ. મયુરભાઈ વિરડા, પો. કોનસ. વિપુલભાઈ ગોહિલ, વિજયગીરી ગોસ્વામી, નવદિપભાઈ બાબરીયા દ્વારા કરવામાં આવેલ છે. (૯.૧૬)

રાજકોટના યુવા એડવોકેટ મહેન ગોંડલીયાનો જન્મદિન



રાજકોટ : યુવા ધારાશાસ્ત્રી મહેન એમ. ગોંડલીયાનો આજે જન્મદિવસ છે. તેમણે વર્ષે-૨૦૧૯ માં સનંદ મેળવી સિવિલ, ક્રિમીનલ તથા રેવન્યુ સહીતના કાયદાકીય ક્ષેત્રોમાં પ્રેકટીસ કરી રહયા છે તેઓ પોતાની મહેનત, નિષ્ઠા અને કાયદાકીય જ્ઞાનના આધારે પક્ષકારોને ન્યાય મેળવવામાં માર્ગદર્શન આપવાના હેતુથી કાર્યરત છે. તેઓ હાલ રાજકોટ બાર એસો. પુર્વ પ્રમુખ અર્જુનભાઈ પટેલ સાથે પ્રેકટીસ કરી રહયા છે.

તેમના જન્મદિવસ નિમીતે પરીવારજનો, મિત્રો, સ્નેહીજનો તથા વકિલમીત્રો તરફથી તેમના મો.નં. ૭૬ ૦૦ ૭૬ ૧૦ ૭૬ પર શુભેચ્છાઓનો ધોધ વરસી રહયો છે. તેઓ જીવનમાં સતત પ્રગતિ કરે, વકીલાતક્ષેત્રે વધુ સફળતા પ્રાપ્ત કરે અને સમાજમાં માન-સન્માન મેળવે તેવી શુભકામનાઓ વ્યકત કરવામાં આવી રહી છે. (૯.૧૫)

■ પ્રથમ પાનાથી ચાલુ

અમેરિકી ચૂંટણીમાં ભારતીયો માટે 'કહી ખુશી કહી ગમ'

વિવેક રામાસ્વામી ઓહિયો ગવર્નરની ચૂંટણી હારી ગયા છે. ટ્રમ્પના નજીકના સાથી વિવેક રામાસ્વામી માટે આ એક મોટો ફટકો છે.

મેરીલેન્ડમાં ડેમોક્રેટિક ગવર્નર વેસ મૂરના ફરીથી ચૂંટાયાના અંદાજ સાથે, ભારતીય-અમેરિકન લેફ્ટનન્ટ ગવર્નર અરુણા મિલરને તેમનું પદ જાળવી રાખવાની ખાતરી છે. મૂરની સાથે ચૂંટણી લડનારા મિલરે રિપબ્લિકન લેફ્ટનન્ટ ગવર્નર ઉમેદવાર રોબ ક્રોપને હરાવ્યા છે, જે ભૂતપૂર્વ સ્ટેટ ડેલિગેટ ડેન કોક્સના રનિંગ મેટ હતા.

ફ્લોરિડાના ૨૨મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાં, ડેમોક્રેટ પિયા ડાન્ડિયા રિપબ્લિકન ઉમેદવાર કેસી અસ્કરથી આગળ છે. ૯૪ ટકા મતોની ગણતરી થઈ ગઈ છે, જેમાં ડાન્ડિયાને આશરે ૫૨ ટકા મત મળ્યા છે જ્યારે અસ્કરને ૪૮ ટકા મત મળ્યા છે. વિજેતા હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ ડાન્ડિયાને નિર્ણાયક લીડ માનવામાં આવે છે.

ઉત્તર કેરોલિનાના ડેમોક્રેટિક ઉમેદવાર રોય કૂપર જીતી ગયા છે. તેઓ અગાઉ રિપબ્લિકન દ્વારા કબજે કરાયેલી સેનેટ બેઠક જીતનારા પ્રથમ ઉમેદવાર બન્યા છે. સમર્થકોને સંબોધતા, કૂપરે કહ્યું કે ઉત્તર કેરોલિનામાં ઘણા લોકો માટે, મધ્યમ વર્ગનો ભાગ બનવું એક દૂરનું સ્વપ્ન બની રહ્યું હતું, પરંતુ તમે તમારો અવાજ મજબૂત રીતે સંભળાવ્યો છે.

ઓહિયો ગવર્નરની ચૂંટણીમાં ડેમોક્રેટ એમી એક્ટને ભારતીય-અમેરિકન રિપબ્લિકન ઉમેદવાર વિવેક રામાસ્વામી પર નિર્ણાયક લીડ મેળવી છે. એક ચતુર્થાંશ મતોની ગણતરી સાથે, એક્ટનને ૬૩ ટકા મત મળ્યા છે, જ્યારે રામાસ્વામીને ૩૪ ટકા મત મળ્યા છે. આમ, વિવેકની હાર નિશ્ચિત છે.

ડેમોક્રેટિક સેનેટર એડ માર્કીના મેસેચ્યુસેટ્સમાં ફરીથી ચૂંટાઈ આવવાનો અંદાજ છે. આનો અર્થ એ થયો કે ભારતીય-અમેરિકન સ્વતંત્ર ઉમેદવાર શિવા અય્યાદુરાઈ હારી ગયા છે, જે ભારતીય-અમેરિકન ઉમેદવારો માટે વધુ એક ઝટકો છે.

હાઉસ ડિસ્ટ્રિક્ટ ૯૭ માટે જ્યોર્જિયાની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય-અમેરિકન ડેમોક્રેટ જ્યોત સિહે રિપબ્લિકન યાસીન મોઘાજી સામે શરૂઆતથી લીડ મેળવી છે. ઉત્તર કેરોલિનાના રિપબ્લિકન મહેશ ગાનોરકર અને ટેક્સાસના ડેમોક્રેટ પૂજા સેઠી હજુ પણ અંતિમ પરિણામોની રાહ જોઈ રહ્યા છે.

યુએસમાં ૩ નવેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની ૪૩૫ બેઠકો અને સેનેટની ૩૫ બેઠકો માટે છે. ગવર્નર, રાજ્ય વિધાનસભા અને મ્યુનિસિપલ ઓફિસ માટે પણ ચૂંટણીઓ યોજાઈ રહી છે. (૪૦.૩૪)

■ પ્રથમ પાનાથી ચાલુ

તેહરાનમાં લાગ્યા વિવાદિત હોર્ડિંગ્સ

તેના પર સ્થાનિક અને અંગ્રેજી ભાષામાં બદલો લેવાના આકરા શબ્દો અંકિત કરવામાં આવ્યા છે. પૂર્વ સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈના મૃત્યુનો બદલો કોઈપણ ભોગે લેવાના સંકલ્પ સાથે આ સમગ્ર વિરોધ અભિયાન સરકારી સમર્થન સાથે છેડાયું હોવાનું માનવામાં આવે છે.

નેતન્યાહુ અને યુએસ નેતૃત્વની તસવીરો સાથે બદલાનો સંકલ્પઃ શહેરના અન્ય એક મહત્વના માર્ગ પર વિશાળકાય બિલબોર્ડ લગાવવામાં આવ્યું છે જેમાં અનેક અગ્રણી નેતાઓને એકસાથે દર્શાવાયા છે.આ ચિત્રમાં અમેરિકી રાષ્ટ્રપતિ સાથે ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ, વિદેશી દૂત સ્ટીવ વિટકોફ અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને પણ સ્થાન અપાયું છે. ચારેય નેતાઓના ચહેરા પર ઈજાના નિશાનો, ફાટેલા સુટ્સ અને પૃષ્ઠભૂમિમાં અમેરિકા તથા ઈઝરાયેલના ક્ષતિગ્રસ્ત ધ્વજ દર્શાવીને આક્રોશ પ્રગટ કરવામાં આવ્યો છે.

મિડટર્મ ચૂંટણીઓ ટાણે નવા સૈન્ય સંઘર્ષની વધતી આશંકાઓ-આ પોસ્ટરો એવા સમયે સપાટી પર આવ્યા છે જ્યારે મધ્યવર્તી ચૂંટણીઓ બાદ ઈરાન પર નવા સંયુક્ત સૈન્ય કાર્યવાહીના અહેવાલો મળી રહ્યા છે.

અમેરિકી મીડિયા સંસ્થાઓના દાવા મુજબ પશ્ચિમી સાથી દેશો સંભવિત સૈન્ય હુમલાની તૈયારીઓ કરી રહ્યા છે. આ પરિસ્થિતિને જોતાં સ્થાનિક વહીવટીતંત્રે પોતાના તમામ સંવેદનશીલ પરમાણુ મથકોની આસપાસ હવાઈ સંરક્ષણ સિસ્ટમ તૈનાત કરીને સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દીધી છે.

તજરીશ સ્કવેર ખાતે કલા પ્રદર્શની અને જેલ સેલનું મોડેલઃ ઉત્તરી તેહરાનના પ્રખ્યાત તજરીશ સ્કવેર ખાતે એક ઓપન એર પ્રદર્શની પણ ગોઠવવામાં આવી છે જેમાં અપમાનજનક પેઈન્ટિંગ્સ રજૂ કરાઈ છે.

એક ચિત્રમાં વિદેશી નેતાને જમીન પર પડેલા દર્શાવાયા છે, જ્યારે અન્ય એક કૃતિમાં વિસ્ફોટક બોમ્બ વડે તેમનો ચહેરો ઢંકાયેલો રખાયો છે. આ સ્થળ નજીક પ્રતિકાત્મક જેલ કોઠરી પણ ઊભી કરાઈ છે જેમાં હૂબહૂ દેખાતો અભિનેતા હાજર રહે છે અને બાજુની ડિજિટલ સ્ક્રીન પર બોમ્બમારાથી થયેલા નુકસાનના વિડીયો દર્શાવાય છે.

૧૯૭૯ ની ક્રાંતિ પછીની પ્રચાર પરંપરા અને વધતી કડવાશ- જાહેર સ્થળોએ આ પ્રકારે વિદેશી વિરોધીઓને નિશાન બનાવતી ભીંતચિત્રો અને હોર્ડિંગ્સની પરંપરા વર્ષ ૧૯૭૯ ની ઈસ્લામિક ક્રાંતિ બાદથી ચાલતી આવે છે.

સ્થાનિક તંત્ર પોતાના સમર્થકોનો જુસ્સો વધારવા અને વિરોધી દેશો સામે કૂટનીતિક દબાણ લાવવા માટે કલા અને પ્રચાર સાધનોનો ઉપયોગ કરતું આવ્યું છે. જોકે રાષ્ટ્રપ્રમુખ સામે ખુલ્લેઆમ આવી હિંસક ચેતવણીઓ આપવાથી વૈશ્વિક સ્તરે મોટો સુરક્ષા ખતરો ઊભો થયો છે.(૨૩.૨)

રાજકોટના કુબલીયાપરાનો બનાવઃ છરીનો એક જ ઘા જીવલેણ નીવડ્યો

૬૦ હજાર રૂપિયાની ઉઘરાણી મામલે ત્રણ ભાણેજે સગા મામા ચીનાભાઇ જાડેજાની હત્યા કરી નાંખી

શાકભાજી વેંચી ગુજરાન ચલાવતાં પ્રૌઢે સાત મહિના પહેલા સારવાર માટે ભાણેજ પાસેથી પૈસા લીધા હતાંઃ તે પાછા ન આપી શકતાં પરમ દિવસે છરી ઝીંકાઇ હતીઃ થોરાળા પીઆઇ એસ. પી. સોઢા અને ટીમે પોલીસે ત્રણ આરોપીઓ કમલેશ ઉર્ફે યોગો પરમાર, અમિત ઉર્ફે હોજરી અને વિજય પરમારને દબોચી લીધા



તસ્વીરમાં હત્યાનો ભોગ બનેલા ચીનાભાઈ હરિભાઈ જાડેજાનો મૃતદેહ અને ફાઇલ ફોટો, શોકમય સ્વજનો અને હુમલા બાદ ઘર સળગાવાયાનો આક્ષેપ થયો હતો તે દ્રશ્ય જોઇ શકાય છે

રાજકોટ તા. ૪ઃ શહેરમાં હત્યાની વધુ એક ઘટના બની છે. ભાવનગર રોડ પર કુબલીયાપરામાં રહેતાં શાકભાજીના ધંધાર્થી પ્રૌઢે સાતેક મહિના પહેલા તેના ભાણેજ પાસેથી પોતાની સારવાર માટે રૂા. ૬૦ હજાર લીધા હોઈ આ રકમ હાલ ધંધો ચાલતો ન હોઈ તેઓ પાછી આપી શક્યા નહોતાં. દરમિયાન પરમ દિવસે સાંજે તેઓ ઘર પાસે હતાં ત્યારે ત્રણ ભાણેજોએ આવી અમારા પૈસા કેમ આપતાં નથી? કહી ગાળો દઈ ધોલધપાટ કર્યા બાદ ત્રણ પૈકી એક ભાણેજે પડખામાં છરી ભોંકી દેતાં ગંભીર ઈજા થઈ હતી. સારવાર દરમિયાન રાતે આ પ્રૌઢનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. ભાણેજોએ વ્યાજે નાણા દીધાનો અને વ્યાજની ઉઘરાણી માટે હત્યા કર્યાનો આક્ષેપ મૃતકના પરિવારજનોએ કર્યો હતો. પોલીસે ગત સાંજ જ ત્રણેય આરોપીઓને સકંજામાં લઈ લીધા હતાં.

આ બનાવમાં થોરાળા પોલીસે હત્યાનો ભોગ બનેલા ચીનાભાઈ હરિભાઈ જાડેજા-દેવીપૂજક (ઉ.વ.૫૨) સારવાર હેઠળ હતાં તે વખત તેમની ફરિયાદ નોંધી હતી. તેના આધારે તેના જ ત્રણ સગા ભાણેજો કુબલીયાપરામાં રહેતાં કમલેશ ઉર્ફે યોગો રાજેશભાઈ પરમાર, વિજય રાજેશભાઈ પરમાર અને અમિત ઉર્ફે હોજરી રાજેશભાઈ પરમાર સામે ગુનો દાખલ કર્યો હતો. આરોપીઓને રાતે પોલીસે સકંજામાં પણ લઈ લીધા હતાં. એ દરમિયાન ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ચીનાભાઈ જાડેજાનું રાતે મૃત્યુ થતાં બનાવ હત્યામાં પલ્ટાઈ જતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

હત્યાનો ભોગ બનેલા ચીનાભાઈ જાડેજા કુબલીયાપરા ચારબાઈ માતાજીના મઢની સામે મફતીયાપરામાં રહેતાં હતાં અને શાકભાજી વેંચી ગુજરાન ચલાવતાં હતાં. તેમણે સારવાર વખતે ફરિયાદમાં જણાવ્યું હતું કે હું સાતેક મહિના પહેલા હૃદયની બિમારીનો ભોગ બનતાં મારે સારવાર માટે પૈસાની જરૂરીયાત ઉભી થઈ હતી. તે વખતે મેં મારા સગા ભાણેજ કમલેશ ઉર્ફે યોગો પરમાર પાસેથી હાથ ઉછીના રૂા. ૬૦ હજાર લીધા હતાં. આ પૈસા મારે તેને આપવાના બાકી હતાં. મારી પાસે હાલમાં સગવડ ન હોઈ પૈસા આપી શક્યો નહોતો. પણ ભાણેજ કમલેશ વારંવાર મારી પાસે પૈસાની ઉઘરાણી કરતો હતો. હું તેને કહેતો કે હાલ મારે ધંધો નથી, પૈસા થશે એટલે આપી દઈશ.

આ દરમિયાન તા. ૨/૧૧ના સાંજે સાડા સાતેક વાગ્યે હું કુબલીયાપરા ચંદ્રિકા પાન પાસે હતો ત્યારે મારા ત્રણ ભાણેજ કમલેશ ઉર્ફે યોગો, વિજય અને અમિત ઉર્ફે હોજરી આવ્યા હતાં. આ ત્રણેયએ-તમે કેમ અમારા ૬૦ હજાર પાછા આપતા નથી? તેમ કહી ઝઘડો કરી ગાળો દીધી હતી. આ વખતે પણ મેં કહેલું કે હાલ સગવડ નથી, સગવડ થશે એટલે આપી દઈશ. આમ કહેતાં ત્રણેય વધુ ગાળો દઈ મને મારકુટ કરવા માંડ્યા હતાં. આ દરમિયાન કમલેશ ઉર્ફે યોગાએ નેફામાંથી છરી કાઢી મને ડાબા પડખામાં એક ઘા મારી દેતાં લોહી નીકળવા માંડતાં દેકારો મચાવતાં આ ત્રણેય ભાગી ગયા હતાં.

આ વખતે મારી દિકરી સીમા, મારી ભત્રીજી સરોજ ઉર્ફે કિર્તી અને મારા પત્નિ શોભનાબેનને કોઈએ જાણ કરતાં તે આવી ગયા હતાં અને મને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતાં. ચીનાભાઈની ઉપરોક્ત ફરીયાદને આધારે થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. પી. સોઢાની રાહબરીમાં એએસઆઈ જી.ડી.શીયારે ગુનો દાખલ કર્યો હતો. ગત સાંજે થોરાળા પોલીસે ત્રણેય આરોપીઓને અટકાયતમાં લઈ પુછતાછ શરૂ કરી હતી. એ દરમિયા ચીનાભાઈને સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. રાતે તેણે દમ તોડી દેતાં આ બનાવ હત્યામાં પલ્ટાઈ જતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોલીસે હત્યાની કલમ નોંધવા તજવીજ હાથ ધરી હતી.

હત્યાનો ભોગ બનેલા ચીનાભાઈ જાડેજા બકાલુ વેંચી ગુજરાન ચલાવતાં હતાં. તે ચાર બહેન અને ત્રણ ભાઈમાં ત્રીજા હતાં. અન્ય ભાઈ, બહેનોના નામ હંસાબેન, ભરતભાઈ, રેખાબેન, ધમાભાઈ, કારીબેન, ઉષાબેન છે. તેને સંતાનમાં છ દિકરા અને બે દિકરી છે. જેના નામ સીમા, શની, રાધિકા, આકાશ, સંતોષ, રોહિત, રોહન અને રાજેશ છે. આ બનાવથી પરિવારમાં શોક છવાઈ ગયો છે. (૧૪.૭)

હુમલો કર્યા બાદ ચીનાભાઇના દિકરાના ઘરને આગ લગાડાયાનો પણ આક્ષેપ

■ચીનાભાઈને છરી ઝીંકી દેવાઈ પછી પરિવારજનો તેને સારવાર માટે લઈ ગયા ત્યારબાદ ચીનાભાઈના દિકરા આકાશના ઘરને પણ આગ લગાડી દેવામાં આવતાં તેમાં દિવાળીમાં વેંચવા માટેના તોરણ સહિતનો શણગાર, ઘરવખરી અને અમુક રોકડ બળી ગયાનો આક્ષેપ પણ ચીનાભાઈના પરિવારજનોએ કર્યો હતો. ચીનાભાઈના ત્રણેય ભાણેજો અગાઉ પણ અનેક ગુનામાં સંડોવાઈ ગયાનો આક્ષેપ પણ તેના પરિવારજનોએ કર્યો હતો. પોલીસ આકરી કાર્યવાહી કરી ન્યાય આપે તેવી માંગણી પણ કરી હતી. (૧૪.૭)

મૃતકના ભાઇ-પુત્રનો આક્ષેપઃ ઉછીના નહિ ૬૦ હજાર વ્યાજે દીધા હતાં અને ચીનાભાઇ ૨૦ ટકા વ્યાજ ભરતાં હતાં

■હત્યાનો ભોગ બનેલા ચીનાભાઈના ભાઈ, પુત્ર સહિતનાએ આક્ષેપો સાથે જણાવ્યું હતું કે ચીનાભાઈએ સારવાર માટે ભાણેજો પાસેથી રૂા. ૬૦ હજાર ઉછીના નહિ પણ વ્યાજે લીધા હતાં અને દર મહિને ૨૦ ટકા લેખે વ્યાજ ભરતાં હતાં. બે મહિનાનું વ્યાજ ચડત થઈ જતાં ભાણેજોએ ઝઘડો કરી તેમને છરીનો ઘા ઝીંકી દીધો હતો. જેના કારણે મોત થયું છે. (૧૪.૭)

ટ્રમ્પે જણાવ્યું હતું કે ઇઝરાયલ હવે સમૃદ્ધ અને શક્તિશાળી દેશ છે, તેને અમેરિકાની અગાઉ જેવી નાણાકીય સહાયની જરૂર નથી

ઇઝરાયલને ટ્રમ્પનો સૌથી મોટો આંચકોઃ દર વર્ષની ૪ અબજ ડોલરની અમેરિકી સહાય બંધ કરવાની જાહેરાત

મધ્યસત્ર ચૂંટણી વચ્ચે ટ્રમ્પનો ચોંકાવનારો નિર્ણયઃ નેતન્યાહુ સાથે સહમતી થયાનો દાવો, ૨૦૨૮ સુધીનો કરાર હોવાથી અમલ સામે પ્રશ્નોઃ જોકે અમેરિકા ઇઝરાયલને શસ્ત્રોનું વેચાણ ચાલુ રાખશે અને જરૂરિયાત ઊભી થાય તો મદદ પણ કરશે

વોશિંગ્ટન, તા. ૪ઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષ ૨૦૨૬ના અંત પછી ઇઝરાયલને દર વર્ષે આપવામાં આવતી આશરે ૪ અબજ ડોલરની સહાય બંધ કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે આ અંગે સહમતી થઈ છે. જોકે અમેરિકી કોંગ્રેસની ભૂમિકા અને અગાઉના સહાય કરારને કારણે આ નિર્ણયનો અમલ કેવી રીતે થશે તે હજી સ્પષ્ટ નથી.

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીઓ વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલને આપવામાં આવતી વાર્ષિક આર્થિક અને લશ્કરી સહાય અંગે મહત્ત્વપૂર્ણ જાહેરાત કરતાં આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ચર્ચા જગાવી છે. ટ્રમ્પે એક ટેલિવિઝન મુલાકાતમાં જણાવ્યું હતું કે ઇઝરાયલ હવે સમૃદ્ધ અને શક્તિશાળી દેશ છે તથા તેને અમેરિકાની અગાઉ જેવી નાણાકીય સહાયની જરૂર નથી.

ટ્રમ્પના જણાવ્યા અનુસાર વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે છેલ્લા કેટલાક સમયથી આ મુદ્દે ચર્ચા ચાલી રહી હતી અને બંને વચ્ચે સહમતી થઈ છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે સહાય બંધ કરવાનો અર્થ ઇઝરાયલ સાથેના સંબંધો તોડવાનો નથી. અમેરિકા ઇઝરાયલને શસ્ત્રોનું વેચાણ ચાલુ રાખશે અને જરૂરિયાત ઊભી થાય તો મદદ પણ કરશે.

અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે વર્ષ ૨૦૧૬માં થયેલા કરાર મુજબ દસ વર્ષમાં કુલ ૩૮ અબજ ડોલરની સહાયની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમાં દર વર્ષે અંદાજે ૩.૮ અબજ ડોલરની લશ્કરી સહાયનો સમાવેશ થાય છે. આ કરાર સપ્ટેમ્બર ૨૦૨૮ સુધી અમલમાં રહેવાનો હોવાથી વર્ષ ૨૦૨૬ના અંતે સહાય એકાએક બંધ કરવાના નિર્ણય માટે અમેરિકી કોંગ્રેસની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહેશે.

ઇઝરાયલના વિરોધપક્ષના નેતા ગાદી આઇઝનકોટ અને યાઇર ગોલાને આ જાહેરાત સામે ગંભીર વાંધો ઉઠાવ્યો છે. તેમના મતે હાલની સુરક્ષા પરિસ્થિતિમાં અમેરિકાની સહાય બંધ થવાથી ઇઝરાયલની સંરક્ષણ ક્ષમતાને મોટો ફટકો પડી શકે છે. ટ્રમ્પની જાહેરાત બાદ નેતન્યાહુ તરફથી તેની જાહેર પુષ્ટિ તાત્કાલિક કરવામાં આવી નહોતી.

અમેરિકાની ચૂંટણીમાં ઇઝરાયલને મળતી સહાય પણ રાજકીય ચર્ચાનો મુદ્દો બની છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે ડેમોક્રેટિક ઉમેદવારો અમેરિકાની આ સહાયનો ઉપયોગ રિપબ્લિકન પાર્ટી સામે ચૂંટણીપ્રચારમાં કરી રહ્યા છે. આમ, ટ્રમ્પની જાહેરાતને અમેરિકાની આંતરિક રાજનીતિ તેમજ પશ્ચિમ એશિયાની સુરક્ષા અને રાજદ્વારી સંબંધોના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ઉપર દર્શાવેલા અમેરિકાની ચૂંટણીના બેઠકવાર આંકડા ભારતીય સમય પ્રમાણે ૪ નવેમ્બર, ૨૦૨૬ની સવારના આશરે ૮:૩૫ વાગ્યા આસપાસના ઉપલબ્ધ પરિણામો આધારિત છે. મતગણતરી આગળ વધતાં આ આંકડા બદલાશે. ડેમોક્રેટ્સની પ્રતિનિધિગૃહમાં બહુમતી અંગેની આગાહી જાહેર થઈ છે, પરંતુ તમામ બેઠકોનાં અંતિમ પ્રમાણિત પરિણામો હજી બાકી છે.(૪૦.૪૫)

ગોંડલ-ધોરાજીના એનડીપીએસના ગુન્હામાં વોન્ટેડ આરોપીને એલસીબીએ ઝડપી લીધો

રાજકોટ તા. ૪ :.. ગોંડલ અને ધોરાજીના એનડીપીએસના ગુન્હામાં વોન્ટેડ આરોપીને રૂરલ એલસીબીએ ઝડપી લીધો હતો.

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડવા ૩ટે સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે રૂરલ એલસીબીએ બી ડીવી. પો. સ્ટે. ગોંડલ તથા ધોરાજી તાલુકા પો. સ્ટે.ના



એનડીપીએસ બે ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપી સાજીદભાઈ ઉર્ફે ભીખો સન-ઓફ રહીમભાઈ ઉર્ફે બોબલભાઈ રહેમાનભાઈ તરકવાડીયા રહે. ગઢડા ખાટકીવાસ જીનનાકા પુલ પાસેને ગોંડલ આશાપુરા ચોકડી પાસેથી પકડી પાડી ગોંડલ પોલીસના હવાલે કર્યો હતો.

આ કાર્યવાહી એલસીબી રાજકોટ ગ્રામ્યના પીઆઈ જે.પી.રાવલ, પીએસઆઈ કે. એમ. ચાવડા, પીએસઆઈ એચ. સી. ગોહીલ, પીએસઆઈ આર. વી. ભીમાણી, પીએસઆઈ પી. નેભ. ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા, એએસઆઈ જયવીરસિંહ રાણા, એએસઆઈ અનિલભાઈ ગુજરાતી, એચ.સી. પ્રહલાદસિંહ રાઠોડ, એચસી ભગીરથસિંહ જાડેજા, એચસી ધર્મેન્દ્રભાઈ ચાવડા, એચસી રણજીતભાઈ બારડ, પીસી વિજયભાઈ ખડીયા દ્વારા કરવામાં આવી હતી. (૫-૧૩)

જામકંડોરણામાં મકાન વેચાણના નામે બે ભાઇઓના ખાતામાંથી ૨૫ લાખ ઉપાડી છેતરપીંડી

૫.૫૦ લાખનું લોનવાળુ મકાન ખેતમજુર આધેડને પધરાવી દિધુઃ દંપતિ સામે જામકંડોરણા પોલિસ મથકમાં ફરીયાદ

રાજકોટ, તા. ૪ઃ જામકંડોરણાના તરકાસર ગામે રહેતા પ્રવિણભાઈ બચુભાઈ ધાનાણી (ઉ.વ. ૫૫) અને તેના ભાઈ સાથે રૂા.૯.૫૦ લાખમાં મકાન વેચાણના વિજય યશવંતરાય ચંડવાણીયા અને તેની પત્ની જાગૃતીબેન (રહે. બન્ને જામકંડોરણા) એ રૂા. ૨૫.૨૬ લાખ તેના બેંક ખાતામાંથી ઉપાડી લઈ રૂા. ૫.૫૦ લાખની બાકી લોનવાળુ મકાન વેચી ધમકી આપી ઠગાઈ કર્યાની જામકંડોરણા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

ખેતમજુરી કરતા પ્રવિણભાઈએ પોલીસ ફરીયાદમાં જણાવ્યુ કે તેના પાંચેય ભાઈ-બહેનના નામે ગામની સીમમાં બાર વિઘા જમીન છે. જે ૨૦૨૨ માં રાજકોટના મનીષભાઈ ગજેરાને ૩૩ લાખમાં વેચાણ કરી હતી. જે જમીન વેચાણના રૂા. ૭ લાખ પોતાના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા. તેમજ તેના ભાઈ દિનેશભાઈએ તેના ખાતામાં ૮ લાખ જમા કરાવ્યા હતા. આમ બન્ને ભાઈઓના ખાતામાં રૂા. ૨૬.૪૦ લાખ હતા. જયારે બીજા ૬.૬૦ લાખ હતા તે બીજા ખા માટે રાખેલા હતા.

ત્યાર બાદ જામકંડોરણામાં મકાન લેવાની વાત તેના જ ગામના કાળુભાને કરતા બન્ને આરોપી વિજય ચંદવાણીયા કે જેનું મકાન વેચાણે હતુ તેનું મકાન જોઈ વાતચીત કરતા આરોપીએ સાડા નવ લાખ જણાવ્યા હતા. જેથી મકાન લેવાનું નક્કિ કરી આરોપીને રૂા. ૨ લાખ સુથી પેટે આપેલ હતા. બાદમાં આરોપી તેને ફોન કરી જામકંડોરણા બોલાવી 'તમારા બેંક ખાતાના ચેકોની જરૂર પડશે તો જ દસ્તાવેજ મકાનનો થશે તેમ કહી તેના પાસેથી સહિવાળા ચેક લઈ રૂા. ૭.૫૦ લાખ ઉપાડી લીધા હતા. આવીજ રીતે તેના ભાઈ દિનેશભાઈના ખાતાના ચેકો મારફતે રૂા. ૭.૨૩ લાખ મળી ચેક અને એટીએમ કાર્ડ કઢાવી કુલ રૂા. ૨૫.૨૬ લાખ છેતરપીંડીથી ઉપાડી લીધા હતા. આરોપી વિજયનું મકાન ન તેના પત્નિ જાગૃતીબેનના નામે હોવાથી તેના વેચાણ દસ્તાવેજ ગઈ તા. ૧૦-૭-૨૩ ના ૬.૫૦ લાખની જંત્રી પ્રમાણે કરી આપ્યો હતો.

આ દસ્તાવેજ વેરીફાઈ કરતા તેમાં એક લોનનાં ૫.૫૦ લાખ ભરવાના બાકી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી છેતરપીંડી અંગે તેણે આરોપીને ફરીયાદ કરવાનું કહેતા આરોપી દંપતીએ ગઈ તા. ૨-૧૨-૨૪ ના લોન ભરપાઈ કરવા નાણા મળ્યાના કરાર કરી લોન ભરી દેવાનું જણાવ્યું હતું. તેમજ બન્નેના સંયુકત એકાઉન્ટમાંથી રૂા. ૧૦.૫૦ લાખનો ચેક આપ્યો હતો. પરંતુ લોન ભરપાઈ ન કરતા આરોપીએ આપેલા ચેક નાખતા તે એકાઉન્ટ બંધ થયાનું જાણવા મળતા વકિલ મારફતે નોટીસ મોકલી હતી જેથી બન્ને આરોપીએ તેના ઘરે જઈ 'ચેક બાઉન્સની ફરીયાદ કોર્ટમાં કરતો નહી, નહિ તો તને ખોટા ગુનામાં ફીટ કરી દેવો પડશે' કહી ધમકી આપી હતી. જેથી ગઈ તા. ૧૫-૧૧-૨૫ ના કોર્ટમાં ચેક રીટર્ન અંગે ફરીયાદ કરી હતી. બીજી તરફ આરોપીઓએ પૈસા આપી દેવાનું કહેવા છતા નહી આપતા કે લોન ભરપાઈ નહી કરતા અંતે ફરીયાદ નોંધાવી હતી.(૬.૮)

આટકોટના સાણથલી ગામના વેપારીની જમીનનો વ્યાજખોરોએ દસ્તાવેજ કરાવી લીધોઃ ૪ સામે ફરિયાદ

(કરશન બામટા દ્વારા) આટકોટ તા.૪ઃ આટકોટના સાણથલી ગામના વેપારીની ખેતીની જમીનનો બળજબરીપૂર્વક દસ્તાવેજ કરાવી લેનાર ૪ વ્યાજખોરો સામે પોલીસમાં ફરીયાદ થઈ છે.

મળતી વિગતો મુજબ ગીરધરભાઈ જીવરાજભાઈ પાધરા ધંધો વેપાર રહે. સાણથલી, દુધેશ્વર મંદિર પાછળ, તા. જસદણએ આરોપી (૧) ભગુભાઈ વલકુભાઈ જેબલીયા, (૨) પ્રતાપભાઈ ભગુભાઈ જેબલીયા, (૩) રાજુભાઈ ભગુભાઈ જેબલીયા રહે ત્રણેય સાણથલી તથા (૪) ભરતભાઈ વીસાભાઈ સાપરા રહે. જસદણ સામે આટકોટ પોલીસ મથકમાં ફરીયાદ કરી છે.ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓ પાસે નાણાં ધીરધાર કરવા લાયસન્સ/નોંધણી ન હોવા છતાં આરોપીઓએ સને ૨૦૧૭માં ફરિયાદીને રૂ.૧,૫૦,૦૦૦/ માસિક ૩ટકા વ્યાજના દરે નાણાં ધીરાણ આપી, ફરીયાદી દ્વારા વ્યાજ ભરપાઈ ન કરતા આરોપીઓએ ફરિયાદીને તથા તેના પરીવારને મારી નાખવાની ધમકી આપી, ફરીયાદીની જસદણ તાલુકાના સાણથલી ગામની રેવન્યુ સર્વે નંબર ૩૪૫ પૈકી ૧ પૈકી હે.આર.ચો.મી.૦૪૦ ૪૭ વાળી જમીન આવેલ હોય જે જમીનનો બળજબરી પુર્વક વેચાણ દસ્તાવેજ સીક્યુરીટી પેટે કરાવી લઈ, રૂપીયા પાછા આપીએ વેચાણ દસ્તાવેજ પરત કરી દેવાની ખાત્રી આપેલ, જેથી આરોપી નંબર ૨ નાએ આરોપી નંબર ૪ સાથે સંપર્ક કરાવી તેઓ પાસેથી વ્યાજવા રૂપીયા ૩,૦૦,૦૦૦/માસીક ત્રણ ટકાના દરે આપવાની વાત કરી ફરીયાદીની જમીનનો વેચાણ દસ્તાવેજ કરી રૂ. ૧,૫૦,૦૦૦/ આપી બાકીની રકમ ન આપી, આરોપી નંબર ૪ ને ફરીયાદીએ સીકયુરીટી પેટે આપેલ જમીન આરોપી નંબર ૨ ને ફરીયાદીની કોઈપણ પ્રકારની મંજુરી વગર બારોબાર વેચાણ દસ્તાવેજ કરી, ફરીયાદી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ફરીયાદ અન્વયે આટકોટ પોલીસે ઉકત ચારેય વ્યાજખોરો સામે ગુન્હો દાખલ કર્યો હતો. વધુ તપાસ પી.આઈ. આર.એમ. રાઠોડ ચલાવી રહયા છે.(૨.૧૦)

પોરબંદર પાસે ગેસ્ટ હાઉસમાં દારૂની મહેફિલ ઉપર પોલીસ ત્રાટકી : 3 ઝડપાયા



(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા. ૪ : નજીકમાં બોખીરો રસ્તાની ગોળાઈમાં આવેલા ગેસ્ટ હાઉસમાં દારૂની મહેફિલ ઉપર પોલીસ ટીમે ચેકિંગ કરીને ૩ શખ્સોને પકડી લીધા હતાં.

બોખીરા ગોળાઈ પાસે આવેલા ક્રિષ્ના ગેસ્ટ હાઉસમાં એલસીબીએ દરોડો પાડતાં રૂમ નંબર ૧૦૭માંથી ત્રણ શખ્સ દારૂની મહેફિલ માણતા મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની બોટલો સહિતનો મુદ્દામાલ કબજે કરી ત્રણ શખ્સો કુતિયાણાના બહારપુરા વિસ્તારમાં રહેતા ભરત ઉર્ફે કારૂ નાથા ઓડેદરા (ઉ.વ. ૨૮), જામનગર જિલ્લાના નાની લાખાણીના વિશ્વરાજસિંહ જગદીશસિંહ જાડેજા (ઉ.વ.૨૩) અને પોરબંદરના રમેશ વિરાભાઈ સોઢા (ઉ.વ. ૪૨) ને પકડી લીધા હતાં.

એલસીબીના પોલીસ હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ દશરથસિંહ પરમારની ફરિયાદ મુજબ આ ત્રણેય શખ્સોએ કોઈ પાસ-પરમિટ વિના ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂ પોતાના કબજામાં રાખી એકબીજાની મદદગારીથી દારૂની મહેફિલનું આયોજન કર્યું હતું.

ચેકિંગ સ્થળ પરથી વિદેશી દારૂની ૧૮૦ એમએલની ભરેલી બોટલ, આશરે ૯૦ એમએલ દારૂ ભરેલી બોટલ, એક ખાલી બોટલ, ત્રણ પ્લાસ્ટિક ગ્લાસ, થમ્સ અપની અધૂરી બોટલ, પાણીની બોટલ તથા ખાવાની વસ્તુઓ મળી કુલ રૂ. ૨૫૫નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે ત્રણેય સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એચ.એ. માકડિયા તપાસ ચલાવે છે. (૯.૧૫)

જામનગર કાયચિકિત્સા વિભાગ દ્વારા આયોજનં

'ઇટ્રા ખાતે હાડકાની ઘનતા માપવા તેમજ સબંધિત રોગ માટે કેમ્પ'

જામનગર, તા.૪ઃ આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થાન, જામનગરના કાયચિકિત્સા વિભાગ દ્વારા હાડકાંની ઘનતા અને સબંધીત રોગો માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં તા. ૬ નવેમ્બર શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન સામે આઈ.ટી.આર.એ. હોસ્પિટલમાં ઓ. પી. ડી. રૂમ નંબર ૮, કાયચિકિત્સા વિભાગ ખાતે રહેશે.

જેમાં દરદીઓને હાડકાની ઘનતા માપી આપવામાં આવશે તે ઉપરાંત સંબંધીત રોગો જેમ કે ઓસ્ટિયોપોરોસિસ, ઓસ્ટીઓપિનીયા અને હાડકાની ઘનતાના વિવિધ રોગોનું નિદાન તથા સારવાર નિઃશુલ્ક કરવામાં આવશે.

સામાન્ય રીતે ૨૫૦ થી ૪૦૦ રૂપિયામાં થતો બોન માસ ડેન્સિટી ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવશે જેનો લાભ લેવા સંસ્થાના ડાયરેકટર પ્રો. ડો. તનુજા નેસરી દ્વારા જણાવવામાં આવ્યું છે. (૩.૭)

વનપાલ અને બીટગાર્ડસના આંદોલનનો સુખદ અંત : અર્જુનભાઈ મોઢવાડિયા

સરકાર હંમેશા નાના કર્મચારીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેવા કટિબદ્ધઃ વન અને પર્યાવરણ મંત્રીની અધ્યક્ષતામાં બેઠક



રાજકોટ, તા.૪ઃ રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર હંમેશા નાના કર્મચારીઓના હિત અને તેમના પ્રત્યે સહાનુભૂતિપૂર્વક નિર્ણયો લેવા માટે કટિબદ્ધ છે. આ નિર્ણય અંગે વન-પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વન વિભાગ હેઠળ ફરજ બજાવતા વનપાલ અને બીટગાર્ડ સંવર્ગના કર્મચારીઓ દ્વારા પોતાની વિવિધ માંગણીઓને લઈને આંદોલન ચલાવવામાં આવી રહ્યું હતું. આ આંદોલનના સંદર્ભમાં હકારાત્મક અભિગમ અપનાવીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ખાસ સૂચના અનુસાર, આજે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત કર્મચારી એસોસિએશનના પ્રતિનિધિઓ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.


આ બેઠક દરમિયાન થયેલી વિસ્તૃત ચર્ચા-વિચારણાના અંતે કર્મચારીઓની માંગણીઓ અંગે હકારાત્મક અને સુખદ અંત આવ્યો છે તેમ, મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આ અંગે વિગતવાર માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, અમુક 'નાણાં વિભાગ'ની મંજૂરી જરૂરી બાકી રહેતા પ્રશ્નો અથવા મુદ્દાઓ હોવાથી, નિયમોનુસાર યોગ્ય પ્રક્રિયા હાથ ધરીને ટૂંક સમયમાં જ તે પ્રશ્નોનું પણ સત્વરે નિરાકરણ લાવવામાં આવશે.

મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વન વિભાગના કર્મચારીઓ અત્યંત પ્રતિકૂળ અને કઠિન પરિસ્થિતિઓમાં પણ જંગલો અને વન્યપ્રાણીઓની સુરક્ષા માટે રાત-દિવસ સતત કાર્યરત રહ્યા છે, જેના પરિણામે જ આજે રાજ્યમાં વન સંપદા અને વન્યજીવોની સુરક્ષા સુરક્ષિત રહી શકી છે. આ બેઠકમાં થયેલી ફળદ્રુપ અને હકારાત્મક ચર્ચાઓને ધ્યાનમાં રાખીને, કર્મચારી મંડળ દ્વારા પણ આંદોલનનો સત્તાવાર રીતે અંત લાવવાની સહર્ષ સંમતિ દર્શાવવામાં આવી છે. સરકારના આ સકારાત્મક વલણથી વન વિભાગના કર્મચારીઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો છે તેમ મંત્રીશ્રી મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું.(૨૩.૯)

પોરબંદર સાંદીપનિ વિદ્યાનિકેતન- શ્રીહરિ મંદિરમાં 'પૂ.ભાઇશ્રી'ની ઉપસ્થિતિમાં દીપાવલી પર્વ ઉજવાશે

વિશ્વવિખ્યાત કથાકાર પૂ. રમેશભાઈ ઓઝાની ઉપસ્થિતિમાં અનેકવિધ મનોરથ અને ભક્તિમય દીપદાનઃ શુક્રવારે સાંજે શ્રી લક્ષ્મી પૂજન સાથે દીપાવલી પર્વનો પ્રારંભઃ શ્રી હરિમંદિરમા દેવી દેવતાઓના દિવ્ય વિશેષ શૃંગાર દર્શન



(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા.૪ :..

પોરબંદરના સાંદીપનિ વિદ્યાનિકેતન સ્થિત શ્રીહરિ મંદિરમાં 'પૂ.ભાઈશ્રી' રમેશભાઈ ઓઝાની પાવન ઉપસ્થિતિમાં અનેકવિધ મનોરથ અને ભક્તિમય દીપદાન સાથે દિવ્ય દીપાવલીનું પર્વ હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

ધનતેરસ

શ્રીહરિ મંદિરમાં તા.૦૬-૧૧-૨૦૨૬, શુક્રવારના રોજ ધનતેરસના પવિત્ર દિવસે શ્રી હરિ મંદિરમાં સાંજે ૫-૩૦થી ૬-૩૦ દરમિયાન શાસ્રોક્ત વિધિપૂર્વક શ્રી લક્ષ્મી પૂજન સંપન્ન થશે. લક્ષ્મીપૂજન બાદ ૬-૩૦ થી ૭ દિવ્ય દીપદાન વિધિ થશે અને સાંજે ૭ વાગ્યે મંગલ સાયં આરતી થશે.

રૂપચતુર્દશી

તા.૦૭-૧૧-૨૦૨૬, શનિવારના રોજ રૂપચતુર્દશીના મંગલ દિવસે પ્રાતઃ ૮ થી ૯ સૌમ્ય ભૈરવજીને પાવન અભિષેક થશે. શ્રીહરિ મંદિરમાં સાંજે ૫-૩૦થી ૬-૩૦ સુધી શ્રીહનુમાનજીની વિધિવત્ પૂજા થશે. ત્યારબાદ ૬-૩૦ થી ૭ દરમ્યાન દીપદાન વિધિ સંપન્ન થશે અને ૭ વાગ્યે સાયં આરતી થશે એવં આરતી બાદ ૮થી ૯ ભૈરવજી યજ્ઞ સંપન્ન થશે.

દીપાવલી

તા. ૦૮-૧૧-૨૦૨૬, રવિવાર દીપાવલીના શુભ અને મંગલ દિવસે સવારે ૮ થી ૯ દરમિયાન શ્રીહરિ મંદિરના સર્વે શિખરો પર નૂતન ધ્વજારોહણવિધિ થશે. ત્યારબાદ સવારે ૯-૯૦ થી ૧૦-૩૦ ચોપડા પૂજન થશે. દીપાવલીના સાંજે સમય ૫ થી ૬-૩૦ શ્રીહરિ મંદિરમાં બિરાજિત શ્રીલક્ષ્મી નારાયણ ભગવાનનું પૂજ્ય ભાઈશ્રી દ્વારા સહરુકમલોથી વિધિપૂર્વક દિવ્ય પૂજન-અર્ચન સંપન્ન થશે તેમજ ૬-૩૦ વાગ્યેથી દીપદાન વિધિ થશે, ૭ વાગ્યે શયન આરતી થશે. શયન આરતી બાદ ૭-૩૦ થી ૮ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન સન્મુખ ભવ્ય દીપોત્સવ થશે અને ત્યારબાદ ૮ વાગ્યે શ્રીહરિ મંદિરના પ્રાંગણમાં આકર્ષક આતશબાજી કરવામાં આવશે.

વિશેષ દર્શન

તા.૦૯-૧૧-૨૦૨૬, સોમવારના રોજ શ્રીહરિ મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન સહિત સર્વે દિવ્ય વિગ્રહોના દર્શન યોજાશે. જેના દર્શનનો અલૌકિક લાભ સવારે ૭-૩૦થી બપોરે ૧ તથા સાંજે ૪-૩૦ થી રાત્રે ૮ સુધી સૌ ભાવિકજનો લઈ શકશે. તેમજ સાંજે ૪-૩૦ થી ૮ નયનરમ્ય દીપોત્સવ થશે.

નૂતન વર્ષ સ્નેહમિલન તથા અન્નકૂટ ઉત્સવ

તા. ૧૦-૧૧-૨૦૨૬, મંગળવારના રોજ શ્રીહરિ મંદિરમાં નૂતન વર્ષ ઉજવવામાં આવશે. પ્રાતઃ ૭ઃ૩૦ વાગ્યે મંગલા આરતીના દર્શન અને એ આરતી સાથે ૭-૩૦ થી ૧ દરમ્યાન શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનને મહાઅન્નકૂટ સમર્પિત કરવામાં આવશે અને મધ્યાહ્નમાં ૧૨.૦૦ વાગ્યે અન્નકૂટની મહાઆરતી સંપન્ન થશે.

નૂતનવર્ષ નિમિત્તે પૂજ્ય ભાઈશ્રીની મંગલ ઉપસ્થિતિમાં સવારે ૧૦-૩૦ થી ૧૧-૩૦ દરમ્યાન આનંદસભર સ્નેહમિલન યોજાશે. સવારે ૭-૩૦ થી ૧ તથા સાંજે ૪-૩૦ થી ૮-૩૦ સુધી સૌ દર્શનાર્થીઓ અન્નકૂટના દર્શનનો લ્હાવો લઈ શકશે.

દેવી-દેવતાઓના વિશેષ શૃંગાર

તા.૦૬/૧૧/૨૦૨૬ થી તા.૧૦/૧૧/૨૦૨૬ દીપોત્સવ પર્વના આ પાંચ દિવસો સુધી શ્રી હરિમંદિરમાં બિરાજિત સર્વે દેવી દેવતાઓના દિવ્ય અને અતિ સુંદર વિશેષ શૃંગાર દર્શન પણ યોજાશે.

આ સમગ્ર દીપોત્સવ પર્વના તમામ પાવન પ્રસંગોમાં તથા મનોરથના દર્શન કરવા માટે સાંદીપનિ વિદ્યાનિકેતન દ્વારા સૌ ભાવિક ભક્તોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. (૫-૬)




રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં જુદી જુદી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મૃતકોને પૂ.મોરારીબાપુની શ્રધ્ધાંજલિ : પરિવારજનોને સહાય

પૂ. મોરારીબાપુએ તેમનાં પરિવારજનોને દિલસોજી પાઠવી : બંને ઘટનાની સહાયતા રાશિ મુંબઈ સ્થિત શ્રોતા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ પહોંચાડવામાં આવશે

રાજકોટઃ તા.૪ઃ રાજસ્થાનમાં ઝુંઝુનું ખાતે કામ કરી રહેલા મજુરો સાથે એક દુઃખદ ઘટના બની હતી. ઉદયપુરવાટીનાં છાપોલી ગામમાં રોડ બનાવવાનું કાર્ય ચાલી રહ્યું હતું અને તે દરમિયાન અચાનકજ સિમેંટ મિક્સર હાઈ ટેન્શન વીજ લાઈનને અડી જતાં જોતજોતામાં ૮ મજુરોનાં ઘટના સ્થળે જ મોત નિપજયા હતા અને ૬ જેટલા શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા. પૂ બાપુએ આ ઘટનામાં અવસાન પામેલા લોકોને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમનાં પરિવારજનોને રુપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૧,૨૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે.

અકસ્માતની બીજી ઘટનામાં ઉતરપ્રદેશના કુશિનગર વિસ્તારમાં એક વાનનો ટ્રક સાથે અકસ્માત થયો હતો તેમાં ૬ લોકોનાં કરુણ મોત નિપજયા હતા. પૂ. મોરારીબાપુએ તેમનાં પરિવારજનોને દિલસોજી પાઠવી છે અને રુપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૯૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. બંને ઘટનાની સહાયતા રાશિ મુંબઈ સ્થિત શ્રોતા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ પહોંચાડવામાં આવશે. પૂ બાપુએ હનુમાનજીનાં ચરણોમાં સૌનાં નિર્વાણ માટે પ્રાર્થના કરી છે. તેમ જયદેવભાઈ માંકડ(તલગાજરડા) ની યાદીમાં જણાવ્યું છે.(૪૧.૪)

દિવાળીઃ આંતરીક અંધકારને દુર કરીને ભીતરના દીવા પ્રગટાવવાનું મહાપર્વ



પોરબંદરઃ આપણે દિવાળીની ઉજવણી કરીએ છીએ, પરંતુ સમયના બદલાતા પ્રવાહ સાથે જો આપણે આ પર્વને એક નવી ઊંચાઈ, એક આધુનિક અને આધ્યાત્મિક પરિપ્રેક્ષ્ય આપીએ, તો તે બની જાય છે 'ધ ગ્રેટ ગ્રેટીટ્યુડ દિપાવલી'

કૃતજ્ઞતા એ માનવ જીવનની સૌથી શક્તિશાળી ઊર્જા છે. જ્યારે આપણે આપણી પાસે જે કંઈ છે તે બદલ બ્રહ્માંડ, પ્રકૃતિ, પરિવાર અને આપણા જીવનમાં આવનાર દરેક વ્યક્તિ પ્રત્યે આદર અને આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ, ત્યારે આપણું અસ્તિત્વ સમૃદ્ધ બને છે. જે આધુનિક માનવીને તેની વ્યસ્ત જીવનશૈલીમાંથી બહાર કાઢીને તેના મૂળ સાથે, તેની આંતરિક શાંતિ સાથે જોડવાનું કામ કરે છે. આ દિવાળીએ આપણે માત્ર બાહ્ય સજાવટ નથી કરવાની, પરંતુ હૃદયના દરેક ખૂણામાં આભારની રોશની ફેલાવવાની છે. સૂર્યનો પ્રકાશ, પવનની શીતલ લહેર, નદીઓનું નીર અને પૃથ્વીની ધરતી—આ બધું જ આપણને નિસ્વાર્થભાવે મળે છે. લોકોએ આપણા જીવનને સુંદર બનાવ્યું છે—માતા-પિતા, મિત્રો, શિક્ષકો અને અજાણ્યા લોકો પણ—તેમના પ્રત્યે હૃદયમાં ધન્યવાદની ભાવના પેદા કરવી એ જ સાચી દિવાળી છે. જ્યાં કૃતજ્ઞતા છે, ત્યાં અફસોસ કે નફરત માટે કોઈ સ્થાન નથી.

દીવો જ્યારે પ્રગટે છે ત્યારે તે પોતાની જાતને ઓગાળીને ચારે બાજુ પ્રકાશ ફેલાવે છે. તેવી જ રીતે, આપણા અહંકાર અને સ્વાર્થને ઓગાળીને જ્યારે આપણે બીજાના જીવનમાં ખુશીઓનો પ્રકાશ ફેલાવીએ છીએ, ત્યારે જ દિવાળીનું સાચું તાત્પર્ય સાર્થક થાય છે.

દિવાળી માત્ર બહારના અંધારાને ભગાડવા માટે નથી, પરંતુ ભીતરના ગાઢ અંધકારને દૂર કરવા માટેની એક મહાસાધના

ડો. મનીષ એચ. લાખાણી
પોરબંદર ફેમીલી કોર્ટના કાઉન્સીલર

છે. 'ધ ગ્રેટ ગ્રેટીટ્યુડ દિપાવલી' નામના આ વિચાર પ્રાચીન ભારતીય દર્શન અને આધુનિક મનોવિજ્ઞાન બંનેનો મજબૂત સંદર્ભ રહેલો છે.

ભારતીય સંસ્કૃતિમાં ઋણમુક્ત થવાની ભાવનાને સર્વોચ્ચ માનવામાં આવી છે. આપણી સંસ્કૃતિ આપણને 'દેવ ઋણ' 'ઋષિ ઋણ' અને 'પિતૃ ઋણ'ની વાત શીખવે છે. આપણે જે પણ મેળવીએ છીએ તે આ બ્રહ્માંડનું ઋણ છે. દિવાળીના પર્વ પર ભગવાન રામના અયોધ્યા આગમનની કથા પણ એ જ સંદર્ભ આપે છે કે કેવી રીતે પ્રજાએ પોતાના રામ પ્રત્યે પ્રેમ, ભક્તિ અને આદર (કૃતજ્ઞતા) વ્યક્ત કર્યો હતો.

આજના ડિજિટલ અને દોડધામ ભરેલા યુગમાં માનવ મન સતત અસંતોષ અને તણાવથી ઘેરાયેલું રહે છે. મનોવિજ્ઞાન એવું પુરવાર કરી ચૂક્યું છે કે નિયમિતપણે કૃતજ્ઞતા વ્યક્ત કરવાથી મગજમાં ડોપામાઈન અને સેરોટોનિન જેવા આનંદદાયક હોર્મોન્સનો સ્રાવ વધે છે. 'ધ ગ્રેટ ગ્રેટીટ્યુડ દિપાવલી' એ માત્ર એક આધ્યાત્મિક વિચાર નથી, પરંતુ તે માનસિક સ્વાસ્થ્ય માટેની એક અત્યાધુનિક થેરાપી પણ છે.

આપણે આપણા રોજિંદા જીવનમાં ઘણી બધી નાની નાની બાબતોને હળવાશથી લઈ લઈએ છીએ જેમ કે સમયસર શ્વાસ લેવો, શુદ્ધ પાણી મળવું, પરિવારનો સાથ હોવો, રોજીરોટી માટે કામ હોવું જ્યારે આ બધી બાબતો છીનવાઈ જાય ત્યારે આપણને તેની કિંમત સમજાય છે. આ દિવાળીએ આપણે એક સંકલ્પ લેવાનો છે કે આપણે કોઈપણ પરિસ્થિતિમાં જે આપણી પાસે છે, તેના માટે બ્રહ્માંડનો આભાર માનીએ. (૪.૫)

કેન્દ્રીય મંત્રી સાથે રામભાઇની મુલાકાત



રાજકોટ સર્કિટ હાઉસ ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી પ્રો. એસ.પી. સિંહ બઘેલજીની પૂર્વ સંસદ સભ્ય રામભાઈ મોકરીયા સાથે આત્મીય શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી.

મુલાકાત દરમિયાન બંને નેતાઓ વચ્ચે દેશ તથા ગુજરાતના વર્તમાન વિકાસલક્ષી મુદ્દાઓ સાથે ખાસ કરીને સૌરાષ્ટ્રના ખેડૂતો, પશુપાલકો, ડેરી ક્ષેત્ર, ગ્રામ્ય વિકાસ અને પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા અંગે સકારાત્મક ચર્ચા અને વિચારોનું આદાન-પ્રદાન થયું હતું.

શ્રી રામભાઈ મોકરીયાએ સૌરાષ્ટ્રના પશુપાલકો તથા ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો અંગે કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું હતું. બઘેલજીએ પણ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ વધુમાં વધુ ખેડૂતો અને પશુપાલકો સુધી પહોંચે તે દિશામાં સકારાત્મક અભિગમ વ્યક્ત કર્યો હતો. આ શુભેચ્છા મુલાકાત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી અને ગુજરાત તથા ખાસ કરીને સૌરાષ્ટ્રના વિકાસ માટે પરસ્પર સહયોગ તથા સંકલનને વધુ વેગ મળે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. (૪.૧૩)

ઉપલેટામાં વાડીમાં દરોડો : કારમાંથી અઢી લાખના દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

રાજકોટ ગ્રામ્ય એલસીબીનો દરોડો : વાડી માલીક અને દારૂ આપનાર ઉપલેટા, જામનગરના બે શખ્સોની શોધખોળ

રાજકોટ, તા., ૪ઃ ઉપલેટામાં કૈલાશનગર વિસ્તારમાં રહેતા રોહીત ગોવિદભાઈ ડાંગર અને તેના મિત્ર લખમણ સીદાભાઈ મકવાણા (રહે. વલ્લભ વિદ્યાનગર સ્કુલ પાસે) ની વાડીએ દારૂની હેરફેર થતી હોવાની બાતમીના આધારે રાજકોટ ગ્રામ્ય એલસીબીના પીઆઈ જે.બી.રાવની રાહબરીમાં ટીમે દરોડો પાડી રોહીત ગોવિંદભાઈ ડાંગર (ઉ.વ.૨૨ રહે. કૈલાશનગર ઉપલેટા મૂળ કલ્યાણપુર, તા. ભાણવડ)ને પકડી લીધો હતો. વાડીએ પડેલી કારની તલાશી લેતા તેમાંથી રૂા. ૨.૫૩ લાખની કિંમતની વિદેશી દારૂની ૧૮૧૨ બોટલ મળી આવતા દારૂ અને કાર મળી કુલ રૂા. ૫.૦૮ લાખનો મુદામાલ કબ્જે કરી ફરાર વાડી માલીક લખમણ મકવાણા અને દારૂ આપનાર નગા જગાભાઈ કરમુર (રહે. જામનગર)ની શોધખોળ શરૂ કરી છે. (૪.૭)

પોરબંદરઃ પરપ્રાંતિય મજૂરોને કામે રાખ્યાની વિગતો ૧૫ દિવસમાં પોલીસ સ્ટેશનમાં આપવા તાકીદ

(પરેશ પારેખ દ્વારા) પોરબંદરઃ તા.૦૪, હાલના પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા દેશના અન્ય રાજયોમાંથી જિલ્લામાં મજુરી અર્થે આવેલ પરપ્રાંતીય મજુરોની સંખ્યા અને તેમના વતન સંબંધિત માહિતી મેળવવી અને જાળવણી જરૂરી છે.

જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.ડી.મિયાત્રા દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જિલ્લાના તમામ ખેડૂત, કંપની કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગ વેપાર-ધંધા સાથે સંકળાયેલ માલિકોએ તેઓના યુનિટમાં કામ કરતા કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રાકટ પર રાખેલ પરપ્રાંતીય મજુરો (ખેત મજુર, રસોઇયા, વેઈટર, ખાણ કામદાર અને અન્ય મજુરો) ની હકીકત દસ્તાવેજી પુરાવા સાથે નીયત મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવા અને તેની અમલવારી કરવા તથા તે અંગેની માહિતી આ જાહેરનામાંની તારીખથી દિવસ-૧૫ માં સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલવા અંગે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે.

આ જાહેરનામાં અનુસાર નિયત કોલમ વાઈઝ રજીસ્ટરો પોતાને ત્યાં કામે રાખવામાં આવેલ તમામ પરપ્રાંતીય મજુર (ખેત મજુર, રસોઇયા, વેઈટર, ખાણ કામદાર અને અન્ય મજુરો) ની નોંધણી અગાઉ કરાવેલ હોય તેમ છતાં હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ ફરીથી ઉપર મુજબની માહિતી સાથે જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં કરાવવાની જવાબદારી તેમને કામે રાખનાર-ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ વિગેરેની રહેશે.

આગામી સમયમાં આવા પરપ્રાંતીય મજુરો આવ્યેથી તેઓને કામે રાખનાર-ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ તથા અન્ય ધંધા સાથે સંકળાયેલા માલિકે ઉપર દર્શાવ્યા મુજબની માહિતી દિન-૦૭ સુધીમાં ફરજીયાત સબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તેમ યાદિમાં જણાવાયું છે. (૩૫-૨)

પોરબંદરના દરિયામાં ગેરકાયદે લાઇટ ફિશીંગ કરનાર માછીમાર ઝડપાયો

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા.૪ઃ ગોસાબારા પાસે દરિયામાં રાત્રીના બોટમાંથી ગેરકાયદે એલઈડી લાઈટનો પ્રકાશ ફેંકીને ગેરકાયદે ફિશીંગ કરનાર સુત્રાપાડાના મહેન્દ્ર વરજાંગભાઈ બારૈયાને નવી બંદર મરીન પોલીસે પકડી લીધો હતો.

ગેરકાયદે એલઈડી લાઈટ ફિશીંગ કરતા ઝડપાયેલ આ માછીમાર સામે નવી બોટ મરીશ પોલીસે ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ-૨૦૦૩ તથા પેટા કલમ હેઠળ ગુન્હો નોંધ્યો છે. નવી બંદર મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ રાયદેભાઈ મુરૂભાઈ ઓડેદરા તપાસ ચલાવે છે. (૩.૧૪)

મોરબી માર્કેટિંગ યાર્ડમાં તા. ૦૫ થી ૧૩ સુધી દિવાળીનું મીની વેકેશન જાહેર

મોરબી, તા. ૪ઃ મોરબીના માર્કેટિંગ યાર્ડમાં તા. ૦૫ થી ૧૩ સુધી દિવાળી તહેવાર નિમિતે યાર્ડના અનાજ વિભાગમાં રજા જાહેર કરવામાં આવી છે જેથી હરાજીનું તમામ કામકાજ બંધ રહેશે જેની એજન્ટ, વેપારીઓ અને ખેડૂતોએ નોંધ લેવા જણાવ્યું છે. દિવાળી મીની વેકેશન જાહેર થતા તા. ૦૪ ને બુધવારે સવારના ૯ વાગ્યા સુધી જણસીની ઉતરાઈ કરવા દેવામાં આવશે તા. ૦૫ ને ગુરૂવારના રોજ પડતર માલની હરાજી લેવામાં આવશે તા. ૦૫ થી ૧૩ સુધી રજાના દિવસોમાં કોઈપણ જણસીની ઉતરાઈ કરવા દેવામાં આવશે નહિ તા. ૧૪ ને શનિવારના રોજ લાભ પાંચમથી હરાજીનું કામકાજ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે વેપારીઓએ પોતાનો માલ સેડ પરથી ઉપાડી લેવા સુચના આપવામાં આવી છે. (૩.૭)

મરાઠા મિત્ર મંડળ ઇસનપુર દ્વારા આયોજનઃ ૨૬ ડિસેમ્બરે વિવાહ - પરિચય મેળાવડો

રાજકોટ : સમસ્ત મહારાષ્ટ્રીયનો માટે મરાઠા મિત્ર મંડળ, ઈસનપુર દ્વારા તા. ૨૬ ડિસેમ્બરે શનિવારે સવારે ૧૦ કલાકે વસાવડા હોલ, ફિઝિકલ ગ્રાઉન્ડ પાસે, ખોખરા, અમદાવાદ ખાતે દરેક જીલ્લાના વિવાહ ઈચ્છુક યુવક-યુવતીઓ માટે વિવાહ પરિચય મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના અગ્રણી શ્રી અશોકભાઈ પવારે જણાવ્યું છે કે આ વિવાહ પરિચય મેળાવડામાં સમગ્ર મહારાષ્ટ્રીયન જ્ઞાતિના લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓ સંપૂર્ણ બાયોડેટા સાથે ઉમેદવારી નોંધાવી શકે છે. નોંધણી માટેની અંતિમ તા. ૧૨ ડિસેમ્બર છે. આ પરિચય મેળાવડામાં જોડાવા માંગતા ઉમેદવારો મો. નં. ૯૩૭૫૮ ૩૩૫૧૯ પર સંપર્ક કરી સંપૂર્ણ માહિતી મેળવી શકે છે. (૩૬.૬)

ઉના પાસે અકસ્માતમાં ઘવાયેલા યુવાનનું સારવારમાં મૃત્યુ


(નવીન જોષી દ્વારા) ઉના, તા.૪ઃ તાલુકાના સિમર ગામ ના યુવાન ને અકસ્માતમા ગંભીર ઈજા બાદ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતુ.

સીમાર બંદર ગામે રહેતા અને છૂટક ખેત મજૂરી કરતા દેવશીભાઈ લક્ષમણભાઈ સોલંકી ઉ. વ. ૪૦ અને તેમના કુટુંબીક ભાઈ મોહનભાઈ વાઘાભાઈ ડાભી ઉ. વ. ૩૫, રે. સિમરના મોટર સાયકલ ઉપર બેસી મહુવા તાલુકા ના કલસર ગામે દવા લેવા જતા હતા ત્યારે ભાડા ચોકડી અને ટીમ્બી ગામ વચ્ચે એક મોટર સાયકલ ચાલક આગળ જતો હતો તેણે અચાનક બ્રેક મારતા મોહનભાઈની મોટર સાયકલ તેમની મોટર સાયકલ પાછળ ભટકાતા દેવશીભાઈ અને મોહનભાઈ રોડ ઉપર પડી ગયા હતા. જેમા બન્ને ને ગંભીર ઈજાઓ પહોંચતા પ્રથમ ઉના અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમા ખસેડાયા હતા જ્યાં દેવશીભાઈનું સારવાર દરમિયાન મત્યુ થયુ છે.

ઈજાગ્રસ્ત મોહનભાઈ સારવાર હેઠળ છે. દેવશીભાઈ ભાઈ તેમના પરિવારમા ત્રણ ભાઈઓ અને પાંચ બહેન છે. પોતે સૌથી નાના હતા તેમના મૃત્યુથી સોલંકી પરિવારમા શોક છવાઈ ગયો છે. નાગેશ્રી પોલીસ એ વધુ તપાસ શરૂ કરી છે. (૨૩.૧૦)

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળની જહેમતથી સોલાર કંપનીને ખામી દુર કરી આપવા હુકમ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબીઃતા ૪, મોરબી તાલુકાના કેરાળીના વતની લાખાભાઈ આલાભાઈ ચાવડાએ ચાંચાવદરડાના ન્યાલકરણ એનર્જી એલ.એલ.પી. પાસેથી પોતાના ઘરે સોલાર પ્લાન્ટ લગાવેલ તેમાં લાઈટનાં પ્રશ્ન આવતા અને ઈન્વર્ટરને કારણે પ્રોબલેમ થતો હોય તે બાબતે અવાર-નવાર કંપનીને જાણ કરી હતી. પરંતુ કંપનીએ ગ્રાહક પ્રત્યે ધ્યાન આપ્યુ નહીં. જેથી લાખાભાઈએ મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના રામભાઈ મહેતા દ્વારા ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કરતાં ગ્રાહક અદાલતે કંપનીને કહ્યુ કે તમારી સેવામાં ખામી છે. ગ્રાહકને સંતોષ થાય તે રીતે ઈન્વર્ટર તથા અન્ય ખામી દુર કરી સોલાર વ્યવસ્થિત ચાલે તેમ કરી આપવા અને રૂ.૫૦૦૦ ખર્ચ પેટેના ચુકવવા હુકમ કરેલ છે. ગ્રાહકને અન્યાય થાય તો ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા (મો.૯૮૨૫૭ ૯૦૪૧૨), ઉપપ્રમુખ બળવંતભાઈ ભટ્ટ (મો.૯૩૨૭૪ ૯૯૧૮૫), ઉપપ્રમુખ હિતેશભાઈ મહેતા(મો.૮૮૦૪૭૮૮૦૪૮) અથવા મંત્રી રામભાઈ મહેતા (મો.૯૯૦૪૭ ૯૮૦૪૮)નો સંપર્ક કરવા યાદીમાં જણાવેલ છે. (૩૫-૧૦)



જાહેર નોટીસ

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના મોજે ગામ ઢોલરા ના રેવન્યુ સર્વે નં.૩૪૦ (જુના રે.સ.નં.૧૦૮ પૈકી ૧/ પૈકી ૧) કે જે "અદકારીચું" તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૦-૪૦-૫૨ શ્રી રોહિતભાઈ શીવાભાઈ કાછડીયા એ તેઓના નામ જોગ વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૮૭૫૩, તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજથી શ્રી લાલજીભાઈ કરશનભાઈ શીંગાળા પાસેથી ખરીદ કરેલ છે. જે અંગેની ગામ નમુના નં.૬ હકકપત્રકમાં નોંધ નં.૩૯૯૪ થી પ્રમાણીત થયેલ છે. જે ગામ નમુના નં.૮-અ ના ખાતા નં.૭૩૧ થી તેઓના ખાતે આવેલ છે. ત્યારથી સદરહું મિલકત તેઓની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું તેઓની પાસેથી ઉપરોકત જમીન અમારા અસીલ પુર્ણ અવેજ ચુકવી ખાલી કબ્જે ખરીદ કરવા માંગે છે. જેથી સદરહું મિલકત ઉપર કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, કરજ, બોજો, જામીનગીરી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો હોય કે આ મિલકતના વેચાણ અંગે કોઈ વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થતાં દિવસ-૧૦ (દસ) માં નીચે જણાવ્યા પ્રમાણેના સરનામે આધાર પુરાવા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા. આ સમયમાં જો કોઈ વાંધા નહી આવે તો આ મિલકત તમામ પ્રકારના બોજા મુકત ગણવામાં આવશે તથા આ મિલકત પરત્વે કોઈના પણ લાગભાગ હોય તો પણ તે લાગભાગ જતો (વેઈવ) કરેલ છે. તેમ ગણવામાં આવશે. મુદત વિત્યા બાદ કોઈનો પણ વાંધો માન્ય ગણવામાં આવશે નહી.

રાજકોટ તારીખ : ૦૪/૧૧/૨૦૨૬ — શ્રી રોહિતભાઈ શીવાભાઈ કાછડીયાની સુચનાથી

શૈલેષ એન. મુંગલપરા (એડવોકેટ) મો.૯૦૯ ૯૦૯ ૦૨૩૪	જતીન એ. ગોદડકા (એડવોકેટ) મો.૮૨૬૪૨ ૩૯૯૭૫	નિખીલ ડી. રૈયાણી (એડવોકેટ) મો.૯૧૦૬૨ ૪૦૦૯૮

ઓફીસ નં.૧૦૧, શાંતિ સદન-૨, ડી-માર્ટ પાસે, ૫૦ ફુટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૩.

જાહેર નોટીસ

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ જાળીયાના રેવન્યુ સર્વે નં.૨૮૩ પૈકી ૩/પૈકી ૧ કે જે "ઓહાર" તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૨-૭૬-૫૬ શ્રી જયંતિલાલ મુળજીભાઈ ઉંધાડ (પટેલ) ને વહેચણી દ્વારા પ્રાપ્ત થયેલ છે. જે અંગેની ગામ નમુના નં.૬ હકકપત્રકમાં નોંધ નં.૧૦૪૮ થી પ્રમાણીત થયેલ છે. જે ગામ નમુના નં.૮-અ ના ખાતા નં.૩૩૦ થી તેઓના ખાતે આવેલ છે. ત્યારથી સદરહું મિલકત તેઓની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું તેઓની પાસેથી ઉપરોકત જમીન અમારા અસીલ પુર્ણ અવેજ ચુકવી ખાલી કબ્જે ખરીદ કરવા માંગે છે. જેથી સદરહું મિલકત ઉપર કોઈનું કોઈ પણ પ્રકારનું લેણું, કરજ, બોજો, જામીનગીરી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો હોય કે આ મિલકતના વેચાણ અંગે કોઈ વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થતાં દિવસ-૮ (આઠ) માં નીચે જણાવ્યા પ્રમાણેના સરનામે આધાર પુરાવા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા. આ સમયમાં જો કોઈ વાંધા નહી આવે તો આ મિલકત તમામ પ્રકારના બોજા મુકત ગણવામાં આવશે તથા આ મિલકત પરત્વે કોઈનો પણ લાગભાગ હોય તો પણ તે લાગભાગ જતો (વેઈવ) કરેલ છે. તેમ ગણવામાં આવશે. મુદત વિત્યા બાદ કોઈનો પણ વાંધો માન્ય ગણવામાં આવશે નહી.

રાજકોટ તારીખ : ૦૪/૧૧/૨૦૨૬ — શ્રી જયંતિલાલ મુળજીભાઈ ઉંધાડ(પટેલ) ની સુચનાથી

શૈલેષ એન. મુંગલપરા (એડવોકેટ) મો.૯૦૯ ૯૦૯ ૦૨૩૪	જતીન એ. ગોદડકા (એડવોકેટ) મો.૮૨૬૪૨ ૩૯૯૭૫	નિખીલ ડી. રૈયાણી (એડવોકેટ) મો.૯૧૦૬૨ ૪૦૦૯૮

ઓફીસ નં.૧૦૧, શાંતિ સદન-૨, ડી-માર્ટ પાસે, ૫૦ ફુટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૩.

કોર્ટ નોટીસ

રાજકોટના મહે. જયુડી. મેજી. મ્યુનિસીલ કોર્ટ(એ.ટી.તીવારી) સાહેબ ની કોર્ટમાં, ફો.પ.અ.નં.૬૯૧૯/૨૦૨૬ના આ કામના અરજદાર શ્રી ધીરૂભાઈ મનજીભાઈ ગોહિલ, ધર્મઃહિન્દુ, ઉ.વ.આ.૪૮, ધંધોઃખેતમજુરી, રહે. મું. બામણબોર, તા.જી. રાજકોટવાળાએ તેમના ભાઈ ભુપતભાઈ મનજીભાઈ ગોહિલનું અવસાન તા.૨૯/૧૦/૨૦૦૦ના રોજ ગોકુલ હોસ્પિટલ, વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ મુકામે અવસાન થયેલ હોય, તેમની મરણ નોંધ સરકારી દફતરે કાયદાકીય અજ્ઞાનતાને કારણે અને શરતચુકથી નોંધવાની રહી ગયેલ હોય, જેથી આ કામના અરજદારે તેમના ભાઈ ભુપતભાઈ મનજીભાઈ ગોહિલની મરણ નોંધ કરાવવા માટેની અરજી તેમના વકિલશ્રી અશોક જી. જાદવ મારફતે અરજી કરેલ છે. જે બાબતે જે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય, તેમણે મુદત તા.૨૧/૧૧/૨૦૨૬ સુધીમાં નામ.કોર્ટમાં પુરાવા સાથે વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહિ તો આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની આથી ખાસ નોંધ લેશો.

આજ રોજ તા. ૨૭/૧૦/૨૦૨૬ના રોજ તૈયાર કરી સહિ સિકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર સહી/-(અવાચ્ય) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી (એન. ડી. મારૂ) રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. જે. એ. રંગવાલા સાહેબ ૧૩માં અધિક સિનિ. સિવિલ જજ. સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ દિ.પ.અ. નં. ૨૧૭૯/૨૬ ના કામના અરજદાર જયેશભાઈ હરદાસભાઈ હરસોડા તથા મુકેશભાઈ હરદાસભાઈ હરસોડા તથા સંદીપ હરદાસભાઈ હરસોડા, રહે. બધા કોઠારીયા ગામ, તા.જી. રાજકોટના એ ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ તાલુકાના ગામ કોઠારીયાના રેવન્યુ સર્વે નં. ૧૬૭ પૈકીમાં આવેલ પ્લોટો કે જે "શિવમ ઈન્ડસ્ટ્રીઝ" તરીકે ઓળખાય છે, તે પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૩ ની જમીન ચો.મી.આ. ૨૫૭-૫૨ સહીત શેડ આવેલ છે, જે મિલ્કત ગુજરનાર હરદાસભાઈ ભાણાભાઈ હરસોડાની માલીકીની આવેલ છે, તે મિલ્કતનું ૫૦% હીસ્સાનું વારસા સર્ટીફીકેટ મેળવવા આ કામના અરજદારોએ અત્રેની કોર્ટમાં એડવોકેટ ધીરૂભા એમ. પરમાર મારફત ઉપરોકત નંબરવાળી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિત ને વાંધો તકરાર હોય તેમને મુ તા. ૮/૧૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા. ૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સહી સિકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (પી.એન.જાડેજા) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મે એમ. એમ. શેખ સાહેબ ૧૬માં અધિક સિની. જજ સાહેબની કોર્ટમા, મું. રાજકોટ દી.પ.અ.નં.૨૧૮૨/૨૬ ના કામના અરજદાર જીતેન્દ્રસિંહ ભગવતસિંહ રાઠોડ રહે. રાજકોટ વાળાએ ગુજરાત રાજયનાં, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના, સબ ડિસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ રૈયાના રે.સ.નં. ૭૯, પૈકી ટી.પી.સ્કીમ નં.(રૈયા) મુળ ખંડ નં.૪૯ ના અંતીમ ખંડ નં. ૬૯૫ માં આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧ થી ૮ ત્થા ૧૧ થી ૧૬ ની કુલ જમીન ચો.મી.આ. ૫૧૮૪-૨૫ ઉપર આવેલ "સન સીટી" માં આવેલ ફલેટોની યોજના માંહેથી "ડાયમંડ" ના નામથી ઓળખાતા બીલ્ડીંગ માં ફર્સ્ટ ફલોર ઉપર આવેલ ફલેટ નં.૧૦૨ નો બીલ્ટઅપ એરીયા ચો.મી. ૮૮-૪૭ સહિતના ફલેટ આવેલ છે. સદરહુ ફલેટ ગુજ. ઈન્દુભા ભગવતસિંહ રાઠોડની માલીકીનો આવેલ છે. તે મીલ્કતનું વારસા સર્ટી. મેળવવા આ કામના અરજદારે અત્રેની કોર્ટમા એડવોકેટ ધીરૂભા એમ. પરમાર મારફત ઉપરોકત નંબરવાળી દીવાની પ. અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મું. તા. ૮/૧૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટમા રજુ કરવા ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તા.૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (જે.એમ.અંસારી) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

જાહેર કોર્ટ નોટીસ

ગોંડલના મહે. સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી એસ. જી. ચાંચુ ની કોર્ટમા

ફો.પ.અ.નં. ૧૦૪૭ / ૨૦૨૬

નવીનભાઈ બાબુભાઈ જોગેલા
ઉ.વ.-પુખ્ત, ધર્મ-હીન્દુ, ધંધો-વેપાર
રહે-સૈનીક સોસાયટી, કે.વી.રોડ મું.ગોંડલ જી.રાજકોટ ...... અરજદાર

વિરૂધ્ધ

ચીફ ઓફીસર શ્રી / જન્મ મરણ અધીકારી
નગર પાલીકા કચેરી મું.ગોંડલ જી.રાજકોટ .....સામાવાળા

આથી લાગતા વળગતા સર્વેને આ નોટીસથી જાણ કરવામા આવે છે. કે ઉપર લખ્યા અરજદારે તેમના માતા શાંતાબેન બાબુભાઈ જોગેલા રહે. ગોંડલ વાળાની મરણ નોંધ તારીખ-૧૪/૦૪/૨૦૧૦ ની હોવા અંગેની તેમના વકીલ **શ્રી બી.બી.ચોલેરા** મારફત અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ હોય સદરહુ અરજી સામે જે કોઈને વાંધા તકરાર હોય તેઓએ મું. તા.૦૭/૧૨/૨૦૨૬ ના રોજ ક.૧૧-૦૦ વાગ્યે લેખીત વાંધા સાથે અત્રેની કોર્ટમા હાજર રહેવુ અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી કરવામા આવશે જેની સર્વેએ નોંધ લેવી.

આજતા. માહે સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ સીકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (ડી. એમ. રાઠોડ) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી (મહેન્દ્રસિંહ એન. ચુડાસમા) I/c રજીસ્ટ્રાર, એડી. ચીફ જયુડી. મેજી. કોર્ટ, ગોંડલ

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને જાણ કરવાની કે ગુજરાત રાજ્યના **રાજકોટ** જીલ્લાના **ગોંડલ** તાલુકાના મોજેગામ **અનીડા** ના **રેવન્યુ સર્વે નં. ૧૩૫** ની જુની શરતની જીરાયત પ્રકારની **"કૈયાના મારગે"** તરીકે ઓળખાતી ખેતીની ખેડવાણ જમીન કે જેના **હે.આરે.ચો.મી. ૨-૮૧-૨૬** કે જેના **એકર ૬-૩૮ ગુંઠા** વાળી જમીન કે જે **શ્રી વૃજલાલ લાલજીભાઈ મારવણીયા** ના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે, સદરહુ ખેડવાણ જમીન તેમની પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવે છે.

જેથી ઉપરોક્ત દર્શાવેલ ખેડવાણ જમીન ના માલીકી, ટાઈટલ, કબજા પરત્વે કે આ વેચાણ બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે આ મિલ્કતમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દરદાવો કે લાગભાગ કે અન્ય કોઈ હક્ક કે હિત સંકળાયેલ હોય તો તેઓએ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦ (દસ)** માં નીચેના સરનામે દસ્તાવેજી પુરાવા સાથે લેખીત જાણ કરવી મુદત વિત્યે કોઈને કોઈ વાંધો તકરાર નથી અને હોય તો જતાં (WAIVE) કરેલ છે, તેમ માની મારા અસીલ ચુકતે અવેજની ચુકવી વેંચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી, કબ્જો ભોગવટો સંભાળી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, વાંધો, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ, તારીખ : ૦૪.૧૧.૨૦૨૬ — અમારા મારફત : (અમારા અસીલની સુચના અને સંમતિથી)

નિલય એમ પટેલ • દેવલ બી. સોજીત્રા (એડવોકેટસ)
ગ્રાઉન્ડ ફલોર, પૂજા કોમ્પલેક્ષ, ઈન્દીરા સર્કલ પાસે, યુનિ. રોડ, રાજકોટ.
મો. ૯૮૨૫૬ ૨૦૬૪૦, ૯૯૨૪૯ ૫૧૨૨૫

પૂ. રણછોડદાસજી મહારાજના પ્રાગટય પ્રસંગે ૧૦૦૮ શ્રી શ્રી મહામંડલેશ્વર હરીચરણદાસજી મહારાજ પ્રેરીત

વાંકાનેરના શ્રી સદ્‌ગુરૂ આનંદ આશ્રમે શ્રીહરી સંત ભોજનાલય ભવનનો પ્રારંભ કરાશે

ગોંડલ શ્રી રામજી મંદિરના ગાદિપતિ પૂ. જયરામદાસજી મહારાજના અધ્યક્ષ સ્થાને તા. ૧૩ ને શુક્રવારે આયોજન







વાંકાનેર, તા. ૪: વાંકાનેર-રાજકોટ રોડ પર આવેલ સદગુરૂનગર ખાતે આવેલ પ.પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી હરીચરણદાસજી મહારાજના અંતરીકમ આશિર્વાદ થકી અને ગોંડલ રામજી મંદિરના ગાદીપતિ પુજય જયરામદાસજી મહારાજના અધ્યક્ષ સ્થાને આગામી તા. ૧૩-૧૧-૨૬ ને કારતક સુદ-૪ ને શુક્રવારના રોજ સદગુરૂદેવ શ્રી પૂજય રણછોડદાસજી મહારજના પ્રાગટય દિને 'શ્રી હરીસંત ભોજનાલય ભવન' નું નિર્માણ થયેલ છે જેને પુજય જયરામદાસજી મહારાજના વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવનાર છે સાથે સદગુરૂદેવ શ્રી પૂજય રણછોડદાસજી મહારાજના પ્રાગટય દિનને યાદગાર બનાવવા અન્નકુટ દર્શન, મહાઆરતી, ભકિત સંધ્યા, મહાપ્રસાદ, દાતાશ્રીનો સન્માન સમારોહ, મહંતશ્રી દ્વારા આશિવર્ચન સહીત દિવસભર કાર્યક્રમો યોજાશે.

કાર્યક્રમના પ્રારંભે દિપ પ્રાગટય પુજય જયરામદાસજી મહારાજ (ગોંડલ રામજી મંદિર), ગાયત્રી શકિતપીઠના મહંતશ્રી અશ્વિનબાપુ રાવલ, ધારાસભ્યશ્રી જીતુભાઈ સોમાણી, ભુપતભાઈ જોબનપુત્રા (આફ્રિકાવાળા), ડો. એમ. એલ. ગ્રુપ રાજકોટના શ્રી હરીશભાઈ ભીમાણી, રાજેશભાઈ જટણીયા (રાજકોટ) તથા કિશોરભાઈ કોટક રાજકોટના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે.

ત્યારે સદગુરૂદેવશ્રી પૂજય રણછોડદાસજી મહારાજના પ્રાગટય પ્રસંગે પુજયબાપુના સમૃતિ મંદિરમાં ભવ્ય અન્નકુટ દર્શન તથા આરતી બપોરે ૧૨ કલાકે ધામધુમથી યોજાશે. ત્યારબાદ સાંજે ૬:૩૦ કલાકે આ વિશાળ ભોજનાલય ભવનમાં નિર્માણમાં તન, મન, ધનથી સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓનો સન્માન કાર્યક્રમ પૂજય જયરામદાસજી મહારાજના અધ્યક્ષ સ્થાને યોજાશે.

સન્માન કાર્યક્રમ પુર્ણ થયા બાદ શ્રી જયરામદાસજી મહારાજ તથા ઉપસ્થીત સંતો-મહંતોના મુખેથી તમામ સદ્‌ગુરૂ શિષ્ય પરિવારો તથા તમામ દાતાશ્રીઓની ઉપસ્થિતમાં આર્શિવર્ચન પાઠવવામાં આવશે તો આ આશિવર્ચન મેળવવા તાલુકાભરમાં વસતા તમામ સદ્‌ગુરૂ શિષ્ય પરિવારોને સમયસર પધારવા સદ્‌ગુરૂ આનંદ આશ્રમના તમામ ટ્રસ્ટી મંડળે યાદી આપતા જણાવેલ છે.

મહારાજશ્રીનો આર્શિવચન કાર્યક્રમ બાદ સાંજે ૭-૨૦ કલાકે પૂજય જયરામદાસજી મહારાજની પ્રેરક ઉપસ્થિતીમાં પૂજય ગુરૂદેવના સમૃતિ મંદિર (નિજ મંદિર)માં ભવ્યાતિ ભવ્ય મહાઆરતીનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. તો તમામ સદ્‌ગુરૂ શિષ્ય પરિવારોઓ આ મહાઆરતીના અમુલ્ય અવસરનો લ્હાવો લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે. મહાઆરતી બાદ રાત્રે આઠ કલાકથી તમામ સદ્‌ગુરૂ શિષ્ય પરિવારો તથા દાતાશ્રીઓ માટે નિર્માણ થયેલ શ્રી હરીસંત ભોજનાલય ભવનમાં મહાપ્રસાદનો પ્રારંભ થશે તો આ દિવ્ય અવસરનો ઔલોકિક લાભ લેવા તમામ સદ્‌ગુરૂ શિષ્ય પરિવારોને સહ પરિવાર સાથે પધારવા ટ્રસ્ટીઓ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

સદ્‌ગુરૂદેવ શ્રી પુજય રણછોડદાસજી મહારાજનના પ્રાગટય ઉત્સવ અંર્તગત તા.૧૩/૧૦ને શુક્રવારે રાત્રીના આઠ થી દસ કલાકે વાંકાનેરનું ખ્યાતનામ શ્રી શ્યામ ધુન મંડળ તથા સંગીતમાલા ગ્રૂપના વીસેક જેટલા કલાકારો દ્વારા (ભકિત સંધ્યાના કાર્યક્રમમાં અનેરી જમાવટ કરશે.

આજના આ પ્રાગટય ઉત્સવ તથા "શ્રીહરીસંત ભોજનાલય ભવન" શુભારંભ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઘનશ્યામભાઈ જોબનપુત્રા (આફ્રિકાવાળા), ચેતેશ્વર પુજારા (ક્રિકેટ-રાજકોટ), શૈલેષભાઈ પાલારી (રાજકોટ રામધામ ટ્રસ્ટી), હસમુખ ભગદેવ (રામધામ ટ્રસ્ટી), પ્રતાપભાઈ કોટક (રામધામ ટ્રસ્ટી), ગીરીશભાઈ કાનાબાર-વાંકાનેર, અશ્વિનભાઈ કોટક-મોરબી, પરેશભાઈ લાખાણી-રાજકોટ, ચંદ્રકાંન્તભાઈ કટારીયા-ટંકારા, જગદીશભાઈ પુજારા (ટીનાલાલ, રાજકોટ રાજુભાઈ કેશરીયા-વાંકાનેર, મહેશભાઈ ઠક્કર-રાજકોટ, પરેશભાઈ દાવડા, રાજકોટ, સરોજબેન બુધ્ધદેવ (રાજકોટ કૃપા પાત્ર શિષ્યા, તેમજ ભાવનાબેન મીરાણી વાંકાનેર (રામધામ મહિલા અગ્રણી)સહિત અન્ય દાતાઓની વિશેષ ઉપસ્થિત થી કાયૃક્રમ દપી ઉઠશે.

જયારે આ મહાપ્રસાદના મુખ્ય યજમાન પદે ગીતાબેન ભુપતભાઈ જોબનપુત્રા પરિવાર (આફ્રિકાવાળા)-રાજકોટ રહેશે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સદ્‌ગુરૂ આનંદ આશ્રમના સેવક શ્રીઓ મહેશભાઈ રાજવીર, બટુકભાઈ બુધ્ધદેવ (પેંડાવાળા), કૌશીકભાઈ સેજપાલ, હાર્દિકભાઈ કક્કડ, સુનિલભાઈ ઈ ખખ્ખર, કૃણાલભાઈ ગણાત્રા, વિપુલભાઈ રાજવીર સહિતના મુખ્ય સેવકો છેલ્લા એકમાસથી કમ્મર કસી રહયા છે.


વાંકાનેર સદ્‌ગુરૂ આનંદ આશ્રમને નવોઢા જેમ રોશની થી સુશોભીત કરવામાં આવી રહયો છે.(૬.૬)





સ્નેહ મિલન નહીં હવે માં મિલન : વઢવાણના પૂર્વ ધારાસભ્ય ધનરાજભાઈ કેલા દ્વારા રવિવારે ભવ્ય આયોજન

નકટીવાવ મેલડી માતાના સાનિધ્યમાં ભવ્ય તાવા અને મહાપ્રસાદનું આયોજન, કેલા પરિવાર દ્વારા સૌને જાહેર આમંત્રણ



(ફઝલ ચૌહાણ દ્વારા)વઢવાણ, તા., ૪ : સુરેન્દ્રનગર વઢવાણના પૂર્વ ધારાસભ્ય ધનરાજભાઈ કેલા દ્વારા આગામી રવિવારે એટલે કે તા. ૮.૧૧ ના રોજ સ્નેહમિલન ના બદલે માં મિલનનું આયોજન કરવામાં આવ્યું છે. વઢવાણ ખાતે આવેલા નકટીવાવ મેલડીમાં ખાતે રવિવારના રોજ ભવ્ય મેલડી માતાના તાવાનું અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.સુરેન્દ્રનગર વઢવાણના પૂર્વ ધારાસભ્ય ધનરાજભાઈ કેલા એટલે લોકોના હૃદયમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કરનાર વ્યક્તિ તરીકે ઓળખાય છે. રાજકારણ પછી પણ આજે આટલા વર્ષો પછી પોતાની ઓળખને તેમણે જાળવી રાખી છે. ધનરાજભાઈ કેલા વર્ષોથી પોતાના નિવાસસ્થાન ખાતે નૂતન વર્ષા અભિનંદન અને સ્નેહમિલનની ઉજવણી કરે છે અને પોતાની સાથે જોડાયેલા સમુદાયો, વઢવાણ તાલુકો તેમજ અન્ય ગામોમાંથી આ દિવસે ખાસ તેમના નિવાસસ્થાન ખાતે સ્નેહમિલન કાર્યક્રમમાં લોકો અચૂક હાજરી આપે છે અને સ્નેહમિલન નહીં પરંતુ સ્નેહ અને સેતુનો એક અનોખું મિલન તેમના નિવાસસ્થાન ખાતે યોજવામાં આવતું હોય છે પરંતુ આ વર્ષે કેલા પરિવાર દ્વારા એક અનોખી ઉજવણી કરવાનું નક્કી કર્યું છે જેનું સૂત્ર સ્નેહમિલન નહીં પરંતુ માં મિલન કરવાનું નક્કી કર્યું છે એટલે કે રવિવારે તા. ૮.૧૧ ના રોજ દિવાળીનો દિવસ પણ છે જે વઢવાણ ખાતે આવેલા નકટીવાવ મેલડીમાંના સાનિધ્યમાં પોતાના સમુદાયો અને સ્નેહીજનો તેમજ કેલા પરિવારના અને જ્ઞાતિ જનો સહિતના લોકોને આ દિવાળીના પાવનકારી અવસરે એક બીજા ભેગા મળી અને માના સાનિધ્યમાં સ્નેહ મિલન યોજવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે વઢવાણ નકટીવાવ મેલડીમાં ખાતે ભેગા મળી અને આ મા મિલનને સફળ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે જેમાં પરિવારના મોભી અને ધનરાજભાઈ કેલા તેમજ ગાયત્રીબેન કેલા, લલિતભાઈ કેલા, નરેશભાઈ કેલા, કામિનીબેન કેલા, નિશાબેન કેલા તેમજ માધવ, રુચિકા, પરમ ખુશી અને કેશવ સહિતના પરિવારજનો દ્વારા આ વઢવાણ ખાતે આવેલા નકટીવાવ મેલડીમાં ખાતે માંડવાનું અને મહાપ્રસાદનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે વઢવાણ નકટીવાવ મેલડીમાં ખાતે ભેગા મળી અને આ મા મિલનને સફળ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે જેમાં પરિવારના મોભી અને ધનરાજભાઈ કેલા તેમજ ગાયત્રીબેન કેલા, લલિતભાઈ કેલા, નરેશભાઈ કેલા, કામિનીબેન કેલા, નિશાબેન કેલા તેમજ માધવ, રુચિકા, પરમ ખુશી અને કેશવ સહિતના પરિવારજનો દ્વારા આ વઢવાણ ખાતે આવેલા લાભાર્થી ભાઈ-બહેનોને દર્શન તેમજ મહાપ્રસાદમાં ભાગ લેવા માટે જાહેર આમંત્રણ વઢવાણના પૂર્વ ધારાસભ્ય ધનરાજભાઈ કેલા દ્વારા આપવામાં આવેલ છે.(૪.૪)

રાજકોટ કોંગ્રેસ સોશિયલ મીડિયા ડિપા.નાં પ્રમુખ જીજ્ઞેશ વાગડીયાનો જન્મદિવસ



રાજકોટ, તા. ૪ : શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ પ્રમુખ તથા અખિલ ભારતીય સુવર્ણકાર સમાજ એવમ શોધ સંસ્થાનનાં ઓલ ઈન્ડિયાનાં યુવા પ્રમુખ તથા શ્રી સોની યુવા સોશિયલ ટ્રસ્ટનાં પ્રમુખ તથા સુર્વણકાર વેલફેર એસોસિએશન ગુજરાતનાં યુવા પ્રમુખ તથા નવનાત વણિક સમાજનાં ગુજરાત સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ પ્રમુખ જીજ્ઞેશ વાગડીયાનો જન્મદિવસ છે. ડો. હેમાંગભાઈ વસાવડા, રામજીભાઈ માવાણી, રંજતભાઈ સંઘવી, રણજીતભાઈ મુંધવા, સંજયભાઈ લાખાણી, કૃષ્ણદત્તભાઈ રાવલ, શોભનભાઈ પારેખ, કેતનભાઈ પાટડીયા, શૈલેષભાઈ પાટડીયા, રવિકાન્તભાઈ વાગડીયા, હિતેશભાઈ વાગડીયા, પ્રશાંતભાઈ વાગડીયા, કમલેશભાઈ પાટડીયા, ચેતનભાઈ પાટડીયા, કલ્પેશભાઈ પાટડીયા, સંદિપભાઈ જડીયા, મિલનભાઈ સોની, ચંદ્રેશભાઈ ફિચડીયા, કાર્તિકભાઈ પાટડીયા ગોંડલ, મનોજભાઈ માંડલિયા ગોંડલ, પરેશભાઈ પાટડીયા, તરૂણભાઈ પાટડિયા, નરેન્દ્રભાઈ પાટડીયા, ભાવિનભાઈ વાગડીયા, પરેશભાઈ પારેખ, કૃનાલભાઈ પાટડીયા તથા હેમલભાઈ પેશાવડીયા, જલ્પેશભાઈ, પ્રતિમાબેન વ્યાસ, કોંગ્રેસ સમિતિનાં હોદેદારો સોની સમાજનાં અગ્રણી તથા વણિક સમાજનાં અગ્રણી પ્રશાંતભાઈ શાહ, યોગેશભાઈ બાવીશી, નરેન્દ્રભાઈ સોરઠીયા કોઈનમેન તથા બીનાબેન શેઠએ શુભેચ્છાઓ પાઠવી હતી. જીજ્ઞેશ વાગડીયા (મો. ૯૭૨૩૩૯૦૯૦૦) જન્મદિવસ નિમિત્તે ઠેર ઠેર શુભકામનાઓ વર્ષી રહી છે. (૩૬.૫)

આ...લે...લે...કચ્છમાં દારૂની બોટલ ન આપી તો છરી ઝીંકી દીધી

અલ્તાફ ઉર્ફે પંચર નામના શખ્સે શાહબાઝ જાકબ સંઘાર ઉપર હુમલો કરતા સારવારમાં

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા. ૪ :.. ભુજના ભીડગેટ પાસે આવેલી ચાની હોટલે દારૂની બોટલ પીવા ન આપવાના મનદુ:ખમાં ૨૪ વર્ષીય શાહબાઝ જાકબ સંઘાર પર છરીથી હુમલો થયાની ઘટના સામે આવી છે. અલ્તાફ ઉર્ફે પંચર નામના શખ્સે શાહબાઝના પેટમાં છરીના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી અને ત્યારબાદ ફરાર થઈ ગયો હતો. ફરિયાદ મુજબ, સોમવારે સાંજે શાહબાઝ જાકબ સંઘાર પોતાના મિત્રો ઈરફાન કુંભાર, વકાર પીંજારા અને સલીમ કુંભાર સાથે ભીડગેટ પાસે આવેલી ચાની હોટલે બેઠો હતો. આ દરમિયાન વકાર પીંજારાએ રિક્ષામાંથી દારૂની બોટલ કાઢી હતી. મિત્રો વચ્ચે બોટલની આપ-લે થઈ રહી હતી. ત્યારે દાદુપીર રોડ પર રહેતો અલ્તાફ ઉર્ફે પંચર ત્યાં આવ્યો હતો. શાહબાઝે તેને દારૂ પીવા માટે ન પૂછતાં મનદુ:ખમાં ગાળાગાળી કરી છરીથી હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત શાહબાઝને સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડાયો છે. આ મામલે ભુજ શહેર બી ડિવિઝન પોલીસ મથકે અલ્તાફ ઉર્ફે પંચર વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.(૫-૧૧)

ગીર સોમનાથ જિલ્લાના માર્ગ અને ટ્રાફિક સૂવિધા અંગે ગડકરી સાથે મુલાકાત!



(રામસિંહ મોરી) સુત્રાપાડા, તા.૪: નવી દિલ્હી ખાતે કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી મળીને ગીર સોમનાથ જિલ્લાના વિકાસલક્ષી કાર્યો અંગે રજૂઆત કરી હતી.

મુખ્ય રજૂઆતના મુદ્દાઓ: ભુવાટીબી, આલિદ્રા, પ્રાંચી અને ખેરા ગામના રાષ્ટ્રીય રાજમાર્ગ પર રાત્રિના સમયે પૂરતી રોશની માટે સ્ટ્રીટ લાઈટ્સ લગાવવી.

રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે સુરક્ષા અને અકસ્માત નિવારણ માટે હાઈ-માસ્ટ લાઈટની વ્યવસ્થા કરવી.

જગપ્રસિદ્ધ તીર્થસ્થળ સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓ અને સ્થાનિક નાગરિકોની સુવિધા માટે કાજલી ગામ જંકશન ખાતે સર્વિસ રોડનું નિર્માણ અને હાઈ-માસ્ટ લાઈટ લગાવવી.

પ્રભાસ પાટણ-સોમનાથ આવતા લાખો શ્રદ્ધાળુઓની સલામતી અને સ્થાનિક નાગરિકોની સુવિધા માટે આ કાર્યો અત્યંત આવશ્યક છે,જેને લઈને ચર્ચા થઈ. જનહિતના આ કાર્યો ટૂંક સમયમાં જ સાકાર થશે તેવો પૂર્ણ વિશ્વાસ છે. (૩.૯)

ભાવનગરનાં અધેવાડા શ્રી શિવકુંજધામમાં 'કોટિ રૂદ્ર મહાયજ્ઞ'નું આયોજન

પૂ. સીતારામબાપુની અધ્યક્ષતામાં તા. ૧૯ થી તા. ૨૯ ડીસેમ્બર દરમિયાન ધર્મોત્સવ: ૨૧૦૦ ભુદેવો દ્વારા ૩૩ યજ્ઞકુંડમાં મંત્રોચ્ચાર સાથે આહુતિ અપાશે



(મેઘના વિપુલ હિરાણી દ્વારા)ભાવનગર તા.૪ :.. ભાવનગર શહેર-જિલ્લાના અધેવાડા વિસ્તારમાં સોમનાથ હાઈવે પર આવેલા પ્રાકૃતિક અને દિવ્ય વાતાવરણથી શોભતા 'શિવકુંજ ધામ' આશ્રમ ખાતે (શનિવાર, તા. ૧૯-૧૨-૨૦૨૬) થી (મંગળવાર, તા. ૨૯-૧૨-૨૦૨૬) દરમિયાન 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા અલૌકિક 'કોટિ રુદ્રમહાજ્ઞ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ દિવ્ય આયોજન શિવકુંજ પરિવાર અને શ્રી મંજુમા સેવા ફાઉન્ડેશન દ્વારા 'સમગ્ર બ્રહ્માંડકલ્યાણ હેતુ' રાખવામાં આવ્યું છે.

ભારતીય સનાતન પરંપરા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે યજ્ઞથી વરસાદ થાય છે, વરસાદથી અનાજ પાકે છે અને તેનાથી પ્રાણીમાત્રનું જીવન ટકે છે. આ દિવ્ય વિચારધારાને ચરિતાર્થ કરતા, સમસ્ત વિશ્વ અને બ્રહ્મ ાંડમાં રહેલી સચરાચર સૃષ્ટિના કલ્યાણ, રાષ્ટ્રની ઉન્નતિ અને શાંતિ માટે પ.પૂ. સંતશ્રી સીતારામબાપુના નિમિત્તમાત્ર સંકલ્પથી આ મહાજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. 'રાધારમણલાલજી' ના મુખ્ય યજમાન સ્થાને આ મહાજ્ઞ સંપન્ન થશે.

આ મહાજ્ઞની વિશેષતા એ છે કે તેમાં સમગ્ર ભારતમાંથી ૨૧૦૦ થી પણ વધારે બ્રાહ્મણો પધારશે. આ યજ્ઞમાં શુદ્ધ ઉચ્ચારો સાથે વેદોમાં જે યજ્ઞ વિશે સંપૂર્ણ રુદ્રી બાબતનો ઉલ્લેખ છે, તે મુજબ ભગવાન મહાદેવની રુદ્રીનો પાઠ કરવામાં આવશે. ૧૧ દિવસ દરમિયાન ૧૩૩ યજ્ઞકુંડમાં વિવિધ વેદ મંત્રો દ્વારા પોણા ત્રણ કરોડ જેટલી આહુતિઓ અપાશે.

જગતગુરુ શંકરાચાર્ય અને સંતોની ઉપસ્થિતિ

આ સમગ્ર યજ્ઞકાર્યમાં પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામિ સદાનંદ સરસ્વતીજી મહારાજના આશીર્વાદ અને સાન્નિધ્ય પ્રાપ્ત થશે. આ ઉપરાંત અનેક સંતો પધારશે અને પધારેલા સંતોના આશીર્વાદ જનતાને મળી રહે તે માટે રોજિંદી ધર્મસભાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

પ.પૂ. સંતશ્રી સીતારામબાપુ દ્વારા અગાઉ થયેલા ધાર્મિક અને લોકસેવાકીય કાર્યો

ભાવનગરની આ પવિત્ર ભૂમિ ધન્ય છે કે જ્યાં પ.પૂ. સંતશ્રી સીતારામબાપુ દ્વારા સતત આવા યજ્ઞો અને લોકસેવાકીય કાર્યો થતા રહે છે. શ્રી મંજુમા ફાઉન્ડેશન દ્વારા અગાઉ લોકસેવા હેતુ ૯ ભાગવત કથાઓ, ગોપનાથ મહાદેવ ખાતે શ્રીનાથજી ભગવાનના યજમાનપદે અતિદ્રુદ્ર મહાજ્ઞ, ગોપનાથ મહાદેવના યજમાનપદે અતિ મહાવિષ્ણુયાગ સાથે ૨૫૦૦ વિધવા બહેનોને સાડી વિતરણ અને મહુવા ખાતે ભગવાન આશુતોષ શિવના યજમાનપદે લક્ષચંડી મહાજ્ઞ જેવા પવિત્ર કાર્યો સંપન્ન થયા છે. શિવકુંજ ધામ ખાતે પ્રતિવર્ષ આધ્યાત્મિક યુવા-વિદ્યાર્થી શિબિરો, દર મહિને નિ:શુલ્ક મેથી ચિકિત્સા શિબિર, દરરોજ હરિહર, દૈનિકયજ્ઞ, શ્રાવણ માસમાં બિલિપત્રનો શિવાભિષેક, ચાતુર્માસમાં શતચંડી યજ્ઞ અને પર્યાવરણ-શિક્ષણ-સંસ્કારને લગતા કાર્યો નિયમિતપણે યોજાય છે.

રોજિંદો મહાપ્રસાદ અને માનવસેવાના પ્રકલ્પો

યજ્ઞ દરમિયાન દર્શનાર્થે આવતા તમામ લોકો માટે રોજ હરિહર ચાલુ રહેશે અને મહાપ્રસાદનું વિતરણ થશે. આ કાર્યમાં શિવકુંજ માનસ પરિવાર, શ્રી મંજુમા સેવા ફાઉન્ડેશનના સભ્યો તેમજ ભાવનગર જિલ્લાની અનેક સંસ્થાઓ, શાળાઓ, સેવા મંડળો અને મહિલા મંડળો ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે. આ મહાયજ્ઞમાં પ.પૂ. પી.પી.સ્વામીજી - પ્રયોષ પ્રતિષ્ઠાન (ડાંગ) નું સાન્નિધ્ય પણ મળશે, જેઓ આદિવાસી વિસ્તારના ૨૮૦૦ જેટલા બાળકોને સનાતન પરંપરા સાથે જોડી સ્પોર્ટ્સ અને સ્વવિકાસમાં આગળ વધારી રહ્યા છે. તેમની પ્રેરણાથી શ્રી મંજુમા સેવા ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગ યજ્ઞ પણ ચાલે છે, જેમાં નિ:શુલ્ક કૃત્રિમ અંગ અને કેલિપર્સ ફીટ કરી આપવામાં આવે છે, જેથી દિવ્યાંગો સ્વાવલંબી બની શકે. મહુવા ખાતે યોજાયેલા લક્ષચંડી મહાજ્ઞમાં ૧૫૦ થી વધુ લાભાર્થીઓને આ સેવા આપવામાં આવી હતી.

૧૧ દિવસ સુધી અધેવાડાના શિવકુંજ ધામમાં સતત શિવમંત્રોનો નાદ ગુંજશે અને લાખો ભકતો યજ્ઞદર્શન, સંતદર્શન તથા મહાપ્રસાદનો લહાવો પ્રાપ્ત કરશે. (૫-૬)

સુરેન્દ્રનગરમાં હાર્દિક સાંતલપરાની હત્યા કરનાર ૫ શખ્સોની શોધખોળ

પોલીસની કડક કાર્યવાહીની ખાત્રી બાદ મૃતદેહ પરિવારજનોએ સ્વીકાર્યો







(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ તા. ૪ :.. સુરેન્દ્રનગરના મેડિકલ કોલેજ પાછળ આવેલા મેલડીપરા વિસ્તારમાં હનુમાનજીના મંદિર નજીક યુવકને છરીના ઘા જીંતી અને હત્યા કરવામાં આવી છે હાર્દિક સાંતલપરા નામના યુવકની હત્યા કરવામાં આવતા ચકચાર ફેલાઈ જવા પામ્યો છે. ત્યારે હાર્દિક દ્વારા બે મહિના પહેલા પ્રેમ લગ્ન કરેલા પ્રેમી યુગલને પોતાના ઘરમાં આશરો આપવામાં આવ્યા હોવાનું શંકા રાખી અને બે મહિનાથી તેની સાથે પાંચ ઈસમો બોલાચાલી કરતા હતા અને વારંવાર ધમકીઓ પણ આપતા હતા.

ત્યારબાદ હાર્દિકને સમાધાન માટે બોલાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ સમાધાનમાં બોલાવવામાં આવેલા હાર્દિક સાથે વાતચીત કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને હોંડામાં બેસાડી અને લઈ જવામાં આવી રહ્યો હતો અને પાછળ બેઠેલા યુવક દ્વારા તેને છરીના ઘા જીતવામાં આવ્યા હતા. જેને લઈને તેના શરીરમાંથી બ્લડિંગ થઈ ગયું હતું અને તેનું મોત નીપજવા પામ્યું હોવાનું તપાસમાં ખુલવા પામ્યું છે.

ત્યારે મૃતકના પરિવારજનોએ કૃથમ તબક્કામાં મૃતદેહ નો સ્વીકાર કરવા માટેનો ઈનકાર કરવામાં આવ્યો હતો અને જ્યાં સુધી આરોપીઓ નહીં ઝડપાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકાર કરવામાં નહીં આવે તેવી ચીમકી પણ આપવામાં આવી હતી પરંતુ ત્યારબાદ તે એએસપી તથા પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને મામલો શાંત પાડવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો હતો અને પરિવારજનો સાથે બેઠક કરી અને ન્યાયની ખાતરી આપવામાં આવતા મૃતદેહનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

ત્યારે આ અંગે રવિ રાજુભાઈ ઝિંઝુવાડીયા રોહિત ચકાભાઈ કોરડીયા રણજીત ઠાકોર સચિન જીવાભાઈ પીન્ટુ નિલેશ ઉર્ફે બોડિયો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને આ તમામ પાંચ આરોપી ફરાર બન્યા છે તેની શોધખોળ માટે બ્રાન્ચની અને અલગ અલગ ચાર જેટલી ટીમોને કામે લગાવવામાં આવી છે ત્યારે આ અંગે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે અને પરિવારજનોને ન્યાય અપાવવા અંગેની પોલીસે તજવીજ શરૂ કરી છે. (૫-૮)

કચ્છના સફેદ રણ, રોડ ટુ હેવન અને ધોરડો રણોત્સવનો વિસ્તાર 'પ્લાસ્ટિક ફ્રી ઝોન' જાહેર

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૪: કચ્છના વિશ્વવિખ્યાત સફેદ રણ, પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા 'રોડ ટુ હેવન' અને ધોરડો ખાતે યોજાતા રણ ઉત્સવના વિસ્તારોની પ્રાકૃતિક સુંદરતા, સ્વચ્છતા અને પર્યાવરણીય સમતુલા જાળવવાના હેતુથી આ ત્રણેય વિસ્તારોને 'પ્લાસ્ટિક ફ્રી ઝોન' જાહેર કરવામાં આવ્યા છે. કચ્છના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડીયાએ આ વિસ્તારોમાં પ્લાસ્ટિકની બોટલો, કોથળીઓ તેમજ અન્ય સિંગલ યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓ જાહેરમાં ફેંકવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવ્યો છે. ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રાજ્ય સરકારના સહયોગથી દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટે છે. રણ ઉત્સવની મુલાકાતે આવતા પ્રવાસીઓ ખડીર વિસ્તારમાં આવેલા સફેદ રણમાંથી પસાર થતા 'રોડ ટુ હેવન'ની પણ મુલાકાત લેતા હોય છે. આ ત્રણેય સ્થળો પર્યાવરણીય દૃષ્ટિએ સંવેદનશીલ હોવાથી પ્રવાસીઓ દ્વારા પ્લાસ્ટિકનો કચરો ફેંકાતો અટકાવવો અનિવાર્ય બન્યો છે. જાહેરનામા મુજબ ધોરડો રણ ઉત્સવ વિસ્તારમાં સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા તથા તેની બંને તરફના બે-બે કિલોમીટરના વિસ્તારનો સમાવેશ કરાયો છે. આ ઉપરાંત વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર તેમજ 'રોડ ટુ હેવન' (NH-754K) પર કાઢવાંઢ, તા. ભુજથી ધોળાવીરા ગામના એન્ટ્રી પોઈન્ટ સુધીનો રસ્તો, તેની બંને બાજુના રણ વિસ્તાર અને તેને સંલગ્ન રણમાં ભરાયેલા પાણીના વિસ્તારોમાં પણ પ્રતિબંધ લાગુ રહેશે. હુકમનો અમલ કરાવવા તેમજ ભંગ બદલ કાર્યવાહી કરવા હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. આ જાહેરનામું તા. ૩૦-૧૨-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.(૪૦.૩૭)

શિવકુંજ ધામ આશ્રમ ખાતે પ્રતિષ્ઠિત ભારતના બીજા નંબરના સ્ફટિક શિવજી ભવનાથ મહાદેવ અને આદ્યશક્તિમાં રાજરાજેશ્વરી ભવતી પરાંબાની અસીમ કૃપાથી તથા વૃંદાવનમાં બિરાજતા ભગવાન

સમ્રાટ ચૌધરીએ બધાને આશ્ચર્યમાં મૂક્યા

બિહારમાં ક્રાઈમ છે અપરાધ નહીં, સીએમનું નિવેદન વાઇરલ !

પટણા,તા.૪: બિહારના મુખ્યપ્રધાન સમ્રાટ ચૌધરીના ભાષણનો એક હિસ્સો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. હાઈવે મિનિસ્ટ્રી અને બિહાર સરકાર વચ્ચે રિવર મેનેજમેન્ટને લઈને થયેલી સમજૂતી દરમિયાન તેમણે આપેલા ભાષણમાં જણાવ્યું હતું કે અમારે ત્યાં કોઈ ગુનો થતો નથી, ગુનાની પરિકલ્પના જ ખતમ થઈ ગઈ છે, બિહારમાં ક્રાઈમ થઈ શકે છે, પરંતુ અપરાધ થઈ શકતો નથી.

તેમણે બિહારમાં ક્રાઈમ અંગેની સ્થિતિ પર વાતચીત કરતાં આ વાત બોલી હતી, પરંતુ તેમની આ વાત આજે સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ ગઈ છે. હવે બધા પૂછી રહ્યા છે કે આ ભાષણથી તે કહેવા શું માંગે છે. લોકો તેના જાતજાતના અર્થ કાઢી રહ્યા છે અને તેના મીમ્સ પણ બનવા શરૂ થઈ ગયા છે. લાલુપ્રસાદના પુત્ર તેજસ્વી યાદવે પણ આ બાબતને લઈને શાસક પક્ષના વડા પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે બિહારમાં ક્રાઈમ હોઈ શકે છે, પરંતુ અપરાધ નહીં. (૪૧.૭)

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૨૦માં એડી. સિવિલ જજ અને જયુડી. મેજી. **શ્રી સુનિલ ચૌધરી સાહેબ** ની કોર્ટના **દિવાની પર. અરજી નં. ૨૨૨૯/૨૦૨૬** ના આ કામના અરજદારો **(૧) નર્મદાબેન પ્રવીણચંદ્ર વાછાણી, (૨) હેમલ પ્રવિણચંદ્ર વાછાણી** તે નં. ૧ જાતે તથા ૨ ના કુદરતી વાલી તથા માતા દરજજે નર્મદાબેન પ્રવીણચંદ્ર વાછાણી બન્ને રહે. બ્લોક નં. ૨, ધર્મરાજ સોસાયટી શેરી નં. ૨, યોગેશ્વર પાર્કની બાજુમાં, સેટેલાઈટ પાર્કની સામે, સાધુવાસવાણી રોડ, રાજકોટવાળાઓએ તેમના પતિ **ગુજ. સ્વ. પ્રવિણચંદ્ર ગોરધનભાઈ વાછાણી**ની સ્થાવર મિલકત કે જે રાજકોટ તાલુકાના હાલ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવેશ થયેલ **ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૪૭ પૈકી**ની બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી **''ધર્મરાજપાર્ક''** તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટ નં. ૩૪ તથા ૩૫ ના સબ પ્લોટ નં. ૩૪+૩૫/૨ ની જમીન ચો મી. ૫૮-૫૬ ઉપર આવેલ મકાન જેના ટી.પી સ્કીમ નં. ૧૬, ઓ.પી. નં. ૭૧, એફ.પી. નં. ૭૧ પૈકી થી આવેલ સ્થાવર મિલકત **ગુજરનાર સ્વ. પ્રવિણચંદ્ર ગોરધનભાઈ વાછાણી** એ રાજકોટની સબ રજીસ્ટ્રાર કચેરીના અનુક્રમ નં. ૧૧૦૪૯, તા. ૧૫/૦૯/૨૦૦૮ ના રોજ નોંધાયેલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી **શ્રી ભીમજીભાઈ શામજીભાઈ મારવીયા તથા શ્રી કાનજીભાઈ કરમશીભાઈ શિંગાળા** પાસેથી ખરીદ કરેલ. ત્યારથી આ મિલકત ગુજરનારની સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલ છે. ઉપરોક્ત મિલકત સંબંધે અરજદારોએ તેમના નામનું હેરશીપ/વારસા સર્ટિફિકેટ મળવા અંગે તેમના **વકીલ શ્રી હસમુખ પી. તરપદા તથા મુકેશ જી. ગોંડલીયા** મારફતે ઉપરોક્ત દિવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સદરહુ અરજી સંબંધે જેને વાંધો-તકરાર હોય તો તેમણે મુદત તા.૧૦/૧૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે લેખિત વાંધા સાથે હાજર રહેવું. ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા.૦૩/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર
(એન.બી. ગાબુ)
આસિસ્ટન્ટ

(કોર્ટનો સિક્કો)

હુકમથી
(એન.આર. વ્યાસ)
રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. એડી. સીવીલ (સી.ડી.) જજ **શ્રી ડી. ડી. શાહ** સાહેબની કોર્ટમાં **દી.પ.અ.નં. ૨૦૧૩/૨૬ થી અરજદાર જગદીશભાઈ ગોવિંદભાઈ ડાંગરએ ગુજ. ગોવિંદભાઈ જીવાભાઈ ડાંગર**ના વારસદાર તરીકે વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી દાખલ કરેલ છે. જે સ્થાવર મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ રૈયાની સીમમાં સર્વે નં.૮૪ તથા ૭:૧: ની બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા તેમા હુકમ ના લેન્ડ-૨૫૧ તા.૦૭-૦૩-૧૯૬૧ થી મળેલ સનદ નમુના એમ મા ના.૧૫૫ તા.૨૩-૦૩-૧૯૬૧ ની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર.૧૫ ની જમીન ચો.વા.આ.૩૪૬-૧-૦ માંહેથી ઉત્તર તરફના એક રસ્તાવાળી જમીન ચો.વા.આ.૨૨૧-૫-૦ ઉપર આવેલ મિલ્કત કે જે **ગુજ. ગોવિંદભાઈ જીવાભાઈ ડાંગર**એ ૧ નંબરની બુકના રજી.વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૨૪, તા.૦૬-૦૧-૧૯૭૭ ના રોજથી સ્વતંત્ર અને એકલા માલિક બનેલ છે. તે ઉપરોકત મિલ્કતનુ ઉપરોકત નંબરવાળી અરજીથી અરજદારના **એડવોકેટશ્રી અંકિત વી. કુવાડિયા** મારફતે દાખલ કરી વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ હોય આ અરજી સામે કોઈનો વાંધો તકરાર હોય તો આ અદાલતમાં **મુદત તા. ૧૦/૧૨/૨૬** ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે રજુ કરવા. મુદત દરમિયાન કોઈનો વાંધો તકરાર નહી આવે તો અરજદારની તરફેણમાં યોગ્ય કાયદેસર હુકમ કરવામાં આવશે.

આજની તા. ૦૩/૧૧/૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા છે.

તૈયાર કરનાર
(પી. ડી. સોટીયા)
જુ. કલાર્ક

(કોર્ટનો સિક્કો)

હુકમથી
(એન. આર. વ્યાસ)
રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. અધિક સીવીલ જજ શ્રી ડી. ડી. શાહ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૨૧૪૫/૨૦૨૬ ના કામમાં અરજદાર શ્રી જાવીયા પ્રતીકકુમાર શશીકાંતભાઈ રહે. રાજકોટવાળાએ ગુજ. શશીકાંત દેવરાજભાઈ જાવીયા ના નામે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટનાં શહેર રાજકોટ, રાજકોટ તાલુકાના ગામ મોટામવાના રે. સર્વે. નં. ૧૫૪/૧ ની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન ના યુનીટ (પ્લોટ) નં.૧ ની જમીન ચો.મી. ૫૮૦૭-૭૨ પૈકી ઉપર આવેલ "COSMOS PRIDE" બી-બીલ્ડીગમાં ચોથા માળ ઉપર આવેલ ફલેટ નં. બી-૪૦૧ કે જેનો બીલ્ટપ એરીયા ચો.મી.આ. ૧૪૪.૯૬ અને કારપેટ એરીયા ચો.મી.આ. ૧૨૫.૭૦ તથા વોશીંગ જેનો કારપેટ એરીયા ચો.મી.આ. ૨.૩૧ તથા પોર્ચ જેનો કારપેટ એરીયા ચો.મી.આ. ૨.૫૬ છે. સદરહુ સ્થાવર મીલકત અંગે વારસા પ્રમાણપત્ર મેળવવા ઉપરોકત અરજદારના એડવોકેટ શ્રી હસમુખ વી. ભોરણીયા, અશોક એમ. અગ્રાવત મારફતે ઉપરોકત દિ.પ.અ. **અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ હોય, સદરહુ અરજી સંબંધે જે કોઈ સખ્સને વાંધો કે તકરાર હોય તેમણે મુદત તા. ૨૧-૧૨-૨૦૨૬ ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે લેખીત વાંધા અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.**

આજ તા. ૩૦ માહે ૧૦ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સીકકા કરી આપ્યા.

તૈયાર કરનાર
(સહી અવાચ્ય)
આસીસ્ટન્ટ કલાર્ક

હુકમથી
એન. આર. વ્યાસ
રજીસ્ટ્રાર

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૪થામાંએડીશનલ સીનીયરસિવિલજજસાહેબશ્રી પૂજારાઠોર સાહેબની કોર્ટમાં
દિ.પ.અ.નં.૨૧૭૧/૨૦૨૬

ના કામમાં અરજદાર ૧. કિશોરભાઈ શાંતીલાલ પરમાર તથા ૨. પરેશભાઈ શાંતિલાલ પરમાર ઠે. રાજકોટના એ ગું. શાંતીલાલ લવજીભાઈ પરમારની સ્થાવર મિલ્કતો કે જે (૧) ગુજરાત રાજયના રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગરપાલિકાની હદ માંઆવેલરાજકોટનારેવન્યુસર્વેનં.૧૧૯/૧ તથા રેવન્યુ સર્વે નં. ૧૧૯/૨ પૈકીની ઔદ્યોગિક હેતુ માટે બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૭ પૈકીની પશ્ચિમ તરફના ઉતરના રસ્તા વાળી ની જમીન ચો.વા. ૧૧૩-૩-૦ સહિતના મકાન જેમાં ગોડાઉન તથા છુટ પડતરની જમીન આવેલ છે. જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૩/૨, સીટી સર્વે નં. ૨૫૧૦ છે. જેમાં સ્વ. શાંતિલાલ લવજીભાઈ પરમાર નો ૨૫% હિસ્સો રહેલ છે. (૨) ગુજરાત રાજયના રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવેલ રાજકોટ રેવન્યુ સર્વે નં. ૧૧૯/૧ તથા રેવન્યુ સર્વે નં. ૧૧૯/૨ પૈકીની ઔદ્યોગીક હેતુ માટે બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૭ પૈકીની પુર્વ તરફની જમીન ચો.વા. ૧૫૨-૭-૦ બરાબર જમીન ચો.મી. ૧૨૮-૦૦ ઉપરના ઔદ્યોગિકશેડનું બાંધકામ આવેલછે જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૩/૨, સીટી સર્વે નં. ૨૫૧૦/૧ છે. સ્વ. શાંતિલાલ લવજીભાઈ પરમાર નો ૨૫% હિસ્સો રહેલ છે. (૩) ગુજરાત રાજયના રાજકોટશહેરમાં કુવાડવા રોડ ઉપર આવેલ ડીલકસ ટોકીઝ સામે આવેલ દેશી નળીયાવાળું મકાન કે જેનું ક્ષેત્રફળ જમીન ચો.મી.૩૫-૦૦ બરાબર ચો.વા. ૪૧-૧-૩૮ છે. જે અઘાટ લેખ નં. ૬૦ તા. ૨૯/૦૫/૧૯૩૦ વાળી મિલ્કત છે. સ્વ. શાંતિલાલ લવજીભાઈ પરમાર નો ૨૫% હિસ્સો રહેલ છે. જેનુ હેઅરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે તેમના વકીલ શ્રી ધર્મેશ યુ. વકીલ તથા શ્રી મનોજ એન. ભટ્ટ મારફત અત્રેની કોર્ટ માં ઉપરોકત નંબરથી દિ.પ.અ. દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈ વ્યકિતને જાહેર નોટીસના અનુસંધાને વાંધા-જવાબ રજુ કરવા મુદત તા. ૦૭/૧૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રે ની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાંઆવશે. જેનીસ્પષ્ટનોંધલેશો.

આજ તા ૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહીતથાકોર્ટનોસીકકોકરીનેઆપ્યું.

તૈયાર કરનાર
(એન.એચ.વાણવી)
સુપ્રીટેન્ડેન્ટ

(કોર્ટનો સિક્કો)

હુકમથી
(એન.આર.વ્યાસ)
રજીસ્ટ્રાર

જાહેર ચેતવણી
કહ્યામાં નથી



આથી અમો નીચે સહી કરનાર **સવિતાબેન વા/ઓ. દિપકભાઈ ચૌહાણ** રહે. : શ્રીજી નગર શેરી નં.૨. રામેશ્વર ચોક પાસે, રૈયારોડ, રાજકોટ આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર ચેતવણીથી જણાવવાનું કે આ સાથેના ફોટોવાળા વ્યક્તિ અમારા **પતિ દિપકભાઈ બચુભાઈ ચૌહાણ** થોડા સમયથી પોતાની રીતે સ્વતંત્ર અને અલગ રહે છે. તેમજ તેઓના સ્વચ્છંદી સ્વભાવના લીધે તેઓની સાથે અમારે કે અમારા પરિવારને મારા પતિ સાથે કોઈ લેવા દેવા નથી કે કોઈ સબંધ નથી. તેઓ અમારા કહ્યા ન હોય તેથી તેમની સાથે કોઇ સગા વ્હાલા તેમજ લાગતા વળગતાઓએ, સરકારી અને ખાનગી બેંક, ફાઈનાન્સ કંપની વિગેરે માંથી કોઈપણ જાતનો આર્થિક વ્યવહાર કે લેતીદેતી કરવી નહીં તેમજ કોઈપણ પ્રકારના વ્યવહારીક સબંધો રાખવા નહી તેમજ કોઈ આવા વ્યવહારો કરશે તો તેમા અમારી કોઈ જવાબદારી રહેશે નહી. જે કોઈ વ્યક્તિ ભવિષ્યમાં અમારા પતિ સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરશે તો તેની જવાબદારી જે તે વ્યક્તિ અને સંસ્થાની અંગત રહેશે જેની જાહેર જનતા તથા લાગતા વળગતાએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ
તારીખ: ૦૪-૧૧-૨૦૨૬ **હેમાંગ એમ. જાની** - એડવોકેટ
મારી સુચનાથી: **સવિતાબેન વા./ઓ. દિપકભાઇ ચૌહાણ**

જાહેર નોટીસ

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજય ના અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના મોજે ગામ **ઈગોરાળા ના રેવન્યુ સર્વે નં.૮૫** ની જમીન જુની શરતની ખેડવાણ જમીન **હે. આરે. ચો. મી. ૩-૯૦-૦૪ શ્રી અંકિતકુમાર મહેશભાઈ જોષી** વિગેરે ની સંયુક્ત માલીકીની આવેલ છે.જેના ગામ નમુના નં. ૮-અ ના **ખાતા નં.૧૦૭૮** થી નોંધયેલ છે.ત્યાર થી સદરહું જમીન તેઓની સંયુકત માલીકી અને કબજા ભોગવટા ની આવેલ છે.અને તેઓની પાસે થી સદરહું ખેડવાણ જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.જેથી સદરહું મિલ્કત ઉપર કોઈનું કોઈ પણ પ્રકારનું લેણું કરજ,બોજો,જામીનગીરી કે અન્ય કોઈ નો કોઈ પણ પ્રકારનો હકક,દાવો હોય કે આ મિલ્કતના વેંચાણ અંગે કોઈ વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થતાં **દિવસ-૭(સાત)**માં નીચે જણાવ્યા પ્રમાણેના સરનામે લેખીત આધાર પુરાવા સહિત રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા.આ સમયમાં જો કોઈ વાંધા નહી આવે તો આ મિલ્કત તમામ પ્રકારના બોજા મુકત ગણવામાં આવશે તથા આ મિલ્કત પરત્વે કોઈનો પણ લાગભાગ હોય તો પણ તે લાગભાગ જતો (WAIVE) કરેલ છે.તેમ માની મારા અસીલ વેચાણ વ્યવહાર પુર્ણ કરી મિલ્કતનો પ્રત્યેક્ષ કબજો સંભાળી લેશે.જેની આથી લાગતા વળ ગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ.
તા. ૪-૧૧-૨૦૨૬ **મારી સુચનાથી**

લલીત આર. સંખાવરા (એડવોકેટ) મો.૯૯૨૫૮ ૬૨૪૩૨
અમૃત હાઈટસ, ઓફીસ નં. ૧૧૨, ફર્સ્ટ ફ્લોર, ૫૦ ફુટ ડી-માર્ટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, :-

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ-ડિસ્ટ્રીકટ લોધીકાના ગામ **મેટોડા ના રેવન્યુ સર્વે નં.૪૫** પૈકી ની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ કે જે **''અરીહંત પાર્ક''** તરીકે ઓળખાતા પ્લોટસ પૈકીમાં આવેલ **''આસ્થા વિલેજ''**ના નામથી ઓળખાતી વસાહતમાં આવેલ **પ્લોટ નં.૩૭ થી ૪૩ ના સબ-પ્લોટ નં.૩૭ થી ૪૩/૧૦ ની જમીન ચો.મી.આ.૫૮-૮૬** સહિતની જમીન ઉપર આવેલ મકાન નં.૨૮૯ **શ્રી શોભનાબેન રાજેન્દ્રકુમાર મંડિર** એ વાસ્તુ ડેવલોપર્સ ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના અધિકૃત વહિવટકર્તા ભાગીદાર દરજજે તથા અન્ય ભાગીદારો વતી **શ્રી સ્વીકાર ચત્રભુજભાઈ ઘમસાણીયા** પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૪૦૫૯, તા.૦૯/૧૨/૨૦૧૬ ના રોજથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહું મકાન **શ્રી શોભનાબેન રાજેન્દ્રકુમાર મંડિર** ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાનુ આવેલ છે. સદરહું મકાન **શ્રી શોભનાબેન રાજેન્દ્રકુમાર મંડિર** પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળા મકાન સબંધે કે તેના વેચાણ સબંધે કોઈપણ વ્યકિત, પેઢી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હક્ક, ભરણપોષણનો હકક, લેણું, બોજો, ગીરો, લિયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, સદ રહું મકાન પરત્વે કોઈનો દરદાવો, લાગભાગ, કબજા હકક કે કોઈપણ અન્ય હકક જો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦ (દસ)** માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી મુદત વિત્યે આ મકાન પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મકાન ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે. અને ત્યારબાદ કોઈપણ જાતના લેખિત કે મૌખિક આધાર, પુરાવા સાથેના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ,
તારીખ: ૦૪/૧૧/૨૦૨૬
પહેલો માળ, હેરિટેઝ કોમ્પલેક્ષ, બાલાજી હોલની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.
મો. નં. ૮૯૮૦૭ ૧૭૨૬૯.

અમારા મારફત
એડવોકેટસ (ગુજરાત હાઈકોર્ટ)
પ્રકાશ આર. દેસાઈ
દિપેન આર. વેકરીયા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના **જામનગર** જિલ્લાના **ધ્રોલ** તાલુકાના મોજે **ગામ હરીપર** ના **રેવન્યુ સર્વે નં.૧૩૨** (જુના રે.સ.નં.૬૮) ની જુની શરતની જરાયત પ્રકારની ખેતર નામે **''ખીજડાવાડી''** તરીકે ઓળખાતી ખેતીની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૦-૯૩-૫૫ તથા **રેવન્યુ સર્વે નં.૧૩૩** (જુના રે.સ.નં.૬૭/૧) ની જુની શરતની ખેતર નામે **''બુટીયું''** તરીકે ઓળખાતી ખેતીની બાગાયત જમીન હે.આરે.ચો.મી.૧-૦૭-૦૮ તથા પો.ખ.અ જમીન હે.આરે.ચો.મી. ૦-૦૨-૦૩ જે મળી કુલ કુવાથી પિયત થતી ખેતીની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૧-૦૯-૧૧ જે મળી બન્ને સર્વે નંબરની કુલ જમીન હે.આરે.ચો.મી.૨-૦૨-૬૬,જે ગામ નમૂનો નંબર ૮-અ (જમીનની ખાતાવહી) ના ખાતા નં.૮૯૦ થી **પટેલ રમેશભાઇ જેઠાભાઇ** ની સ્વતંત્ર માલિકીની આવેલ છે.તેની પાસેથી સદરહું આ ખેતીની જમીન મારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

ઉપરોકત વર્ણન વાળી જમીનની માલિકી, કબજા-ભોગવટા, ટાઈટલ કે વેચાણ સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, લાભ-ભાગ, લેણું, બોજો કે ભરણપોષણનો હકક કે વારસાઈ હકક કે સાટાખત, કુલ મુખત્યારનામાનો હકક, હાલવા ચાલવાનો હકક કે અન્ય કોઈપણ પ્રકારના દિવાની કે ફોજદારી કેસ હોય કે જમીન પરત્વે કોઈનો દાવો, કબજા હકક હોય કે આ જમીન કોઈપણ ખાનગી કે સરકારી કચેરી કે બેંકમાં ગીરો મુકેલી હોય કે કોઈ વ્યક્તિ પાસે સદરહું જમીન પર કોઈએ નાણા ધિરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૧૦ (દસ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી.મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર,હક્ક, હિસ્સો છે નહીં અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે.તેમ માની મારા અસીલ વેચાણ,વ્યવહાર પૂર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે.ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની લાગતા વળગતા તમામ તેમજ જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

પડધરી, તા.૪-૧૧-૨૦૨૬ **અસીલની સુચનાથી**

કિરીટ ડી. તળપદા એડવોકેટ Mo. 99989 96741
Email- kirittalpada03@gmail.com
સરનામું:-ઓફીસ રોડ,પનામ હોસ્પિટલ સામે,પડધરી,તા.પડધરી,જી.રાજકોટ-૩૬૦૧૧૦

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ જીલ્લાના લોધિકા તાલુકાના મોજે **ગામ તરવડા ના રેવન્યુ સર્વે નં.૧૩૩/પૈકી ૧** (જુના રેવન્યું સર્વે નં. ૪૫ પૈકી ૧) ની (જમીન ચો.મી. ૪૪૦૪-૦૦) ના બીનખેડવાણ અને ઔધોગીક (ઓબ્નોકસીયસ તથા હેઝાર્ડસ સિવાયનાં) હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૬ ની ખુલ્લી જમીન ચો.મી.આ. ૨૭૬-૬૫ છે તે મિલ્કત **શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ વઘાસીયા** ની સ્વતંત્ર માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાની આવેલ છે. સદરહું મિલ્કત તેઓની પાસેથી અમારા અસીલ ખરીદ કરવાની ઈચ્છા ધરાવે છે.

સદરહું ઉપરોકત મિલ્કતની માલીકી બાબતે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકિત, પેઢી, મંડળી તથા એસીઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, હાલવા ચાલવાનો હકક, લેવું, બોજો, ગીરો, લીયન કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, કોઈનો દરદાવો, કબજા હકક કે કોઈપણ અન્ય સાટાખત કે કુલમુખત્યારનામાના હકકોના આધારે કોઈપણ વહીવટ કરવામાં આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ ૭ (સાત)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો કે વાંધા તકરાર નથી, અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ, વ્યવહાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો, વાંધો કે તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તારીખ: ૪-૧૧-૨૦૨૬ અમારા મારફતઃ

રીધમ કે. ઝાલાવાડીયા (એડવોકેટ) મો. ૯૭૨૨૧ ૫૭૨૨૪ | **ગૌતમ બી. કોટડીયા** (એડવોકેટ) મો. ૯૬૦૧૫ ૧૩૯૫૦
ઓફીસ નં. ૩૦૨, એપલ ગોલ્ડ કોમ્પલેક્ષ, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના **મોજે ગામ અભેપર ના રેવન્યુ સર્વે નં. ૨૭૫** (જુના રે. સ. નં. ૯૭ પૈકી ૨) ની **'મોટુ ખેતર'** તરીકે ઓળખાતી જુની શરતની પિયત પ્રકારની ખેડવાણ જમીન હેકટર આરે ચો. મી. ૨-૦૨-૩૩ જે **(૧) શ્રી જયેશભાઈ જયંતીભાઈ ગમઢા તથા (૨) શ્રી પ્રવિણભાઈ જયંતીભાઈ ગમઢા** ની સંયુકત માલીકી અને સંપુર્ણ કબજા ભોગવટાની આવેલ છે. જે રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૧૬૭ થી તેઓના સંયુકત નામે અને ખાતે આવેલ છે. અને સદરહું ખેડવાણ જમીન તેઓની પાસેથી અમારા અસીલએ ખરીદ કરવા નકકી કરેલ છે. સદરહું ખેડવાણ જમીનની માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લેણું, કરજ, બોજો અને ભરણ પોષણ કે લીયનનો કે સદરહું ખેડવાણ જમીનના ટાઈટલ અંગે કોઈને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિવસ ૧૦ (દશ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે લખેલ સરનામે જાણ કરવી, મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર નથી અને જો હોય તો જતો (WAIVE) કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહું ખેડવાણ જમીન પરત્વેના વેચાણ, વહેવારો પુર્ણ કરી, સદરહું ખેડવાણ જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યારબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને કે તેમના હકક હિત હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી. સ્થળ: રાજકોટ, તા. ૪-૧૧-૨૦૨૬

કિશોર આર. સખીયા (એડવોકેટ)
આશુતોષ એમ. વસાવડા | **આરદિપ બી. બુસા**
મહેશ આર. સખીયા | **પંકજ બી. પાંભર**
દિવ્યેશ કે. રાઠોડ | **પિયુષ જી. સખીયા**
પ્રવિણ જી. પરમાર
(એડવોકેટસ)
ઓફીસઃ- ધ મીલેનીયમ, ૫૦૮, પાંચમો માળ, નાના મવા સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

રાજકોટ જિલ્લાના જસદલ તાલુકાના રામલીયા ગામના **ખાતા નં.૫૧૭** જેના **રે.સર્વે નં. ૮૩ પૈકી ૩ / પૈકી ૧ જેના હે.આરે. ૦-૮૩-૪૭ (જે સરધારીવાલુ તરીકે ઓળખાતી પિયત પ્રકારની) જુની શરત ની બાબુભાઈ ખીમાભાઈ વાઘરી તથા સવિતાબેન બાબુભાઈ સોલંકી બંને રહે. ગઢડીયા જામ,** તા.જસદણ, જિ.રાજકોટ ના સંયુક્ત માલીકીની અને કબ્જા ભોગવટા ની સીમ જમીન આવેલ છે. જેથી સદરહુ મિલ્કત વેચાણ બાબતે કે સદરહું મિલ્કત ઉપર આવવા તથા જવા માટે ના રસ્તા બાબતે કોઈપણ વ્યકિત કે સંસ્થા કે કોઈ અન્ય વ્યકિત ને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે સદરહું મિલ્કત ઉપર કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, કરજ, બોજો, જામીનગીરી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક,દાવો હોય કે વારસાઈ હકક કે ભરણપોષણ નો હકક આ મિલ્કત વેંચાણ અંગે કોઈ વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થતાં **દિવસ-૭ (સાત)** માં અમોને દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા આ સમયમાં જો કોઈ વાંધા નહી આવે તો આ મિલ્કત પરત્વે કોઈનો પણ લાગભાગ હોય તો પણ તે લાગભાગ જતો (Waive)કરેલ છે. તેમ ગણવામાં આવશે. મુદત વિત્યાબાદ કોઈનો પણ વાંધો માન્ય ગણવામાં આવશે નહિ.

જસદણ તા. ૪-૧૧-૨૦૨૬ અમારા અસીલની સુચનાથી

લાલજીભાઇ જી. ઠુમ્મર એડવોકેટ એન્ડ નોટરી મો. ૯૮૭૯૬ ૯૭૨૮૫
ઓફીસઃ ઓફીસ નં. ૮, મહાદેવ કોમ્પલેક્ષ સેવા સદનની સામે, કમળાપુર રોડ, જસદણ તા. જસદણ

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર **વકીલ વિરભસિંહ એચ.જાડેજા એડવોકેટ - લોધીકા** વાળા આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે, ગુજરાત રાજયના **અમરેલી** જીલ્લાના **કુંકાવાવ વડિયા** તાલુકાના **કુંકાવાવ નાની** ગામના **રે.સ.નં.૪૧૩ પૈકી ૭/પૈકી ૧,** જેના હે.૧-૪૬-૭૦ ખેતર નામે **''આડામારગવાળ''** જેના ખાતા નં.૯૬૪ વાળી ખેતીની સીમ જમીન **શ્રી ચંપાબેન નાથાભાઈ મોવલીયા તથા અશ્વિનભાઈ નાથાભાઈ મોવલીયા તથા ઈન્દુબેન કિશોરભાઈ મોવલીયા તથા ભારતીબેન નાથાભાઈ મોવલીયા તથા અલ્પેશભાઈ નાથાભાઈ મોવલીયા તથા પ્રિયાંક કિશોરભાઈ મોવલીયા તથા લક્ષ્મી કિશોરભાઈ મોવલીયા** ના સંયુકત ખાતે તથા નામે આવેલ છે. સદરહું ખેતીની જમીન તેઓની પાસેથી મારા અસીલે ખરીદ કરવાનુ નક્કી કરેલ છે.

ઉપરોકત વિગતેની ખેતીની જમીન અંગેના માલીકી ટાઈટલ કબજા પરત્વે તથા અસલ દસ્તાવેજો તથા વેચાણ સબંધે કે રસ્તા બાબતે કોઈને કોઈપણ પ્રકારનો હકક,હિત, હિસ્સો લાગ-ભાગ દરદાવો વારસાઈ હક્ક,ખોરાકી પોષાકી હોય કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણુ કરજ,બોજો ગીરો કે અન્ય કોઈ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી મુદત વિત્યે કોઈપણ વ્યકિતને કોઈપણ પ્રકારનો હિત, હિસ્સો વાંધો તકરાર નથી અથવા હોયતો જતો કરેલ છે. તેમ માની મારા અસીલ અવેજની બાકી રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજી.કરાવી જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદ કોઈનો વાંધો તકરાર દરદાવો કે હકક મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે સ્પષ્ટ નોધ લેશો.

સ્થળ: લોધીકા, તા.૪-૧૧-૨૦૨૬
વિરભદ્રસિંહ એચ. જાડેજા
એડવોકેટ-લોધીકા
એડ્રેસ: દરબારગઢ રોડ, લોધીકા, જી. રાજકોટ. મોબાઈલ નં. ૯૬૩૮૯ ૨૩૪૪૦

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મોજે ગામ **અડબાલકા** ના **રેવન્યુ સર્વે નં.૨૧૮/પૈકી ૧** (જુના સર્વે નં.૬૭/૨ પૈકી ૨) ની જુની શરતની ખેતર નામે **'ટીંબડીયા વારુ'** તરીકે ઓળખાતી પિયત ખેતીની ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી.૦-૪૪-૫૪** તથા **રેવન્યુ સર્વે નં.૨૨૨ (જુના સર્વે નં.૬૭/૨ પૈકી ૨)** ની જુની શરતની ખેતર નામે **'ટીંબડીયા વારુ'** તરીકે ઓળખાતી પિયત ખેતીની ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી. ૦-૬૨-૨૫**,જે ગામ નમૂનો નંબર ૮-અ (જમીનની ખાતાવહી) ના **ખાતા નં.૪૭૬ તથા ૪૭૭** થી **(૧)સંગીતાબેન દામજીભાઇ કપુરિયા વા.ઓફ.કમલેશભાઇ વૈષ્ણવ (૨)રાજેશભાઇ ધનજીભાઇ સંખાવરા** ની સંયુકત માલિકીની આવેલ છે.તેની પાસેથી સદરહું આ ખેતીની જમીન મારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

ઉપરોકત વર્ણન વાળી જમીનની માલિકી, કબજા-ભોગવટા, ટાઈટલ કે વેચાણ સંબંધે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, લાભ-ભાગ, લેણું, બોજો કે ભરણપોષણનો હકક કે વારસાઈ હકક કે સાટાખત, કુલ મુખત્યારનામાનો હકક, હાલવા ચાલવાનો હકક કે અન્ય કોઈપણ પ્રકારના દિવાની કે ફોજદારી કેસ હોય કે જમીન પરત્વે કોઈનો દાવો, કબજા હકક હોય કે આ જમીન કોઈપણ ખાનગી કે સરકારી કચેરી કે બેંકમાં ગીરો મુકેલી હોય કે કોઈ વ્યક્તિ પાસે સદરહું જમીન પર કોઈએ નાણા ધિરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૧૦ (દસ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી.મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર,હક્ક, હિસ્સો છે નહીં અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે.તેમ માની મારા અસીલ વેચાણ,વ્યવહાર પૂર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની લાગતા વળગતા તમામ તેમજ જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

પડધરી, તા.૪-૧૧-૨૦૨૬ **અસીલની સુચનાથી**

કિરીટ ડી. તળપદા એડવોકેટ Mo. 99989 96741
Email- kirittalpada03@gmail.com
સરનામું:-ઓફીસ રોડ,પનામ હોસ્પિટલ સામે,પડધરી,તા.પડધરી,જી.રાજકોટ-૩૬૦૧૧૦

જાહેર નોટીસ

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના અકાળા ગામના ખાતા નં.૭૬૧ જેના રેવન્યુ સર્વે નં.૩૮૦ પૈકીર જેના હે.આરે. ૧-૨૩-૪૩ બિનપિયત પ્રકારની જુની શરતની **રેચકીયુ** તરીકે ઓળખાતી **જેમીશા રમેશભાઈ લુખી વિગેરે** ની સંયુકત માલીકી અને કબ્જા ભોગવટા ની આવેલ છે. તે સીમ જમીન અમારા અસીલ ખરીદ કરવા માગે છે જેથી સદરહુ મિલ્કત વેચાણ બાબતે કે સદરહું મિલ્કત ઉપર આવવા તથા જવા માટેના રસ્તા બાબતે કોઈપણ વ્યકિત કે સંસ્થા કે કોઈ અન્ય વ્યકિત ને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે સદરહું મિલ્કત ઉપર કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, કરજ, બોજો, જામીનગીરી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક,દાવો હોય કે વારસાઈ હકક કે ભરણપોષણ નો હકક આ મિલ્કત વેચાણ અંગે કોઈ વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થતાં **દિવસ-૭ (સાત)**માં અમોને દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા આ સમયમાં જો કોઈ વાંધા નહી આવે તો આ મિલ્કત પરત્વે કોઈનો પણ લાગભાગ હોય તો પણ તે લાગભાગ જતો (Waive)કરેલ છે. તેમ ગણવામાં આવશે. મુદત વિત્યાબાદ કોઈનો પણ વાંધો માન્ય ગણવામાં આવશે નહિ.

જગદિશ એલ. ચોવટીયા (એડવોકેટ) મો. ૯૭૧૪૧૮૧૧૨૪ | **જુલીબેન જે. વિરડીયા** (એડવોકેટ) મો. ૯૬૬૨૩૪૧૫૬૭
ઓફીસ-ઓફીસ નં.૩,ફર્સ્ટ ફલોર મહાદેવ કોમ્પલેક્ષ સેવા સદન ની સામે, કમળાપુર રોડ, જસદણ તા.જસદણ

જાહેર નોટીસ

અમરેલી જિલ્લાના **લાઠી તાલુકાના અકાળા ગામના ખાતા નં.૫૬૭ જેના રેવન્યુ સર્વે નં.૩૫૯/૨ પૈકીર** જેના હે.આરે. ૦-૭૧-૮૩ પિયત પ્રકારની જુની શરતની **ધાગલવાડી** તરીકે ઓળખાતી **કાકડીયા વલ્લભભાઈ પરસોતમભાઈ વિગેરે** ની સંયુકત માલીકી અને કબ્જા ભોગવટા ની આવેલ છે. તે સીમ જમીન અમારા અસીલ ખરીદ કરવા માગે છે જેથી સદરહુ મિલ્કત વેચાણ બાબતે કે સદરહું મિલ્કત ઉપર આવવા તથા જવા માટેના રસ્તા બાબતે કોઈપણ વ્યકિત કે સંસ્થા કે કોઈ અન્ય વ્યકિત ને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે સદરહું મિલ્કત ઉપર કોઈનું કોઈપણ પ્રકારનું લેણું, કરજ, બોજો, જામીનગીરી કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક,દાવો હોય કે વારસાઈ હકક કે ભરણપોષણ નો હકક આ મિલ્કત વેચાણ અંગે કોઈ વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થતાં **દિવસ-૭ (સાત)**માં અમોને દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા આ સમયમાં જો કોઈ વાંધા નહી આવે તો આ મિલ્કત પરત્વે કોઈનો પણ લાગભાગ હોય તો પણ તે લાગભાગ જતો (Waive)કરેલ છે. તેમ ગણવામાં આવશે. મુદત વિત્યાબાદ કોઈનો પણ વાંધો માન્ય ગણવામાં આવશે નહિ.

અમારા અસીલ ની સુચનાથી

જગદિશ એલ. ચોવટીયા (એડવોકેટ) મો. ૯૭૧૪૧૮૧૧૨૪ | **જુલીબેન જે. વિરડીયા** (એડવોકેટ) મો. ૯૬૬૨૩૪૧૫૬૭
ઓફીસ-ઓફીસ નં.૩,ફર્સ્ટ ફલોર મહાદેવ કોમ્પલેક્ષ સેવા સદન ની સામે, કમળાપુર રોડ, જસદણ તા.જસદણ

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીશથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના ગામ થાણા ગાલોલ ગામની સીમના રે. સર્વે નં. ૨૯૮/૧/પૈકી-૪ એ.૯-૨૬ ગુંઠા જેના હે.૩-૯૦-૫૨ ચો.મી., ખાતા નં. ૧૫૭૫ વાળી બાગાયત પ્રકારની ખેતીની જમીન સુનીલભાઈ ભુપેન્દ્રભાઈ કોટડીયાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું ખેતીની જમીન સુનીલભાઈ ભુપેન્દ્રભાઈ કોટડીયા પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે. સદરહું ખેતીની જમીન અંગે કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૮ માં અમો નીચે સહી કરનાર પાસે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહીં તો સદરહું ખેતીની જમીન પરત્વે કોઈને વાંધા તકરાર છે નહીં અને હોય તો તે સ્વેચ્છાએ જતા (Waive) કરેલ છે તેમ માની મારા અસીલ સદરહું ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ કરી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર મારા અસીલને શુદ્ધ-બુદ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં, જેની નોંધ લેશો.

જેતપુર તા. ૪-૧૧-૨૦૨૬
બી.બી. રાદડીયા
એડવોકેટ એન્ડ નોટરી
સરનામુંઃ દિનશા પાર્ક સામે, શિવમ કોમ્પ્લેક્ષ, જેતપુર
મો. નં. ૯૮૨૪૯ ૦૫૦૦૧

(બી.બી. રાદડીયા)
એડવોકેટ-જેતપુર

● એડ્. નીતીન વસાણી (પત્રકાર) ૯૮૨૫૨ ૫૮૪૫૧

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોજે ગામ સનાળાની ખેતીની જમીન અંગે જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને આથી જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના મોજે ગામ સનાળા ગામના ખાતા નં.૫૨૭ થી રેવન્યુ સર્વે નં. ૬૯ (જુના રેવન્યુ સર્વે નં. ૧૦૬/૧/પૈકી ૨) જે ખેતર નામે 'વાંધાર' તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની હે.આરે.ચો.મી. ૧-૯૦-૪૨ તથા પો.ખ.અ. પ્રકારની હે.આરે.ચો.મી. ૦-૦૬-૦૭ મળી કુલ જમીન હે.આરે.ચો.મી. ૧-૯૬-૪૯ ની ખેતીની જમીન બંશીલ મનસુખભાઈ બુસા ની સ્વતંત્ર, કબ્જા, ભોગવટા અને માલીકીની આવેલ છે અને સદરહું ખેડવાણ જમીન તેમની પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવે છે.

જેથી સદરહુ જમીનની માલિકી, કબ્જા કે ટાઈટલ કે આ વેચાણ બાબતે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે સદરહુ જમીન સંબંધે કોઈપણ વ્યકિત, બેન્ક, પેઢી, સંસ્થા કે કોઈપણનુ કોઈપણ પ્રકારનું કરજ, બોજો, ગીરો, લેણું કે ભરણપોષણ કે અન્ય કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વારસાઈ હકક, દરદાવો કે લાગભાગ, હોય કે આ જમીન અંગે કોઈ લેખીત કે મૌખીક કરાર કે વેચાણ કરાર કે વેચાણ વ્યવહાર કે નાણાકીય લેતી-દેતી કે સાટાખત કરાર કે ગીરો કરાર કે કોઈપણ પ્રકારનો વ્યવહાર અસ્તિત્વમા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૮ (આઠ) માં નીચે જણાવેલ અમારા સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો મુદત હરોળમા કોઈપણ વ્યકિતના વાંધા તકરાર નહી આવે તો મુદત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર છે નહીં અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ ચુકતે અવેજની રકમ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી, સદરહુ જમીનનો કબ્જો, ભોગવટો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર, વાદ-વિવાદ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની આથી સર્વેએ ખાસ અને સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: કાલાવડ તા. ૪-૧૧-૨૦૨૬
ગ્રાઉન્ડ ફ્લોર, સાગર કોમ્પ્લેક્ષ, કાલાવાડ નગરપાલીકા સામે, ધોરાજી રોડ, કાલાવડ, જી. જામનગર
મો. ૯૪૦૯૫ ૯૮૫૧૬

ગૌતમ એમ. અજુડીયા (એડવોકેટ)

જેતપુરના મહે.એડી. સીવીલ જજ સાહેબની કોર્ટમાં

દિ.પ.અ.નં.૨૩/૨૦૨૬

શ્રી અશ્વિનભાઈ અભેસંગભાઈ ચૌહાણ
રહે.: વાડાસડા, તા. જેતપુર, જી.રાજકોટ
મો. ૯૮૨૫૪ ૬૨૫૨૮ .... અરજદાર

-:: સીવીલ કોર્ટ નોટીસ ::-

જેતપુરના મહે.એડી. સીવીલ જજ (શ્રી ડી.એમ.પરમાર) સાહેબની કોર્ટમાં દી.પ.અ.નં. ૨૩/૨૦૨૬ ના અરજદાર અશ્વિનભાઈ અભેસંગભાઈ ચૌહાણ રહે. વાડાસડા, તા. જેતપુર, જી. રાજકોટ એ ગુજ. જયાબેન ડાયાભાઈ ચૌહાણ (૧) રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના વાડાસડા ગામના ખાતા નં. ૧૭૭, રે.સ.નં. ૭૭/૩ ની ગુંદા વાળી તરીકે ઓળખાતી જુની શરતની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૧- ૨૬- ૪૭. સદરહું જમીન ગુજ. જયાબેન ડાયાભાઈ ચૌહાણ (રજપુત) ના ખાતે વાડાસડા, તા. જેતપુર, જી. રાજકોટના ગામ નમુના નં. ૮- અ માં ખાતા નં. ૧૭૭ થી આવેલ છે. તે મીલ્કતનું વીલની રૂએ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વીથ કોપી ઓફ ધી વીલ મેળવવા માટે તેમના વકીલ શ્રી ભરતકુમાર પી. હડીયા મારફત અત્રેની કોર્ટ સમક્ષ ઉપરોકત નંબરથી અરજી દાખલ કરેલ છે તે સબંધે જે કોઈ વ્યક્તિને વાંધો, તકરાર હોય તો તેમને મુદત તા. ૦૮/૧૨/૨૦૨૬ ના રોજ સવાર ૧૦ : ૩૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ વાંધા રજુ કરવા ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની આથી સ્પષ્ટ નોંધ આજ તા. ૦૨/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કાઓ કરી આપ્યા.

તૈયાર કરનાર
(બી.જે.ડાભી)
આસીસ્ટન્ટ/કલાર્ક
સીવીલ કોર્ટ, જેતપુર.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
(એન.જે.જાની)
રજીસ્ટ્રાર,
સીવીલ કોર્ટ, જેતપુર.

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજ્યનાં સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા તાલુકાના રાતડકી ગામ માં આવેલ જુની શરતની ખેતીની ખેડવાણ જમીન.

ક્રમ	નામ	રે.સ.નં.	હે.આરે.ચો.મી.
૧. ૨.	શ્રી કાળુભાઈ ફુકાભાઈ ભરવાડ શ્રી રતિલાલ રઘુભાઈ ભરવાડ	૪૦૭/પૈકી ૧	૧-૨૦-૦૦
૧.	શ્રી હરદેવભાઈ ખેતાભાઈ ભરવાડ	૪૦૭/પૈકી ૨	૦-૪૧-૮૮

ઉપરોક્ત ખાતેદારની માલીકીની અને કબજા ભોગવટાની જમીન અમોના અસીલ ખરીદ કરવા માંગે છે

ઉપરોક્ત જમીન બાબતે કે તેના માલીકી હક્ક બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, બોજો, દર-દાવો, લેણું, કરજ બોજો કે ગીરો કે ભરણપોષણનો હક્ક હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ) માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો આ સમય મર્યાદામા કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે હક્ક, હિસ્સો આવશે નહી અને જો હોય તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ સદરહું જમીન ખરીદવા અંગેની કાર્યવાહી કરશે અને સદરહું જમીન પરત્વેના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યાબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : પડધરી, તા. ૦૪/૧૧/૨૦૨૬
પત્ર વ્યવહારનું સરનામું :
રવિન્દ્રસિંહ એસ. જાડેજા (એડવોકેટ એન્ડ નોટરી) (૯૪૨૭૫ ૧૦૭૧૪)
જે. વિ. ઝાલા (એડવોકેટ એન્ડ નોટરી) (૯૩૭૬૦ ૬૬૩૬૬)
હરદેવસિંહ ડી. જાડેજા (એડવોકેટ) (૯૦૧૬૨ ૧૪૦૦૭)
બેંક ઓફ ઈન્ડીયા સામે, પડધરી, તા. પડધરી. (જી. રાજકોટ)

(આર. એસ. જાડેજા)
એડવોકેટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજ્યનાં જામનગર જીલ્લાના ધ્રોલ તાલુકાના ડાંગરા ગામ માં આવેલ જુની શરતની ખેતીની ખેડવાણ જમીન.

ક્રમ	નામ	રે.સ.નં.	હે.આરે.ચો.મી.
૧. ૨.	શ્રી ખોડુભાઈ દેવાભાઈ ડુંગા શ્રી મુનાભાઈ દેવાભાઈ ડુંગા	૨૨૫/પૈકી ૨	૦-૮૦-૯૪

ઉપરોક્ત ખાતેદારની માલીકીની અને કબજા ભોગવટાની જમીન અમોના અસીલ ખરીદ કરવા માંગે છે

ઉપરોક્ત જમીન બાબતે કે તેના માલીકી હક્ક બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, બોજો, દર-દાવો, લેણું, કરજ બોજો કે ગીરો કે ભરણપોષણનો હક્ક હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ) માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો આ સમય મર્યાદામા કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે હક્ક, હિસ્સો આવશે નહી અને જો હોય તો સ્વેચ્છાએ જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ સદરહું જમીન ખરીદવા અંગેની કાર્યવાહી કરશે અને સદરહું જમીન પરત્વેના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યાબાદના કોઈના કોઈપણ જાતના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : પડધરી, તા. ૦૪/૧૧/૨૦૨૬
પત્ર વ્યવહારનું સરનામું :
રવિન્દ્રસિંહ એસ. જાડેજા (એડવોકેટ એન્ડ નોટરી) (૯૪૨૭૫ ૧૦૭૧૪)
જે. વિ. ઝાલા (એડવોકેટ એન્ડ નોટરી) (૯૩૭૬૦ ૬૬૩૬૬)
હરદેવસિંહ ડી. જાડેજા (એડવોકેટ) (૯૦૧૬૨ ૧૪૦૦૭)
બેંક ઓફ ઈન્ડીયા સામે, પડધરી, તા. પડધરી. (જી. રાજકોટ)

(આર. એસ. જાડેજા)
એડવોકેટ

જાહેર નોટિસ કમ ચેતવણી

આથી હું નીચે સહી કરનાર ત્રિશૂલ જે. પણસુંબીયા એડવોકેટ રાજકોટ તે મારા અસીલ પ્રફુલભાઈ ગૌતમભાઈ કોઠારી ઉ.વ.આ.૮૨ રહે રાજકોટવાળા વતી જાહેર જનતા જોગ જાહેર નોટિસ કમ ચેતવણી આપી જણાવુ છું કે,

મારા અસીલના પુત્ર 'પલક પ્રફુલભાઈ કોઠારી' ઘણા સમયથી મારા અસીલના કહ્યામાં ન હોય જેથી મારા અસીલે ગઈ તારીખ ૦૬/૦૫/૨૦૨૨ ના રોજ એડવોકેટ રશેષ પી.ગાંધી મારફતે જાહેર નોટિસ પ્રસિદ્ધ કરાવેલ ત્યાર બાદ પણ મારા અસીલને તેમના પુત્ર પલકભાઈ તરફથી દહેસત રહેલી હોવાથી તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ એડવોકેટ જયેન્દ્ર એચ. ગોંડલીયામારફતે બીજી જાહેર નોટિસ પ્રસિદ્ધ કરાવેલ.

મારા અસીલ વૃદ્ધ ઉમરના છે અને હાલ બીમાર અને પથારીવશ છે. મારા અસીલના પુત્ર પલક પ્રફુલભાઈ કોઠારી છેલ્લા ૪ વર્ષ ઉપરાંતથી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે છે પરંતુ સપ્ટેમ્બર ૨૦૨૬ માં તેઓને ફર્લો (રજા) ઉપર બહાર આવેલ અને તેઓને ઓકટોમ્બર ૨૦૨૬ માં પરત જેલ ખાતે હાજર થવાનુ હતુ પરંતુ સદરહુ પલકભાઈ પરત હાજર થયેલ છે કે કેમ તે બાબતે મારા અસીલ તથા તેમનો પરીવાર અજાણ છે તેમજ સદરહુ પલકભાઈ મારા અસીલના કે તેમના પરિવારજનોના કોઈના પણ સંપર્ક માં નથી.

જેથી મારા અસીલ જાહેર જનતા જોગ જાહેર કરે છે કે, મારા અસીલ ના પુત્ર પલક પ્રફુલભાઈ કોઠારી સાથે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાએ કોઈ પણ પ્રકાર નો આર્થિક કે નાણાંકીય વ્યવહાર કરવો નહીં તેમ છતાં આ પ્રકારના વ્યવહાર કોઈ કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનારની રહેશે મારા અસીલ કે તેમના પરીવારની કોઈ જવાબદારી રહેશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી તેમજ સદરહું પલક પ્રફુલભાઈ કોઠારી કોઈ વ્યક્તિ નો સંપર્ક કરે તો જે-તે વ્યક્તિએ સક્ષમ અધીકારીને જાણ કરવા વીનંતી.

વધુ માં કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા મારા અસીલને તેમના પુત્ર પલક પ્રફુલભાઈ કોઠારી વીશે તથા તેમના કોઈ આર્થીક કે નાણાંકીય વ્યવહાર વીશે પૂછપરછ કરશે કે તેમની જાત માહિતી મેળવવા માટે દાબ-દબાણ કે પૂછપરછ કરશે અને જેના લીધે મારા અસીલની માનહાનિ કે જાનહાની નુકશાન તેમજ બીમારીમાં વધારો થશે તો તેની જવાબદારી પૂછપરછ કે હેરાન કરનારની થશે અને જેની સામે કાયદેસરની કાર્યવાહી મારા અસીલ જે તે વ્યક્તિ કે સંસ્થા વિરુદ્ધ કરશે જેની તમામ જાહેર જનતાને સદરહુ જાહેર નોટિસ કમ ચેતવણી સ્વરૂપે નોંધ લેવી.

રાજકોટ
તા. ૪-૧૧-૨૦૨૬ **પ્રફુલભાઇ ગૌતમભાઇ કોઠારી**

ત્રિશૂલ જે. પણસુબિયા (એડવોકેટ) મો. ૯૬૬૪૬ ૯૨૯૨૩
૩૦૨, રાજયોગ ચેમ્બર્સ, કવી નન્હાલાલ માર્ગ, ત્રિકોણ બાગ, રાજકોટ.

એક તરફ જ્યાં દિવાળીને જોતા ખરીદી ચાલુ થઈ ગઈ છે ત્યાં દિલ્હીમાં કેટલીય જગ્યા પર ભીષણ ટ્રાફિક જામ

દિલ્હી-NCRમાં ભયંકર ટ્રાફિક જામ, કલાકો સુધી લોકો ગાડીઓમાં ફસાયા

નવી દિલ્હી,તા.૪: એક તરફ જ્યાં દિવાળીને જોતા ખરીદી ચાલુ થઈ ગઈ છે ત્યાં દિલ્હીમાં કેટલીય જગ્યા પર ભીષણ ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે. તહેવારોની ખરીદી માટે બજારોમાં ભીડ ઉમટી રહી છે જેના કારણે કેટલાય વિસ્તારોમાં લોકો કલાકો સુધી ફસાયેલા રહે છે. રોડ પર વાહનોની લાંબી લાઈનો દેખાઈ રહી છે, જેનાથી વાહનવ્યવહાર પ્રભાવિત થઈ રહ્યો છે. દિલ્હીના ધૌલા કુઆં વિસ્તારમાં મંગળવારે રાત્રે ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. રાત્રે ૯ વાગ્યે ૩૧ મિનિટે સામે આવેલા દૃશ્યોમાં રસ્તા પર મોટી સંખ્યામાં વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. તહેવારોની ખરીદીના કારણે રસ્તાઓ પર વધેલી ભીડને ટ્રાફિક જામનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.



અહીં ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ૨ નવેમ્બરના રોજ પણ દિલ્હીમાં ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડયો હતો. ટ્રાફિક પોલીસની કડક કાર્યવાહીને કારણે સોમવારે રાજધાનીને અડીને આવેલા અનેક સરહદી વિસ્તારોમાં ભયાનક ટ્રાફિક જામ સર્જાયો હતો. દિલ્હી-ગુરુગ્રામ, દિલ્હી-નોઈડા અને દિલ્હી-ગાઝિયાબાદ સહિતના અનેક મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. જેના કારણે અનેક મુસાફરો કલાકો સુધી ટ્રાફિક જામમાં ફસાઈ રહ્યા હતા.

પોલીસે રવિવારથી સોમવાર બપોર સુધીમાં કુલ ૭,૬૫૭ વાહનોની તપાસ કરી હતી. આ દરમિયાન પ્રદૂષણના નિયમોનું પાલન ન કરનારા ૬૦૯ વાહનોને દિલ્હીમાં પ્રવેશતા અટકાવીને પરત મોકલી દેવામાં આવ્યા હતા.

દિલ્હી ટ્રાફિક પોલીસના જણાવ્યા અનુસાર, GRAP અંતર્ગત ૩૧ ઓક્ટોબરની મધરાતથી ૨ નવેમ્બરની બપોર સુધી વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ દરમિયાન નો-એન્ટ્રીના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ૪૩૩ ચલણ ફટકારવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, ૭૬ કોમર્શિયલ વાહનોની પરમિટ સસ્પેન્ડ કરવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે. આમાંથી ૧૦ વાહનો દિલ્હીમાં નોંધાયેલા છે, જ્યારે ૬૬ વાહનો અન્ય રાજ્યોમાં નોંધાયેલા છે. અન્ય રાજ્યોમાં નોંધાયેલા વાહનો સામે કાર્યવાહી કરવા માટે સંબંધિત પ્રાદેશિક પરિવહન સત્તામંડળોને ભલામણ મોકલવામાં આવી છે.

દેશમાં ૩ કરોડ બાંગ્લાદેશી ઘૂસણખોરો હોવાના કેન્દ્રીય ગૃહમંત્રી શાહના દાવા બાદ ભાજપ અને વિપક્ષ વચ્ચે રાજકીય ઘમાસાણ તેજ બન્યું

ભારતમાં ૩ કરોડ ઘૂસણખોરો હોવાનો ભાજપનો સનસનીખેજ દાવો

'ઘૂસણખોરોને બહાર કાઢો, તમને કોણ રોકી રહ્યું છે?' કોંગ્રેસના કેન્દ્ર સરકાર પર પ્રહાર

નવી દિલ્હી,તા.૪: દેશમાં ૩ કરોડ બાંગ્લાદેશી ઘૂસણખોરો હોવાના કેન્દ્રીય ગૃહમંત્રી શાહના દાવા બાદ ભાજપ અને વિપક્ષ વચ્ચે રાજકીય ઘમાસાણ તેજ બન્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના આ નિવેદન સામે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ વળતો પ્રહાર કરતા પૂછ્યું છે કે, જો ખરેખર દેશમાં આટલી મોટી સંખ્યામાં ઘૂસણખોરો હાજર છે, તો કેન્દ્ર સરકારે અત્યાર સુધી તેમની સામે શું પગલાં લીધાં છે. બીજી તરફ ભાજપ અને તેના સહયોગી પક્ષોએ આક્ષેપ કર્યો છે કે વિપક્ષ વોટબેંક સાચવવા ગેરકાયદે વસાહતીઓને બચાવવા માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) જેવી પ્રક્રિયાઓનો વિરોધ કરી રહ્યો છે.

કોંગ્રેસ નેતા ઉદિત રાજે અમિત શાહના પ્રહારો સામે વળતો પ્રહાર કરતાં કહ્યું કે, 'ચૂંટણીઓ નજીક આવે ત્યારે જ તેમને ઘૂસણખોરો દેખાય છે. ઝારખંડની ચૂંટણીમાં, દિલ્હીની ચૂંટણીમાં અને બિહારની ચૂંટણીમાં પણ તેમણે ઘણો હોબાળો મચાવ્યો હતો. બિહારમાં જ્યારે SIR થયું ત્યારે ૪૦૦ થી ૫૦૦ બહારના લોકોમાંથી માંડ ૧૦૦ થી ૧૫૦ જ બહારના હતા, બાકીના તો નેપાળના હતા. છેલ્લા ૧૨.૫ થી ૧૩ વર્ષથી સરકાર કોણ ચલાવી રહ્યું છે? તેમણે શરમ અનુભવવી જોઈએ અને રાજીનામું આપવું જોઈએ. જો ઘૂસણખોરો છે તો તેમને બહાર કાઢો. ૫ વર્ષ થઈ ગયા, તમને કોણ રોકી રહ્યું છે? એક લિસ્ટ બનાવો અને તમામને પાછા મોકલો. પરંતુ તેઓ દેશની જનતાને માત્ર મૂર્ખ બનાવી રહ્યા છે.'

કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે અમિત શાહના નિવેદન પર આકરા પ્રહાર કરતાં કહ્યું કે, 'તો પછી આ ઘૂસણખોરો ક્યાં છે? જો દેશમાં આટલી મોટી સંખ્યામાં ઘૂસણખોરો હાજર હોય, તો અમિત શાહને પોતાના પદ પર રહેવાનો કોઈ નૈતિક અધિકાર નથી. દેશના ગૃહમંત્રી આટલું હળવાશભર્યું અને બેજવાબદાર નિવેદન આપે તેનાથી વધુ ચિંતાજનક બાબત બીજી કઈ હોઈ શકે?'

કોંગ્રેસ સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ નિશાન સાધતાં કહ્યું કે, 'વાસ્તવમાં અમિત શાહને દરેક ભારતીય ઘૂસણખોર દેખાય છે. તેઓ દેશના સામાન્ય નાગરિકોને ઘૂસણખોર તરીકે જુએ છે. જે પણ વ્યક્તિ ભાજપનો સભ્ય નથી તે તેમને ઘૂસણખોર લાગે છે. આ જ કારણ છે કે તેઓ આવી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે.'

સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદે પણ અમિત શાહના દાવા સામે આકરો વાંધો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, 'કદાચ ગૃહમંત્રીને એ વાતની સાચી જાણકારી નથી કે ઘૂસણખોર કોણ છે. દેશની આઝાદી માટે અનેક લોકોએ સંઘર્ષ કર્યો છે અને અસંખ્ય લોકો એવા છે જેમના પૂર્વજોને આ જ દેશની ધરતીમાં દફનાવવામાં આવ્યા છે.

ભારતની ૩૨૫ યુનિવર્સિટીઓ આ યાદીમાં સામેલ

એશિયાની ટોચની યુનિવર્સિટીઓમાં ભારતમાં આઈઆઈટી દિલ્હી ટોચ પર

નવી દિલ્હી,તા.૪:એશિયાની ટોચની યુનિવર્સિટીઓના રેન્કિંગ અનુસાર બેંગ્લુરુ સ્થિત 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ' (IISc) અને પાંચ 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી' (IIT) એશિયાની ટોચની ૧૦૦ યુનિવર્સિટીમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે. જોકે, ગયા વર્ષની સરખામણીએ ભારતની આ તમામ શ્રેષ્ઠ સંસ્થાઓના રેન્કિંગમાં ઘટાડો નોંધાયો છે.

'ક્યુએસ રેન્કિંગ' અનુસાર બેંગ્લુરુ સ્થિત 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ' અને પાંચ 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી' (આઈઆઈટી) એશિયાની ટોચની ૧૦૦ યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે. જોકે, ગયા વર્ષની સરખામણીમાં આ તમામ સંસ્થાઓના રેન્કિંગમાં ઘટાડો જોવા મળ્યો છે.

ભારત એશિયામાં ઉચ્ચ શિક્ષણ પ્રણાલીઓમાં ભારત બીજા ક્રમે છે. જેમાં ભારતની ૩૨૫ યુનિવર્સિટીઓ આ યાદીમાં સામેલ છે, જેમાં ૩૪નવી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. આ બાબતમાં ભારત માત્ર ચીન પછી બીજા સ્થાને છે.

લંડન સ્થિત 'ક્વાક્વેરેલી સાયમન્ડ્સ' (ક્યુએસ)ના જણાવ્યા અનુસાર, 'આઈઆઈટી દિલ્હી' ભારતની સર્વોચ્ચ ક્રમાંકિત યુનિવર્સિટી છે. ગયા વર્ષની સરખામણીમાં રેન્કિંગમાં ઘટાડો થયો છતાં તે એશિયામાં ૬૬મા સ્થાને રહી છે. નોંધનીય છે કે, ભારતની ટોચની છ સંસ્થાઓમાંથી દરેકના રેન્કિંગમાં ઘટાડો થયો છે.



'આઈઆઈટી દિલ્હી' ગયા વર્ષે ૫૯મા ક્રમે હતી, જે હવે ઘટીને ૬૬મા સ્થાને આવી ગઈ છે. તેવી જ રીતે 'આઈઆઈએસસી બેંગલુરુ' જે ગયા વર્ષે ૬૪મા સ્થાને હતી, તે હવે ૭૯મા ક્રમે સરકી ગઈ છે.

આઈઆઈટી બોમ્બે' ૭૧થી ૮૩મા સ્થાને, 'આઈઆઈટી મદ્રાસ' ૭૦થી ૮૫મા સ્થાને, આઈઆઈટી ખડગપુર' ૭૭થી ૯૦મા સ્થાને અને 'આઈઆઈટી કાનપુર' ૭૭થી ૯૭મા સ્થાને આવી ગયું છે.(૪૦.૧૧)

૨૦૨૭ ભારત વિરૂદ્ધ પાકિસ્તાન વર્લ્ડ કપ મેચ

જોહનિસબર્ગના વોન્ડરર્સ ગ્રાઉન્ડ પર ૩૪,૦૦૦ સીટ માટે ૮૪ લાખ ટિકિટ-રિક્વેસ્ટ મળી!

જોહનિસબર્ગ,તા.૪: ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે જોહનિસબર્ગના વોન્ડરર્સ ગ્રાઉન્ડ પર જે લીગ મેચ રમાવાની છે એને હજી લગભગ ૧૧ મહિનાનો સમય બાકી છે એમ છતાં અત્યારથી આ મુકાબલાની ચર્ચા થવા લાગી છે અને એનું સૌથી મોટું કારણ એ છે કે આયોજકોને ૩૪,૦૦૦ સીટ (Seats) માટે લાખ-બે લાખ નહીં, પણ ૮૪ લાખ જેટલી ટિકિટ-રિક્વેસ્ટ મળી છે. એ રીતે, આ મેચ માટેનો ક્રિકેટપ્રેમીઓનો ક્રેઝ નવી ઊંચાઈએ જોવા મળ્યો છે.



જાણીએ તો આઈસીસીના જણાવ્યા મુજબ આ મેચની ૩૪,૦૦૦ સીટ માટે ૮૩,૯૭,૨૯૪ ટિકિટ-રિક્વેસ્ટ મળી છે. અત્યાર સુધીની તમામ ટૂર્નામેન્ટોમાં ભારત-પાકિસ્તાન મુકાબલા માટેની ટિકિટની ડિમાન્ડની બાબતમાં આ વિક્રમ મનાય છે.

અંગ્રેજીમાં ભારત-પાકિસ્તાન મુકાબલો 'મધર ઑફ ઑલ બેટલ્સ' તરીકે ઓળખાય છે. આ મેચ જોહનિસબર્ગમાં રમાશે અને ૨૧મી નવેમ્બરની ફાઈનલ પણ આ જ સ્થળે રમાશે, પરંતુ ભારત-પાકિસ્તાન મુકાબલાની તુલનામાં ફાઈનલ માટે લગભગ ૭૯ લાખ ટિકિટ-રિક્વેસ્ટ મળી છે.

આફ્રિકા ખંડમાં ક્રિકેટનો વન-ડે વર્લ્ડ કપ ૨૪ વર્ષે કમબેક કરશે. આ ટૂર્નામેન્ટ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે.

પાકિસ્તાનની ક્રિકેટ ટીમ અગાઉના વર્ષોની તુલનામાં હવે સાવ દમ વગરની હોવાથી થોડા મહિનાઓથી ભારત-પાકિસ્તાનની મેચ પહેલાં જેવી હાઈ-વોલ્ટેજ રહેતી તો નથી, પરંતુ ક્રિકેટમાં બન્ને દેશની ટીમ સામસામે આવવાની હોય ત્યારે ક્રિકેટપ્રેમીઓમાં ભરપૂર ઉત્સાહ તો જોવા મળતો જ હોય છે. ચોક્કસ આંકડો

બીજી રીતે કહીએ તો ફાઈનલમાં જે પણ બે દેશ આવવાના હોય, પરંતુ ક્રિકેટપ્રેમીઓની સૌથી વધુ ડિમાન્ડ ભારત-પાકિસ્તાન મેચ માટેની છે. આખા વર્લ્ડ કપ માટે આઈસીસીને ૧૯૩ દેશમાંથી કુલ ૧૨ કરોડ જેટલી ટિકિટ-રિક્વેસ્ટ મળી છે જેમાંથી ૮૪ લાખ રિક્વેસ્ટ એકલા ભારત-પાકિસ્તાન મેચ માટેની છે.(૪૦.૬)

દિવાળી પહેલા મોંઘવારીનો મોટો ઝટકો

રેસ્ટોરાંમાં જમવાનું ૧૫% સુધી મોંઘું થવાની શક્યતા

દૂધ અને દહીંના ભાવમાં વધારો, કમર્શિયલ LPG મોંઘું થવું, ખાદ્ય મોંઘવારી અને કર્મચારીઓના વધતાં પગારને કારણે રેસ્ટોરાના સંચાલન ખર્ચમાં વધારો

નવી દિલ્હી,તા.૪: દિવાળી પહેલા બહાર જમવાનું કે ઘરે ઓનલાઈન ફૂડ ઓર્ડર કરવાનું આયોજન કરી રહ્યા હોવ તો તમારે વધુ ખર્ચ કરવો પડી શકે છે. બેંગલુરુ, મુંબઈ અને પૂણે જેવા મોટા શહેરોમાં રેસ્ટોરા અને સંચાલકો ખાણીપીણીના મેન્યૂમાં ૧૦થી ૧૫ ટકા સુધીનો વધારો કરવાની તૈયારી કરી રહ્યા છે. દૂધ અને દહીંના ભાવમાં વધારો, કમર્શિયલ LPG મોંઘું થવું, ખાદ્ય મોંઘવારી અને કર્મચારીઓના વધતાં પગારને કારણે રેસ્ટોરાના સંચાલન ખર્ચમાં વધારો થયો છે.

હોટેલ એસોસિએશનના જણાવ્યા અનુસાર કર્ણાટકના રેસ્ટોરા પણ ખાણીપીણીની વસ્તુઓના ભાવ વધારવાનું વિચારી રહ્યા છે. જો આ વધારો લાગુ થશે તો ચાલુ વર્ષે બીજી વખત રેસ્ટોરાનું ભોજન મોંઘું થઈ શકે છે. તહેવારોની આ મોસમમાં લોકોના ખર્ચમાં પણ વધારો થઈ શકે છે.



તહેવારો દરમિયાન લોકો પરિવાર અને મિત્રો સાથે બહાર જમવાનું પસંદ કરે છે. આ ઉપરાંત ઘરમાં યોજાતી પાર્ટીઓ અને મહેમાનો માટે ઓનલાઈન ફૂડ ઓર્ડર કરવાનું ચલણ પણ વધે છે. આવી સ્થિતિમાં રેસ્ટોરન્ટના મેન્યૂમાં થનારા ભાવવધારાની સીધી અસર ગ્રાહકોના ખિસ્સા પર પડશે.

રેસ્ટોરાં સંચાલકોના જણાવ્યા પ્રમાણે, છેલ્લા કેટલાક સમયથી વ્યવસાયનો ખર્ચ સતત વધી રહ્યો છે. દૂધ અને દહીં જેવી જરૂરી વસ્તુઓ મોંઘી થવાથી અનેક વાનગીઓ બનાવવાનો ખર્ચ પણ વધ્યો છે. બીજી તરફ, કમર્શિયલ LPGના ભાવ વધતાં રસોડાનું બજેટ પણ વધી ગયું છે. કર્મચારીઓના પગાર અને અન્ય સંચાલકીય ખર્ચમાં પણ વધારો થયો છે.

આ સ્થિતિમાં વધેલા ખર્ચનો કેટલોક બોજ ગ્રાહકો પર નાખવા સિવાય રેસ્ટોરન્ટ ચાલકો પાસે અન્ય વિકલ્પ ઓછા રહ્યા છે. જો ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થાય તો તેની સીધી અસર રેસ્ટોરન્ટમાં બેસીને જમતા ગ્રાહકોની સાથે ઓનલાઈન ફૂડ ડિલિવરી કરાવતા લોકો પર પણ પડશે. (૪૦.૫)

આખી દુનિયામાં 'સ્લીપિંગ સ્ટેટ ઓફ ઇન્ડિયા'ના નામથી ફેમસ

શું તમે જાણો છો હિમાચલને 'ભારતનું ઊંઘતું રાજ્ય' કહેવામાં આવે છે

અહીં સાંજ પડતાં જ લોકો દુકાનો અને કામકાજ બંધ કરી ઘરે ઊંઘવા પહોંચી જાય છે

નવી દિલ્હી,તા.૪:શું તમે જાણો છો કે ભારતના એક રાજ્યને 'સ્લીપિગ સ્ટેટ ઓફ ઈન્ડિયા' (ભારતનું ઊંઘતું રાજ્ય) તરીકે ઓળખવામાં આવે છે? આ રાજ્યની જીવનશૈલી અન્ય સ્થળો કરતાં અલગ છે. અહીં સાંજ પડતાં જ રસ્તાઓ પર અવરજવર ઓછી થવા લાગે છે અને બજારોમાં પણ ધીમે ધીમે શાંતિ છવાઈ જાય છે. અહીંના લોકો પ્રકૃતિની નજીક રહીને શાંતિપૂર્ણ જીવન જીવવાનું પસંદ કરે છે. પહાડો, નદીઓ, જંગલો અને સ્વચ્છ હવા આ રાજ્યના વાતાવરણને ખાસ બનાવે છે. તો જાણીએ કયા રાજ્યને આ નામથી ઓળખવામાં આવે છે અને તેની પાછળનું કારણ શું છે.

હકીકતમાં, હિમાચલ પ્રદેશને 'સ્લીપિગ સ્ટેટ ઓફ ઈન્ડિયા' કહેવામાં આવે છે. આ નામ પાછળ અહીંની શાંત અને ધીમી જીવનશૈલીને કારણ માનવામાં આવે છે. રાજ્યનાં ઘણાં ગામોમાં લોકો વહેલી સવારે ઊઠે છે અને સૂર્યાસ્ત પછી આરામ કરવાનું પસંદ કરે છે. સાંજ પડતાં જ બજારો અને રસ્તાઓ પર અવરજવર ઓછી થવા લાગે છે અને લોકો ઊંઘવા માટે ઘરે પહોંચી જાય છે. રાત્રિના સમયે અહીંના અનેક વિસ્તારો સૂમસામ થઈ જાય છે.



પ્રકૃતિની નજીક છે અહીંના લોકોનું જીવન - હિમાચલ પ્રદેશના લોકોનું જીવન ઘણી હદ સુધી પ્રકૃતિ સાથે જોડાયેલું છે. પહાડો, નદીઓ, જંગલો અને સ્વચ્છ હવા અહીંના વાતાવરણને ખાસ બનાવે છે. રાજ્યનાં ઘણાં ગ્રામીણ વિસ્તારોમાં લોકો ખેતી, બાગાયત અને સ્થાનિક વ્યવસાય સાથે જોડાયેલા છે. અહીંની દિનચર્યા હવામાન અને આસપાસના કુદરતી વાતાવરણ પ્રમાણે પણ ચાલે છે. જોકે, 'સ્લીપિગ સ્ટેટ ઓફ ઈન્ડિયા' કોઈ સત્તાવાર સરકારી ઉપાધિ નથી. હિમાચલ પ્રદેશની શાંત જીવનશૈલી દર્શાવવા માટે આ નામનો લોકપ્રિય રીતે ઉપયોગ થાય છે

ફરવા માટે છે અનેક સુંદર સ્થળો - શહેરોની ભીડ અને ઘોંઘાટથી દૂર રહેવા માગતા લોકો અહીં થોડા દિવસો વિતાવવા આવે છે. હિમાચલ પ્રદેશમાં ફરવા માટે અનેક સુંદર સ્થળો છે. ચિતકુલ તેની કુદરતી સુંદરતા અને શાંત વાતાવરણ માટે જાણીતું છે. કલ્પામાં બરફથી ઢંકાયેલા પહાડોનો સુંદર નજારો જોવા મળે છે. જ્યારે તીર્થન વેલી જંગલો, નદી અને પ્રકૃતિની નજીક સમય પસાર કરવાની તક માટે જાણીતી છે. આ ઉપરાંત, સ્પીતિ વેલી પણ હિમાચલ પ્રદેશના ખાસ પ્રવાસન સ્થળોમાં સામેલ છે. અહીં ઊંચા પહાડો, દૂર સુધી ફેલાયેલા ઠંડા રણ જેવા નજારા અને શાંત વસાહતો જોવા મળે છે.(૪૦.૧૫)

૨૫ હજાર કરોડના બિઝનેસ સામ્રાજ્યની વારસદાર

કાવ્યા મારન બનશે અનિરુદ્ધની દુલ્હન: ગ્રીસમાં લગ્નની ચર્ચા: રૂ.૨૦ હજારનું આમંત્રણ કાર્ડ

૧૧ નવેમ્બરે ગ્રીસમાં એક ભવ્ય સમારોહ યોજાશે: હાઈ-પ્રોફાઇલ લગ્નમાં રાજકીય, ઉદ્યોગજગત અને ફિલ્મી દુનિયાની જાણીતી હસ્તીઓ હાજરી આપે તેવી શક્યતા

હૈદરાબાદ,તા.૪:IPLની લોકપ્રિય ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ની CEO કાવ્યા મારન અને દક્ષિણ ભારતીય સંગીતકાર અનિરુદ્ધ રવિચંદરના લગ્નને લઈને ચર્ચાઓ તેજ બની છે. અહેવાલો અનુસાર, બંનેના લગ્ન ૧૧ નવેમ્બરે ગ્રીસમાં યોજાવાના છે. આ હાઈ-પ્રોફાઈલ લગ્નમાં રાજકીય, ઉદ્યોગજગત અને ફિલ્મી દુનિયાની જાણીતી હસ્તીઓ હાજરી આપે તેવી શક્યતા છે.

IPLની લોકપ્રિય ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ની CEO કાવ્યા મારન અને દક્ષિણ ભારતીય સંગીતકાર અનિરુદ્ધ રવિચંદરના લગ્નને લઈને ચર્ચાઓ તેજ બની છે. અહેવાલો અનુસાર, બંનેના લગ્ન ૧૧ નવેમ્બરે ગ્રીસમાં યોજાવાના છે. આ હાઈ-પ્રોફાઈલ લગ્નમાં રાજકીય, ઉદ્યોગજગત અને ફિલ્મી દુનિયાની જાણીતી હસ્તીઓ હાજરી આપે તેવી શક્યતા છે. લગ્નના આમંત્રણ કાર્ડથી લઈને બંનેની સંપત્તિ સુધીની વિગતો લોકોનું ધ્યાન ખેંચી રહી છે.

મળતી માહિતી પ્રમાણે, કાવ્યા મારન અને અનિરુદ્ધ રવિચંદરના લગ્ન માટે ગ્રીસ પસંદ કરવામાં આવ્યું છે. ગ્રીસનાં સુંદર દરિયાકિનારા, સફેદ ઈમારતો અને લક્ઝરી રિસોર્ટ ડેસ્ટિનેશન વેડિંગ માટે જાણીતા છે. આ કારણે લગ્ન સમારોહ ખાનગી અને ભવ્ય રીતે યોજાય તેવી ચર્ચા છે.





કાવ્યાના પિતા અને સન ગ્રૂપના ચેરમેન કલાનિધિ મારન દ્વારા અનેક મહાનુભાવોને આમંત્રણ આપવામાં આવ્યું હોવાના અહેવાલો છે. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત રાજકીય નેતાઓ, ઉદ્યોગપતિઓ, કલાકારો અને ક્રિકેટ જગતની હસ્તીઓનો સમાવેશ થતો હોવાનું કહેવાય છે.

આ લગ્ન માટે તૈયાર કરવામાં આવેલા આમંત્રણ કાર્ડની કિંમત અંદાજે રૂ.૨૦,૦૦૦ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. કાર્ડની ભવ્ય ડિઝાઈન અને તેની કિંમતને કારણે પણ આ લગ્ન ચર્ચામાં આવ્યા છે. જોકે, કાર્ડની કિંમત અંગેની વિગતોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

અનિરુદ્ધ રવિચંદર દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગના જાણીતા સંગીતકાર અને ગાયક છે. 'કોલાવેરી ડી' ગીતથી તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી હતી. ત્યારબાદ તેમણે અનેક હિટ ફિલ્મોમાં સંગીત આપ્યું છે. શાહરુખ ખાનની ફિલ્મ 'જવાન' માટે પણ તેમણે સંગીત તૈયાર કર્યું હતું.

અહેવાલો અનુસાર, અનિરુદ્ધ એક ફિલ્મ પ્રોજેક્ટ માટે રૂ.૮થી રૂ.૧૦ કરોડ સુધીની ફી લે છે. તેઓ ફિલ્ટર કોફી બ્રાન્ડ VS Mani & Co. સાથે કો-ફાઉન્ડર અને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જોડાયેલા છે. ઉપરાંત, Loca Loka નામની ટકીલા બ્રાન્ડ સાથે પણ તેમનું જોડાણ હોવાનું જણાવાય છે. તેમની અંદાજિત નેટવર્થ રૂ.૫૦ કરોડ હોવાનું કહેવાય છે.

કાવ્યા મારન સન ગ્રૂપના ચેરમેન કલાનિધિ મારનની પુત્રી છે. તેઓ સનરાઈઝર્સ હૈદરાબાદની CEO તરીકે ટીમનું સંચાલન કરે છે. અહેવાલો પ્રમાણે તેમની વ્યક્તિગત નેટવર્થ આશરે રૂ.૪૦૯ કરોડ છે, જ્યારે સન ગ્રૂપની કુલ બિઝનેસ વેલ્યુ લગભગ રૂ.૨૫,૦૦૦ કરોડ હોવાનું જણાવાય છે.

સનરાઈઝર્સ હૈદરાબાદની અંદાજિત વેલ્યુ પણ રૂ.૧૮,૦૦૦ કરોડની આસપાસ હોવાનો દાવો કરવામાં આવે છે. કાવ્યા મારને ચેન્નઈની સ્ટેલા મેરિસ કોલેજમાંથી ગ્રૅજ્યુએટનો અભ્યાસ કર્યો છે. ત્યારબાદ તેમણે ન્યૂયોર્ક યુનિવર્સિટીની લિયોનાર્ડ એન. સ્ટર્ન સ્કૂલ ઑફ બિઝનેસમાંથી MBAની ડિગ્રી મેળવી છે.

કાવ્યા મારન IPL મેચ દરમિયાન સ્ટેડિયમમાં પોતાની ટીમને પ્રોત્સાહન આપતી જોવા મળે છે. તેમની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વારંવાર વાયરલ થાય છે. તેમની સાદગી અને ટીમ પ્રત્યેના ઉત્સાહને કારણે ક્રિકેટ ચાહકોમાં તેમની ખાસ ઓળખ છે. હવે અનિરુદ્ધ સાથેના લગ્નના અહેવાલોને પગલે તેમની અંગત જિંદગી ફરી ચર્ચામાં આવી છે.(૪૦.૧૦)

પુણેના મુકુંદ નગર વિસ્તારના એક ફ્લેટમાં ૩૪ વર્ષીય પાયલ જાંબરે પાટિલની લાશ ફંદા સાથે લટકતી જોવા મળી

આ દિવાળીએ તારા પિયરમાંથી ૧૦ તોલા સોનું લઈ આવ: સાસરિયાના ત્રાસથી કંટાળેલી વહુએ જીવન ટૂંકાવ્યું

પુણે,તા.૪: મહારાષ્ટ્રના પુણેના મુકુંદ નગર વિસ્તારના એક ફ્લેટમાં ૩૪ વર્ષીય પાયલ જાંબરે પાટિલની લાશ ફંદા સાથે લટકતી જોવા મળી. આ સનસનીખેજ ઘટના બાદ વિસ્તારમાં હાહાકાર મચી ગયો. પાયલ પહેલા એક આઈટી કંપનીમાં જોબ કરતી હતી, પણ બાદમાં તેણે નોકરી છોડી દીધી. પોલીસે આ મામલામાં તરત એક્શન લેતા મૃતકના પતિ અક્ષય જાંબરે પાટિલની ધરપકડ કરી લીધી છે અને આગળની તપાસ ચાલી રહી છે. પોલીસ પાસેથી મળતી જાણકારી અનુસાર રવિવારે પાયલને કોઈ વાતને લઈ પોતાની સાસુ સાથે ઝઘડો થઈ ગયો, જે બાદ તે ઘરમાંથી નીકળી ગઈ હતી. ત્યાર બાદ સોમવાર સવારે જ્યારે પિયર અને સાસરિયાવાળા તેને શોધી રહ્યા હતા, ત્યારે તે મુકુંદનગરના એક એપાર્ટમેન્ટના ફ્લેટમાં મૃત જોવા મળી હતી. જો કે ઘટનાસ્થળેથી પોલીસને કોઈ નોટ મળી નથી. જેનાથી આખા મામલામાં ઘણા રહસ્યો ઘુંટાઈ રહ્યા છે. પોલીસ દરેક એંગલથી આ કેસમાં તપાસ કરી રહી છે.



આ મામલો ખાલી પોતાનો જીવ આપવા સુધીનો નથી, પણ દહેજ પ્રતાડનાનો લાગી રહ્યો છે. પાયલના કાકાએ સાસરિયાવાળા પર ખૂબ જ ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનું કહેવું છે કે લગ્ન બાદથી સાસરિયા દ્વારા પાયલને સતત ટોર્ચર કરવામાં આવતા હતા. દરેક દિવાળી પર પિયરવાળા પાસેથી ૧૦ તોલા સોનાની ડિમાન્ડ કરતા હતા. આ વર્ષે ઘરમાં તંગી અને ખરાબ આર્થિક સ્થિતિના કારણે પરિવાર સોનાની માગ પૂરી કરી શક્યો નહીં અને તેમણે આ સોનું આવતા વર્ષે આપવાનો વાયદો કર્યો, પણ તે પહેલા આવો કાંડ થઈ ગયો.

પાયલના પરિવારની ફરિયાદના આધાર પર સ્વારગેટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો. સ્વારગેટ પોલીસના સિનિયર ઈન્સ્પેક્ટરે જણાવ્યું કે મૃતકાના પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ નોંધાયો છે. મુખ્ય આરોપી પતિ અક્ષયને પોલીસે દબોચી લીધો છે. જ્યારે બાકીના ફરાર આરોપીઓને શોધવા માટે પોલીસની ટીમ મેદાને ઉતારી દીધી છે. પોલીસનું કહેવું છે કે જે પણ દોષિત હશે તેને છોડવામાં નહીં આવે.(૪૦.૯)

તેમની જિંદગીની એક અચરજ પમાડે એવી આદતનો ખુલાસો થયો

૯૬ વર્ષના વોરેન બફેટે ૪૮ વર્ષથી પાણી પીધું જ નથી, પણ કોકા કોલા રોજ પીએ છે



ન્યુયોર્ક,તા.૦૪: દુનિયાના સૌથી અમીર ઈન્વેસ્ટર અને બર્કશર હેથવેના ભૂતપૂર્વ CEO વોરેન બફેટ પાસેથી અનેક લોકો ઈન્વેસ્ટમેન્ટના પાઠ શીખ્યા હશે. જોકે તાજેતરમાં તેમની જિદગીની એક અચરજ પમાડે એવી આદતનો ખુલાસો થયો છે. હેજ ફન્ડ મેનેજર બિલ ઍકમેને ગયા અઠવાડિયે એક પોડકાસ્ટ દરમ્યાન વોરેન બફેટનું આ રહસ્ય ખોલ્યું છે. તેમણે કહ્યું હતું, 'મેં એક વાર તેમને ડિનર પર ઈન્વાઈટ કર્યા હતા. તેમને મેં સાદું પાણી અને સ્પાર્કલિંગ વોટર ઑફર કર્યું તો તેમણે મને કહેલું બિલ, મેં ૪૮ વર્ષથી પાણી પીધું જ નથી.'

કહેવાય છે કે વોરેન બફેટ ૧૯૮૦ના દાયકા પહેલાં પેપ્સી પીતા હતા એને કારણે તેમનો દીકરો તેમને 'પેપ્સી વોરેન' કહીને બોલાવતો હતો, જોકે ૧૯૮૫માં કોલા કંપનીમાં કામ કરતા એક પાડોશીએ ચેરી કોકનું સેમ્પલ મોકલ્યું હતું. એ તેમને એટલું ભાવ્યું કે તેમણે ૧૯૮૬માં ચેરી કોકને બર્કશર હેથવે કંપનીની મીટિંગોનું સત્તાવાર પીણું ઘોષિત કરી દીધું હતું. એ પછી ૧૯૮૮થી તેમણે કોકા કોલા કંપનીમાં પણ મોટી માત્રામાં રોકાણ કર્યું હતું.(૪૦.૮)

લગ્ન માટે યોગ્ય જીવનસાથી શોધવો ઘણા લોકો માટે મુશ્કેલ બની જાય છે: આ વાતનો નજારો કેરળના કોઝિકોડમાં જોવા મળ્યો, જ્યાં એક મફત મેટ્રિમોનિયલ કેમ્પમાં અંદાજે ૭ હજાર લોકો પહોંચી ગયા

'પહેલા મારા લગ્ન કરાવો,' જીવનસાથીની શોધમાં ઉમટી પડ્યાં ૭ હજાર લોકો: નેશનલ હાઈવે સુધી પહોંચી લાઈન

કોઝિકોડ,તા.૪: લગ્ન માટે યોગ્ય જીવનસાથી શોધવો ઘણા લોકો માટે મુશ્કેલ બની જાય છે. આ વાતનો નજારો કેરળના કોઝિકોડમાં જોવા મળ્યો, જ્યાં એક મફત મેટ્રિમોનિયલ કેમ્પમાં અંદાજે ૭ હજાર લોકો પહોંચી ગયા. આયોજકોએ માત્ર ૧,૫૦૦ ફોર્મ છપાવ્યાં હતાં, પરંતુ ભારે ભીડને કારણે વધારાનાં ૪ હજાર ફોર્મ છપાવવા પડ્યાં. લોકોની લાઈન મંદિરથી બહાર નીકળીને નેશનલ હાઈવે સુધી પહોંચી ગઈ હતી.

કેરળના કોઝિકોડ જિલ્લાના કરંથુર સ્થિત હરહરા મહાદેવ મંદિરમાં રવિવારે અપરિણીત લોકો માટે આ નિઃશુલ્ક લગ્ન નોંધણી કેમ્પ યોજાયો હતો. શરૂઆતમાં ૧,૦૦૦થી ૨,૦૦૦ લોકો આવવાની આશા હતી. જોકે, સવારે જ મોટી સંખ્યામાં લોકો પહોંચતાં ફોર્મ ખૂટી ગયાં. પહેલાં ફોર્મની ફોટોકોપી કરાવવામાં આવી અને ત્યારબાદ પ્રિન્ટિંગ પ્રેસમાંથી ૪ હજાર વધારાનાં ફોર્મ મંગાવવામાં આવ્યાં.




આ કેમ્પમાં નોંધણી કરાવનારાઓમાં લગભગ ૮૦ ટકા પુરુષો હતા. તેમાં ૩૦ વર્ષથી વધુ ઉંમરના લોકોની સંખ્યા મોટી હતી. ૪૦ અને ૫૦ વર્ષની ઉંમરના લોકોએ પણ જીવનસાથીની શોધ માટે અરજી કરી હતી. કેટલીક મહિલાઓ બીજી વખત લગ્ન કરવા માટે પણ યોગ્ય જીવનસાથી શોધી રહી હતી. અનેક માતા-પિતા પોતાના સંતાનો માટે સંબંધ શોધવાની આશા સાથે કેમ્પમાં પહોંચ્યા હતા.

આ કેમ્પની જાણકારી વોટ્સએપ અને ફેસબુક ગ્રૂપ દ્વારા ફેલાવવામાં આવી હતી. હવે આયોજકો તમામ અરજીઓનો ડેટાબેઝ તૈયાર કરીને અરજદારો સાથે યાદી શેર કરવાની યોજના બનાવી રહ્યા છે. આ પ્રક્રિયામાં ૧૦થી ૨૦ દિવસ લાગી શકે છે. મળેલા જબરદસ્ત પ્રતિસાદ બાદ ૨૨ નવેમ્બર પછી દર રવિવારે આવો કેમ્પ યોજવા અંગે પણ વિચારણા ચાલી રહી છે. (૪૦.૨૧)

જો આ આગાહી સાચી સાબિત થાય, તો ભારતમાં ૧૦ ગ્રામ સોનું આશરે ૩.૧૫,૨૯૦ સસ્તું થઈ શકે: જે ૩.૧.૨૩ લાખના સ્તરે પહોંચી શકે છે

વૈશ્વિક બ્રોકરેજ ફર્મ નોમુરાએ સોનાના ભાવમાં વધુ ૧૧% ઘટાડો થવાની આગાહી કરી



૨૦૨૬માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૮%થી વધુનો ઘટાડો થયો છે: ૫,૫૦૦ ડોલરના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા પછી, સોનું ૪,૦૦૦ ડોલરથી નીચે આવી ગયું: સતત નફા-બુકિંગ બજાર પર દબાણ લાવી રહ્યું છે

નવી દિલ્હી,તા.૪: સોનું ખરીદવાની યોજના બનાવી રહેલા લોકો માટે બજારમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં સોનાના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૨૬ની શરૂઆતમાં, સોનું પ્રતિ ઔંસ ૫,૫૦૦ ડોલરના રેકોર્ડ ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયું હતું. જોકે, બજાર હવે બદલાઈ ગયું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, સોનું પ્રતિ ઔંસ ૪,૦૦૦ ની નીચે ટ્રેડ થઈ રહ્યું છે. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૮% થી વધુનો ઘટાડો થયો છે. બજાર નિષ્ણાતો માને છે કે આ ઘટાડો સમાપ્ત થવાની શક્યતા નથી.

સોનાના ભાવમાં વધુ ઘટાડો થવાની ધારણા છે. પ્રખ્યાત બ્રોકરેજ ફર્મ નોમુરાએ તેની નવીનતમ સંશોધન નોંધમાં એક બોલ્ડ આગાહી કરી છે. નોમુરા અનુસાર, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ રૂ.૩,૫૦૦ પ્રતિ ઔંસ સુધી ઘટી શકે છે. હાલમાં, સોનું ૩,૯૪૭ પ્રતિ ઔંસના વર્તમાન સ્તરની આસપાસ ફરે છે. આ લગભગ ૧૧%નો વધુ ઘટાડો સૂચવે છે.

સોનાના બાર અને સિક્કા મજબૂતાઈ દર્શાવે છે! ચીન પછી ભારત બીજા સ્થાને પહોંચે છે ભારતીય બજારને ધ્યાનમાં લેતા, ભારતમાં ૧૦ ગ્રામ સોનાનો વર્તમાન ભાવ લગભગ રૂ.૧.૩૯ લાખ છે. જો આ ૧૧% ઘટે છે, જેમ કે નોમુરાનો અંદાજ છે, તો ભારતમાં સોનું લગભગ રૂ.૧૫,૨૯૦ સસ્તું થશે. આ નોંધપાત્ર ઘટાડા પછી, ભારતમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂ.૧.૨૩ લાખ સુધી ઘટી શકે છે.

સોનામાં આ ઘટાડા પાછળ બજારના પોતાના કારણો છે. LKP સિક્યોરિટીઝના રૂ૰ રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીના મતે, રોકાણકારો બજારમાં સતત નફો બુક કરી રહ્યા છે. આ જ કારણ છે કે સોનાના ભાવ સતત દબાણ હેઠળ છે. ભારે વેચાણને કારણે, સોનાના ભાવ હવે ઓવરસોલ્ડ ઝોનની નજીક આવી રહ્યા છે. જતીન ત્રિવેદી કહે છે કે સોનામાં ટકાઉ રિકવરી માટે, બજારમાં નવી ખરીદી જરૂરી છે. વધુમાં, ભાવ સ્થિર કરવા માટે વૈશ્વિક સંકેતોનું રૂપાંતર મહત્વપૂર્ણ રહેશે.

આ અઠવાડિયે, વિશ્વભરના બજારો યુએસના ડેટા પર નજીકથી નજર રાખશે. જતીન ત્રિવેદીએ સમજાવ્યું કે બજાર યુએસ ચૂંટણી, બેરોજગારીના આંકડા અને નોન-ફાર્મ પેરોલ ડેટા પર નજીકથી નજર રાખશે. આ ડેટા યુએસ સેન્ટ્રલ બેંક, ફેડરલ રિઝર્વની ભાવિ નીતિ વિશે સ્પષ્ટ સંકેતો પ્રદાન કરશે. તકનીકી દ્રષ્ટિકોણથી, રૂ.૧,૪૨,૦૦૦ નું સ્તર સોના માટે મુખ્ય પ્રતિકાર રહે છે. જ્યાં સુધી સોનું આ સ્તરથી ઉપર ન જાય, ત્યાં સુધી નજીકના ભવિષ્યમાં તેજીની આશા ઓછી છે.

કોટક નીઓના AVP કાયનાત ચેનવાલા કહે છે કે યુએસ મધ્યવર્તી ચૂંટણીના પરિણામો પણ સોનાના ભાવ પર સીધી અસર કરી શકે છે. આ ચૂંટણીઓના પરિણામો અમેરિકાની આગામી ઊર્જા નીતિ જાહેર કરશે અને ઈરાન પર વોશિંગ્ટનના ભાવિ વલણનો સંકેત પણ આપશે. આ બધી વૈશ્વિક ઘટનાઓ આગામી દિવસોમાં સોનાની હિલચાલ પર સીધી અસર કરશે. (૪૦.૧૪)

જુનાગઢમાં રોડ ક્રોસ કરતા વૃધ્ધાનું બાઈક હડફેટે મોત

(વિનુ જોષી દ્વારા) જુનાગઢ તા. ૦૪: પાઠકનગરમાં રહેતા જાહીબેન મંગાભાઈ ડોડીયા ઉ. વ. ૫૮ તા. ૮ ઓક્ટોબરના રોજ રાત્રે ૮ઃ૩૦ વાગ્યાના સુમારે પાઠક નગર બિલખા રોડ પર આવેલી દેવાંગી પાનવાળીની દુકાન સામેની સાઈડથી રોડ ક્રોસ કરી રહ્યા હતા.

આ દરમિયાન ખડીયા તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી જીજે ૧૧ સીજે ૮૧૧૫ નંબરની બાઈકના ચાલકે વૃધ્ધાને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં જાહીબેનને હોઠ ઉપર, જમણા હાથની કોણીના ભાગે, ડાબા પગમાં ઘુંટણ નીચે તથા જમણા પગમાં થાપાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી બાઈક ચાલક નાસી છૂટ્યો હતો.

અકસ્માત બાદ ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઝાંઝરડા ચોકી સ્થિત ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૧૫ દિવસ સારવાર આપ્યા બાદ તેમને ઘરે લાવવામાં આવ્યા હતા. જો કે, ૩૦ ઓક્ટોબરે અચાનક તબિયત વધુ બગડતા તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

અકસ્માતના આ બનાવ અંગે મૃતકના પુત્ર મનસુખભાઈ ડોડીયાની ફરિયાદ આધારે સી ડિવિઝન પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.(૨.૨)

જુનાગઢમાં ફટાકડા ફોડવા મુદે વૃધ્ધા, તેની પુત્રવધૂને પાડોશીએ માર માર્યો

૨ શખ્સે ઘર ઉપર પણ હૂમલો કરી નૂકસાન પહોંચાડ્યું

(વિનુ જોષી દ્વારા) જુનાગઢ તા. ૦૪: ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહેતા જેબુનબેન હાસમભાઈ પડાયા (ઉ.વ. ૬૫)ની ફરીયાદ મુજબ મંગળવારે રાત્રીના સુમારે રાજુ મકવાણા રબારી અને નીતાબેન પરમાર ફટાકડા ફોડવા અને કબૂતરને ચણ નાંખવાની અદાવતનું મનદુ:ખ રાખી ઘરની ડેલીમાં આવી ધમાલ મચાવી હતી. શખ્સોએ ઓશરીમાં પડેલી ઘઉંની કોઠી તથા તેના પર રહેલ કબૂતરની ચણની કોઠીમાં લાકડાના ધોકા મારી નુકસાન કર્યું હતું અને રસોડાની બારીનો કાચ તોડી નાખ્યો હતો.

જ્યારે વૃધ્ધા અને તેની પુત્રવધૂ ઘરની બહાર આવ્યા, ત્યારે આરોપીએ ગાળો કાઢી કાઢી રાજુ મકવાણાએ પોતાના હાથમાં રહેલા લાકડાના ધોકાથી જેબુનબેનને ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હુમલામાં ઈજાગ્રસ્ત થયેલા વૃદ્ધાને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. તાલુકા પોલીસે બનાવ અંગે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.(૨.૨)

જુનાગઢમાં અગાઉ બે ગંભીર ગુનામાં સંડોવાયેલ શખ્સ છરી સાથે પકડાયો

પેરોલ ફર્લો સ્કવોડે શખ્સ પાસેથી બાઇક પણ કબ્જે લીધું

(વિનુ જોષી દ્વારા) જુનાગઢ તા.૪: જુનાગઢમાં અગાઉ ૨ ગંભીર ગુનામાં સંડોવાયેલ શખ્સ છરી સાથે પલળી પેરોલ ફર્લો સ્કવોડે શખ્સ પાસેથી બાઇક પણ કબ્જે લીધું હતું.

જુનાગઢ પેરોલ ફર્લો સ્કવોડ અને કાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે, અગાઉ જામનગર જિલ્લાના કાલાવડ પોલીસ સ્ટેશનના ખૂન કેસમાં અને જુનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા જાલીનોટ ગુનામાં સંડોવાયેલ સંજુ ઉર્ફે સોનુ શંકરસિંહ ઓમકારસિંહ ઠાકુરને ઝડપી લીધો હતો. પોલીસે શખ્સની અંગ ઝડતી કરતા નેફામાંથી છરી મળી આવી હતી. પોલીસે શખ્સ પાસેથી છરી અને રૂપિયા ૫૦,૦૦૦ની કિંમતનું જીજે ૦૫ ટીએક્સ ૫૦૮૫ નંબરની બાઈક કબજે લઈ હથિયાર બંધીના જાહેરનામાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.(૨.૨)

૩.૬૦ના કિલોએ પહોંચેલા ટામેટાં ૩.૨૦ના કિલો અને અન્ય શાકભાજી પણ ૩.૬૦થી ૭૦ના કિલો

દિવાળી પહેલાં શાકભાજી સસ્તા થતાં ગૃહિણીઓને હાશકારો

અમદાવાદ,તા.૪: દિવાળીના સૌથી મોટાં તહેવાર પહેલાં જ શાકભાજીના ભાવમાં થયેલાં નોંધપાત્ર ઘટાડાના લીધે ગૃહિણીઓને મોટી રાહત મળી છે. ટામેટાં, બટાકા, લીંબુ, કોથમીરથી માંડીને મોટાભાગના શાકભાજીની કિંમતો પ્રમાણમાં ૪૦ ટકા સુધી ઘટી ગઈ છે. હજુ ૧૫ દિવસ પહેલાં ૫૦થી ૬૦ રૂપિયે કિલો વેચાતા ટામેટાંથી હેરાન નાગરિકો ૨૦ રૂપિયે ટામેટાં મળતાં રાજી થઈ ગયાં છે અને એની સાથે જ અન્ય શાકભાજી પણ સસ્તાં મળતાં ગૃહિણીઓને જાણે બજેટ સચવાઈ ગયું હોય એવી લાગણી થઈ રહી છે.

નવેમ્બર મહિનાના પ્રારંભ સાથે જ શાકભાજીની આવક પણ વધી હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યાં છે. ખાસ કરીને ટામેટાં, બટાકા, કોબીજ, ફૂલાવર, મેથી જેવા શિયાળાના શાકભાજીની આવક વધી છે. બજારમાં નવો માલ મોટાં પ્રમાણમાં ઠલવાઈ રહ્યો છે અને સૂત્રોથી મળતી માહિતી મુજબ એપીએમસી માર્કેટમાં શાકભાજીનો જથ્થો એટલો આવી રહ્યો છે કે ભાવ જબજસ્ત રીતે ગગળી ગયા છે. ખાસ કરીને ૫૦થી ૬૦ રૂપિયે કિલો મળતાં ટામેટાં હાલ ૨૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યાં છે. એમાંય નાનાં અને સાધારણ ગુણવત્તા વાળા ટામેટાં તો ૧૫ રૂપિયે કિલો અથવા ૩૦ રૂપિયાના બે કિલો વેચાઈ રહ્યાં છે.

એવા જ હાલ રસોડાના રાજા ગણાતા બટાકાના પણ છે. બટાકાનો નવો માલ બજારમાં ઠલવાતાંની સાથે જ એની સીધી અસર ભાવ પર જોવા મળી રહી છે. ગત મહિને ૫૦ રૂપિયાના દોઢ કિલોના હિસાબે વેચાતા બટાકા હાલ ૫૦ રૂપિયામાં બે કિલોના ભાવે વેચાઈ રહ્યાં છે. એમાંય નાના અને હલકી ક્વોલિટીની બટાકા ૫૦ રૂ.માં ત્રણ કિલો સુધી વેચાઈ રહી છે. ગયા મહિને લીંબુની કિંમતોએ રડાવી રહ્યા હતા અને ૩૦૦થી ૪૦૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા હતા. જેના ભાવ પણ અત્યારે ઘટીને ૧૫૦ રૂપિયે કિલો સુધી આવી ગયા છે.

જમાલપુરના વેપારી છનાભાઈ પટણીનું કહેવું છે કે બજારમાં નવો માલ આવવાનો શરૂ થતાં ભાવ ઓછાં થયાં છે. ટામેટાં ઉપરાંત કોબીજ અને ફૂલાવર પણ મોટાં પ્રમાણમાં ઠલવાઈ રહ્યાં છે. જેથી હોલસેલમાં આ શાકભાજી અત્યારે ૧૦ રૂપિયા કિલોની આસપાસ છે. જે છુટક બજારોમાં ૨૦થી ૪૦ રૂપિયે કિલો સુધી વેચાઈ રહી છે. કોબીજ અને ફૂલાવર ૩૦થી ૪૦ રૂપિયા થઈ ગયા છે. ફૂલાવર થોડાં દિવસ પહેલાં ૮૦ રૂપિયે કિલો હતો. લીંબુની નવી આવક પણ વધી છે અને એના ભાવ પણ કાબૂમાં આવી ગયાં છે. સાથે જ કોથમીર-મરચાં સહિતના લીલાં મસાલાના ભાવ પણ ઘટી ગયા છે. અત્યારે બજારમાં રીંગણ, કોબીજ, ફૂલાવર, મેથી, રવૈયા, રીંગણ સહિતના શિયાળાના શાકભાજીની આવક પ્રમાણમાં વધી છે. હોલસેલ વેપારીઓના જણાવ્યા પ્રમાણે બજારમાં હાલ માલની અછત નથી. ગત મહિને જેટલાં વાહન આવતાં હતા એનાથી ૨૦ ટકા વધુ વાહનો ભરીને શાકભાજી આવી રહ્યાં છે. હજુ શિયાળો જામતાં લીલાં શાકભાજીના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો આવે એવી શક્યતા જણાય છે. તેમ નવભારત ટાઈમ્સ જણાવે છે. (૪૦.૨૯)

શાકભાજીના વર્તમાન ભાવ

શાક	ભાવ
ટમેટા	૨૦
કોબીજ	૪૦
ફૂલાવર	૪૦-૫૦
રીંગણ	૩૦-૪૦
બટાકા	૨૦-૨૫
દૂધી	૪૦-૫૦
મેથી	૫૦-૬૦
રવૈયા	૩૦-૪૦
લીંબુ	૧૫૦



પરમ દિવસે અમદાવાદથી નીકળી ગયેલા વ્હોરા યુવાનની હળવદ પાસે કેનાલમાંથી લાશ મળી

મહમદ મુફ્દલભાઇ રાજકોટવાલાએ આર્થિક ભીંસથી કંટાળી પગલુ ભર્યાનું પરિવારજનોનું તારણ: બાઇક લઇ નીકળ્યો હતો, હળવદ પાસે પેટ્રોલ ખુટતાં ત્યાં જ આપઘાત કર્યો

રાજકોટ તા. ૪: અમદાવાદ રહેતો દાઉદી વ્હોરા યુવાન પરમ દિવસે ત્યાંથી બાઈક લઈને નીકળી ગયા બાદ તેની લાશ હળવદના સુખપર નજીક પાણીની કેનાલમાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઈ છે. આર્થિક ભીંસને કારણે ટેન્શનમાં રહેતો હોવાથી આ યુવાન નીકળી ગયા બાદ હળવદ નજીક પેટ્રોલ ખુટી જતાં બાઈક સાઈડમાં રાખી કેનાલમાં કૂદી ગયાનું ખુલ્યું હતું. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો.

જાણવા મળ્યા મુજબ અમદાવાદ વટવામાં રહેતો મહમદ મુફ્દલભાઈ રાજકોટવાલા (ઉ.વ.૨૪) નામનો યુવાન પરમદિવસે ઘરે કોઈને જાણ કર્યા વગર તેનું બાઈક લઈને નીકળી ગયો હતો. તેનો ફોન પણ બંધ આવતો હોઈ વ્યાકુળ થયેલા પરિવારજનોએ શોધખોળ ચાલુ કરી હતી. આ દરમિયાન ગઈકાલે હળવદ પોલીસ મારફત વટવા ખાતે પરિવારજનોને જાણ થઈ હતી કે મહમદ મુફ્દલભાઈની લાશ હળવદ નજીક સુખપરની પાણીની કેનાલમાંથી મળી છે અને પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ રાજકોટ ખસેડાયો છે.

આ માહિતી મળતાં જ પરિવારજનો રાજકોટ પહોંચ્યા હતાં. કેનાલમાં એક યુવાનની લાશ પડી હોવાની જાણ થતાં ૧૧૨ પહોંચી હતી. બાદમાં હળવદ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતનું બાઈક અને મોબાઈલ ફોન પણ



મળ્યા હોઈ ફોન ચાલુ કરી અલગ અલગ નંબર પર કોન્ટેકટ કરતાં સગાનો સંપર્ક થયો હતો. આ યુવાને આર્થિક ભીંસને લીધે આપઘાત કર્યાનું ખુલ્યું હતું. તે માતા-પિતાનો એકનો એક આધારસ્તંભ અને એક બહેનથી નાનો તથા અપરિણીત હતો. તે ફેબ્રીકેશનનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. હાલમાં પૈસાની ખેંચ હોઈ કંટાળીને નીકળી ગયા બાદ આપઘાત કરી લીધો હતો. (૧૪.૫)

મોટી પાનેલીમાં મગફળી કાઢતી વખતે થ્રેશર મશીનમાં માથું ફસાઇ જવાને લીધે ૧૮ વર્ષની જીગુબેનનું મોત

ચુંદડીનો છેડો ફસાતાં તેની સાથે માથું ખેંચાઇ ગયું: રાજકોટમાં સારવારમાં મૃત્યુ થતાં પરિવારજનોમાં કલ્પાંત

રાજકોટ તા. ૪: ઉપલેટાના મોટી પાનેલી ગામે વાડીએ થ્રેશર મશીનમાં મગફળી કાઢવાના કામ વખતે ૧૮ વર્ષની યુવતિની ચુંદડી મશીનમાં ઉડીને ફસાઈ જતાં યુવતિનું માથું પણ ફસાઈજતાં ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ થયું છે.

જાણવા મળ્યા મુજબ મોટી પાનેલી ગામે રહેતી જીગુબેન દાનાભાઈ સાગઠીયા (ઉ.વ.૧૮) ૩૦/૧૦ના રોજ પોતાના ગામની બીજી પંદરેક છોકરીઓ અને બીજા મજૂરો સાથે ગામના રાજભાઈ વસંતભાઈ ગજેરાની વાડીએ મગફળી ઉપાડવાનું કામ કરવા ગઈ હતી. તે વખતે થ્રેશર મશીન પર મગફળી કાઢવાનું કામ ચાલુ હોઈ જીગેબેને મોઢા પર ચુંદડી વીંટાળી રાખી હતી.

આ ચુંદડીનો છેડો પવનને કારણે ઉડીને મશીનમાં આવી જતાં તેણી ચુંદડી સાથે ખેંચાઈ જતાં માથામાં



ગંભીર ઈજા પહોંચી હતી. તરત જ મશીન બંધ કરી જીગેબેનને ગંભીર ઈજા સાથે બહાર કાઢી સારવાર માટે ઉપલેટા સિવિલ, ખાનગી હોસ્પિટલ બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં અને છેલ્લે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ અહિ ગત સાંજે દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભાયાવદર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જીગુબેન બે બહેન અને એક ભાઈમાં નાની હતી. ખેત મજુરી કરી પરિવારને મદદરૂપ થતી હતી. યુવાન આશાસ્પદ દિકરીના મૃત્યુથી સાગઠીયા પરિવારમાં શોક છવાઈ ગયો છે. ભાયાવદર પોલીસે રાજકોટ પહોંચી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી. (૧૪.૫)

આજીડેમ ચોકડીએ બાંધકામ સાઇટ પર કરૂણ બનાવ

રમતાં રમતાં પાણીના ટાંકામાં પડી જતાં ૧૧ વર્ષના આદર્શનું મોત

રાજકોટ તા.૪: માસુમ બાળકો અવાર-નવાર રમત રમતમાં મુશીબત નોતરી લેતાં હોય છે. વધુ એક આવો કરૂણ બનાવ આજીડેમ ચોકડી નજીક બાંધકામની સાઈટ પર બન્યો છે. જેમાં રમતાં રમતાં ૧૧ વર્ષનો બાળક પાણીના ટાંકામાં પડી જતાં મોત થયું છે.

જાણવા મળ્યા મુજબ આજીડેમ ચોકડી ગોકુલ પાર્કમાં રહેતાં મુળ બિહારના કુંદનભાઈ શર્માનો પુત્ર આદર્શ (ઉ.વ.૧૧) સાંજે પાંચેક વાગ્યે ઘર પાસે બાંધકામની સાઈટ ચાલુ હોઈ ત્યાં રમતો રમતો ભોં ટાંકામાં પડી જતાં બેભાન



હાલતમાં સારવાર માટે ઝનાના હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું.

બનાવની જાણ થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એ. એચ. ગોહિલે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર આદર્શ બે ભાઈમાં નાનો હતો. તેના પિતા કુંદનભાઈ સીએનસી ઓપરેટર તરીકે કામ કરે છે. મુળ બિહારના આ પરિવારમાં લાડકવાયાના મોતથી અરેરાટી વ્યાપી ગઈ છે. (૧૪.૫)

મોરબીના નવાગામ પાસે બાઇક સ્લીપ થતાં ૧૮ વર્ષના રાહુલ જોગડીયાનું મોત

રાજકોટ તા. ૪: વાહન અકસ્માતનો વધુ એક બનાવ જીવલેણ નીવડ્યો હતો. મોરબીના નવાગામ નજીક બાઈક સ્લીપ થઈ જતાં ૧૮ વર્ષના યુવાનનું ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું છે. જાણવા મળ્યા મુજબ મોરબીના નવાગામ લક્ષ્મણનગરમાં રહેતો રાહુલ ભરતભાઈ જોગડીયા (ઉ.વ.૧૮) નામનો યુવાન ૨૮/૧૦ના રોજ બાઈક હંકારી કારખાનેથી ઘરે જમવા જતો હતો ત્યારે નવાગામ લખધીરનગર પાસે તેનું વાહન સ્લીપ થઈ જતાં ગંભીર ઈજા થઈ હતી. તેને મોરબી સારવાર અપાવી રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ ગત સાંજે મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં મકનસર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર રાહુલ બે ભાઈ અને એક બહેનમાં નાનો હતો. તે પિતા સાથે કારખાનામાં કામ કરતો હતો. કારખાનેથી ઘરે જમવા માટે જઈ રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. યુવાન દિકરાના મૃત્યુથી જોગડીયા-કોળી પરિવારમાં શોક વ્યાપી ગયો છે. મૃતદેહનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. (૧૪.૫)



લક્ઝરીયર્સ બંગલો વે. છે
ફુલ હવા ઉજાસ, ૪ BHK ૧૩૬ વાર, કસ્ટમર્સની ચોઈસ અનુસાર એ ટુ ઝેડ ટાઈટલ ક્લીયર તદ્દન નવું બાંધકામ લોનેબલ
કોન્ટેક: ૯૬૬૨૦ ૩૦૯૩૦

દિપાવલી માટે
લાભ-શુભ, પગલા, સાથિયા વુડનના હોલસેલમાં ૧૦૦૦, ૨૦૦૦ પીસ સાથે લેવા હોય તે સંપર્ક કરે. (માત્ર રૂા. ૨ માં)
Mo. 90679 02924

4 BHK ફ્લેટ ભાડે આપવાનો છે
ગાર્ડન વ્યુ • ફુલ્લી ફર્નિશ્ડ
1800 કાર્પેટ
લો-રાઈઝ બિલ્ડીંગ, લીફ્ટ, ઈસ્ટ વેસ્ટ ઓપન, એલોટેડ કાર પાર્કિંગ
ફેસેલિટી
ટીવી • ફ્રીઝ • એ.સી. • વોશિંગ મશીન • સોફા • ડાઈનીંગ ટેબલ
કબાટ • સ્ટોરેજ • બેડ • વોટર હીટર • ગેસ સ્ટવ
65000 ભાડુ ૧૧ મહિનાનાં ભાડા કરાર સાથે, ૨ ભાડું ડિપોઝીટ
૨૦૨ ખૂશ્બુ એપાર્ટમેન્ટ, સત્યસાંઇ હોસ્પિટલ સામે, નારાયણ નગર ગાર્ડન પાસે, રાજકોટ
હેમલ મહેતા 99987 15353

જોઈએ છે
મિસ્ત્રી (લેથ શેપિંગ)
VMC ઓપરેટર
CNC ઓપરેટર/સેટર
4-5 વર્ષના અનુભવી • ફુલટાઇમ, આકર્ષક પગાર • મેટોડા GIDC
Mo. 90999 11381

ઘરવખરીનો સામાન વહેંચવાનો છે
સેટી ગાદલા સાથે શુ રેંક, નીલકમલના ફોલ્ડીંગ કબાટ, અનાજની કોઠી, સોફા કમ બેડ વગેરે
M. 999 899 3092

રાજકોટ માટે જોઈએ છે
એકાઉન્ટન્ટ
ફુલ ટાઈમ • વાહન હોવું જરૂરી
ટેલી સોફ્ટવેરનું સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી
ઓફીસ બોય
ફુલ ટાઈમ • બહારનું કામ કરી શકે તેવા
(બાયોડેટા સાથે રૂબરૂ મળો અથવા વોટસઅપ કરો)
અકબાની ટ્રેડર્સ
નવાગામ મેઈન રોડ, રઘુવીર પ્લાસ્ટિકની બાજુમાં, રાજકોટ. • Mo. 97371 96999

લૉંગ લીઝથી જગ્યા જોઈએ છે
રાજકોટ : ૧૫૦ ફુટ રીંગ રોડ, કાલાવડ રોડ, બસ સ્ટેશન રોડ મોડલ સીટી : બસ સ્ટેશન રોડ, પેલેસ રોડ આસપાસ ના સારા લોકેશન પર
ગ્રાઉન્ડ ફ્લોર ૨૫૦૦ ફૂટ / ફર્સ્ટ ફ્લોર ૨૫૦૦ ફૂટ કારપેટ કમર્શાયલ લોઝમ માટે કંપનીને લૉંગ લીઝ થી જગ્યા જોઈએ છે.
(દલાલભાઈઓ ને તસ્દી લેવી નહી)
Mo.9898781842

દિવાળી સ્પે. ઓફર
સોફ્ટ ડ્રીંક્સ
હોલસેલ ભાવે રિટેઇલ
કેમ્પા કોલા, સોસીયો, મીનરલ વોટર
હનુમાન મઢી, રૈયા રોડ
મો. ૯૭૨૫૪ ૨૫૦૦૫

સેકસ સમસ્યાઓ માટે વર્ષોના અનુભવી
ડો. પ્રકાશ શેઠ
(ગુજરાતના અગ્રગણ્ય સેકસોલોજીસ્ટ)
લગ્ન પહેલા-લગ્ન પછીના પ્રશ્નો, શુક્રાણુંની ઓછી નિઃસંતાનતા, સેકસ સ્ત્રી-પુરૂષના ગુપ્તરોગ અને સેકસની તમામ સમસ્યાઓ અને તકલીફો માટે
સમય: સવારે ૧૧ થી ૨, સાંજે ૫ થી ૯
(એપોઈન્ટમેન્ટ લઈને મળવું)
હેપી સેકસ ક્લીનીક
ગ્રામશિલ્પ ખાદી ભંડાર સામે, શ્રેયસ હોસ્પિટલ સામે, વિદ્યાનગર મેઈન રોડ, રાજકોટ
૯૮૯૮૦ ૭૯૫૭૭

પોરબંદરમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા ચેકિંગઃ ૧૮ કિલો દાઝેલા તેલનો નાશ



(પરેશ પારેખ દ્વારા) પોરબંદર તા. ૪: દિવાળીના તહેવારોને અનુલક્ષીને મહાનગરપાલિકા અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ખાદ્યચીજનું ચેકિંગ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં ૩૪ ખાદ્ય એકમોની તપાસ દરમિયાન ૧૮ કિલો બિનઆરોગ્યપ્રદ દાઝેલા ખાદ્યતેલનો નાશ કરાયો અને રૂ. ૩,૪૫૦નો વહીવટી ચાર્જ વસૂલાયો હતો.

આ ચેકિંગ કામગીરી અંતર્ગત કમલા બાગ, એમ.જી. રોડ, લિબર્ટી ક્રોસ રોડ, નટવર ચોક, માણેક ચોક, શીતળા ચોક, નરસંગ ટેકરી, આશાપુરા ચોક, માર્કેટિંગ યાર્ડ તથા જુબેલી વિસ્તાર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી દુકાનો, નાસ્તાગૃહો, રેસ્ટોરન્ટ્સ અને લારીઓમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. મીઠાઈ, ફરસાણ, ગાંઠિયા, ઘૂઘરા, બ્રેડ પકોડા, ફાસ્ટફૂડ સહિતની ખાદ્યચીજોનું વેચાણ કરતા કુલ ૩૪ એકમોની તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન તમામ ધંધાર્થીઓને દુકાન તથા આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા, ઉઘાડા અને વાસી ખાદ્યપદાર્થોનું વેચાણ ન કરવા, દાઝેલા ખાદ્યતેલનો પુનઃઉપયોગ ટાળવા તેમજ ફૂડ સેફ્ટી સંબંધિત તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન ધંધાર્થીઓ દ્વારા વપરાશમાં લેવામાં આવતા ખાદ્યતેલની ગુણવત્તા ચકાસવા માટે ટેસ્ટો મીટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તપાસમાં ૮ ધંધાર્થીઓના ખાદ્યતેલની વેલ્યુ ૨૫થી વધુ જણાઈ આવી હતી. ફૂડ સેફ્ટીના નિયમો અનુસાર બિનઆરોગ્યપ્રદ બનેલા આવા ખાદ્યતેલનો ઉપયોગ અટકાવવા સંબંધિત સ્થળો પરથી કુલ ૧૮ કિલો દાઝેલા ખાદ્યતેલનો નાશ કરાવવામાં આવ્યો હતો. જેમાં શિવમ એન્ટરપ્રાઇઝ (મુંબઈ ચા વડાપાવ), વાડી પ્લોટમાંથી ૨ કિલો, જય જલારામ ગાંઠિયાની લારી, કમલા બાગ પાસેથી ૧ કિલો, શ્રદ્ધા ઘૂઘરા, પ્લાઝા ક્રોસ લેનમાંથી ૨ કિલો, એલ.બી. શિંગોડા, પ્લાઝા ક્રોસ લેનમાંથી ૧ કિલો, ચામુંડા ફરસાણ, નટવર ચોકમાંથી ૬ કિલો, મધુરમ સ્વીટ્સ, નરસંગ ટેકરીમાંથી ૩ કિલો, ભગીરથ ગાંઠિયા, નરસંગ ટેકરીમાંથી ૧ કિલો તથા ચામુંડા રેસ્ટોરન્ટ, માર્કેટિંગ યાર્ડ પાસેથી ૨ કિલો દાઝેલા ખાદ્યતેલનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નિયમોના ભંગ બદલ સંબંધિત ધંધાર્થીઓ પાસેથી કુલ રૂ. ૩,૪૫૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. (૭.૨૬)

મોરબીઃ મહિલા સાથે બોલાચાલી ન કરવી સમજાવવા ગયેલ વેપારી પર છરીથી હુમલો

મોરબી તા ૪ઃ લાલપર નજીક હોટેલ સંચાલક પોતાની હોટેલ ખાતે બેઠા હોય અને હોટેલ સામે એક ઈસમ સ્ત્રી સાથે બોલાચાલી કરતો હોવાથી તેને સમજાવવા ગયો હતો અને સમજાવી હોટેલ પરત જતો હતો ત્યારે પાછળથી ઈસમેં છરી વડે પગના ઘૂંટણથી સાથળના ભાગે એક ઘા મારી ઈજા કરી હતી.

મૂળ જુનાગઢના વતની હાલ મોરબીના ઉમા ટાઉનશીપમાં રોયલ હાઈટ્સ એફ બ્લોક નં ૩૦૩ માં રહેતા જીતેન્દ્રભાઈ છગનભાઈ હિંગરાજીયા (ઉ.વ.૫૩) વાળાએ આરોપી પવન ઉર્ફે પવો કોળી રહે મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી લાલપર ગામની સીમમાં રીયલ પ્લાઝા ૨ કોમ્પ્લેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ પટેલ એસી ડાયનીંગ હોલ નામની હોટેલ ચલાવી વેપાર કરે છે ગત તા. ૩૧-૧૦ના રોજ ફરીયાદી જીતેન્દ્રભાઈ પોતાની હોટેલ બેઠા હતા અને આરોપી પવન કોળી કોઈ સ્ત્રી સાથે બોલાચાલી કરતો હતો જેથી તેને સમજાવવા ગયેલ અને સમજાવી પરત હોટેલ જતા હતા ત્યારે આરોપીએ પાછળથી આવી છરી વડે ઘૂંટણથી ઉપર સાથળના ભાગે છરીનો એક ઘા ઝીકી ઈજા કરી હતી મોરબી તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. (૭.૨૫)

મોરબીની પી. એમ. શ્રી માધાપરવાડી કન્યા શાળાની વિદ્યાર્થિનીઓ માટે સરકારની શાળા પરિવહન યોજના બની આશાનું વાહન

હવે અંતર અભ્યાસમાં અવરોધ નથી: શાળા પરિવહન યોજનાએ દીકરીઓના સપનાઓને આપી નવી પંખ!

(માહિતી ખાતુ) મોરબી, તા.૪: ક્યારેક શાળા સુધી પહોંચવાનું અંતર માત્ર રસ્તાનું અંતર નથી હોતું, પરંતુ તે અનેક દીકરીઓના શિક્ષણ અને સપનાઓ વચ્ચેનો અવરોધ પણ બની જાય છે. જોકે, સરકારની શાળા પરિવહન યોજનાએ આ અવરોધને દૂર કરી દીકરીઓના શિક્ષણની સફરને વધુ સરળ બનાવી છે.



મોરબી તાલુકાની પી.એમ. શ્રી માધાપરવાડી કન્યા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. અગાઉ શાળાથી દૂર રહેતી દીકરીઓને દરરોજ શાળાએ આવવા-જવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. વાહનવ્યવસ્થાના અભાવે સમયસર શાળાએ પહોંચવું મુશ્કેલ બનતું અને પરિવહન ખર્ચનો બોજ પણ વાલીઓ પર પડતો હતો. પરંતુ હવે પરિવહન સુવિધા મળતાં દીકરીઓની શાળા સુધીની સફર સરળ બની છે. સમયસર શાળાએ પહોંચવાની સાથે અભ્યાસમાં નિયમિતતા અને શિક્ષણ પ્રત્યેનો ઉત્સાહ પણ વધ્યો છે. શાળામાં અગાઉ વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪૦ આસપાસ હતી જ્યારે ૨૦૨૧ થી આ વાહન સુવિધા ના કારણે આજે શાળામાં ૪૬૨ વિદ્યાર્થીઓ હોંશે હોંશે ભણી રહ્યા છે.

આજે આ દીકરીઓ માટે શાળા સુધી પહોંચવાનું અંતર તેમના સપનાઓની વચ્ચે અવરોધ બનતું નથી. શાળા પરિવહન યોજના માત્ર મુસાફરીની સુવિધા નથી, પરંતુ દીકરીઓના શિક્ષણ, આત્મવિશ્વાસ અને ઉજ્જવળ ભવિષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. જ્યારે દીકરીઓને શાળા સુધી પહોંચવાનો માર્ગ સરળ બને છે, ત્યારે તેમના સપનાઓને પણ નવી ઊંચાઈ મળે છે. (પારૂલ આડેસરા-માહિતી ખાતુ-મોરબી) (૨૩.૫)

મોરબીના જુના સાદુળકા નજીક રેતી ચોરીમાં ખાણ ખનીજ વિભાગે ૬૧ લાખનો દંડ ફટકાર્યો

સરકારી ટીમ ઉપર હુમલો કરી મશીન ભગાડી જવાનો પ્રયાસ કર્યો 'તો

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા ૪: મોરબી તાલુકાના જૂના સાદુળકા ગામ પાસે મચ્છુ નદીના પટમાં ગેરકાયદેસર રેતી ખનન અને ટીમ ઉપર હુમલો થયાના પ્રકરણમાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતા દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કિસ્સામાં તંત્ર દ્વારા મચ્છુ નદીમાંથી ૧૭૬૬૩ મેટ્રિક ટન રેતીની ચોરી કરાઈ હોવાનું અનુમાન લગાવી આસામીઓને રૂ.૬૧ લાખના દંડ સાથે નોટિસ ફટકારી છે.

નોટિસમાં જણાવ્યા મુજબ ભૂસ્તરશાસ્ત્રીની કચેરીના સર્વેયર દ્વારા સાદી રેતીના ગેરકાયદેસર ખોદકામની માપણી કરવામાં આવતા ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. માપણી મુજબ કુલ ૧૭૬૬૩.૦૭ મેટ્રિક ટન સાદી રેતીનું બિન-અધિકૃત રીતે ખનન કરવામાં આવ્યું હોવાનું ફલિત થયું હતું. આટલી મોટી માત્રામાં થયેલી રેતી ચોરી બદલ ખાતા દ્વારા જવાબદારોને કુલ ૬૧,૭૭,૧૮૩ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જેમાં ૧૭૬૬૩.૦૭ મેટ્રિક ટન રેતી માટે ૨૪૦ રૂપિયા પ્રતિ ટન લેખે ૪૨,૩૯,૧૩૭ રૂપિયા વસૂલવાનું નક્કી કરાયું છે. આ ઉપરાંત, નિયમો મુજબ ૨,૦૦,૦૦૦ રૂપિયાની કમ્પાઉન્ડીંગ ફી પણ આ દંડની રકમમાં ઉમેરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ આકસ્મિક તપાસ દરમિયાન એક્ષકેવેટર મશીનથી રેતી ચોરી થતી પકડાઈ હતી. મશીન સીઝ કરવાની કાર્યવાહી વખતે જયદીપસિંહ જીવુભા ઝાલા, માનવેન્દ્રસિંહ બલભદ્રસિંહ ઝાલા અને હરદીપસિંહ દિલીપસિંહ જાડેજા ગાડીઓમાં ધસી આવ્યા હતા. તેઓએ ગાળાગાળી કરી, સિક્યુરિટી ગાર્ડને ઢીકા પાટુનો માર મારી અને ટીમને બીજીવાર નદીમાં આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેઓએ મશીન ભગાડી મૂક્યું હતું, પરંતુ બાદમાં તે જૂના સાદુળકા ગામના પાદરે વડલા નીચેથી બિનવારસી હાલતમાં મળી આવતા તેને જપ્ત કરી પોલીસ કસ્ટડીમાં સોંપાયું હતું અને ૨૭ ઓક્ટોબરના રોજ એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી. (૭.૨૭)

નિલેશભાઈ કૈલા અને દીપકભાઈ જીવાણીને ટંકારા અને મોરબીના કેળવણી નિરીક્ષક તરીકે નિમણૂક મળી



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા. ૪ :.. વર્ષ ૨૦૦૪માં ધોરણ ૮થી ૧૦ના ટ્યુશન વર્ગોથી શિક્ષણયાત્રા શરૂ કરનાર નિલેશભાઈ કૈલાએ વર્ષ ૨૦૦૭માં 'શ્રી નવસર્જન ખાનગી શાળા'ની સ્થાપના કરી. વર્ષ ૨૦૧૧માં વાંકાનેર તાલુકાની જામસર તાલુકા શાળામાં ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે નિમણૂક મેળવ્યા બાદ, વર્ષ ૨૦૧૪માં એચટેટ પરીક્ષા ઉત્તીર્ણ કરીને મોરબી તાલુકાની બાજીરાજબા કન્યા શાળામાં આચાર્યપદ સંભાળ્યું. હાલ આ શાળામાં ૪૬૫ દીકરીઓ અભ્યાસ કરે છે અને શાળા કેન્દ્ર સરકારની પીએમ શ્રી યોજનામાં પણ પસંદ પામી છે. તેમની આ સફળતાથી નવયુગ પરિવાર સાથેના આત્મીય સંબંધોમાં આનંદ ઉમેરાયો છે

નવયુગના ભૂતપૂર્વ શિક્ષક દીપકભાઈ જીવાણીની સફળતા પણ નવયુગ પરિવાર માટે વિશેષ આનંદનો અવસર છે. વિદ્યાર્થીઓના મનમાંથી ગણિતનો ડર દૂર કરીને વિષય પ્રત્યે રસ જગાવવાની તેમની આગવી શિક્ષણશૈલી આજે પણ યાદગાર છે. નવયુગમાં 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે સન્માનિત થયેલા દીપકભાઈની આ સિદ્ધિને વધાવતાં સમગ્ર નવયુગ પરિવાર ગૌરવ અનુભવે છે. સંબંધોથી જોડાયેલા સ્વજન અને સાથે કાર્ય કરી ચૂકેલા શિક્ષક–બંનેની પ્રગતિ આજે નવયુગ પરિવારને પોતાની સફળતા જેવો આનંદ આપે છે. આપ બંનેની વર્ષોની મહેનત, અનુભવ અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાને મળેલું આ સુંદર પરિણામ છે.

આપ બંને નવી જવાબદારીમાં શિક્ષણની ગુણવત્તા વધારવા, શિક્ષકોને માર્ગદર્શન આપવા અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવામાં યોગદાન આપતા રહો એવી હૃદયપૂર્વક શુભકામનાઓ. આપની કારકિર્દી વધુ પ્રગતિ કરે અને આવી અનેક સિદ્ધિઓને વધાવવાના અવસરો અમને મળતા રહે. તેવી શુભેચ્છાઓ નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના પ્રમુખ પી.ડી.કાંજીયાએ પાઠવી છે. (૫-૯)

પોરબંદર સોબર ગ્રુપ દ્વારા કાળી ચૌદશે રાત્રે અંધશ્રધ્ધા વિચારવલી જાગૃતિઃ સ્મશાનમાં ગુંજશે હનુમાન ચાલીસા

હનુમાન ચાલિસા સાથે ભજન-કિર્તનઃ રાત્રે ૧૨ વાગ્યે ગામમાંથી એકઠાં કરેલા વડા ખાવાનો કાર્યક્રમ

(ભિખુભાઈ મહેતા દ્વારા) પોરબંદર, તા.૧૪ઃ સોબર ગ્રુપ દ્વારા પણ કાળી ચૌદશના દિવસે અંધશ્રદ્ધા નિવારણના જાગૃતિ માટે સ્મશાનગૃહ ખાતે હનુમાન ચાલીસા, ભજન-કીર્તન અને રાત્રે ૧૨ વાગ્યે ગામમાં માંથી એકઠા કરેલ વડા આરોગવામાં આવશે સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ આગામી તા. ૦૭ શનિવારના રોજ રાત્રે ૧૦.૦૦ કલાકે યોજાશે. આ આયોજનનો મુખ્ય હેતુ સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓ દૂર કરી લોકોમાં ભક્તિ, શ્રદ્ધા, સકારાત્મકતા અને વૈજ્ઞાનિક અભિગમનો સંદેશ ફેલાવવાનો છે.

સોબર ગ્રુપ દ્વારા માત્ર પોરબંદર શહેર નહીં, પરંતુ જુબેલી, બોખીરા, ઝૂંડાળા, આદિત્યાણા અને રાણાવાવના સ્મશાનગૃહોમાં પણ હનુમાન ચાલીસા, ભજન-કીર્તન અને અન્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સોબર ગ્રુપ ઓફ પોરબંદર દ્વારા વર્ષ દરમિયાન પણ અંધશ્રદ્ધા નિવારણ અને સામાજિક જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. હરિદ્વાર ખાતે વર્ષ માં ૩ થી ૪ વખત ગ્રુપ ના સભ્યો દ્વાર સમૂહ અસ્થિ વિસર્જન કરવામાં આવે છે સાથે દર વર્ષે શનિજયંતિ નિમિતે પોરબંદર થી હાથલા (શનિદેવ) ની પદયાત્રા નું પણ આયોજન કરવામાં આવે છે

સોબર ગ્રુપ ઓફ પોરબંદર ના પ્રમુખ વિનેશ ભાઈ ચોલેરા દ્વારા તમામ ધર્મપ્રેમી નાગરિકોને અંધશ્રધ્ધા નિવારતી જાગૃતિ કાર્યક્રમોમાં જોડાઈને ધાર્મિક અને સામાજિક જાગૃતિના આ અભિયાનમાં સહભાગી બનવા એક યાદીમાં અપીલ કરવામાં આવી છે. (૪૦.૪૬

પોરબંદરઃ ખુન કેસમાં આરોપીને જામીન પર છોડવા કોર્ટનો હુકમ

પોરબંદર, તા.૪ઃ અત્રે પોરબંદરના ચકચારી ખુન કેસમાં આરોપીને ડીસ્ટ્રીકટ કોર્ટ જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો.

પોરબંદરમાં લોહાણા સમાજમાં અતી ચકચારી બનેલી ઘટના કે જેમાઁ સગાઈ-લગ્ન જેવી મામુલી બાબત માં થયેલી બોલાચાલી માં જુનાગઢ થી પરસોતમ મહીનો કરવા માટે માવતરે આવેલી દીકરી નુ ખુન થયેલ હોવાની ફરીયાદ થતા લોહાણા સમાજ માં ચકચાર મચી ગયેલી હતી બનાવ ની વિગત મુજબ પોરબંદરમાં રહેતી સુહાસી જગદીશભાઈ રાયચુકા ની સગાઈ પોરબંદરમાં જ રહેતા હીત કિરીટભાઈ પોપટ સાથે થયેલી હતી. અને બને અગાઉ પ્રેમ મા પડેલા હોય અને ત્યારબાદ પરીવાર ની સંમતી થી સગાઈ થયેલી હતી પરંતુ કોઈ કારણોસર હીત પોપટ સુહાસી સાથે લગ્ન કરવા માંગતા ન હોય અને તે સબંધે થયેલી હીત પોપટ ના ઘરે બોલાચાલી અને મામુલી ઝગડો ખુન માં પરીવતીત થઈ જતા અને જુનાગઢ રહેતી દીકરી વૃદા વિશાલકુમાર નીર્મળ માવતરે આવેલી હોય અને તેને સુહાસી અને તેની માતા શીલ્પાબેને ધકકો મારેલ છે. અને તેના કારણે તે પડી જતા કબાટ માં ભટકાઈ જતા તેનુ મૃત્યુ નીપજેલ હોવાની વીગતવાર ની ફરીયાદ સુહાસી તેની માતા શીલ્પાબેન તથા પિતા જગદીશભાઈ રાયચુરા સામે કરેલી હતી

અગાઉ બે આરોપી ને જામીન મળી ગયેલા હોય અને સુહાસી જગદીશ રાયચુરા ની જામીન અરજી પોરબંદર ના એડવોકેટ ભરતભાઈ લાખાણી મારફતે ડીસ્ટ્રીકટ કોર્ટમાં દાખલ કરતા બે આરોપી ઓ ને જામીન મળી ગયેલા હોય તેથી પેરીટી ના કારણોસર જામીન આપવા સબંધેની વીગતવાર દલીલ થતા ડીસ્ટ્રીકટ કોર્ટ ધ્વારા શરતો ને આધીન સાહુસી જગદીશ રાયચુરા ને જામીન ઉપર મુકત કરવાના હુકમ કરેલ છે.

આ કામમા આરોપીઓ વતી પોરબંદરનાં એડવોકેટ શ્રી દિપકભાઈ બી. લાખાણી, ભરતભાઈ બી. લાખાણી, હેમાંગ ડી. લાખાણી, અનિલ ડી. સુરાણી, જીતેન સોનીગ્રા, જયેશ બારોટ, નવઘણ જાડેજા, ભુમી વરવાડીયા, ચાંદની મદલાણી, ભાવના પારઘી અને સહાયક તરીકે નિલેશ એમ. પરમાર રોકાયેલા હતાં. (૩.૧૩)

પોરબંદરનો દરિયો બચાવવાની બિન રાજકીય લડાઇ લડવા ''આપ''માંથી રાજીનામું ધર્યુ : ડો. નૂતનબેન ગોકાણી

''આપ''ના તમામ હોદ્દા અને પ્રાથમિક સભ્યપદ ઉપરથી રાજીનામું આપીને ડો. નૂતનબેને રાજકારણમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી



(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા. ૪: આમ આદમી પાર્ટીમાંથી ડો. નૂતનબેન ગોકાણીએ રાજીનામું ધરી દેતા આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. ડો. નૂતનબેન ગોકાણીએ આપના નેતા ઈસુદાન ગઢવીને પાઠવેલા રાજીનામા પત્રમાં જણાવેલ કે તેમના રાજીનામાના આ નિર્ણય પાછળ કોઇ વ્યકિતગત નારાજગી કે રાજકીય મતભેદ નથી પરંતુ પોરબંદરના દરિયાને પ્રદુષણથી બચાવવા શરૂ કરેલ દરિયો બચાવો બિન રાજકીય જનઆંદોલન માટે આપમાંથી રાજીનામું ધર્યુ છે.

ડો. નૂતનબેન ગોકાણીએ આપમાંથી આપેલા રાજીનામા પત્રમાં જણાવેલ છે કે મારી સ્પષ્ટ માન્યતા છે કે આ આંદોલન કોઈપણ રાજકીય પક્ષ, વિચારધારા કે રાજકીય સ્વાર્થ સાથે જોડાયેલું ન હોવું જોઈએ. આ લડાઈ કોઈ પક્ષની નહીં, પરંતુ સમગ્ર પોરબંદરની જનતાની છે. આ જનઆંદોલનને કોઈપણ પ્રકારનો રાજકીય રંગ ન લાગે અને પોરબંદરની જનતા મારી સાથે નિઃસંકોચ જોડાઈ શકે તે હેતુથી મેં રાજકીય પક્ષ અને સક્રિય રાજકારણ બંનેથી અલગ થવાનો નિર્ણય લીધો ??.

ડો. નૂતનબેન આ પત્રમાં જણાવેલ કે હવે મારી સંપૂર્ણ પ્રતિબદ્ધતા દરિયો બચાવ અભિયાનને સમર્પિત રહેશે. પોરબંદરના દરિયાને પ્રદૂષણથી બચાવવા, પર્યાવરણનું રક્ષણ કરવા અને આ લડાઈને જનઆંદોલનનું સ્વરૂપ આપવા માટે હું પોરબંદરવાસીઓની સાથે રહીને સતત કાર્યરત રહીશ. રાજકીય ક્ષેત્રમાં કાર્ય કરતી વખતે પક્ષના તમામ હોદ્દેદારો, કાર્યકરો અને સાથીઓ તરફથી મળેલા સહકાર, વિશ્વાસ અને માર્ગદર્શન બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મારો આ નિર્ણય કોઈ વ્યક્તિગત નારાજગી કે રાજકીય મતભેદનું પરિણામ નથી, પરંતુ પોરબંદર પ્રત્યેની મારી લાગણી, જવાબદારી અને અતૂટ પ્રતિબદ્ધતાનું પરિણામ છે. રાજકારણમાંથી નિવૃત્તિ લઉં છું, પરંતુ પોરબંદરના હિત માટેનો મારો સંઘર્ષ ક્યારેય અટકશે નહીં. કારણ કે મારા માટે રાજકારણ કરતાં પોરબંદર મોટું છે અને કોઈપણ રાજકીય ઓળખ કરતાં પોરબંદરનું ભવિષ્ય વધુ મહત્ત્વનું છે. તેમ ડો. નૂતનબેને આપમાંથી આપેલા રાજીનામા પત્રમાં જણાવેલ છે. (૯.૧૮)

રોટરી ક્લબ ઓફ મોરબી દ્વારા ઓપન મોરબી રંગોળી હરીફાઈ

મોરબી તા.૪ઃ રોટરી ક્લબ મોરબી દ્વારા ને શુક્રવારે બપોર ૨ઃ૩૦ થી સાંજે ૬ કલાક સુધી મયુર પુલ, ફૂટપાથ ઉપર મોરબી ખાતે ઓપન મોરબી રંગોળી હરીફાઈ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે જે સ્પર્ધામાં રજીસ્ટ્રેશન નિશુલ્ક છે.

સ્પર્ધામાં ભાઈઓ, બહેનો અને બાળકો ભાગ લઈ શકશે સ્પર્ધા બે અલગ અલગ કેટેગરી ૫ થી ૧૫ વર્ષ અને ૧૫ વર્ષથી ઉપરની ઉંમરમાં યોજાશે બંને કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપવામાં આવશે દરેક સ્પર્ધકોને રોટરી ક્લબ મોરબી દ્વારા સર્ટીફીકેટ આપવામાં આવશે રંગોળી માટેની દરેક જરૂરી વસ્તુ સ્પર્ધકે પોતાને ખર્ચે લાવવાની રહેશે રંગોળીની સાઈઝ ૪ ફૂટ ૯ ૪ ફૂટ રહેશે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે રજીસ્ટ્રેશન માટે અમિતભાઈ પટેલ મો ૯૦૩૩૩ ૪૪૧૬૬, ગીતાબેન દોશી મો ૯૮૨૪૦ ૯૫૭૭૭ અને બંસીબેન શેઠ મો ૯૩૭૬૬ ૫૨૩૬૦ પર સંપર્ક કરવો. (૩.૭)

મોરબીમાં સ્વચ્છતાના નામે માસિક રૂ.૧ કરોડનું આંધણ, છતાં ઠેર-ઠેર ગંદકીના ગંજ!

સ્વચ્છતા અભિયાનના નામે માત્ર ફોટોસેશન? ૪૯૦ સફાઈ કર્મચારીઓ અને ૭૭ વાહનોની ફોજ છતાં મોરબીમાં ગંદકીનું સામ્રાજ્ય

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૪: વિશ્વના બીજા નંબરના સૌથી મોટા સિરામિક ક્લસ્ટર તરીકે ઓળખાતા મોરબી શહેરમાં સ્વચ્છતાની સ્થિતિ ચિંતાજનક બની છે. એક તરફ મોરબી મહાનગરપાલિકા સ્વચ્છતા અભિયાનના નામે લાખો રૂપિયાનો ખર્ચ કરી શહેરને સ્વચ્છ બનાવવાના દાવા કરી રહી છે, તો બીજી તરફ શહેરના અનેક



વિસ્તારોમાં કચરાના ઢગલા અને ગંદકી આ દાવાઓની પોલ ખોલી રહ્યા છે.

ચોંકાવનારી બાબત એ છે કે મહાનગરપાલિકા દર મહિને સફાઈ કામગીરી પાછળ અંદાજે રૂ.૧ કરોડ જેટલી માતબર રકમ ખર્ચે છે. છતાં શહેરના અનેક વિસ્તારોમાં સફાઈની સ્થિતિમાં અપેક્ષિત સુધારો જોવા મળતો નથી. ત્યારે સવાલ એ ઊભો થયો છે કે કરોડો રૂપિયાનો ખર્ચ આખરે જાય છે ક્યાં?

મોરબીમાં સ્વચ્છતા અભિયાનની જાહેરાતો અને સત્તાધીશોના ફોટોસેશન વચ્ચે વાસ્તવિક સ્થિતિ કંઈક જુદી જ જોવા મળી રહી છે. શહેરના મુખ્ય માર્ગો સિવાયના અનેક વિસ્તારોમાં કચરાના ગંજ ખડકાયેલા રહે છે. ઠેર-ઠેર ગંદકી અને કચરાના ઢગલાને કારણે સ્થાનિકો પરેશાન છે. દુર્ગંધ અને અસ્વચ્છ વાતાવરણને કારણે રોગચાળો ફેલાવાની દહેશત પણ ઊભી થઈ છે. સફાઈ માટે પૂરતું બજેટ, કર્મચારીઓ અને વાહનો ઉપલબ્ધ હોવા છતાં કામગીરીનું યોગ્ય મોનિટરિંગ અને આયોજન ન થતું હોવાની ફરિયાદો ઊઠી રહી છે.

હવે સૌથી મોટો સવાલ એ છે કે દર મહિને રૂ. ૧ કરોડ જેટલો ખર્ચ, ૪૯૦ સફાઈ કર્મચારીઓ અને વાહનોની ફોજ હોવા છતાં મોરબી શહેરને કાયમી સ્વચ્છ બનાવવામાં તંત્ર ક્યારે સફળ થશે? સિરામિક ઉદ્યોગના કારણે વિશ્વભરમાં ઓળખ ધરાવતું મોરબી સ્વચ્છતામાં પણ આગવી ઓળખ ઊભી કરે તે માટે માત્ર જાહેરાતો અને ફોટોસેશન નહીં, પરંતુ જમીની સ્તરે નક્કર કામગીરી થાય તે સમયની માંગ છે. (૨૩.૭)



પોરબંદરમાં વિદ્યાર્થીઓને ''સ્ટાર્ટઅપ'' માટે પ્રોત્સાહન : પોરબંદરઃ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન અસ્પી કૃષિ મહાવિદ્યાલય, પોરબંદર જિલ્લાના ખાપટ ખાતે કૃષિ મહાવિદ્યાલય, જૂ.કૃ.યુ., જૂનાગઢ) તથા પ્લેસમેન્ટ સેલ (અસ્પી કૃષિ મહાવિદ્યાલય, ખાપટ)ના સંયુક્ત ઉપક્રમે સ્ટાર્ટઅપ વિષય હેઠળ એક દિવસીય સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક સંપદા અધિકારો અંગે જાગૃતિ લાવવા સાથે કૃષિ ક્ષેત્રમાં રહેલી સ્ટાર્ટઅપ તકો વિશે માર્ગદર્શન પૂરું પાડી નવા વિચારોને વ્યવસાયિક રૂપ આપવાનો હતો. કૃષિ ક્ષેત્રના વર્તમાન પડકારો સામે યુવા વિદ્યાર્થીઓના ઈનોવેટિવ આઈડિયા કઈ રીતે ઉપયોગી બની શકે અને રાજ્ય સરકારની એસએસઆઈપી ૨.૦ પોલિસી હેઠળ વિદ્યાર્થીઓ કેવી રીતે સહાય મેળવી શકે તે અંગે તજજ્ઞો દ્વારા વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. જુનાગઢ કૃષિ યુનિર્વસિટીના કુલપતિ ડો. વી. પી. ચોવટિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ડો. પી. ડી. કુમાવત, ડો. એચ. આર. વદર, ડો. સી. ડી. લખલાણી, ડો. બી. સ્વામિનાથન અને ડો. હિરેન ઢોલરિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં દીપ પ્રાગટય કરવામાં આવ્યું તે તસ્વીર (તસ્વીરઃ પરેશ પારેખ-પોરબંદર) (૩૫-૩)

આમરણમાં કાસુન્દ્રા પરિવાર દ્વારા ૧૦મીથી કથા અને યજ્ઞ

(મહેશ પંડયા દ્વારા) આમરણ તા. ૪ :.. આમરણના ડાયમંડનગર ખાતે સમસ્ત કાસુન્દ્રા પરિવાર ગુજરાતના ઉપક્રમે અત્રેના શ્રીરામજી મંદિરના મેદાનમાં આગામી તા. ૧૦-૧૧ થી તા. ૧૬-૧૧ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ અને અખંડ વિષ્ણુયજ્ઞનું સર્વપિતૃ મોક્ષાર્થે આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મહામંડલેશ્વર ધ્યાનગીરી પૂ. અવધકિશોરદાસજી રામાયણી (તપોવન આશ્રમ મોઢેરા) કથામૃતનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે.

કથાનો સમય સવાર ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૬ રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે ગુજરાતભરમાં વસતા સેંકડો કાસુન્દ્રા પરિવારો સહિત સંતો-મહંતો હાજરી આપશે.

તા. ૧૦-૧૧ ના રોજ મોરબી (ગોકુળ-મથુરા) ખાતેથી પોથીયાત્રા ત્રણસો કારના કાફલા સાથે પ્રસ્થાન કરી વાજતે ગાજતે ડાયમંડનગર ખાતે પહોંચશે.

તા. ૧૩-૧૧ ના રોજ ભગવાન શ્રીરામ જન્મ તેમજ શ્રી કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

દરરોજ રાત્રીના નામાંકિત કલાકારોની સંતવાણી અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કથા દરમિયાન શ્રોતાજનો માટે બપોરે-રાત્રીના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. સમસ્ત કાસુન્દ્રા પરિવારના પ્રમુખ પ્રાણજીવનભાઈ કાસુન્દ્રા તથા હરિભાઈ કાસુન્દ્રાએ ધર્મપ્રિય લોકોને કથા શ્રવણનો લાભ લેવા અનુરોધ કર્યો છે. (૫-૪)



મોરબી નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે વિશાળ મહિલા સંમેલન યોજાયુ: મોરબીઃ મોરબી મચ્છુ નદીના કિનારે નવનિર્મિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે સત્સંગ હોલ ખાતે વિરાટ મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ સંસ્થાન દ્વારા વિવિધ ક્ષેત્રે કરાયેલ સદકાયો અને સેવાકાર્યોની માહિતી બહેનોને આપવામાં આવી હતી તેમજ મહાસભામાં વિવિધ વિષયો સાથે ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના પૂર્વ મહિલા પ્રમુખ દીપિકાબેન હાજર રહ્યા હતા. કમિશનર સંગીતાબેન રૈયાણીએ જણાવ્યુ હતું કે, મહંત સ્વામી મહારાજના હસ્તે પ્રાણ પ્રતિષ્ઠાન મહોત્સવ જે મંદિર ખાતે તાજેતરમાં યોજાયો હતો તે મંદિર હાલમાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. (૨૩.૬)



પૂ.પુનિત મહારાજના પૌત્ર આનંદ જનક મહારાજના ભજનોમાં ભાવિકો ભાવતરબોળ બન્યા

રાજકોટ : તાજેતરમાં શ્રી પુનિત મહારાજના પૌત્ર પૂજય શ્રી આનંદ જનક મહારાજના ભજન સંધ્યાનો કાર્યક્રમ મોઢ વણિક બોર્ડિંગ રાજકોટ ખાતે યોજાઈ ગયો. સ્વ. રમણીકલાલ તેમજ સ્વ. વિજયાબેન ભુપતાણીના પરિવાર દ્વારા ચિ. દિયા શૈલેષ ભુપતાણી ધોરણ ૧૨ કોમર્સ પ્રવાહમાં ૯૧.૯૮ (પી. આર.) સાથે ઉતીર્ણ થતા આ પ્રસંગની અનેરી સ્મૃતિ રૂપે પૂજય શ્રી આનંદ જનક મહારાજના ભજન સંધ્યા રાખવાની ઈચ્છા ચિ. દિયાએ વ્યકત કરી છે. જેના ગૌરવપ્રદ સમાજ માટે આ અનુકરણીય કાર્યક્રમમનું આયોજન કરવામાં આવેલ. પૂજય આનંદ જનક મહારાજની વાણી સાથે રાજકોટના પુનિત પરિવારના બિમલભાઈ શાહએ સંગત કરી કાર્યક્રમને દીપાવ્યો હતો. આ પ્રસંગે ભાગવત કથાકાર શ્રી જનક મહારાજ (ડોડીયાળાવાળા) ખાસ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ભુપતાણી પરિવાર, પુનિત પરિવાર (રાજકોટ), પુનિત પરિવાર (મુંબઈ), પુનિત પરિવાર (અમદાવાદ), પુનિત પરિવાર (ધંધુકા), ઉપરાંત સગા-સંબંધી તેમજ મિત્ર મંડળ સહિત ૪૦૦ થી વધુ વ્યકિતઓએ ભજન તેમજ મહાપ્રસાદનો લાભ લીધેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષભાઈ ભુપતાણી પરિવાર પુનિત પરિવાર રાજકોટના દરેક સભ્યોના સાથ સહકારથી આ આયોજન સફળ થયેલ હોવાનું આયોજકોએ જણાવ્યું છે. (૫-૧૨)

મોરબીમાં પતિ સાથે દેરાસર જતા શિક્ષિકાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલઝડપ

અગાઉ શોભેશ્વર રોડ પાસે ચીલઝડપનો પ્રયાસ કરનાર બે શખ્સો જ હોવાનું અનુમાન

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા., ૪ : મોરબીમાં દેરાસરના દર્શનાર્થે જઈ રહેલા એક શિક્ષક દંપતીને અજાણ્યા બાઈક સવાર ગઠિયાઓએ શિકાર બનાવી શિક્ષિકાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબીના દરબારગઢ રોડ પર મોટી માધાણી શેરીમાં રહેતા અને વવાણીયા તાલુકા શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા પૂજાબેન વિરલભાઈ મહેતા (ઉ.વ. ૩૯) ગત તારીખ ૨૮ ઓક્ટોબરના રોજ સવારે પોણા આઠેક વાગ્યાના અરસામાં તેમના પતિ સાથે એક્ટિવા પર બેસીને જૈન દેરાસરે પૂજા માટે જઈ રહ્યા હતા. આ સમયે પૂજાબેને ગળામાં એક તોલા વજનનો સફેદ દાણાવાળો સોનાનો ચેઈન પહેર્યો હતો. તેઓ દેરાસર નજીક પહોંચ્યા ત્યારે પાછળથી ડબલ સવારીમાં એક મોટરસાયકલ ધસી આવ્યું હતું. જેમાં બેઠેલા આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના અને કાળા કલરનો શર્ટ પહેરેલા શખ્સે અચાનક જ ઝપટ મારીને પૂજાબેનના ગળામાંથી આશરે રૂ. ૯,૩૦,૦૦૦ની કિંમતનો સોનાનો ચેઈન ઝુંટવી લીધો હતો અને બંને ગઠિયાઓ ત્યાંથી પલાયન થઈ ગયા હતા.

આ અણધારી ઘટનાથી ડઘાઈ ગયેલા પૂજાબેન અને તેમના પતિએ તુરંત જ હિંમત દાખવીને એક્ટિવા પર તે બાઈક સવારોનો પીછો કર્યો હતો. તેઓ ગઠિયાઓની પાછળ છેક નગર દરવાજા સુધી ગયા હતા, પરંતુ મોટરસાયકલની સ્પીડ ખૂબ જ વધારે હોવાથી બંને શખ્સો દંપતીની નજર ચૂકવીને નાસી જવામાં સફળ રહ્યા હતા. બાદમાં પૂજાબેને મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આ બંને અજાણ્યા મોટરસાયકલ સવારો વિરુદ્ધ સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી હતી.

તાજેતરમાં જ મોરબીના સામાકાંઠે કલેક્ટર કચેરી રોડ પર આવેલી પરશુરામ પોટરી તાલુકા શાળાથી જય અંબે ગરબી ચોક તરફ જતા માર્ગ પરથી એક મહિલા પસાર થઈ રહી હતી. આ સમયે પાછળથી બાઈક પર સવાર થઈને આવેલા બે શખ્સોએ અચાનક જ મહિલા નજીક આવીને તેના ગળામાં રહેલો ચેન ઝુંટવી લેવાનો પ્રયાસ કર્યો હતો, જેની સમગ્ર કરતૂત ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગઈ હતી. આ ચિલઝડપમાં પણ આ જ બે અજાણ્યા શખ્સો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. (૪.૮)

મોરબીમાં વૈદરાજ એન જે કોરડીયાના જન્મદિવસે ૨૦ સ્થળોએ નિઃશુલ્ક સેવા કેમ્પ



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા. ૪: વૈદરાજ એન જે કોરડીયા પોતાના ૬૬ માં જન્મદિવસની અનોખી ઉજવણી કરવાનું આયોજન કર્યું છે તા. ૦૯-૧૧ ના રોજ જન્મદિવસ પ્રસંગે મોરબી અને આસપાસના ગામોમાં ૨૦ સ્થળોએ નિઃશુલ્ક સેવા કેમ્પ યોજાશે જે કેમ્પમાં જરૂરિયાતમંદ લોકોને આયુર્વેદિક ઉત્પાદનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

જે સેવા કેમ્પ સવારે ૯ થી બપોરે ૧૨ સુધી યોજાશે જેમાં નેત્રબિંદુ આંખના ટીપા, હરસના મલમ તેમજ તપોભૂમિની રી એકટીવ દુખાવાની ટ્યુબનું નિશુલ્ક વિતરણ કરવામાં આવશે સેવા કેમ્પ મોરબીના દેવ પાર્ક, પટેલનગર, સુદર્શન સોસાયટી, લીલા લહેર, નરસંગ ટેકરી, સુપર માર્કેટ, ચિત્રકૂટ ચોક, અવધ - શ્રી કુંજ, જનતા સોસાયટી, સરદાર સોસાયટી, સોમનાથ મહાદેવ મંદિર, ચકીયા હનુમાન મંદિર અને અવની રોડ સહિતના સ્થળોએ યોજાશે મહાબલી હનુમાન મંદિર ઝીકીયારી, લુંટાવદર, ટંકારા, બગથળા, વાંકડા, હડમતીયા અને શનાળા ગામમાં સેવા કેમ્પ યોજાશે. (૨૩.૮)

મોરબીમાં બીજા દિવસે ટ્રાફિક પોલીસની ડ્રાઇવ

બાપા સીતારામ ચોકની રવાપર ચોકડી સુધી ફુટ પેટ્રોલીંગ બાદ ચેકીંગ: ૪૧ વાહનોને દંડ અને ૭૪ વાહનો ડીટેઇન કરાયા



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા.૪: મોરબી શહેરમાં તહેવારની મોસમમાં ટ્રાફિકની સમસ્યાને હલ કરવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા સળંગ બીજા દિવસે પણ કડક ઝુંબેશ ચલાવવામાં આવી હતી. શહેરના મુખ્ય માર્ગો પર આડેધડ પાર્ક કરાયેલા વાહનો સામે લાલ આંખ કરીને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબી ટ્રાફિક પોલીસ દ્વારા બાપા સીતારામ ચોકથી શરૂ કરીને રવાપર ચોકડી સુધી ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અવની ચોકડી, ઉમિયા સર્કલ, સ્કાય મોલથી લઈને ભક્તિનગર સુધીના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. આ દરમિયાન રોડ પર આડેધડ પાર્ક કરેલા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર મળી કુલ ૪૧ વાહનોના ચાલકોને દંડ ફટકારીને કુલ રૂ. ૨૦,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૩૪ વાહનોને લોક મારીને કડક કાર્યવાહી કરાઈ હતી. રોડ પર સ્ટોલ નાખીને ઊભા રહેતા લોકોને પણ સ્પષ્ટ તાકીદ કરાઈ હતી કે ટ્રાફિકને અડચણ ન થાય તે રીતે વાહન પાર્ક થાય તેવી વ્યવસ્થા કરે, અન્યથા તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી થશે. આ સમગ્ર ડ્રાઈવ ટ્રાફિક પીઆઈ એચ.વી. ઘેલા, પીએસઆઈ ડી.બી. ઠક્કર, એન.ઓ. અબડા અને ટ્રાફિક સ્ટાફ દ્વારા સઘન રીતે ચલાવવામાં આવી હતી. (૨૩.૧૬)

ટંકારાના મેઘપર ઝાલા ગામના બે મંદિરોની દિવેલીયાની જમીનો વ્યક્તિગત નામેથી રદ કરવા આદેશ

શંકર મંદિર અને ઠાકર મંદિરની 'દિવેલીયા' પ્રકારની જમીનોના રેવન્યુ રેકર્ડમાં થયેલા ફેરફારો રદ : પૂજારી કે તેમના વારસદારોને જમીનની માલિકી કે વેચાણનો અધિકાર નથી : કલેક્ટર સ્વપ્નિલ ખરે



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી:તા ૪, ટંકારા તાલુકાના મેઘપર ઝાલા ગામે બે અલગ -અલગ મંદિરની જમીનપુજારીઓ દ્વારા વ્યક્તિગત નામે વારસાઈ કરાવી લીધી હોવાનું ધ્યાને આવતા જિલ્લા કલેકટર દ્વારા સુઓમોટો એકશન લેવામાં આવ્યા છે. જેમાં પ્રથમ કેસમાં, મેઘપર ઝાલા ગામના રેવન્યુ સર્વે નં. ૩૫૦ અને ૩૪૯/૨ વાળી જમીન મૂળ 'શંકર મંદિરનું દિવેલીયુ' તરીકે નોંધાયેલી હતી. પરંતુ મહેસૂલી રેકર્ડમાં ફેરફાર નોંધ નં. ૧૭૦૩ થી પૂજારીના વારસદાર દયાબેન વલ્લભપરી, બળદેવગીરી વલ્લભગીરી અને દિલીપગીરી વલ્લ્લગીરીના નામ રેકર્ડ પર દાખલ કરવામાં આવ્યા હતા. કલેકટરે આ નોંધ સ્યુમોટો રીવીઝનમાં લઈને રદ કરી છે અને જમીનના ૭/૧૨ માં મૂળ ધર્મા દા સંસ્થા 'શંકરનું દિવેલીયુ' તરીકે જ નામ નોંધવા હુકમ કર્યો છે.

એ જ રીતે બીજા કિસ્સામાં મેઘપર ઝાલા ગામના રેવન્યુ સર્વે નં. ૬૮ અને ૧૪૯ વાળી જમીન જે 'ઠાકરનું દિવેલીય' તરીકે નોંધાયેલી હતી, તેમાં સુધારા નોંધ નં. ૭૯૦ થી ભક્તિરામ મગનલાલ નામના વ્યક્તિનું નામ દાખલ થઈ ગયું હતું. મોરબી પ્રાંત અધિકારીની દરખાસ્તને ગ્રાહ્ય રાખીને કલેકટરે આ નોંધ પણ રદ કરી છે અને રેવન્યુ રેકર્ડમાં માત્ર 'ઠાકરનું દિવેલીયુ' તરીકે જ માલિકી દર્શાવવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે. આ ચુકાદાઓમાં કલેકટરે મહેસૂલ વિભાગના ૦૯/૦૪/૨૦૧૦ ના પરિપત્રનો સ્પષ્ટ હવાલો આપતા નોંધ્યું છે કે, બારખલી નાબૂદી અધિનિયમ હેઠળ ધાર્મિક અને સખાવતી હેતુ માટે અપાયેલી જમીનના કબજેદાર માત્ર તે ધાર્મિક સંસ્થા જ ગણાય છે. આવી જમીનમાં પૂજારીને વ્યક્તિગત રીતે ખેડૂતનો દરજ્જો પ્રાપ્ત થતો નથી. પરિણામે, પૂજારી કે તેમના વારસદારોને આ જમીન વેચવાનો, ગીરો મૂકવાનો કે બક્ષીસ કરવાનો કોઈ જ કાનૂની અધિકાર રહેતો નથી. (૩૫-૯)

મોરબીના ૭.૨૬ કરોડના સાયબર ફ્રોડ કેસમાં પાંચ આરોપીઓ બે દિવસના રીમાન્ડ ઉપર

ફરાર મુખ્ય સુત્રધાર શહેર ભાજપના પૂર્વ મંત્રીના પુત્ર ચેતના સહિતના શખ્સોની પોલીસ દ્વારા શોધખોળ



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા. ૪: મોરબીમાં દેશભરના લોકો સાથે ઓનલાઈન છેતરપિંડી આચરીને કરોડો રૂપિયા સગેવગે કરવાના પર્દાફાશ થયેલા મોટા કૌભાંડમાં બેન્ક એકાઉન્ટ ભાડે આપનાર પાંચ લોકોની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. જેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે તમામના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા "SAMANVAYA" અને "NCCRP" પોર્ટલ પર આવેલી ૪૧ જેટલી ફરિયાદોના વિશ્લેષણને આધારે ગત ૨ નવેમ્બરના રોજ કુલ ૧૧ શખ્સો સામે બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. જેમાં રૂ. ૧.૩૪ કરોડના ફ્રોડ અને ૨૨ બેન્ક ખાતાઓમાં રૂ. ૭.૨૬ કરોડના શંકાસ્પદ વ્યવહારો ખૂલ્યા હતા. આ કેસમાં પોતાના ખાતા ભાડે આપનાર હિતેશ મોહનભાઈ પૈજા (ઉ.વ. ૪૬), ભાવેશ પ્રાણલાલ રામાવત (ઉ.વ. ૪૮), બળવંતભાઈ દેવશીભાઈ વામજા (ઉ.વ. ૫૩), પ્રકાશભાઈ નર્મદાશંકરભાઈ જોશી અને અશ્વિનસિંહ દોલુભા ઝાલા (ઉ.વ. ૫૧)ની ધરપકડ કરાઈ હતી. આ પાંચેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે.

રિમાન્ડ દરમિયાન આરોપીઓએ કઈ રીતે, કોને અને કેટલા કમિશનથી એકાઉન્ટ ભાડે આપ્યા હતા તેની ઝીણવટભરી પુછપરછ હાથ ધરાશે. બીજી તરફ આ નેટવર્કનો મુખ્ય સૂત્રધાર શહેર ભાજપના પૂર્વ મંત્રી ચંદ્રિકાબેન પલાણનો પુત્ર ચેતન કિશોરભાઈ પલાણ છે. હાલ પોલીસ ચેતન પલાણ તેમજ અન્ય ફરાર આરોપીઓ રાજુ ઉર્ફે રાજુ બાબુભાઈ જોષી, ભરત ઉર્ફે ભરત રાવળ, કિરણ કાંતિભાઈ પરમાર, કાંતિ તરશીભાઈ પરમાર અને સુરેશ કાંતિભાઈ પરમારને પકડવા માટે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે જુદી જુદી દિશામાં સઘન તપાસ ચલાવી રહી છે. (૯.૨૦)

પિતરાઈ ભાઈઓને ફસાવવા માટે પિતાએ પોતાની જ દીકરીની હત્યા કરી



કરૌલી, તા.૪: રાજસ્થાનના કરૌલી જિલ્લામાં પિતરાઈ ભાઈઓને હત્યાના આરોપમાં ફસાવવા માટે રામદેવ જાટવ નામના પિતાએ પોતાની જ ૮ મહિનાની દીકરીને મોતને ઘાટ ઉતારી દીધી. તેણે પોતાની દીકરીને જમીન પર પટકી-પટકીને મારી નાખી હતી. આ ઘટના ૨૮ ઓક્ટોબરની છે. દીકરીને માર્યા પછી પિતાએ પોલીસમાં જઈને ચાર પિતરાઈ ભાઈઓ અને તેમની પત્નીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેણે ફરિયાદમાં લખાવ્યું હતું કે પિતરાઈ ભાઈઓએ દીકરીના માથે ડંડા ફટકાર્યા હતા એટલે દીકરી લોહીલુહાણ થઈ ગઈ હતી. જોકે પોલીસે જ્યારે આ કેસની તપાસ કરી ત્યારે ધીમે-ધીમે ઘટનાના પડળો ખૂલતાં ગયાં. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખબર પડી કે માથામાં લાકડી વાગવાનું નિશાન નહીં, પરંતુ જમીન પર અફળાવાનાં નિશાન હતાં. પોલીસે રામદેવની જ ઊલટતપાસ કરતાં આખરે તેણે ખુદ પોતાનો ગુનો કબૂલી લીધો હતો. (૪૦.૭)

રાજકોટ કોંગ્રેસ સોશિયલ મીડિયા ડિપા. નાં પ્રમુખ જીજ્ઞેશ વાગડીયાનો જન્મદિવસ



રાજકોટ, તા. ૪ : શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ પ્રમુખ તથા અખિલ ભારતીય સુર્વણકાર સમાજ એવમ શોધ સંસ્થાનનાં ઓલ ઈન્ડિયાનાં યુવા પ્રમુખ તથા શ્રી સોની યુવા સોશિયલ ટ્રસ્ટનાં પ્રમુખ તથા સુર્વણકાર વેલફેર એસોસિએશન ગુજરાતનાં યુવા પ્રમુખ તથા નવનાત વણિક સમાજનાં ગુજરાત સોશિયલ મીડિયા ડિપાર્ટમેન્ટ પ્રમુખ જીજ્ઞેશ વાગડીયાનો જન્મદિવસ છે. ડો.હેમાંગભાઈ વસાવડા, રામજીભાઈ માવાણી, રંજતભાઈ સંઘવી, રણજીતભાઈ મુંધવા, સંજયભાઈ લાખાણી, કૃષ્ણદત્તભાઈ રાવલ, શોભનભાઈ પારેખ, કેતનભાઈ પાટડીયા, શૈલેષભાઈ પાટડીયા, રવિકાન્તભાઈ વાગડીયા, હિતેશભાઈ વાગડીયા, પ્રશાંતભાઈ વાગડીયા, કમલેશભાઈ પાટડીયા, ચેતનભાઈ પાટડીયા, કલ્પેશભાઈ પાટડીયા, સંદિપભાઈ જડીયા, મિલનભાઈ સોની, ચંદ્રેશભાઈ ફિચડીયા, કાર્તિકભાઈ પાટડીયા ગોંડલ, મનોજભાઈ માંડલિયા ગોંડલ, પરેશભાઈ પાટડીયા, તરૂણભાઈ પાટડિયા, નરેન્દ્રભાઈ પાટડીયા, ભાવિનભાઈ વાગડીયા, પરેશભાઈ પારેખ, કુનાલભાઈ પાટડીયા તથા હેમલભાઈ પેશાવડીયા, જલ્પેશભાઈ, પ્રતિમાબેન વ્યાસ, કોંગ્રેસ સમિતિનાં હોદેદારો સોની સમાજનાં અગ્રણી તથા વણિક સમાજનાં અગ્રણી પ્રશાંતભાઈ શાહ, યોગેશભાઈ બાવીશી, નરેન્દ્રભાઈ સોરઠીયા કોઈનમેન તથા બીનાબેન શેઠએ શુભેચ્છાઓ પાઠવી હતી. જીજ્ઞેશ વાગડીયા (મો. ૯૭૨૩૩૯૦૯૦૦) જન્મદિવસ નિમિત્તે ઠેર ઠેર શુભકામનાઓ વર્ષી રહી છે.

ઉત્તરાખંડના બાગેશ્વરમાં ભારે રોષ: ૧૭ દિવસથી ગુમ થયેલા વકીલ અને પૂર્વ નગરસેવકનો ઊંડી ખીણમાંથી મૃતદેહ મળતાં ચકચાર

આરોપીની નિશાનદેહી ઉપર પોલીસ અને ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢ્યો

બાગેશ્વર, તા.૪: ઉત્તરાખંડના બાગેશ્વરમાં વકીલ અને પૂર્વ નગરસેવક ધીરેન્દ્ર પરિહારનો મૃતદેહ નદીગાંવ રોડ ઉપર થુણાઈ નજીક ડિગર પાતલની ઊંડી ખીણમાંથી મળી આવતાં ચકચાર મચી ગઈ છે. પોલીસના જણાવ્યા મુજબ એક આરોપીની પૂછપરછમાં મળેલી માહિતીના આધારે સ્થળની શોધખોળ કરવામાં આવી હતી.

ખીણ અત્યંત ઊંડી અને રસ્તો દુર્ગમ હોવાથી પોલીસ તથા ફાયર બ્રિગેડની ટીમોએ સંયુક્ત બચાવ કામગીરી હાથ ધરી મૃતદેહ બહાર કાઢ્યો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જિલ્લા હોસ્પિટલે મોકલાયો હતો.

ધીરેન્દ્ર પરિહાર ૧૭ ઓક્ટોબરથી ગુમ હતા. તેમની માતા નંદી પરિહારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ગુમશુદ્દગી બાદ પોલીસની કામગીરીથી નારાજ વેપારીઓ, વકીલો અને સ્થાનિક લોકોએ રસ્તા રોકો આંદોલન પણ કર્યું હતું. પરિવારે હત્યાની આશંકા વ્યક્ત કરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ અને ઘટનામાં અન્ય કોઈની સંડોવણી અંગે પોલીસ તપાસ ચાલુ છે. (૨૨.૩)

ઉત્તરાખંડમાં દારૂના નશામાં ભત્રીજાએ કાકા-કાકીની લોખંડના સળિયાથી હત્યા કરી

બેવડી હત્યાથી હાહાકાર: વર્ષો જૂની અદાવતમાં લોહિયાળ ખેલ

બાગેશ્વર, તા.૪: ઉત્તરાખંડના બાગેશ્વર જિલ્લાની ગરુડ તાલુકાના નરગવાડી ગામમાં રવિવારે રાત્રે બનેલી બેવડી હત્યાની ઘટનાએ ભારે ચકચાર જગાવી છે. પોલીસના જણાવ્યા મુજબ ગોવિંદ બલ્લભ ખોલિયા નામના પર વર્ષના શખ્સે પોતાના કાકા પૂરણચંદ્ર ખોલિયા (૭૦) અને કાકી ભગવતીદેવી (૬૨) ઉપર લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો.

આરોપી દારૂના નશામાં હતો અને બંને પરિવારો વચ્ચે આશરે દસ વર્ષથી જૂની અદાવત તથા કાનૂની વિવાદ ચાલતો હતો. આરોપીએ પ્રથમ કાકી અને ત્યારબાદ કાકા ઉપર હુમલો કર્યો હતો. બચાવવા આવેલી પુત્રવધૂ ઉપર પણ હુમલો થતાં તે બાળકીને લઈને રૂમમાં બંધ થઈ ગઈ હતી અને પોતાનો જીવ બચાવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધ દંપતીને હોસ્પિટલ લઈ જવાતાં તબીબોએ મૃત જાહેર કર્યા હતા. ઘટનાને પગલે પોલીસે તપાસ હાથ ધરી આરોપી ગોવિંદ બલ્લભ ખોલિયાની ધરપકડ કરી હતી. (૨૨.૩)

જામનગરનો શખ્સ કારમાં એક લાખનો દારૂ લઇ જતા ઝડપાયો

સપ્લાયર થાનગઢનો અને ખરીદનાર લાલપુર પંથકના શખ્સને ઝડપી લેવા તપાસ શરૂ



જામનગર તા.૪: ઝાંખર ગામના પાટીયા તરફથી એક મારૂતિ સુઝુકી સ્વિફ્ટ નં.જીજે-૩૭-બી-૭૪૭૦ મા એક ઇસમ ઇંગ્લીશ દારૂ ભરી ઝાંખર ગામ બાજુ આવે છે. જે હકીકત આધારે પો.સ્ટે. વિસ્તારના ઝાંખર ગામ પાસે પુલનુ કામ ચાલુ હોય, ત્યાં વોચમા રહી, ઉપરોક્ત સ્વિફ્ટ ગાડી આવતા તેને રોકી ચારેય બાજુથી કોર્ડન કરી, પકડી પાડી, વાહન ચાલકના કબ્જામાંથી સ્વિફ્ટ ગાડી કબ્જે કરી, ઝડતી કરતા, દારૂની નાની મોટી બોટલો કુલ નંગ ૨૧૬ કિ.રૂ.૧,૦૫,૮૧૬/- મળી આવેલ.

પકડાયેલ આરોપી મહેન્દ્રસિંહ ગુમાનસિંહ વાઢેર દરબાર ઉ.વ.૨૧ ધંધો:-મજુરી રહે: રોઝી પેટ્રોલ પંપની બાજુમા કૃષ્ણનગર શેરી નં.૦૫ જામનગર છે અને કેતનભાઇ વિરજીભાઇ પરમાર રહે:થાનગઢ (ઇંગ્લીશ દારૂ મોકલનાર), ઇશ્વરસિંહ સદુભા વાઢેર રહે:-સિંગચ ગામ તા.લાલપુર (ઇંગ્લીશ દારૂ ખરીદનાર) ફરાર થઇ ગયા છે.

આ કાર્યવાહી જામનગર મેઘપર (પડાણા) પો.સ્ટે.ના પોલીસ ઇન્સ્પેકટર એ.એલ.બારસીયા તથા ઇ/ચા પોલીસ ઇન્સ્પેકટર એન.એમ.ગઢવી તથા એ.એસ.આઇ, મહિપાલસિંહ એલ. જાડેજા તથા એ.એસ.આઇ. જયરાજસિંહ ડી. ઝાલા તથા પો. હેડ કોન્સ. લાખનસિંહ જી. જાડેજા તથા પો. હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ આર. ઝાલા તથા પો.કોન્સ. વિક્રમસિંહ બી. જાડેજા તથા પો. કોન્સ. પ્રદિપસિંહ ડી. જેઠવા દ્વારા કરવામા આવેલ.(૨.૬)

સતત મંદી બાદ તેજીઃ ચાંદીમાં ૪,૦૦૦ અને સોનામાં ૧૫૦૦ રૂા.નો ઉછાળો

ચાંદી ૧ કિલોનો ભાવ વધીને ૧,૮૫,૦૦૦ અને સોનાના ભાવ ૧,૪૪,૦૦૦ રૂા. થયા



રાજકોટ તા.૪: બુલિયન માર્કેટમાં સોના-ચાંદીના ભાવમાં સતત મંદી બાદ ફરીથી તેજી જોવા મળી હતી. ચાંદીમાં ૪,૦૦૦ અને સોનામાં ૧૫૦૦ રૂા.નો ઉછાળો થયો હતો.

બુલિયન માર્કેટમાં સેન્ટમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં ચાંદીમાં ૪,૦૦૦ રૂા.નો ભાવવધારો થયો હતો. ગઇકાલે ચાંદી ૧ કિલોના ભાવ ૧,૮૧,૦૦૦ રૂા. હતા તે ૪,૦૦૦ રૂા. વધીને આજે ૧,૮૫,૦૦૦ રૂા. થઇ ગયા છે.

ચાંદીની સાથે સોનામાં પણ ૧૫૦૦ રૂા. વધ્યા છે. બુલિયન માર્કેટમાં ડોલરમાં તેજીને પગલે સ્થાનિક બજારમાં ૧૫૦૦ રૂા.નો ઉછાળો થતા સોનુ સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)ના ભાવ ૧,૪૨,૫૦૦ રૂા. હતા તે વધીને આજે ૧,૪૪,૦૦૦ રૂા. થઇ ગયા છે. સોનાના બિસ્કીટમાં ૧૫,૦૦૦ રૂા.નો ભાવ વધારો થયો છે. સોનાના બિસ્કીટ (૧૦૦ ગ્રામ)ના ભાવ ૧૪,૨૫,૦૦૦ રૂા. હતા તે વધીને ૧૪,૪૦,૦૦૦ રૂા.ની સપાટીએ ભાવ પહોંચ્યા છે.

વૈશ્વીક માર્કેટમાં ડોલર ઇન્ડેક્ષ ઉંચકાતા સોના-ચાંદીના ભાવમાં વધારો થયાનું ઝવેરી બજારના સુત્રોએ જણાવ્યુ હતું.(૨.૧૧)

જામનગરમાં ભાજપના વિવિધ સેલમાં ઇન્ચાર્જ-સહ ઇન્ચાર્જની નિમણુંક

(મુકુંદ બદીયાણી દ્વારા) જામનગર, તા.,૪ : ભારતીય જનતા પાર્ટી, જામનગર મહાનગર સંગઠનને વધુ સુદ્રઢ અને સક્રિય બનાવવા સંગઠનાત્મક જવાબદારીના ભાગરૂપે વિવિધ સેલમાં ઇન્ચાર્જ તથા સહ-ઇન્ચાર્જશ્રીઓની નિમણંક કરવામાં આવી છે.

પ્રદેશ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોન ઇન્ચાર્જ અનિરૂધ્ધભાઇ દવે અને શહેર સંગઠન પ્રભારી ધનસુખભાઇ ભંડેરીના માર્ગદર્શન હેઠળ નિમણુંક કરાઇ છે.

જેમાં લીગલ, સહકારીતા, બુધ્ધીજીવી, પુર્વ સૈનિક, વ્યવસાયીક, આર્થીક, વેપારી, સાંસ્કૃતિક સ્થાનીક સ્વરાજ, ધર્મસ્થાન, ડોકટર, શિક્ષણ, માવીમાર, લઘુ ઉદ્યોગ, દિવ્યાંગ, અન્ય ભાષા ભાષી, રમત ગમત, શ્રમીક, એનજીઓ, એનઆરઆર સેલમાં હોદેદારોની વરણી કરાઇ છે. (૪.૬)

ખંભાળિયા પાલીકાના ત્રણ કામદારોને નોકરીમાં કાયમી કરવાનો આદેશ

ખંભાળિયા તા.૪, ખંભાળીયા નગર પાલીકા ના કુલ ૩ કામદારોને કાયમી ના તમામ લાભો ચૂકવાનો ઔધોગીક અદાલતે ન્યાયી હુકમ કર્યો હતો. ખંભાળીયા નગર પાલીકા ખાતે ફરજ બજાવતાં કામદારો દેરાજ રામદે કારીયા, રામદે હમીરભાઇ જામ, અરવિદ મુળજીભાઇ નકુમ કામદારો યુનિયનના સભ્ય છે.

ઉપરોકત કામદારો નગર પાલીકામાં કલાર્ક અને પટાવાળા તરીકે છેલ્લા ૧૦ વર્ષથી કાયમી સેટઅપ માહેની ખાલી જગ્યાઓ ઉપર ફીકસ પગાર થી ફરજો બજાવતા હોવા છતા નગર પાલીકાદ્વારા કાયમી કરવામા ન આવતા કામદારોએ અમો યુનિયન મારફત ઔધોગિક અદાલત સમક્ષ કેસ કરેલ. જે દરમ્યાન આ કેસમાં ઔધોગિક અદાલતે તા.૨૩/૧૦/૨૦૨૬ના હુકમથી કામદારો ને દાખલ તારીખથી ૨૪૦ દિવસ થયા ત્યારથી કાયમી કરવાનો અને તે મુજબ પગાર ધોરણ ચુકવવાનોહુકમ કરેલ છે.

ઉપરોકત કેસમાં ૨ કામદારો ગ્રેજયુએટ હોય કલાર્ક તરીકે ની લાયકાત ધરાવતા હોય જેથી તેઓને વર્ગ ૩ માં કાયમી કરવા તેમજ એક કામદાર પટાવાળા તરીકે ફરજ બજાવતા હોય તેઓને વર્ગ ૪ માં કાયમી કરવાનો ન્યાયી હુકમ ઔધોગિક અદાલતના પ્રમુખ અધિકારી પી.એ.માલવિયાએ ફરમાવેલ છે.

આ કેસમાં કામદારના પ્રતિનિધિ તરીકે શ્રી હમીદ એચ. દેદા તથા શ્રી તાર મામદ એચ. સમા તથા સંદિપ કે. દાવડા રોકાયા હતા. (૩૫-૧૨)

ખંભાળીયાના સોઢા તરઘડી ગામે અનિરૂધ્ધસિંહ જાડેજાના મકાનમાં જુગાર રમતા મહિલા સહિત ૬ ઝડપાયા

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા, તા.૪: રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરિક્ષકશ્રી નિર્લિપ્ત રાય રાજકોટ વિભાગ, રાજકોટ અને પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાની સુચનાથી મદદનીશ પોલીસ અધિક્ષક પ્રખર કુમારના માર્ગદર્શનમાં જુગારનો દરોડો પાડયો હતો.

ખંભાળીયા તાલુકાના સોઢા તરઘડી ગામમાં રહેતા અનિરૂધ્ધસિંહ કેશરીસિંહ જાડેજાને કબ્જા ભોગવટાના રહેણાક મકાનમાં જુગારના અખાડામાં રેઇડ દરમ્યાન જુગાર રમતા એક મહીલા સહીત કુલ-૦૭ આરોપીઓને ગંજીપતાના પાના કુલ નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા રૂપીયા-૫૭,૬૦૦/- તથા મોબાઇલ નં-૦૬ જેની કી,રૂ-૧,૧૦,૦૦૦/- તથા બજાજ કંપની રીક્ષા જેના કિ.રૂ.-૧,૦૦,૦૦૦/- આમ કુલ કી.રૂ-૨,૬૭,૬૦૦/- ના મુદામાલ અનિરૂધ્ધસિંહ કેશરીસિંહ જાડેજા ઉવ૩૮ ધંધો-મજુરીકામ રહે.સોઢા તરઘડી ગામ તા-ખંભાળીયા, દિપસિંહ અમરસિંહ જેઠવા ઉ.વ.૫૯ ધંધો-ખેતી રહે-સીકકા હાઉસીંગ બોર્ડ પાસે તા-જી-જામનગર, નિતેશભાઇ પ્રાગજીભાઇ રાઠોડ ઉ.વ.૩૧ ધંધો-ખેતી રહે-સીંગચ ગામ રામાપીરના મંદિરની બાજુમા તા-લાલપુર જી-જામનગર, રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ વાઢેર ઉ.વ.૪૦ ધંધો-વેપાર રહે-સીંગચ ગામ નીશાળની બાજુમા તા-લાલપુર જી-જામનગર, રાજકુમાર કિશોરભાઇ મહેતા ઉ.વ.૩૪ ધંધો-રી.ડ્રાઇવીંગ રહે-સીકકા પંચવડી સોસાયટી તા- જી-જામનગર, મહેન્દ્રસિંહ ભુપતસિંહ કંચવા ઉ.વ.૪૨ ધંધો-ખેતીકામ રહે-યુગણી ગામ સમાપીરના મંદીરની બાજુમા તા-જી-જામનગરની ધરપકડ કરેલ છે. જયારે મહીલાને નોટીસ આપેલ છે,



આ કામગીરી પોલીસ ઇન્સ્પેકટરશ્રી સી.આર રાણા, પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી ડી.એ.વાળા (સર્વેલન્સ સ્ટાફ ઇન્ચાર્જ), એ.એસ, આઇ હેમતભાઇ નથુભાઇ નંદાણીયા (સર્વેલન્સ સ્ટાફ), એ.એસ, આઇ હરપાલસિંહ ઉદેસિંહ જાડેજા(સર્વેલન્સ સ્ટાફ), એ,એસ,આઇ વીરેન્દ્રસિંહ નટુભા જાડેજા (સર્વેલન્સ સ્ટાફ), પો..હેડ.કોન્સ ભરતભાઇ માલદેભાઇ જમોડ (દેવડીયા બીટ), પો.હેડ.કોન્સ કાનાભાઇ રાણાભાઇ લુણા (સર્વેલન્સ સ્ટાફ), પો.હેડ.કોન્સ. સામતભાઇ પબુભાઇ ગઢવી(સર્વેલન્સ સ્ટાફ), પો.કોન્સ.ભુપેન્દ્રસિંહ મનહરસિંહ જાડેજા (સર્વેલન્સ સ્ટાફ), પો.કોન્સ અરજણભાઇ રાયદેભાઇ આંબલીયા (સર્વેલન્સ સ્ટાફ)એ કરી છે. (૪.૯)



જામનગર મોદી સ્કુલના ૨૫૦ ભૂલકાંઓએ વત્સલ્યધામ વૃદ્ધાશ્રમના વડીલો સાથે દિવાળીની ઉજવણી કરીઃ (મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર સ્થિત મોદી સ્કૂલના લોઅર પ્રાઇમરી વિભાગ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વટ અને સંસ્કાર સિંચનના ભાગરૂપે એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. ૨૫૦ જેટલા ભૂલકાંઓએ વસઇ ગામે આવેલ વત્સલ્યધામ વૃદ્ધાશ્રમની મુલાકાત લઇ વડીલો સાથે પ્રેમપૂર્વક દિવાળીની અગાઉથી શુભેચ્છાઓ પાઠવી હતી. બાળકોની નિર્દોષ વાતો અને સ્નેહપૂર્ણ સંવાદથી સમગ્ર વૃદ્ધાશ્રમનું વાતાવરણ જીવંત અને ઉત્સાહપૂર્ણ બની ગયું હતું. વડીલોએ પણ બાળકોને ભાવપૂર્વક પોતાના આશીર્વાદ આપ્યા હતા. બાળકોની નિર્દોષતા અને વડીલોના વત્સલભાવ વચ્ચે સર્જાયેલા આ સંગમમાં સ્નેહ, હાસ્ય અને લાગણીઓની આપ-લે થઇ હતી. બે પેઢીઓને પ્રેમ અને લાગણીના તાંતણે જોડતી આ મુલાકાતે ઉપસ્થિત સૌ કોઇના ચહેરા પર નિખાલસ સ્મિત લાવી દીધું હતું. શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે, આવા આયોજનો પાછળનો મુખ્ય હેતુ બાળકોમાં નાનપણથી જ વડીલો પ્રત્યે આદર, સ્નેહ અને સામાજિક સંવેદના કેળવાય તે છે. પેઢીઓને જોડતો પ્રેમનો આ દીપક સમાજમાં સદાય પ્રજ્વલિત રહે તેવી ભાવના સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.(૪૦.૪૦)

જામનગરમાં જળ સંકટ વચ્ચે પાણીનો વેડફાટ

વોટર વર્કસ વિભાગ દ્વારા ગોકુલનગર ઝોનમાં સઘન ઝુંબેશ: ૧૪૩ નોટિસ, ૪૧,૦૦૦નો દંડ અને ૩ કનેક્શન કાપ્યા

જામનગર,તા.૪: હાલમાં પ્રવર્તી રહેલી જળ સંકટની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકા દ્વારા પાણીનો બગાડ અટકાવવા માટે સઘન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનર તથા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, વોટર વર્કસ વિભાગના ગોકુલનગર ઝોન વિસ્તારમાં તંત્ર દ્વારા પ્રશંસનીય અને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. કાર્યપાલક ઇજનેર નરેશ પટેલ અને નાયબ કાર્યપાલક ઇજનેર અલ્પેશ ચારણીયાની સીધી સૂચના હેઠળ, જુનિયર ઇજનેર વિક્રમભાઇ ગરૈયા તથા તેમની ટીમે આ કામગીરી હાથ ધરી છે.

આ ઝુંબેશ અંતર્ગત વોટર વર્કસ વિભાગે લાલ આંખ કરી ગોકુલનગર ઝોનમાં પાણીનો વેડફાડ કરતા આસામીઓ સામે સખત પગલાં લીધા છે. તંત્ર દ્વારા ચેકિંગ દરમિયાન પાણીનો બગાડ કરતા આસામીઓને કુલ ૧૪૩ નોટિસ ફટકારવામાં આવી છે. આ ઉપરાંત, નિયમોનું ઉલ્લંઘન કરી પાણીનો વેડફાડ કરતા લોકો પાસેથી કુલ ૪૧,૦૦૦ રૂપિયાના દંડની રકમ પણ ભરપાઇ કરાવવામાં આવી છે. આટલું જ નહીં, પાણીના બગાડ અંગે કડક દાખલો બેસાડવા માટે તંત્ર દ્વારા ૩ આસામીઓના નળ કનેક્શન પણ કાપી નાખવામાં આવ્યા છે.(૪૦.૪૨)

જામનગરઃ હાપા યાર્ડમાં આજે ૨૫૦ વાહનમાં ૧૭ હજાર ગુણી મગફળીની આવકઃ દિવાળીની રજાના કારણે હવે નવી જાહેરાત ન થાય ત્યાં સુધી મગફળીની આવક બંધઃ દિવાળી બાદ ખેડૂતોને મગફળી વેંચાણ માટે લાવવા અપીલ



સાંસદ માનસિંહ પરમાર જામનગરમાં: જામનગરઃ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ માનસિહ પરમાર જિલ્લા ભાજપ કાર્યાલય અટલ ભવન ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં બક્ષીપંચ મોરચાની જિલ્લા કારોબારી બેઠકમાં કાર્યકર્તાઓને માર્ગદર્શન આપી આવનારા સમયમાં કેન્દ્ર અને રાજ્યમાં વર્તમાન ભાજપ સરકારના પ્રજાલક્ષી કાર્યો પહોંચાડી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના ૨૦૪૭ના વિકસિત ભારતને નિર્માણ કરવા હાકલ કરી હતી. (તસવીરોઃ કિંજલ કારસરીયા, જામનગર)

જામનગરમાં એસ્ટેટ શાખાના કર્મચારી રસ્તા ઉપર દબાણ હટાવવા જતા હુમલાનો ભોગ બન્યા : પોલીસ ફરીયાદ

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૪ : અહીં સીટી એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં મહાનગરપાલિકામાં નોકરી કરતા કમલેશભાઇ ગોવિંદભાઇ ગઢવી, ઉ.વ.૪૦, રે. જામનગર મહાનગરપાલિકા સેવા સદન, જામનગરવાળા એ ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી કમલેશભાઇ જામનગર મહાનગરપાલિકા એસ્ટેટ શાખામાં ફરજ બજાવતા હોય અને તા.૩-૧૧-૨૦૨૬ ના પોતાના એસ્ટેટ શાખાના સ્ટાફ સાથે દિપક ટોકીઝ થી સુભાષ શાક માર્કેટ તરફ જતા રોડ ઉપર દબાણ હટાવવાની કામગીરી કરતા હોય તે દરમ્યાન લંઘાવડના ઢાળીયા પાસે, રોનક જનરલ સ્ટોર પાસે જાહેર રોડ પર એક ખાલી રેકડી રોડ પર રાખી દબાણ કરેલ હોય જેથી રેકડી એસ્ટેટ શાખાના કિશનભાઇ મેઘજીભાઇ ગોહીલ એસ્ટેટ શાખાના ટ્રેકટરમાં ભરતા હોય તે દરમ્યાન આ રેકડી વાળા આરોપી અબુમીયા કાદરી આ રેકડી ભરવા બાબતે સાહેદ કિશનભાઇ સાથે બોલાચાલી કરી જાહેરમાં તેમને ગાળો આપી તેમની સાથે જપાજપી કરી બીજા બે અજાણ્યા ઇસમો આવી આ કિશનભાઇ સાથે જપાજપી કરી ત્રણેય એકસંપ કરી કિશનભાઇને શરીરે આડેધડ માર મારી શરીરે મુંઢ ઇજાઓ કરી અને જો એસ્ટેટ શાખાના કર્મચારી હવે રેકડી લેવા આવશે તો તેમને જાનથી મારી નાખીશું તેમ ધમકી આપી ફરીયાદી કમલેશભાઇની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ છે.

દારૂ ઝડપાયો : આરોપી ફરાર

જામનગર : અહીં સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ. યજુવેન્દ્રસિંહ મહિપતસિંહ વાળા એ ફરીયાદ નોંધાવી છે કે, તા.૩-૧૧-૨૦૨૬ ના શાંતીનગર શેરી નં૭ ના છેડે સર્વેશ્વર મહાદેવના મંદિર પાસે આરોપી પૃથ્વીરાજસિંહ ચંદુભા જાડેજા પોતાના રહેણાક મકાનમાં એ ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૧૨, કિંમત રૂ.૭૭૧૨/- તથા બીયર ટીન નંગ-૨૦, કિમત રૂ.૨૫૦૦/- મળી કુલ રૂ.૧૦૨૧૨/- ના મુદામાલ રાખી રેઇડ દરમ્યાન ઝડપાઇ ગયેલ છે. તથા આરોપી પૃથ્વીરાજસિંહ ચંદુભા જાડેજા ફરાર થઇ ગયેલ છે આ અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દારૂ સાથે બે ઝડપાયા

જામનગર : અહીં સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં કોન્સ. ધર્મેન્દ્રસિંહ ઘેલુભા વાઢેર એ ફરીયાદ નોંધાવી છે કે, તા.૩-૧૧-૨૦૨૬ ના ગ્રીન માર્કેટ, ત્રણ દરવાજા પાસે રોડ ઉપર આરોપી અમીત ઉર્ફે કોટન હિતેશભાઇ પારજીયા, હિતેષ ઉર્ફે ટીડો કિશોરભાઇ રોડીયા એ ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૫, કિંમત રૂ.૬૦૦૦/- તથા ચપલા નંગ-૨૪, કિંમત રૂ.૭૨૦૦/- મળી કુલ મુદામાલ રૂ.૧૩,૨૦૦/- સાથે રેઇડ દરમ્યાન ઝડપાઇ ગયેલ છે.

દારૂના હેરાફેરી કરતા બે ઝડપાયા

જામનગર : અહીં સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં કોન્સ. નિલેશભાઇ વજુભાઇ ઠાકરીયા એ ફરીયાદ નોંધાવી છે કે, તા.૩-૧૧-૨૦૨૬ ના જામનગર નાગનાથ ગેઇડ પાસે આવેલ માઇલ્સ સ્ટોન કોમ્પ્લેક્ષના પાર્કીગમાં આરોપી સમીર ઉર્ફે ખાન મુસ્તાકભાઇ ખાન, ભરત ઉર્ફે ભરતો શૈલેષભાઇ ગોસ્વામી એ ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બોટલ નંગ-૩૫, કિંમત રૂ.૩૦,૫૦૦/- હેરાફરી કરી તથા મોટરસાયકલ કિંમત રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલ મુદામાલ રૂ.૧,૩૦,૫૦૦/- સાથે ઝડપાઇ ગયેલ છે.

ગાળો બોલવા બાબતે બઘડાટી

જામનગર : અહીં બાઇની વાડીમાં રહેતી દેવીબેન મુળજીભાઇ સોલંકી ઉ.વ. ૭૦ એ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, તા. ૩ ના રોજ આ કામેના આરોપીઓ હરીશ ભટ્ટી ફરીયાદીના ઘર પાસે આવી ગાળો બોલતો હોય જેથી ફરીયાદીએ તેમને ગાળો બોલવાની ના પાડતા આરોપી હરીશ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને જેમફાવે તેમ ગાળો કાઢવા લાગેલ અને થોડા સમય બાદ ફરીયાદીની ભત્રીજી રતનબેન ત્યાંથી નીકળતા આરોપીએ તેમની સાથે બોલાચાલી કરી ગાળો કાઢી ઝપાઝપી થતા આરોપીઓ નાગલબેન ભટ્ટી, ખીમજી ભટ્ટી એ ત્યાં આવી જઇ સાહેદ અલ્પાબેન તથા કમલેશભાઇ સાહેદ રતનબેનને છોડાવવા આવતા આ આરોપીઓએ ઝપાઝપી કરી મુંઢ ઇજાઓ કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે.

માર માર્યાની ચાર સામે ફરીયાદ

જામનગર : અહીં હર્ષદમીલની ચાલીમાં રહેતા તરૂણભાઇ રાજેશભાઇ સાદીયા ઉ.વ. ૧૮ એ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, તા. ૩ ના રોજ ફરીયાદી તેમના ભાઇ સાથે હર્ષદમીલની ચાલીમાં આવેલ મા પાન પાસે હાજર હોય તે સમયે આ કામના આરોપી વફાન ઓસમાણ ખફી ત્યાં આવી ફરીયાદીના ભાઇ માનવ સાથે ગાડી ઉપર બેસવા બાબતે બોલાચાલી કરી ગાળો કાઢી જાતિ પ્રત્યે અપાનજનક શબ્દો બોલતો હોય જે ફરીયાદીએ બોલવાની ના પાડતા આરોપી વફાન ઓસમાણ ખફી અને અવેશ ઓસમાણ ખફી, અસરઅલી ઉર્ફે નુરઅલી જેમલાણી અને હસન ઉર્ફે જાડો પઠાણએ એ જાતિપ્રત્યે અપમાનીત કરી લોખંડના પાઇપ તથા ચાવી વડે શરીરે મુંઢ માર મારી ઇજાઓ કરી કહેલ કે તારા પિતા સાથે ઝગડો કરી ઇજાઓ કરી ગર્ભીત ધમકી આપી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે.

જુગાર રમતી ૧ મહિલા સહિત આઠ ઝડપાયા : એક ફરાર

જામનગર : એલીસી.બી. શાખાના એમ.એ.સૈયદએ તા. ૪ ના રોજ ચુનાનો ભઠો બાઇની વાડી પાસે આ કામેના આરોપી મંજુબેન જીણાભાઇ સાદીયાના મકાને રેઇડ કરતા ત્યાં ઘોડીપાસાના પાસા વડે પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી પોતાના અંગત ફાયદા સારૂ નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતા હોય રેઇડ દરમ્યાન આરોપીઓ ફીરોજ હુશેન ખફી, એજાજ અહેમદ દેસરાણી, સાહીલ સીદીક હીંગોળા, કલ્પેશ જેસંગ રાઠોડ, શબીર અબાભાઇ ખફી, મહમદહુશેન અબાસ ખફી, ગોપાલ કિશન પરમાર, મંજુબેન જીણાભાઇ સાદીયાને રોકડ રૂા. ૬૩૧૦૦ તથા મોબાઇલ ફોન ૪ કિંમત રૂા. ૨૦ હજાર મળી કુલ રૂા. ૮૩૧૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા જયારે આબીદ હનીફ પીંજારા નાશી ગયો હતો.(૨૩.૧૧)

રાજકોટ રેલવે ડિવિઝનની ટ્રેન નિયંત્રણ સંચાર પ્રણાલીનું આધુનિક નેટવર્ક પર સફળ માઇગ્રેશન

રાજકોટ-ઓખા રેલખંડના ૩૦ સ્ટેશનોમાં નવી સંચાર પ્રણાલી સ્થાપિત: સિગ્નલ અને દૂરસંચાર વિભાગની મહત્વપૂર્ણ સિદ્ધિ

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા, તા.૪: પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને સંચાર વ્યવસ્થાના આધુનિકીકરણની દિશામાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ હાંસલ કરી છે. તારીખ ૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ રાજકોટ-ઓખા રેલખંડમાં અગાઉ કાર્યરત સીસીઇઓ આધારિત ટ્રેન કંટ્રોલ કોમ્યુનિકેશન સિસ્ટમ (Train Control Communication System - TCCS) ને સફળતાપૂર્વક આધુનિક મલ્ટિપ્રોટોકોલ લેબલ સ્વિચિંગ (Multi-Protocol Label Switching - MPLS) આધારિત વોઇસ ઓવર ઇન્ટરનેટ પ્રોટોકોલ (Voice over Internet Protocol - VoIP) સિસ્ટમ પર સ્થળાંતરિત કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ કાર્ય રાજકોટ ડિવિઝનના સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.



રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ સિદ્ધિ સાથે રાજકોટ-ઓખા રેલખંડમાં આધુનિક આઇપી આધારિત સંચાર નેટવર્ક સ્થાપિત થઇ ગયું છે. આ નેટવર્કના માધ્યમથી ટ્રેન નિયંત્રણ સંચાર વ્યવસ્થાને વધુ અસરકારક, વિશ્વસનીય અને વધુ સારી રીતે નિરીક્ષણ યોગ્ય બનાવવામાં મદદ મળશે.

રાજકોટ-ઓખા મુખ્ય રેલખંડની લંબાઇ ૨૫૨ કિલોમીટર છે. આ ઉપરાંત કનાલુસ-સિક્કા શાખા રેલખંડ ૧૪.૫ કિલોમીટર, જામનગર-વાંસજાળિયા ૨ કિલોમીટર તથા માધાપર-મેસર્સ નાયરા એનર્જી લિમિટેડ, મોડપર ૧૨ કિલોમીટર લાંબો છે. આ રીતે મુખ્ય અને શાખા રેલખંડોમાં કુલ ૩૦ સ્ટેશનોને આધુનિક સંચાર નેટવર્ક સાથે જોડવામાં આવ્યા છે.

૧) બહેતર સંચાર વ્યવસ્થાઃ ટ્રેન કંટ્રોલર્સ અને સ્ટેશન કર્મચારીઓ વચ્ચેના સંચારને વધુ અસરકારક અને વિશ્વસનીય બનાવવામાં મદદ મળશે.

૨)બહેતર નિરીક્ષણઃઆધુનિક આઇપી આધારિત નેટવર્ક દ્વારા સંચાર સેવાઓનું નિરીક્ષણ વધુ અસરકારક રીતે કરી શકાશે.

૩) સુવ્યવસ્થિત નેટવર્ક સંચાલનઃ નેટવર્કના સંચાલન અને જાળવણીને વધુ વ્યવસ્થિત બનાવવામાં મદદ મળશે.

૪) ભવિષ્યમાં વિસ્તરણઃ અન્ય દૂરસંચાર સેવાઓને તબક્કાવાર રીતે આ જ નેટવર્ક પર સ્થળાંતરિત કરવા માટે આધુનિક પાયો ઉપલબ્ધ થશે.

નવા સ્થાપિત નેટવર્કને સ્થિર કરી લેવામાં આવ્યું છે અને હાલમાં તેને એક મહિનાના મૉનિટરિંગ સમયગાળા માટે કાર્યરત રાખવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન નેટવર્કની સ્થિરતા અને કાર્યપ્રણાલી પર નજર રાખવામાં આવશે. ત્યારબાદ અન્ય દૂરસંચાર સેવાઓને પણ તબક્કાવાર આ નેટવર્ક પર સ્થળાંતરિત કરવામાં આવશે.

આ સફળ માઇગ્રેશન સાથે રાજકોટ ડિવિઝનની સમગ્ર ટ્રેન નિયંત્રણ સંચાર વ્યવસ્થા હવે આધુનિક એમપીએલએસ-વીઓઆઇપી આધારિત નેટવર્ક પર સ્થાપિત થઇ ગઇ છે. આ સિદ્ધિ ડિવિઝનની સંચાર વ્યવસ્થાને વધુ આધુનિક અને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

આ ઉપલબ્ધિ પર રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓની પ્રશંસા કરતા જણાવ્યું કે, રાજકોટ ડિવિઝનમાં આધુનિક સંચાર તકનીકનું સફળ અમલીકરણ એ આપણા અધિકારીઓ અને કર્મચારીઓની ટેકનિકલ કુશળતા અને ટીમવર્કનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ સિદ્ધિ રેલ સંચાલનની સંચાર વ્યવસ્થાને વધુ આધુનિક, વિશ્વસનીય અને સુદ્રઢ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ છે. (૨૨.૫)



પૂ.પુનિત મહારાજના પૌત્ર આનંદ જનક મહારાજના ભજનોમાં ભાવિકો ભાવતરબોળ બન્યા

રાજકોટ : તાજેતરમાં શ્રી પુનિત મહારાજના પૌત્ર પૂજય શ્રી આનંદ જનક મહારાજના ભજન સંધ્યાનો કાર્યક્રમ મોઢ વણિક બોર્ડિંગ રાજકોટ ખાતે યોજાઈ ગયો. સ્વ. રમણીકલાલ તેમજ સ્વ. વિજયાબેન ભુપતાણીના પરિવાર દ્વારા ચિ. દિયા શૈલેષ ભુપતાણી ધોરણ ૧૨ કોમર્સ પ્રવાહમાં ૯૧.૯૮ (પી. આર.) સાથે ઉતીર્ણ થતા આ પ્રસંગની અનેરી સ્મૃતિ રૂપે પૂજય શ્રી આનંદ જનક મહારાજના ભજન સંધ્યા રાખવાની ઈચ્છા ચિ. દિયાએ વ્યકત કરી છે. જેના ગૌરવપ્રદ સમાજ માટે આ અનુકરણીય કાર્યક્રમમનું આયોજન કરવામાં આવેલ. પૂજય આનંદ જનક મહારાજની વાણી સાથે રાજકોટના પુનિત પરિવારના બિમલભાઈ શાહએ સંગત કરી કાર્યક્રમને દીપાવ્યો હતો. આ પ્રસંગે ભાગવત કથાકાર શ્રી જનક મહારાજ (ડોડીયાળાવાળા) ખાસ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ભુપતાણી પરિવાર, પુનિત પરિવાર (રાજકોટ), પુનિત પરિવાર (મુંબઈ), પુનિત પરિવાર (અમદાવાદ), પુનિત પરિવાર (ધંધુકા), ઉપરાંત સગા-સંબંધી તેમજ મિત્ર મંડળ સહિત ૪૦૦ થી વધુ વ્યકિતઓએ ભજન તેમજ મહાપ્રસાદનો લાભ લીધેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષભાઈ ભુપતાણી પરિવાર પુનિત પરિવાર રાજકોટના દરેક સભ્યોના સાથ સહકારથી આ આયોજન સફળ થયેલ હોવાનું આયોજકોએ જણાવ્યું છે. (૫-૧૨)

હળવદના સલીમભાઇ મુલતાનીના પુત્રના નિકાહઃ સફિક-મુશ્કાન

જામનગરઃ હળવદના સલીમભાઈ હાજી ઉસ્માનભાઈ મુલતાની પુત્ર સફિકના નિકાહ સરાના રહીશ જનાબ રજાકભાઈ મુસ્તુફાભાઈ કરગથરાના પુત્રી મુશ્કાન સાથે કાલે તા.૫ ને ગુરૂવારે સવારે ૧૦ વાગ્યે સરામાં મુકર્રર કરેલ છે.

માંડવાનો જમણવાર આજે બુધવારે સાંજે ૭ વાગ્યે ઘાંચી જમાતખાના, હળવદ ખાતે રાખેલ છે. જયારે નિકાહ કાલે ગુરૂવારે સવારે ૧૦ વાગ્યે ઘાંચી મસ્જિદ સરા ખાતે રાખેલ છે. રીસેપ્શન કાલે સાંજે ૭ વાગ્યે પરમેશ્વર પાર્ટી પ્લોટ હળવદ ખાતે રાખેલ છે. મર્હુમ ઓઘડભાઈ, જીવાભાઈ મુલતાની, હાજી ઉસ્માનભાઈ ઓઘડભાઈ મુલતાની, મહંમદભાઈ હાજી ઉસ્માનભાઈ મુલતાની, સલીમભાઈ હાજી ઉસ્માનભાઈ મુલતાની, હાજી મજનુભાઈ હાજી ઉસ્માનભાઈ મુલતાની, મર્હુમ મુનાફભાઈ મહંમદભાઈ મુલતાની, મુબીનભાઈ મહંમદભાઈ મુલતાની, સાહીરભાઈ સલીમભાઈ મુલતાની, સ્વાહીલભાઈ હાજી મજનુભાઈ મુલતાની, મુદદશીલભાઈ હાજી મજનુભાઈ મુલતાનીએ શુભેચ્છા પાઠવી છે.(૨.૧૩)

ખંભાળિયા નજીક અજાણ્યા મોટરસાયકલ ચાલકની ઠોકરે બાઇક સવાર વૃદ્ધનું મૃત્યુ

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળિયા, તા.૪: જામનગર હાઈવે પર દાતા ગામની ગોલાઈ પાસેથી જી.જે.૧૦બી.એફ.૯૧૫૩ નંબરના મોટરસાયકલ પર બેસીને જઈ રહેલા જેન્તીગીરી ગોસ્વામી નામના વૃધ્ધને કોઈ અજાણ્યા મોટરસાયકલના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક ચલાવી, અડફેટે લેતા તેમને ગંભીર ઈજાઓ સાથે પ્રથમ જામનગરની જી.જી.હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા .જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. અકસ્માત સર્જીને આરોપી અજાણ્યો મોટરસાયકલ ચાલક નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે.

પોલીસે મૃતકના પુત્ર ચેતનગીરી જેન્તીગીરી ગોસ્વામી (ઉ.વ.૪૦, રહે. દાતા) ની ફરિયાદ પરથી અજાણ્યા મોટરસાયકલ ચાલક સામે ગુનો નોંધી, તપાસ પી.એસ.આઈ. જે.એમ. અગ્રાવત દ્વારા હાથ ધરવામાં આવી છે.

અકસ્માતમાં યુવાનનું મૃત્યુ

ભાણવડ તાલુકાના આંબરડી ગામે રહેતા રાહુલભાઈ ગામજીભાઈ સાદિયા નામના ૩૩ વર્ષના યુવાન પોતાના જી.જે. ૩૭ ડી ૬૮૪૭ નંબરના મોટરસાયકલ પર જઈ રહ્યા હતા, ત્યારે ભાણવડથી આશરે ૧૨ કિલોમીટર દૂર આંબરડી ગામના પાટીયા પાસેના માર્ગ પરથી પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક જતા આ મોટરસાયકલ એક પશુ સાથે ટકરાયું હતું. જેથી રાહુલભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે તેમની સાથે જઈ રહેલા સાહેદ ધર્મેન્દ્રભાઈ સાદીયાને માથા તથા પગના ભાગે ઈજાઓ થવા પામી હતી.

આ બનાવ અંગે ભાણવડ પોલીસે મૃતકના માતા ધાનીબેન ગામજીભાઈ સાદીયાની ફરિયાદ પરથી રાહુલ ગામજીભાઈ સાદીયા સામે જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. યુ.બી. અખેડ દ્વારા હાથ ધરવામાં આવી છે.

પાછતરના યુવાનનું અપમૃત્યુ

ભાણવડ તાબેના પાછતર ગામે રહેતા જયદીપભાઈ રાજશીભાઈ કારેણા નામના ૨૬ વર્ષના સગર યુવાન પોતાની વાડીએ ગયા હતા, ત્યારે અહીં ધોરિયામાંથી ઝેરી દવાવાળું પાણી પી લેતા તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ રમેશભાઈ પરબતભાઈ પીપરોતરએ ભાણવડ પોલીસને કરી છે. (૨૨.૧૧)

ખંભાળિયાઃ કલ્યાણપુરમાં ગાંજાનું વાવેતર કરવાના ગુનામાં આરોપીને પાંચ વર્ષની સજા

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળિયાઃ તા.૪,કલ્યાણપુર તાલુકામા ગાંજાના છોડનું ગેરકાયદેસર વાવેતર કરનાર આરોપીને ખંભાળિયાની સ્પેશ્યલ એન.ડી.પી.એસ. કોર્ટ દ્વારા કુલ ૫ વર્ષની સખત કેદની સજા તથા કુલ રૂ.૨૦,૦૦૦/-નો દંડ ફટકારેલ છે.

આગુનાની ટુકમાં હકીકત એવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૧ના રોજ એસ.ઓ.જી. પોલીસને મળેલ ખાનગી બાતમીના આધારે નગડીયા ગામની સીમમાં આરોપી લખમણભાઈ ઉર્ફે લખુભાઈ ઠેબાભાઈ નવઘણભાઈ ખીસ્તરીયા, ના માલિકી અને કબજા ભોગવટાવાળા ખેતરમાં આવેલ રહેણાંક મકાનના ફળિયામાં રેડ પાડવામાં આવેલ. આરોપીએ ગાંજાના કુલ ૪૭ લીલા છોડનું ગેરકાયદેસર વાવેતર કરેલું હોવાનું મળી આવ્યું હતું. જેનું કુલ વજન ૧૨.૩૬૧ કિલો ગ્રામ અને અંદાજિત કિંમત રૂ.૧,૨૩,૬૧૦/-હતી. આ ઉપરાંત ૨૯૦ ગ્રામ સુકો ગાંજો, જેની કિંમત રૂ.૨,૯૦૦/-હતી, તે પણ મળી આવ્યો હતો. આમ, કુલ રૂ.૧,૨૬,૫૧૦/-નો માદક પદાર્થ કબજે કરવામાં આવ્યો હતો આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(બી). ૮(સી), ૨૦(એ) તથા ૨૦(બી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા પંચનામા, સાહેદોના નિવેદનો, રેવન્યુ રેકર્ડ તથા એફ.એસ.એલ.ના પરીક્ષણ અહેવાલ સહિતના પુરાવાઓ એકત્રિત કરી આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

સદરહુ કેસમાં સરકાર પક્ષે મદદનીશ સરકારી વકીલ શ્રી બી.એસ. જાડેજાએ કોર્ટ સમક્ષ મૌખિક દલીલો કરી, આરોપીના કબજા ભોગવટાવાળી જગ્યામાંથી ગાંજાના છોડ તથા સુકો ગાંજો મળી આવ્યાની હકીકત, પંચનામા, સાક્ષીઓની જુબાની, રેવન્યુરેકર્ડ અને એફ.એસ.એલ.ના વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે આરોપી વિરુદ્ધનો ગુનો સાબિત થતો હોવાનું રજૂઆત કરતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ખાતે આવેલ બીજા એડીશનલ સેશન્સ જજ તથા સ્પેશ્યલ એન.ડી.પી.એસ. જજ શ્રી એસ.જી. મનસુરી ની અદાલતે તા. ૦૨/૧૧/૨૦૨૬ના રોજ આરોપીને તકસીરવાન ઠરાવી સજા ફરમાવી છે.

કોર્ટે ગાંજાના છોડનું ગેરકાયદેસર વાવેતર કરવા બદલ એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૨૦ (બી) (i) મુજબ ૪ વર્ષની સખત કેદ તથા રૂ.૧૫,૦૦૦/-નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૬ માસની સાદી કેદની સજા. તેમજ સુકો ગાંજો ગેરકાયદેસર રીતે રાખવા બદલ એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૨૦ (બી) (ii) (એ) મુજબ ૧ વર્ષની સખત કેદ તથા રૂ.૫,૦૦૦/-નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદની સજા.તથા કોર્ટ દ્વારા બંને સજા અલગ-અલગ ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે. આમ, આરોપીને કુલ ૫ વર્ષની સખત કેદ તથા રૂ.૨૦,૦૦૦/-ના દંડની સજા ફટકારવામાં આવી છે. (૩૫-૧૧)

જામનગરના દાણીધાર ધામના પૂ.સુખદેવબાપુનો પ્રાગટય દિવસ



(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૪: કાલાવડ તાલુકાના પવિત્ર દાણીધાર ધામના પરમ પૂજય સંતશ્રી સુખદેવબાપુનો આજે પ્રાગટય દિવસ છે. આ પાવન અવસરે પૂજય બાપુશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

પૂજય સંતશ્રી સુખદેવબાપુના આશીર્વાદ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિનો પ્રકાશ પાથરતા રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના. પરમ પૂજય બાપુશ્રીને પ્રાગટય દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ અને સાદર વંદન. (૨૨.૬)

રેકડી-પથારા સહિતનો સામાન જપ્તઃ દબાણકારો સામે લાલ આંખ

જામનગર મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખાના અધિકારીઓ પર હુમલાની ઘટના બાદ કડક કાર્યવાહી

ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે હેતુથી એસ્ટેટ શાખા દ્વારા દીપક ટોકીઝથી સુભાષ માર્કેટ તેમજ બર્ધન ચોકથી માંડવી ટાવર સુધીના વિસ્તારમાં સઘન દબાણ હટાવ કામગીરી



(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર તા.૪: મહાનગરપાલિકા દ્વારા શહેરમાં જાહેર માર્ગો પર કરવામાં આવતા ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે એસ્ટેટ શાખા દ્વારા દીપક ટોકીઝથી સુભાષ માર્કેટ તેમજ બર્ધન ચોકથી માંડવી ટાવર સુધીના વિસ્તારમાં સઘન દબાણ હટાવ કામગીરી કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન રસ્તા પર દબાણ કરીને રાખવામાં આવેલી રેકડીઓ, પથારાઓ, પૂતળાં, કેરેટ, છત્રીઓ, કાંટા સહિતની વિવિધ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે અગાઉ દબાણ હટાવવાની કામગીરી દરમિયાન મનપાના અધિકારીઓ પર હુમલાની ઘટના બની હતી. આ ઘટનાને પગલે મહાનગરપાલિકા તંત્ર દ્વારા હવે દબાણકારો સામે કડક વલણ અપનાવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

શહેરના માર્ગો પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે હેતુથી મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મનપાની આ કાર્યવાહીને પગલે દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે.(૨.૧૨)

જામનગર જિલ્લાના પેન્શનરો માટે રાહતના સમાચાર

હવે ઘરેબેઠા જ વિનામૂલ્યે બની શકશે ડિજિટલ જીવન પ્રમાણપત્ર

જામનગરઃ તા.૦૪, ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાંથી નિવૃત્ત થયેલા પેન્શનરો માટે હવે જીવન પ્રમાણપત્ર એટલે કે હયાતીનું વેરિફિકેશન કરાવવા માટે ટ્રેઝરી, બેંક કે અન્ય કોઈ કચેરીમાં રૂબરૂ જવાની જરૂર રહેશે નહીં.

ગુજરાત સરકારના નાણાં વિભાગ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB) વચ્ચે થયેલા સમજૂતી કરાર અંતર્ગત રાજ્યના પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્રની સુવિધા નજીકના ડાકઘરોમાં અથવા તેમના ઘરેબેઠા તદ્દન મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સમગ્ર સેવાનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વહન કરવામાં આવશે, જેથી તમામ પેન્શનરોને આ સુવિધાનો વિનામૂલ્યે લાભ મળશે.

આ મહત્વપૂર્ણ સેવા નેશનલ ઈન્ફર્મેટિક્સ સેન્ટર દ્વારા વિકસિત 'જીવન પ્રમાણ' એપ્લિકેશન દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. તેનાથી ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં રહેતા પેન્શનરોને કચેરીઓ સુધી જવાની મુશ્કેલી, મુસાફરી અને સમયના વ્યયમાંથી કાયમી મુક્તિ મળશે. આ સુવિધાનો લાભ મેળવવા માટે પેન્શનરે પોતાનો આધાર નંબર, મોબાઈલ નંબર તથા પેન્શન પેમેન્ટ ઓર્ડર (PPO) નંબર આપવાનો રહેશે.

ડિજિટલ બાયોમેટ્રિક પ્રમાણિત પ્રક્રિયા દ્વારા પેન્શનરોને માત્ર થોડી જ મિનિટોમાં ડિજિટલ જીવન પ્રમાણપત્ર જનરેટ કરી આપવામાં આવશે. પ્રમાણપત્ર જનરેશનની પ્રક્રિયા પૂરી થતાં જ પેન્શનરના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર 'પ્રમાણ ID' SMS દ્વારા મોકલી આપવામાં આવશે. પેન્શનરો આ પ્રમાણપત્ર જીવન પ્રમાણની અધિકૃત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકશે, તેમજ તેની ડિજિટલ નકલ સંબંધિત પેન્શન ઓફિસ સુધી સીધી જ પહોંચાડી દેવામાં આવશે.

સરકારના આ પ્રજાભિમુખ નિર્ણયના કારણે ગુજરાત રાજ્યના ૫ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો સીધો લાભ મળશે. સાથોસાથ ગુજરાતના એવા પેન્શનરો જેઓ હાલ અન્ય રાજ્યોમાં નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે, તેઓ પણ નજીકની પોસ્ટ ઓફિસ અથવા સ્થાનિક પોસ્ટમેનનો સંપર્ક કરીને આ સેવાનો લાભ મેળવી શકશે.(૪૧.૩)

દિવાળીના ચાર દિવસ પૂર્વે જ જામનગરની મુખ્ય બજારોમાં ખરીદીની રોનક

રંગોળી, સાથિયા, દિવડા અને રોશનીની સીરીઝની ખરીદી માટે બજારોમાં લોકોની ભીડ





(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર તા.૪,દિવાળીના તહેવારને હવે ગણતરીના ચાર દિવસ બાકી રહ્યા છે ત્યારે શહેરની બજારોમાં તહેવારની ખરીદીનો માહોલ જામવા લાગ્યો છે. દિવાળીના પર્વને આવકારવા માટે લોકો ઘરઆંગણાને સજાવવા રંગોળીના રંગો, સાથિયા, વિવિધ કારના સ્ટિકરો, દિવડા સહિતની સુશોભનની ચીજવસ્તુઓની ખરીદી કરવા નીકળી પડ્યા છે.

દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને બજારમાં રંગબેરંગી રંગોળીના કલર, આકર્ષક ડિઝાઈનના સાથિયા, ઘરનાં દરવાજા અને દીવાલો પર લગાવવાના સ્ટિકરો, માટીના દિવડા સહિતની વસ્તુઓની ખરીદીમાં તેજી જોવા મળી રહી છે. આ ઉપરાંત ઘરોને રોશનીથી ઝળહળતા કરવા માટે ઈલેક્ટ્રિક લાઈટિંગની સીરીઝ, સ્ટાર અને વિવિધ કારનાં સુશોભનનાં સાધનોની પણ લોકો ખરીદી કરી રહ્યા છે.

દિવાળીને હવે માત્ર ચાર દિવસ બાકી હોવાથી બર્ધન ચોક, માંડવી ટાવર, સેન્ટ્રલ બેન્ક રોડ માંડવી ટાવર, હવાઈ ચોક, પંચેશ્વર ટાવર રોડ, ડીકેવી સર્કલ, વિકાસ ગ્રહ રોડ, રણજીત નગર પટેલ સમાજ ચોક સહિત શહેરનાં મુખ્ય બજાર વિસ્તારોમાં તહેવારની ખરીદી માટે લોકોની અવરજવર વધી છે. વેપારીઓમાં પણ દિવાળીની ખરીદીને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને બજારોમાં ધીમે ધીમે દિવાળીની રોનક છવાઈ રહી છે.

જામનગરના મહિલા અગ્રણી ડિમ્પલબેન રાવલનું રાજ્યકક્ષાએ બહુમાન

સૌરાષ્ટ્ર-કચ્છના તમામ ગ્રુપમાંથી 'બેસ્ટ લેડી મેમ્બર' નો એવોર્ડ એનાયત થયો



(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર, તા.૪: છેલ્લા ૧૧ વર્ષોથી જીવદયા અને દેશભક્તિના કાર્યો કરતા પૂર્વ મહિલા કોર્પોરેટર, ગોરાણી ગ્રુપના સંયોજક ડિમ્પલબેન રાવલની ચકલીના માળા વિતરણ,જવાનોને રાખડી બાંધવાની કામગીરીની રાજ્યકક્ષાએ નોંધ લેવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશનના ફેડરેશન ૩B ના અંજાર મુકામે યોજાયેલ અધિવેશનમાં રાજ્યના ૪૦૦ થી વધુ સદસ્યોની ઉપસ્થિતિમાં 'બેસ્ટ લેડી મેમ્બર' નો એવોર્ડ ડિમ્પલબેન રાવલને આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

અલગ અલગ જિલ્લા ઓમાં કાર્યરત ૪૫ થી વધુ ગ્રુપના ૧૨૦૦ થી વધુ સદસ્યોમાં ડિમ્પલબેન રાવલની બેસ્ટ લેડી મેમ્બર નો એવોર્ડ આપવામાં આવ્યો હતો, આ પ્રસંગે ડેપ્યુટી વર્લ્ડ ચેરમેન નુરુદિન સેવલાવા, ફેડરેશન પ્રમુખ ડો. મધુકાંત આચાર્ય, પૂર્વ ફેડરેશન પ્રમુખ મુકેશભાઈ પાઠક તેમજ રાજેશભાઈ દેસાય, તેજાભાઈ કાનગડ, શાંતિભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.(૨૩.૪)

સોમનાથ ટ્રસ્ટ ના વિના મુલ્યે ભોજન પ્રસાદીના ધમધમતા ભોજનાલયો : ત્રીવેણી રોડ ઉપર ડોંગરેજી મહારાજ અન્નક્ષેત્રમાં પણ બપોરે ગુજરાતી ભોજન વિના મુલ્યે

સોમનાથમાં વિશ્વભરના યાત્રીકોની ભારેભીડ: ટ્રસ્ટના ગેસ્ટહાઉસો, ડોરમેટરી હાઉસફુલ

સ્થાનીક,બાયપાસ રોડ ઉપર ભાડામાં ભારે વધારો રૂપીયા ૩૦૦૦ થી ૧૫૦૦૦ સુધી: જમવાની સુવિધા તેમજ ઠંડાપીણા સહીત જીવન જરૂરીયાત વસ્તુમાં પણ ભાવ વધારો વસુલાતા શિવભકતોમાં ભારે રોષ

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૪: સોમનાથ મંદિરો દીપાવલીના તહેવારોમાં વિશ્વભર માંથી શિવભકતો આવી રહેલ છે તા.૫ થી તા.૨૫ સુધી ટ્રસ્ટ ના તમામ ગેસ્ટહાઉસો, ડોરમેટરી હાઉસફુલ થઈ ગયેલ છે ટ્રસ્ટ દ્વારા લાખો શિવભકતો આવે તેના માટે દરેક જાતની વ્યવસ્થાઓ કરાઈ છે તેમજ બન્ને ટાઈમ સ્વાદીષ્ટ વિના મુલ્યે ભોજન પ્રસાદી અપાય રહેલ છે ત્રીવેણી રોડ ઉપર આવેલ ડોગરેજી મહારાજના અન્નક્ષેત્રમાં બપોરે ગુજરાતી ભોજન વિના મુલ્યે પીરસવામાં આવે છે.

તહેવારોના તક નો લાભ લઈને સ્થાનીક તેમજ બાયપાસ ઉપર આવેલ નાની મોટી ૪૦૦ થી વધારે હોટલો એ બેફામ ભાડા વધારેલ છે રૂપીયા ૩૦૦૦ થી ૧૫૦૦૦ સુધી ભાડુ વસુલાય છે જયારે જમવાની સુવિધા તેમજ ઠંડાપીણા સહીત જીવન જરૂરીયાત વસ્તુમાં પણ ૫ થી ૧૫ ટકા અચાનક ભાવ વધી જતા શિવભકતો માં ભારે રોષ જોવા મળી રહયો છે.

સોમનાથ દીપાવલી ના તહેવારોમાં વિશ્વભર માંથી શિવભકતો લાખો ની સંખ્યામાં તા.૫/૧૧ થી તા.૨૫/૧૧ સુધી આવે છે જેમાં દીપાવલી થી કાર્તિક પૂર્ણીમાં સુધી લાખો લોકો આવે છે તેના માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓને કોઈપણ મુશ્કેલી ન પડે માટે પાર્કીંગ થી વિના મુલ્યે ટુરીઝીમ વિભાગ ના સહકાર થી ટ્રેનો સંલાવવામાં આવે તેમજ અંદર જવા માટે સીનીયર સીટઝન દીવ્યાગો માટે ગોલ્ફકાર રાખવામાં આવે છે લગેજ મોબાઈલ બુટ ચંપલ ઉતારવા માટે ની વધારાની વ્યવસ્થા કરાયેલ છે તેમજ મંદિર થી લઈને ગેટ સુધી પ્રસાદી મળી તે માટે કાઉન્ટરો ઉભા કરાયેલ છે લાખો શિવભકતો આવે તેના માટે જુના સોમનાથ ની સામે ભરપુર સ્વાદીષ્ટ ભોજન બન્ને વખત મળી તે માટે ટેબલ ખુરશી સાથે વિના મુલ્યે વ્યવસ્થા કરાયેલ છે ત્રીવેણી રોડ ઉપર ડોગરેજી મહારાજ ના અન્નક્ષેત્રમાં બપોરે વિના મુલ્યે ગુજરાતી ભોજન આપવામાં આવે છે.

વિશ્વભરમાંથી શિવભકતો ભોળાનાથ ને શિશ નમાવવા આવે છે ત્યારે ભારે ભીડ નો લાભ લઈને સ્થાનીક તેમજ બાયપાસ રોડ ઉપર આવેલ નાની મોટી ૪૦૦ થી વધારે ગેસ્ટહાઉસો, ધર્મશાળાઓ ભારે ભાડ વસુલતા હોય તેવું દર વર્ષે ફરીયાદો થઈ રહેલ છે રૂા. ૩૦૦૦ થી લઈને રૂા. ૧૫,૦૦૦ સુધી ભાડુ વસુલવામાં આવે છે જમવાની સુવિધા ઠંડાપીણા તેમજ જીવન જરૂરીયાત વસ્તુઓમાં પણ ૫ થી ૧૫ ટકા ભાવ વધારો કરાઈ છે જેથી જીલ્લા કલેકટર દ્વારા તાત્કાલીક ટીમો નીમી લાખો શિવભકતોને લુંટાતા રોકવાની માંગ ઉઠી છે.

ભારે ભીડને ધ્યાનમાં લઈને એસ.પી જયદીપસિંહ જાડેજા દ્વારા દરેક ચેક પોસ્ટો ઉપર તેમજ દર્શનાર્થીઓ ખુબજ સરળતાથી દર્શન કરી શકે તે માટે પુરતો બંદોબસ્ત ગોઠવેલ છે.(૨૩.૧૩)

કચ્છ કઠિયાવાડ ગુજરાત નિવૃત કર્મચારી મંડળ EPS ૯૫ આધારિત કર્મચારીઓ માટે હયાત સર્ટિફિકેટ માટે ફ્રી કેમ્પ

જુનાગઢ , તા., ૪: ડાક વિભાગ, ડાક અધિક્ષકશ્રી તથા કચ્છ કાઠિયાવાડ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે EPS ૯૫ આધારિત તમામ નિવૃત્ત કર્મચારીઓ માટે એક વિશેષ હયાત પ્રમાણપત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ જૂનાગઢ, પોરબંદર અને સોમનાથ જિલ્લાના તમામ નિવૃત્ત કર્મચારીઓ માટે યોજાશે. નિવૃત્ત કર્મચારીઓએ ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી હયાતીનું સર્ટિફિકેટ આપવાનું હોવાથી, તારીખ ૫ નવેમ્બર ૨૦૨૬ અને ગુરુવારના રોજ ચિતાખાના ચોકમાં આવેલ ઈપીએફઓ કચેરી ખાતે આ ફ્રી કેમ્પનું આયોજન કરાયું છે. કચ્છ કાઠિયાવાડ ગુજરાત નિવૃત્ત કર્મચારી મંડળના પૂર્વ પ્રમુખ સલીમભાઈ ગુજરાતી અને ઉપ પ્રમુખ મહેન્દ્ર ભાઈ દવે દ્વારા વધુમાં વધુ લોકોને આ કેમ્પનો લાભ લેવા માટે અપીલ મહત્વની કામગીરી માટે અરજદારે આધાર કાર્ડ, ફોન, પાસબુક અને પી.પી.ઓ. (PPO) નંબર સાથે રાખવા અનિવાર્ય છે. આ દસ્તાવેજો અને વિગતો સાથે રાખવાથી પ્રક્રિયા સરળ બને અને કોઈપણ પ્રકારની અડચણ વગર સમયસર કામ પૂર્ણ થઈ શકે. કાર્યક્રમને સફળ બનાવવા અયુબખાન બલોચ, બળવંત નલિયાપર, યુસુફભાઈ શેખ, હરસુખભાઈ વેકરિયા, હરસુખભાઈ ડાંગર, યાસીનખાન પઠાણ, નાથાલાલ પરમાર, વિગેરે મિત્રો જેહમત ઉઠાવી રહ્યા છે. (૪.૪)

જુનાગઢમાં સિનિયર સિટીઝન બ્રહ્મ ગ્રુપ દ્વારા સુપ્રસિધ્ધ વાઘેશ્વરી માતાજી મંદિરે ધ્વજારોહણ તથા વડિલ વંદના કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૪: સિનિયર સિટીઝન બ્રહ્મ ગ્રુપ, જુનાગઢ દ્વારા શરદ પૂર્ણિમાના પાવન અવસરે સુપ્રસિદ્ધ વાઘેશ્વરી માતાજી મંદિર, ગિરનાર રોડ, જુનાગઢ ખાતે મંદિર ઉપર ધજા ચડાવવાનો કાર્યક્રમ વિશ્વ કલ્યાણ અર્થે યોજવામાં આવેલ તેની સાથે વડિલ વંદનાનો વિશિષ્ટ કાર્યક્રમ કે જેમાં ૭૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા વડિલો પૈકી આ ગ્રુપમાં જોડાયેલ ભાઈઓ તથા બહેનોનુ સાદી શાલથી સન્માન કરવાને બદલે માતાજીની



પ્રસાદી રૂપે માતાજીની ચુંદડી મંદિરના પૂજારી દ્વારા વાઘેશ્વરી માતાજીના સાનિધ્યમાં દરેક ૭૫ વર્ષના ભાઈઓ તથા બહેનોને માતાજીના આશીર્વાદ સ્વરૂપે વડિલોને ઓઢાડી/અર્પણ કરી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ ગૃપ દ્વારા પુજારીશ્રી ને શાલ ઓઢાડીને સન્માનિત કરેલ. આ સંપૂર્ણ કાર્યક્રમ વાઘેશ્વરી મંદિરના ટ્રસ્ટીશ્રીઓ ના સહકાર અને સહયોગથી સફળ રહ્યો હતો. સફળ બનાવવા શૈલેષભાઈ પંડ્યા, યોગેશભાઈ વ્યાસ, બીપીનભાઈ ભટ્ટ અને નરેન્દ્રભાઈ દવે, રાજુભાઈ વ્યાસ, યોગગુરૂ પ્રતાપભાઈ થાનકી એ જહેમત ઉઠાવી હતી.(તસ્વીર:મુકેશ વાઘેલા-જુનાગઢ)(૩.૩)



ICA ગ્લોબલ બોર્ડમાં ડિરેક્ટર તરીકે ચૂંટાયેલા ઇફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનું ખેતી બેંક ખાતે સન્માન

જુનાગઢ: ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA)ના ગ્લોબલ બોર્ડમાં ડિરેક્ટર તરીકે ચૂંટાઈ આવવા બદલ ઈફ્કોના ચેરમેન અને સહકારી ક્ષેત્રના અગ્રણી દિલીપભાઈ સંઘાણીનું અમદાવાદ સ્થિત ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લિ. (ખેતી બેંક)ની વડી કચેરી, આશ્રમરોડ, અમદાવાદ ખાતે સ્વાગત સન્માન સમારોહ યોજાયો હતો. આ સન્માન સમારોહનું આયોજન ખેતી બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું, જેમાં બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો તેમજ સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દિલીપભાઈ સંઘાણીને વિશાળ પુષ્પહાર પહેરાવી અને મોમેન્ટો અર્પણ કરી તેમની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાપ્ત થયેલી સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. દિલીપભાઈ સંઘાણીએ બેંકની વડી કચેરીના પ્રાંગણમાં સ્થાપીત બેંકના સ્થાપક ચેરમેન પદ્મશ્રી ઉદયભાણસિંહજીની પ્રતિમાને પુષ્પાંજલિ પાઠવી હતી. (૪.૪)

વંથલીના સાંતલપુર ધાર ગામે મહિલાના મકાનમાંથી ૧૮, ૩૦૦નો દારૂ, આથો કબજે

(વિનુ જોષી દ્વારા) જુનાગઢ તા. ૦૪: વંથલીના સાંતલપુર ધાર ગામે મહિલાના મકાનમાંથી પોલીસે ૧૮,૩૦૦નો દારૂ, આથો કબજે કરી તેની શોધખોળ હાથ ધરી હતી.

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, આ દરમિયાન બાતમી મળી હતી કે વંથલીના સાંતલપુર ધાર ગામે પ્રાથમિક શાળાની પાછળ રહેતી ઝરીનાબેન ઓસ્માણભાઈ કાળુભાઈ લુણાઈ પોતાના મકાને આવેલા બાથરૂમમાં દેશી દારૂ બનાવવાનો આથો તથા દેશી પીવાનો દારૂ રાખી તેનું વેચાણ કરે છે.

આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા મહિલા હાજર મળી ન હતી, પરંતુ મકાનની તલાશી લેતા ૩૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો તેમજ ૭૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ રૂપિયા ૧૭,૩૦૦નો પ્રોહીબિશન મુદ્દામાલ કબ્જે કરી વંથલી પોલીસ સ્ટેશનમાં નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.(૨.૩)



જુનાગઢમાં સિનિયર સિટીઝન રમતોત્સવમાં ડો. શૈલેશ બારમેડાની શાનદાર સિદ્ધિ-બે ગોલ્ડ મેડલ અને એક ચેમ્પિયન ટ્રોફી: જુનાગઢ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા ગાંધીગ્રામ સ્થિત સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે જિલ્લા કક્ષાની સિનિયર સિટીઝન રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના ૧૦૦ થી વધુ સિનિયર સિટીઝન એ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ડૉ.શૈલેશ બારમેડાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સફળતા હાંસલ કરી હતી. તેમણે ૧૦૦ મીટર તથા ૨૦૦ મીટરની ઝડપી દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી બે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા હતા. આ ઉપરાંત, તેમની ક્રિકેટ ટીમે પણ ચેમ્પિયન ટ્રોફી હાંસલ કરી ડૉ.બારમેડાએ પોતાની અસાધારણ શારીરિક સ્ફૂર્તિ, રમતગમત પ્રત્યેનો જુસ્સો, શિસ્ત અને અડગ મનોબળનો પરિચય કરાવ્યો છે. (૨૨.૭)

કેશોદમાં સ્વદેશી મેળામાં લોક ડાયરો યોજાયો

પદ્મશ્રી એવોર્ડ હાજી રમકડું, પ્રવીણદાન ગઢવી સહિત જાણીતા કલાકારોએ સુર-સંગીત રમઝટ બોલાવી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા



(સંજય દેવાણી દ્વારા) કેશોદ, તા.૪: ગ્રાઉન્ડ ખાતે ગુજરાત સરકારના શહેરી અત્રે ના માંગરોળ રોડ પર આવેલ કે.ડી. વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ તથા ગુજરાત અર્બન લાઈવલી હૂડ મિશન ગાંધીનગર અને કેશોદ નગરપાલિકા ના સંયુક્ત ઉપક્રમે સ્વદેશી મેળા શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવેલું છે ૪ નવેમ્બર સુધી ચાલનારા આ શોપિંગ મોલમાં લોક ડાયરા નું આયોજન કરવામાં આવેલું હતું.

જેમાં ઢોલક વાદક પદ્મશ્રી હાજી રમકડું અને લોકસાહિત્યકાર પ્રવિણદાન ગઢવી સહિત ના જાણીતા કલાકારો દ્વારા સુર-સંગીત દ્વારા લોકસાહિત્ય અને ભજન ની રમઝટ બોલાવી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ તકે કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ નગરપાલિકા પ્રમુખ પ્રતીક્ષાબેન દેવડીયા તેમજ ભારત વિકાસ પરિષદના સ્નેહલ તન્ના દિનેશ કાનાબાર ભુપેન્દ્ર જોશી જગમાલભાઈ નંદાણીયા સહિત જુદી જુદી સંસ્થાઓ ના અગ્રણીઓ દ્વારા હાજી રમકડું તેમજ પ્રવિણદાન નું પુષ્પગુચ્છ તથા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન નગરપાલિકાના કર્મચારી પ્રવીણભાઈ વિઠલાણી દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કેશોદના લોકો ઉપસ્થિત રહી ડાયરાની મોજ માણેલ હતી. (૩.૧૨)

વેરાવળ લોહાણા મહાજન વાડીમાં ભવ્ય રંગોળી હરીફાઈ: ભાગ લેનાર દીકરીઓનું પુજન

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૪: વેરાવળ લોહાણા મહાજન વાડીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજની બહેનો દીકરીઓ,માતા ની કલાને ઉજાગર કરવા ભવ્ય રંગોળી સ્પર્ધાનું આયોજન કરાયેલ છે જેમાં વિના મુલ્યે કલર આપવામાં તેમજ ભાગ લેનાર દીકરીઓનું લક્ષ્મીની જેમ પુજન કરવામાં આવશે. આવશે

વેરાવળ લોહાણા મહાજન પ્રમુખ દીપક કકકડ, ઉપપ્રમુખ રમેશ ભુપ્તાએ જણાવેલ હતું કે વેરાવળ ભાલકા ભીડીયા પ્રભાસપાટણ વિસ્તારમાં વસતા રઘુવંશી પરીવાર લોહાણા જ્ઞાતિના દીકરીઓ,માતાઓ ની કલા ઉજાગર કરવા દર વર્ષે પરંપરા મુજબ રંગોળી સ્પર્ધાનું ભવ્ય આયોજન થાય છે આ હરીફાઈ માં ભાગ લેવા માંગતા હોય તેને તાત્કાલીક સટા બજારખાતે થી ફોર્મ મેળવી લેવાનું રહશે તા. ૫/૧૧/૨૬ ના સાજે ૪ થી ૭ વાગ્યા સુધી હરીફાઈ માં ભાગ લેનાર રંગોળી કરી શકશે આ વર્ષે જે દીકરીઓએ રંગોળી માં ભાગ લીધો હશે તેમનું ધરની લક્ષ્મી ની જેમ તીલક કરી દીવાળી પહેલા પુજન કરવામાં આવશે આ કાર્યક્રમ માં દીકરી ના પરીવારજનો સંગા સંબધીઓ પણ ભાગ લઈ શકશે. તા. ૦૬/૧૧/૨૬ થી તા. ૧૦/૧૧/૨૬ ચાર દિવસ સુધી આજુ બાજુ વસતા દરેક જ્ઞાતિ, સમાજોને આ રંગોળી જોવા માટે જાહેર નિમત્રણ અપાયેલ છે ભાગ લેનાર સમાજની તમામ બહેનો દીકરીઆ માતાઓ માટે રંગોળી કરવા માટે કલર સહીત ની તમામ વસ્તુઓ વિના મુલ્યે લોહાણા મહાજન દ્વારા કરવામાં આવશે તો વ્હેલીતકે ફોર્મ મેળવી લેવા અપીલ કરાયેલ છે.(૨૩.૧૪)

દીપાવલીના તહેવારોમાં સોમનાથ મંદિરમાં અનેક વિવિધ ધાર્મિક કાર્યક્રમો

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૪: દીપાવલી ના તહેવારોમાં સોમનાથ મંદિર તેમજ ટ્રસ્ટ હસ્તક ના તમામ મીદરોમાં અનેક વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવાના છે તેની તડામાર તૈયારીઓ થઈ રહેલ છે.

વિશ્વ નું પ્રથમ જયોર્તીલીગ સોમનાથ મહાદેવ ના મંદિરે દિપાવલી ભાઈબીજ,લાભપાંચમ સુધી અનેક વિવિધ કાર્યક્રમો યોજાયેલ છે જેમાં સોમનાથ મંદિરે દીપાવલી ના દિવસે દિપમાળા, બેસતા વર્ષના દિવસે અન્નકુટ દર્શન તેમજ સમુહ ચોપડા પુજન લાભ પાંચમ ના દિવસે પણ કાર્યક્રમ યોજાશે ટ્રસ્ટ ના ગીતા મંદિર, ત્રીવેણી સંગમ, રામ મંદિર, ભીડ ભજન મહાદેવ,ભાલકા મંદિરે પણ કાર્યક્રમો યોજાશે જેની ટ્રસ્ટ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહેલ છે.(૨૩.૧૨)



જુનાગઢ પ્રાંત અધિકારીને આવકાર: જુનાગઢ: પ્રાંત અધિકારી તરીકે વૃશાલી કામ્બલે ની નીમણુંક થતાં તેમને આવકારવા અને અભીનંદન પાઠવવા માટે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ તેમજ ઓબીસી, એસટી, એસસીના આગેવાનો બટુકભાઈ મકવાણા, જીતુભાઈ મણાવર, સમજુભાઈ સોલંકી, ફિરોઝ શેખ, અયુબખાન દરબારના હસ્તે ગુલદસ્તો આપી સન્માન કરવામાં આવેલ.(૨૩.૧૫)

દિકરીએ પ્રેમલગ્ન કરી લેતા ચલાલામાં માતાનો ઝેરી દવા પી લઇને આપઘાત

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી, તા. ૪: ચલાલા દાનેવ સોસાયટીમાં દાનગીગેવ નગરમાં રહેતા અમુબેન દડુભાઈ જેબલીયા ઉ.વ.૫૩ની દિકરીએ પ્રેમ લગ્ન કરી લીધેલ હોય. જેથી આઘાત લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પુત્ર દિપુભાઈદડુભાઈ જેબલીયાએ ચલાલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

છેતરપીંડી


રાજુલા તાલુકાના દાતરડી ગામે રહેતા કિશોરભાઈમગનભાઈભીલનો મોબાઈલફોન ગતતા. ૩૧-૧૦-૨૬ના સાંજના અરસામાં અચાનક અપડેટ થવા લાગેલ અને ત્યાર બાદ તા. ૧-૧૧-૨૬ના સવારે કિશોરભાઈએ પોતાના બેંક ખાતાનું બેલેન્સ તપાસતા તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ડુંગર શાખાના બચત ખાતા નં.૩૧૮૫૬૫૪૪૬૮૪માંથી રૂ. ૫૩,૦૦૦ કપાયેલ હોવાનું જણાયેલ હતુ. જે રકમ તા.૩૧-૧૦-૨૬ના સાંજના ૫:૨૪ વાગ્યે ગુગલ પે મારફતે યુપીઆઈ ટ્રાન્ઝેકશન આઈ.ડી.નં. ૬૩૦૪૩૫૬૫૧૩૨૪થી મી. રાહિલ અહેમદ ભટના નામના બેંક ઓફ મહારાષ્ટ્રના ખાતા નં.૬૦૫૯૩૦૧૭૮૯૫માં ટ્રાન્સફર થયેલ હોવાનું જણાયેલ હતુ. આમ આરોપીએ કિશોરભાઈના મોબાઈલ ફોન અથવા ગુગલપે/યુપીઆઈનો અનધિકૃત ઉપયોગ કરી તેમની જાણ કે સંમતિ વિના તેમના બેંક ખાતામાંથી રૂ.૫૩,૦૦૦ની રકમ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી સાયબર ફ્રોડ કરી ગુન્હો કર્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

દરોડો

અમરેલી જીલ્લામાં પોલીસે જુદા જુદા ૬ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડીને એક મહિલા સહિત પશખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં અમરેલી રૂરલ, અમરેલી સીટી, ખાંભા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવીહતી. જયારે જીલ્લામાં પોલીસે જુદા જુદા સ્થળેથી ૭ શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી પાડી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં અમરેલી સીટી, ચલાલા, લીલીયા અને નાગેશ્રી પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. (૯.૧૭)

અમરેલી માર્કેટ યાર્ડમાં શુક્રવારે દિપાવલી પર્વની ૭ દિવસની રજા

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી, તા.૪: શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, અમરેલી દ્વારા આગામી દિવાળી પર્વ નિમિતે તા.૬ ને શુક્રવાર થી તા.૧૩ ને શુક્રવાર સુધી રજા જાહેર કરવામાં આવે છે જે દરમ્યાન અમરેલી માર્કેટયાર્ડનું તમામ કામકાજ બંધ રહેશે.તા.૧૪/૧૧/૨૦૨૬ને શનીવાર (લાભ પાંચમ) થી અમરેલી માર્કેટયાર્ડનું કામકાજ રાબેતા મુજબ શરૂ થશે તેમજ લાલ સુકા મરચાની હરરાજી પણ કરવામાં આવશે તેથી તમામ જણસીઓની આવકને તા.૧૩/૧૧/૨૦૨૬ને શુક્રવારના રોજ પ્રવેશ મળશે, તેમ યાર્ડની સેક્રેટરીની યાદીમાં જણાવ્યું છે. (૨૨.૯)



સહજ દર્શન: જુનાગઢ: ભૂતનાથ મહાદેવ મંદિર સંસ્થાન તથા કમાન્ડલ કુંડ રાણપુર ગુરુજી પૂજ્ય શ્રી અમૃત ગિરિ બાપૂની જગ્યાના મહંત પૂજ્ય શ્રી મહેશ ગિરિ બાપુ ના અગ્રણી ભરતભાઈ લખલાણી મારફત સહજ દર્શન પ્રાપ્ત થયા આ તકે પ્રફુલભાઈ ત્રિવેદી તથા પો. મનિષભાઈ જાની તેમજ રાજુ ભાઈ મહેતા તેમજ પંકજભાઈ ત્રિવેદી તથા પી. રાવલભાઈ તેમજ અન્ય બ્રહ્મ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.(૨૩.૧૫)

એકલવાયુ જીવન જીવવાથી કંટાળીને બગસરા (ઘેડ)ના વૃધ્ધનો આપઘાત

(વિનુ જોષી દ્વારા) જુનાગઢ તા. ૦૪: માંગરોળ તાલુકાના શીલ તાબાના બગસરા (ઘેડ) ગામના બચુભાઈ ભીમાભાઈ ચાવડા ઉ.વ. ૬૬ નામના વૃધ્ધ એક પગે વિકલાંગ હતા અને નિરાધાર હોય અને એકલવાયુ જીવન જીવતા હતા. જેની સાથે બિમાર પણ રહેતા હતા. જેથી શરીરથી તેમજ એકલવાયુ જીવન જીવવાથી કંટાળીને તા. ૩૦/૧૦/૨૭ના વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ બારામાં શીલ પોલીસે આગળની કાર્યવાહી કરી વધુ તપાસ શરૂ કરી હતી.(૨.૩)

વેરાવળ સુત્રાપાડા વિસ્તારમાં નવી નોટો, પરચુરણની કૃત્રીમ તંગી

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૪: સુત્રાપાડા વિસ્તારમાં છેલ્લા કેટલાય સમય થી નવી નોટો પરચુરણ ની કૃત્રીમ તંગી જોવા મળી રહી છે ફકત ડાયરોઓમાં લાખો રૂપીયાની નવી નોટો જોવા મળે છે તાત્કાલીક દિવાળી ના તહેવારોમાં વેપારીઓને તેમજ સ્થાનીકોને રૂપીયા ૫૦૦ થી વધારેની નવી નોટો પરચુરણ ની વ્યવસ્થા કરવાની માંગ ઉઠી છે.વેરાવળ સુત્રાપાડા વિસ્તારમાં છેલ્લા કેટલાય સમય થી પરચુરણ ની કૃત્રીમ તંગી સર્જાયેલ છે બેંકો પાસે મોટી સંખ્યામાં નવી નોટો પરચુરણ હોવા છતા વેપારીઓને ગ્રાહકોને અપાતું નથી દીવાળી ના તહેવારોમાં ખુબજ મોટી મુશ્કેલી અનુભવાય છે બન્ને તાલુકામાં શાકભાજી, પાથરણા, લારી ગલ્લા, નાના મોટા દુકાનદારો તેમજ સામાન્ય લોકોને રૂા.૫૦૦ થી વધારે ની નવી નોટો પરચુરણ મળે તે માટે માંગ ઉઠી છે.(૨૩.૧૨)

જૂનાગઢ નરસિંહ મહેતા સરોવર રાત્રે ૧૨ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે

જૂનાગઢ:તા.૪, મહાનગરપાલિકાના મેયર ધર્મેશભાઈ ડી. પોશીયાના સૂચન અન્વયે નરસિંહ મહેતા સરોવર ખાતે શહેરીજનો પ્રાકૃતિક અને આહલાદક વાતાવરણમાં આનંદ માણી શકે તે હેતુથી તેમજ પ્રવાસીઓની સંખ્યા ખુબ મોટા પ્રમાણમાં જુનાગઢ આવતી હોવાથી આગામી તા.૦૭/૧૧/૨૦૨૬ થી તા.૧૫/૧૧/૨૦૨૬ સુધી દિવાળીના તહેવાર નિમિતે નરસિંહ મહેતા સરોવર રાત્રે ૧૨:૦૦ વાગ્યા સુધી ખુલ્લું રાખવાની ભેટ આપવામાં આવી છે.તેમજ તા.૦૯/૧૧/૨૦૨૬ ના રોજ રાબેતા મુજબ મેઈન્ટેનન્સ માટે નરસિંહ મહેતા સરોવર બંધ રહેશે. (૩૫-૭)

બિલખાના ચેલૈયાધામે ભાગવત સપ્તાહ

જૂનાગઢ તા.૪:બિલખા ગામમાં આવેલ શેઠ શગાળશા અને રાણી ચંગાવતીની તપોભુમિ એટલે આજનું ચેલૈયાધામ, અહીં ગામ-પરગામ, દેશ-વિદેશથી દરરોજ હજારો ભાવિકો દર્શનાર્થે આવી રહ્યા છે. આ તપોભુમિનાં મહંત રામરૂપદાસ બાપુની પ્રેરણા અને માર્ગદર્શનમાં નિ:શુલ્ક ચિકિત્સાલય, ભોજનાલય ભાવીકોની સેવામાં અવિરત ચાલી રહ્યુ છે. ૧૪ નવેમ્બરથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. કથા વકતા શાસ્ત્રીશ્રી જગતભાઈ તેરૈયા રસપાન કરાવનાર છે. શ્રી ખેતમદાસજી બાપુ અને શ્રી શીતલદાસજી બાપુનાં આશીર્વાદ સાથે શ્રીશ્રી ૧૦૦૮ શ્રી મહંત શ્રી રામરૂપદાસજી બાપુનાં પાવન સાંનિધ્યે અને મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી મહંત શ્રી રામદયાલદાસજી બાપુ શ્રી ઝીથુડી હનુમાન જગ્યાનાં આશીષ સાથે ૧૪ નવેમ્બરે બપોરે ૩-૩૦ કલાકે પોથીયાત્રા યોજાશે. કથા માહત્મય સમજાવી શાસ્ત્રી જગતભાઈનાં મુખારવંદે શ્રી કપિલ પ્રાગટ્ય, નૃસિંહ જન્મ, વામન પ્રાગટ્ય, શ્રી રામચંદ્રજી પ્રાગટ્ય, શ્રી કૃષ્ણ જન્મ, શ્રી ગોર્ધન લીલા, શ્રી રૂકમણી વિવાહ, સુદામા ચરિત્ર, પરીક્ષીત મોક્ષ, સહિત શ્રીમદભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં જ્ઞાનયજ્ઞની નિર્મળ ધારામાં પ્રવાહીત થવા તેમજ કથા શ્રવણ કરવા શ્રી રામરૂપદાસજી બાપુએ આમંત્રણ પાઠવ્યુ છે.

કથાનાં મુખ્ય દાતા ભીમજી મુળજી મોવલીયા, કમલેશભાઈ ગોધાણી, રસીકભાઈ ગોરસીયા, રસીકભાઈ રૂપાપરા, મહેશભાઈ વેકરીયા પરિવાર દ્વારા યોગદાન પુરૂ પાડવામાં આવી રહ્યું છે.(૨.૫)

અમદાવાદ જેલથી ૧૫ વર્ષથી પેરોલ જમ્પ થયેલ ધારીના આરોપીને પકડી પાડતી વિસાવદર પોલીસ



જુનાગઢ તા. ૪: ધારી પોલીસ સ્ટેશન ગુ ર.ને કર્સ્ટ/૯૬/૨૦૦૮ IPC કલમ ૩૦૨ વિ મુજબના ગુનાના કામે અમદાવાદ મધ્યસ્થ જેલના પાકા કામનો આરોપી વિનોદ ઉર્ફે વિનુ પોપટભાઈ સાતલીયા (કોળી) રહે.નવા ગિરીયા તા.જી.અમરેલી મુળ ગામ ખીચા તા. ધારી વાળો પેરોલ જમ્પ કરી, હાલ વિસાવદર તાલુકાના મુંડીયારાવણી ગામે રહે છે અને હાલ વેકરીયા ધારી રોડ ઉપર છે તેવી હકીકતના આધારે મજકુર આરોપીને હસ્તગત કરી, પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી. મજકુર આરોપી અમદાવાદ મધ્યસ્થ જેલ માથી તા.૦૫/૦૭/૨૦૧૧ થી દિન - ૩૦ની પેરોલ રજા પર આવી, તા.૦૫/૦૮/૨૦૧૧ થી પેરોલ જમ્પ કરી, આજદીન સુધી અલગ અલગ સરનામે અલગ અલગ નામ ધારણ કરી નાસતો ફરતો રહેલ છે. અને મજકૂર આરોપી વિરૂદ્ધમા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે નો.કો નં.૨૫/૨૦૧૧ પ્રિઝન એકટ ની કલમ ૫૧-એ તથા ૫૧-બી મુજબનો ગુનો રજી. થયેલ છે.

આ કામગીરી વિસાવદર પોલિસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.પટેલ લી. તેમજ પો.કોન્સ રાકેશભાઈ ડોબરીયા તથા પ્રદીપભાઈ વાળા તથા જીનેશભાઈ ભેડા તથા રજનીકભાઈ વાડોદરીયા તથા મહિપતસિંહ ભલગરીયા તથા અન્ય પોલીસ સ્ટાફે સાથે રહીને કરેલ છે. (૭.૧૮)

સાવરકુંડલામાં મહુવા રોડથી અમરેલી રોડ સુધી ડીવાઈડર બનાવવામાં આવશે કે કેમ?



(ઈકબાલ ગૌરી દ્વારા) સાવરકુંડલા, તા.૪: મહુવારોડ થી અમરેલી રોડ સુધી ૧૨ કરોડ ખર્ચે બનતો રોડના કામમાં ડીવાઈડર બનાવવાનો ઉલ્લેખ છે કે કેમ તેવી ચર્ચાએ જોર પકડ્યું છે

સાવરકુંડલા શહેર માં એસ ટી બસ સ્ટેન્ડ થી હોમગાર્ડ કચેરી સુધી ડીવાઈડરને ખાલી સફેદ અને પીળો પટ્ટો મારવા માં આવી રહ્યો ત્યારે તંત્રએ ખાલી ડીવાઈડરને કલર કામ કરવાનો જ પાટો મારવા નું કામ આપવા માં આવ્યું હશે કે પછી ૧૨ કરોડ ખર્ચે બનતો રોડ માં તેનો સમાવેશ કરવામાં આવેલ હશે? તેવો સવાલ ચર્ચાય છે.

મહુવા રોડથી અમરેલી રોડ સુધી કામ માં ડીવાઈડર બનાવવાનો ઉલ્લેખ કર્યો હશે કે કેમ તે સવાલ લોકોને સતાવી રહ્યો છે અમરેલી રોડ ઉપર આવેલ સાવરકુંડલા બાય પાસ પાસે થી અમરેલી રોડ ઉપર આવેલ હરિબાગ સુધી રોડ ની વચ્ચે ડીવાઈડર તો બનાવવા માં આવે છે તો સાવરકુંડલા ના હોમગાર્ડ કચેરીથી અમરેલી રોડ ખાતર વાડી સુધી તો ડીવાઈડર બનાવવા માં આવતું નથી તો શું ૧૨ કરોડ ના ખચે બનતો રોડ ના કામ માં ડીવાઈડર બનાવવા નો ઉલ્લેખ નથી કે કેમ તેવું લોકો માં ચર્ચાઈ રહ્યું છે મહુવા રોડ થી અમરેલી રોડ સુધી ના રોડ માં ક્યાંક જગ્યા માં માત્ર ડીવાઈડર ને સફેદ અને પીળો પટ્ટો જ મારવા માં આવે છે અને ક્યાંક જગ્યા માં નવા ડીવાઈડર બનાવવા માં આવે છે તો ખરેખર ડીવાઈડર બનાવવા ની સ્થિતિ શું છે તે પણ એક તપાસ નો વિષય ઉપસ્થિત થયો છે તેવી વ્યાપક ચર્ચા ઓ થવા લાગી છે.(૪૦.૪૪)

આ...લે...લે...કચ્છમાં દારૂની બોટલ ન આપી તો છરી ઝીંકી દીધી

અલ્તાફ ઉર્ફે પંચર નામના શખ્સે શાહબાઝ જાકબ સંઘાર ઉપર હુમલો કરતા સારવારમાં

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા. ૪ :.. ભુજના ભીડગેટ પાસે આવેલી ચાની હોટલે દારૂની બોટલ પીવા ન આપવાના મનદુ:ખમાં ૨૪ વર્ષીય શાહબાઝ જાકબ સંઘાર પર છરીથી હુમલો થયાની ઘટના સામે આવી છે. અલ્તાફ ઉર્ફે પંચર નામના શખ્સે શાહબાઝના પેટમાં છરીના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી અને ત્યારબાદ ફરાર થઈ ગયો હતો. ફરિયાદ મુજબ, સોમવારે સાંજે શાહબાઝ જાકબ સંઘાર પોતાના મિત્રો ઈરફાન કુંભાર, વકાર પીંજારા અને સલીમ કુંભાર સાથે ભીડગેટ પાસે આવેલી ચાની હોટલે બેઠો હતો. આ દરમિયાન વકાર પીંજારાએ રિક્ષામાંથી દારૂની બોટલ કાઢી હતી. મિત્રો વચ્ચે બોટલની આપ-લે થઈ રહી હતી. ત્યારે દાદુપીર રોડ પર રહેતો અલ્તાફ ઉર્ફે પંચર ત્યાં આવ્યો હતો. શાહબાઝે તેને દારૂ પીવા માટે ન પૂછતાં મનદુ:ખમાં ગાળાગાળી કરી છરીથી હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત શાહબાઝને સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડાયો છે. આ મામલે ભુજ શહેર બી ડિવિઝન પોલીસ મથકે અલ્તાફ ઉર્ફે પંચર વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. (૫-૧૧)

બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર અમરેલી દ્વારા તૈયારી

નૂતન વર્ષે સવારે ૮થી સાંજના ૫ સુધી ૧૦૦૦થી વધુ શુધ્ધ શાકાહારી વાનગીઓનો મહા અન્નકૂટ યોજાશે



અમરેલી, તા.૪: નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવાનશ્રી સ્વામિનારાયણની કૃપાથી અને પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અને પ.પૂ. મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી ભારતીય હિન્દુ પરંપરા અનુસાર ૧૦૦૦ કરતા વધુ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ઉત્સવ આગામી તા.૧૦ મંગળવારના રોજ સવારે ૮ થી સાંજના ૫ સુધી યોજાશે.

આ મહાઅન્નકૂટ ઉત્સવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાનશ્રી સિતારામ, ભગવાનશ્રી રાધાકૃષ્ણ, ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ, ભગવાનશ્રી શિવ પાર્વતીજી, શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી તથા સમગ્ર ગુરૂપરંપરા સમક્ષ મહાઅન્નકૂટ ધરાવી, ભકતો વિશેષ ભકિત અદા કરશે. અન્નકૂટ ઉત્સવના દિવસે સવારે ૮ થી સાંજે ૫ સુધી દર બે કલાકે અન્નકૂટ આરતી યોજાશે.

દિપોત્સવના પાવન પર્વે તા.૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫ થી ૭ દરમ્યાન અમરેલી શહેરના વેપારીઓ ઠાકોરજી સમક્ષ ચોપડાપૂજન વિધિમાં જોડાશે. જેમાં અમરેલી શહેરના તમામ વેપારીઓને ચોપડા પૂજન વિધિમાં જોડાવવા માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે. ચોપડા પૂજન બાદ આતશબાજીનો નજારો જોવા મળશે.

આ મહાઅન્નકૂટ ઉત્સવમાં જુદા જુદા સેવાના ૩૦ વિભાગોમાં ૫૫૧થી વધુ આબાલ-વૃધ્ધ સ્વયંસેવકો પોતાની સેવા આપશે. અન્નકૂટ ઉત્સવને અનુલક્ષીને સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરવામાં આવશે. આ અન્નકૂટ ઉત્સવ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સંત નિર્દેશક પૂ.સાધુચરિત સ્વામી, પૂ.વિનયજીવન સ્વામી, પૂ.દિવ્યસેતુ સ્વામી તથા પૂ.યોગવીરસ્વામીના માર્ગદર્શન નીચે તમામ હરિભકતો સેવામાં જોડાશે.

ભક્ષ્ય, ભોજય, લેહ્ય, ચોષ્ય એમ ચારેય વિભાગની કુલ ૧૦૦૦ વાનગીઓ. જેમાં, ૨૫૧ મીઠાઈ, ૨૦૧ વિવિધ શાક, ૧૫૧ ફરસાણ, ૧૦૧ જયુસ/શરબત, ૧૦૧ બેકરીની આઈટમ, ૫૧ અથાણા, ૫૧ મુખવાસ, ૨૫ પ્રકારની દાળ, ૨૫ પ્રકારના ભાત, ભાખરી/રોટલા/રોટલી/થેપલા/પરોઠા/ઢેબરા તથા ડેઝર્ટની અનેકવિધ વાનગીઓ ધરાવવામાં આવશે.

હિન્દુ પરંપરાગત શૈલી પ્રમાણે અન્નકૂટ રચવામાં આવશે. પ્રથમ ગોળાકારમાં સખડી એટલે કે મિષ્ટાનો ગોઠવાશે. દ્વિતિય ગોળાકારમાં અનસખડી એટલે કે દાળ, ભાત, કઠોળ વગેરે ગોઠવાશે. મધ્યમાં રાંધેલા ચોખાનો ગોવર્ધન પર્વત રચાશે. સેવાના જુદા જુદા ૩૦ વિભાગોમાં ૫૫૧થી વધારે સ્વયં સેવકો ૧૦ દિવસ સેવામાં જોડાશે. દિવાળીના વેકેશનનો સદુપયોગ કરીને બાલ-બાલીકા, યુવક-યુવતિઓ સેવામાં જોડાશે. ૧૦,૦૦૦ થી વધુ દર્શનાર્થીઓ શાંતિપૂર્વક દર્શન કરી શકે તે માટેનું શિસ્તબધ્ધ આયોજન. મંદિર પરિસરમાં સનાતન ધર્મને ઉજાગર કરતા આકર્ષક ફલોટ અને સેલ્ફી પોઈન્ટ. દર બે કલાકે મહા આરતી થશે. જેમાં શહેર શ્રેષ્ઠીઓની સાથે હરિભકતો જોડાશે. અન્નકૂટ ઉત્સવનો પ્રથમ પ્રસાદ અમરેલી શહેરની ૧૨ જેટલી સામાજીક સંસ્થાઓ મારફત જરૂરીયાતમંદો સુધી પહોંચાડવામાં આવશે. (૨૨.૨)



પૂ.પુનિત મહારાજના પૌત્ર આનંદ જનક મહારાજના ભજનોમાં ભાવિકો ભાવતરબોળ બન્યા

રાજકોટ : તાજેતરમાં શ્રી પુનિત મહારાજના પૌત્ર પૂજય શ્રી આનંદ જનક મહારાજના ભજન સંધ્યાનો કાર્યક્રમ મોઢ વણિક બોર્ડિંગ રાજકોટ ખાતે યોજાઈ ગયો. સ્વ. રમણીકલાલ તેમજ સ્વ. વિજયાબેન ભુપતાણીના પરિવાર દ્વારા ચિ. દિયા શૈલેષ ભુપતાણી ધોરણ ૧૨ કોમર્સ પ્રવાહમાં ૯૧.૯૮ (પી. આર.) સાથે ઉતીર્ણ થતા આ પ્રસંગની અનેરી સ્મૃતિ રૂપે પૂજય શ્રી આનંદ જનક મહારાજના ભજન સંધ્યા રાખવાની ઈચ્છા ચિ. દિયાએ વ્યકત કરી છે. જેના ગૌરવપ્રદ સમાજ માટે આ અનુકરણીય કાર્યક્રમમનું આયોજન કરવામાં આવેલ. પૂજય આનંદ જનક મહારાજની વાણી સાથે રાજકોટના પુનિત પરિવારના બિમલભાઈ શાહએ સંગત કરી કાર્યક્રમને દીપાવ્યો હતો. આ પ્રસંગે ભાગવત કથાકાર શ્રી જનક મહારાજ (ડોડીયાળાવાળા) ખાસ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ભુપતાણી પરિવાર, પુનિત પરિવાર (રાજકોટ), પુનિત પરિવાર (મુંબઈ), પુનિત પરિવાર (અમદાવાદ), પુનિત પરિવાર (ધંધુકા), ઉપરાંત સગા-સંબંધી તેમજ મિત્ર મંડળ સહિત ૪૦૦ થી વધુ વ્યકિતઓએ ભજન તેમજ મહાપ્રસાદનો લાભ લીધેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષભાઈ ભુપતાણી પરિવાર પુનિત પરિવાર રાજકોટના દરેક સભ્યોના સાથ સહકારથી આ આયોજન સફળ થયેલ હોવાનું આયોજકોએ જણાવ્યું છે. (૫-૧૨)

જુનાગઢ : પુનિત શીલુનું ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે પ્રધાન આચાર્ય તરીકે નિમણૂક

(વિનુ જોષી દ્વારા) જુનાગઢ તા.૪: અમદાવાદના સોલા ખાતે આવેલી પૂજય કૃષ્ણશંકર દાદા સ્થાપિત ભાગવત વિદ્યાપીઠમાં વિદ્વાન અને ગુણવાન પુનિતભાઈ





શીલુની પ્રધાન આચાર્ય તરીકે નિમણૂક થતાં ગુજરાત સંસ્કૃત જગતમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. તેમની આ નિમણૂકને સમાજ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ તરીકે આવકારવામાં આવી રહી છે. પુનિતભાઈ શીલુને નવી જવાબદારી અને કાર્યસિદ્ધિ આ મહત્વપૂર્ણ શરૂઆત બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

''પૂજય કૃષ્ણશંકર દાદા દ્વારા સ્થાપિત ભાગવત વિદ્યાપીઠ વર્ષોથી ભારતીય સંસ્કૃતિ, ધાર્મિક પરંપરા અને આધ્યાત્મિક જ્ઞાનના સંવર્ધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આ સંસ્થામાં સનાતન મૂલ્યોને વધુ મજબૂત અને સંસ્કૃતિની સેવામાં યોગદાન આપી રહ્યા છે.'' પુનિતભાઈ શીલુના માર્ગદર્શન અને કાર્યશૈલીથી ભાગવત વિદ્યાપીઠની શૈક્ષણિક તથા આધ્યાત્મિક પ્રવૃત્તિઓને નવી દિશા અને વેગ મળશે તેવો આશા વ્યકત કરવામાં આવી છે. તેમના નેતૃત્વ હેઠળ વિદ્યાપીઠ ઉત્તરોત્તર પ્રગતિ કરે, વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરે અને ભારતીય સંસ્કૃતિ તથા સનાતન ધર્મના મૂલ્યોનું સંવર્ધન કરે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ''સમસ્ત સંસ્કૃત પ્રેમી સારસ્વતો, ગુરૂજનો અને સગા સંબંધીઓ દ્વારા પુનિતભાઈ શીલુને અભિનંદન પાઠવી તેમના ભવિષ્ય અને સફળ કાર્યકાળ માટે હાર્દિક શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવી છે.'' (તસ્વીર: મુકેશ વાઘેલા-જુનાગઢ) (૩.૬)

ચલાલામાં સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી

એકતા યાત્રા યોજાઈ, સ્વદેશી મેળો ખુલ્લો મુકાયો



(દીપક પાંધી દ્વારા) સાવરકુંડલા, તા.૪: ચલાલામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ચલાલા નગરપાલિકા દ્વારા એકતા યાત્રા અને સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જે.વી. કાકડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં તમામ સમાજના આગેવાનો, સંતો-મહંતો, નગરજનો, રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ જોડાઈ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ ચલાલાની પટેલ વાડી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી તથા પુષ્પવર્ષા સાથે કરવામાં આવ્યો હતો. સરદાર પટેલના ગૌરવશાળી સ્મરણો અને 'સરદાર જિદાબાદ'ના ગગનભેદી નારા સાથે ડીજેના તાલે એકતા યાત્રાનો પ્રારંભ થયો હતો. યાત્રામાં વિશાળ સંખ્યામાં નગરજનો, દરેક સમાજના આગેવાનો, ધાર્મિક સ્થાનોના સંતો-મહંતો, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ જવાનો, નગરપાલિકાના સદસ્યો, શહેર ભાજપની ટીમ અને નગરપાલિકાના કર્મચારીઓ જોડાયા હતા.

એકતા યાત્રાનું માનવ મંદિર ખાતે પૂજ્ય મંજુદીદી અને જયસુખભાઈ ચૌહાણ દ્વારા તિલક કરી પુષ્પવર્ષા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. માનવ મંદિર તરફથી યાત્રામાં જોડાયેલા તમામ લોકો માટે ઠંડા પીણાંની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ યાત્રા જૂની નગરપાલિકા પાસે આવેલી સરદાર પટેલની પ્રતિમા પાસે પહોંચી હતી, જ્યાં ઉપસ્થિત તમામ મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી 'સરદાર વલ્લભભાઈ પટેલ અમર રહો', 'સરદાર જિંદાબાદ' અને 'ભારત માતાકી જય'ના નારાઓ સાથે ભાવાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ કન્યા શાળાના ગ્રાઉન્ડ ખાતે એકતા યાત્રાનું સમાપન થયું હતું.

એકતા યાત્રા બાદ કન્યા શાળાના ગ્રાઉન્ડ ખાતે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના મહિલા પ્રમુખ ભૂમિબેન જયરાજભાઈ વાળા, ધારાસભ્ય જે.વી. કાકડિયા, લઘુમહંત મહાવીરબાપુ ભગત અને અમરેલી જિલ્લા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરિયા અમરેલી જીલ્લા ભાજપ ઉપપ્રમુખ ગીતાબેન પ્રકાશભાઈ કારીયા સહિતના મહાનુભાવોના હસ્તે રિબીન કાપી સ્વદેશી મેળો ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ચલાલા નગરપાલિકા ટીમ દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના પ્રમુખ પતિ જયરાજભાઈ વાળાએ મહાનુભાવો અને નગરજનોને આવકાર્યા હતા.

સ્વદેશી મેળામાં સ્થાનિક વેપારીઓ અને વ્યવસાયકારોને પ્રોત્સાહન મળે તેવા હેતુથી અંદાજે ૨૦ જેટલા વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. મહાનુભાવો તથા નગરજનોએ તમામ સ્ટોલની મુલાકાત લઈ સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે જ બાળકો માટે બાળ ક્રીડાંગણની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે મેળામાં બાળકો સહિત પરિવારજનોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન શ્રી જયરાજભાઈ વાળાએ ચલાલાના વિકાસ અંગે મહત્વપૂર્ણ જાહેરાતો કરતાં જણાવ્યું હતું કે આગામી દિવસોમાં શહેરમાં નવા સર્કલો, આધુનિક લાઈટિંગ અને ડેકોરેશનની સુવિધાઓ, નવા સીસી રોડ, અંદાજે રૂ. ૭ કરોડના ખર્ચે આધુનિક ઓડિટોરિયમ, નવું એસ.ટી. બસ સ્ટેન્ડ તેમજ નવું આરોગ્યધામ સહિતનાં અનેક વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કરી વિકાસના નવા અધ્યાયનો પ્રારંભ કરવામાં આવશે.

કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂતોને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત ધારાસભ્ય જે.વી. કાકડિયા, લઘુમહંત મહાવીરબાપુ ભગત, જિલ્લા ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરિયા અને ગાયત્રી સંસ્કારધામના વડા ડો. રતિદાદા મહેતા સહિતના મહાનુભાવોએ પ્રસંગોચિત ઉદબોધન કરી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, રાષ્ટ્રનિર્માણમાં તેમના અમૂલ્ય યોગદાન અને રાષ્ટ્રીય એકતાના મહત્ત્વને યાદ કરી તેમના આદર્શોને જીવનમાં ઉતારવા અપીલ કરી હતી.

સ્વદેશી મેળાના માધ્યમથી સ્થાનિક વેપારીઓ, નાના ઉદ્યોગો અને સ્વરોજગારને પ્રોત્સાહન મળે તે માટે નગરજનોએ પોતાની જરૂરિયાત મુજબ સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરી 'વોકલ ફોર લોકલ'ના મંત્રને સાકાર કરવા મહાનુભાવોએ આહવાન કર્યું હતું.

આ પ્રસંગે ઉદયબાપુ ભગત, ભોજલરામ સેવા સહકારી મંડળીના ચેરમેન શ્રી ગોરધનભાઈ ગેડિયા ચલાલા પોલીસ સ્ટેશનના પી.આઈ. ભાસ્કન પી.એસ.આઈ. રતન ગઢવી, અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગીતાબેન કારીયા, અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી ભયલુભાઈ વાળા, પટેલ વાડીના પ્રમુખ ઘનશ્યામભાઈ કાકડિયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ હિમતભાઈ દોંગા, નગરપાલિકાના ઉપપ્રમુખ પ્રવીણભાઈ માલવિયા, શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટિયા, સિધ્ધાર્થ ભાઈ ભગત, મનોજભાઈ બગસરીયા, સંગમ ફાઉન્ડેશનના વિવેકભાઈ તળાવીયા, હર્ષદભાઈ રાવળ, ધીરુભાઈ મકવાણા, વેપારી અગ્રણી અશ્વીનભાઈ કાસડીયા, સંજયભાઈ ભુવા, ભાયલાલભાઈ જીયાણી, કમલેશભાઈ વિઠલાણી જયરાજભાઈ જેબલીયા, વનરાજ ભાઈ જેબલીયા નગરપાલિકાના સદસ્યો પરેશભાઈ કાથરોટિયા, તેજસભાઈ ગોસાઈ, મનસુખભાઈ ગેડિયા, અવિરતભાઈ માલા, કૌશિકભાઈ પરમાર, હિતેશભાઈ રામાણી, મનસુખભાઈ કાથરોટિયા, દલસુખભાઈ ગોહિલ, લાલભાઈ વાળા, ધનજીભાઈ કાથરોટિયા, નરેશભાઈ પરમાર, પત્રકાર બીપીનભાઈ રાઠોડ, અશોકભાઈ જોશી, પ્રતાપભાઈ વાળા સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુવ્યવસ્થિત સ્ટેજ સંચાલન દાનવ પ્રાથમિક શાળાના શિક્ષક ઉમેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા વોર્ડ નંબર-૨ના જાગૃત સદસ્ય પરેશભાઈ કાથરોટિયા, નગરપાલિકાના તમામ સદસ્યો અને કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.(૪૦.૪૧)

સાવરકુંડલા વિજપડી ગામે પૂર્વ સરપંચોની સરાહના

(ઈકબાલ ગોરી દ્વારા) સાવરકુંડલા: તા.૪ તાલુકાના વિજપડી ગામે પૂવ સરપંચ યાકુબભાઈ રસભર્યા તથા સ્વ. આસુબેન ખોખરના સંતાના સમયગાળા દરમ્યાન કરેલા વિકાસ કાર્યોની પ્રશંસા કરતા પૂર્વ સદસ્ય સંજય વાઘેલાએ જણાવ્યું કે માત્ર યાકુબ રસભર્યાના જ સતાકાળ દરમ્યાન કોળી સમાજનાં ૨૨ મકાનો ૩૦ ×૩૦ ના પ્લોટ સાથે મંજુર થયા હતા, જે નોંધાપત્ર કામગીરી કોઈપણ સરપંચ કરી શકેલ નથી. કુલ ૧૩૧ મકાનો પૂર્વ સરપંચ યાકુબ રસભર્યા હસ્તક ૨૦૦૭/૨૦૧૨ દરમ્યાન બનેલ જે પૈકી એક પણ મકાનનો સ્લેબ કે અન્ય બાંધકામ નબળુ થયુ તેવી કોઈ ફરિયાદ પણ ઉઠવા પામેલ નથી, જે બાબત પણ સમજવાજેવી છે.

વધુ માં વાઘેલાએ જણાવ્યું હતું પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાના સમયગાળામાં સ્મશાન માટે જગ્યા પસંદ કરી માપણી થઈ હતી, જે જગ્યા ઉપર સ્વ. આસુબેન ખોખર સરપંચ તરીકે આવ્યા ત્યારે લાખો રૂપિયાનો ખર્ચે કરવામાં આવેલ. વર્ષોથી પંચાયતની ચુંટણીમાં કોળી સમાજના બે ઉમેદારો લેવાતા હતા, જે સ્વ. આસુબેન ખોખરની પેનલમાં ચાર ઉમેદવારો ઉભા રાખી સૌથી વધુ મતોથી વિજેતા થયેલા, કોળી સમાજનાં-રૂદ્દગણના યુવક અગ્રણી મુકેશ રાઠોડને વિજપડીનાં ઈતિહાસમા પ્રથમ વખત ઉપસરપંચ બનાવવામાં આવેલ. જે હકિકત હાલના સમયે નોંધ લેવાજેવી છે. મારા જેવા એક ડઝન યુવાનોને તાલિમ આપી છે. સેંકડો યુવાનોને પ્રેરણા મળે તેવી કામગીરી નોંધ સૌ કોઈ લઈ રહયા છે.

સાવરકુંડલામાં દવે પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ

વ્યાસાસને કોકિલાબેન પાઠક: ચિ.હેમેન યજ્ઞોપવિત વિધી

રાજકોટ, તા. ૩: સાવરકુંડલામાં મુળ મોટા લિલિયા નિવાસી હાલ અમદાવાદ સ્વ.દિવાળીબા વનમાળીદાસ દવે પરિવાર દ્વારા તા.૧૧ થી ૧૭ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન દરરોજ બપોરે ૩ થી ૬ બ્રહ્મપુરી સમસ્ત બ્રહ્મસમાજની વાડી, કાણકિયા કોલેજની સામે, કોલેજ રોડ, સાવરકુંડલા ખાતે પ્રાણભાઈ વનમાળીદાસ દવે, હેમેનભાઈ પી. દવે પરિવાર દ્વારા કરાયું છે.

કથા વ્યાસાસને સુ.શ્રી. કોકિલાબેન ડી.પાઠક (પૂર્વ એકાઉન્ટ ઓફીસર-એ.જી.ઓફિસ, રાજકોટ) રહેશે. સંગીતમય કથામાં ધાર્મિક ઉત્સવો પ્રસંગો વરાહ અવતાર, કપિલ અવતાર, વામન પ્રાકટ્ય, નૃસિંહ અવતાર, શ્રીરામચરિત્ર, નંદોત્સવ, રાસલીલા, રૂક્ષ્મણી વિવાહ વગેરે ઉજવાશે. આ તકે બટુકને યજ્ઞોપવિત કાર્યક્રમ અંતર્ગત તા.૧૫ ના બટુકને પીઠી, મંગલગીતો, રાસોત્સવનો કાર્યક્રમ સાંજે ૬ થી શરૂ થશે. તા.૧૬ ના હેમના યજ્ઞોપવિત પ્રસંગે સવારે ૧૧ કલાકે કાશીયાત્રા યોજાશે. કથાશ્રવણ માટે શારદાબેન પ્રાણભાઈ દવે, લતાબેન ધીરજલાલ પાઠક, અલ્પાબેન હેમેનકુમાર દવે, હેમ, રિયાએ અનુરોધ કર્યો છે. (૨૨.૬)

ટ્રમ્પ બન્યા હવે 'પીછા વગરના મોર'

(મહમદ રાઠોડ દ્વારા) વાંકાનેર તા.૪: અમેરિકામાં મધ્યાવર્તિ ચુંટણી સંપન્ન થયા બાદ હવે પરીણામોનો ક્રમ શરૂ થયો છે જેમાં ટ્રમ્પનો રિપબ્લિકન પક્ષ પાછળ રહી ગયેલો જોવા મળી રહયો છે. ટ્રમ્પ પર હવે બાકીના સતાકાળમાં અંકુશની સ્થિતિ આવી જશે. ટેરિફ અને યુધ્ધ બાબતોએ એકતરફી મનસ્વી પ્રકારના ટ્રમ્પના ફત્વાઓ હવે ભૂતકાળ બની જશે. મહત્વના નિર્ણયો માટે હવે ટ્રમ્પ તે વિરોધ પક્ષો કાન આમળી શકશે અને તે 'હા' ભણે ત્યારે જ રાષ્ટ્રપતિ પદે રહેવા છતા ટ્રમ્પ પોતાની રીતે કોઈ નિર્ણયો નહી લઈ શકે.

ટ્રમ્પ માટે તેની સ્થિતિ ''પીછા વગરના મોર જેવી થશે'' આ શબ્દ પ્રયોજનો કર્યા હતા જે ઉકિતના શબ્દો હવે વાસ્તવિક સ્વરૂપે જોવા મળી રહયા છે.(૨.૮)